# ધર્મતત્ત્વચિન્તન - ૨

(ચિન્તનપ્રેરક પત્રો)



વિજયશીલચંદ્રસૂરિ

# ધર્મતત્ત્વચિન્તન - ૨

(ચિન્તનપ્રેરક પત્રો)

વિજયશીલચંદ્રસૂરિ

પ્રકાશક

શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા

વિ. સં. ૨૦૭૦ સન ૨૦૧૩

***ધર્મતત્ત્વચિન્તન - ૨***

(ચિન્તનપ્રેરક પત્રો)


લેખ : વિજયશીલચન્દ્રસૂરિ



© સર્વાધિકાર સુરક્ષિત



પ્રતિ : ૧૦૦૦

મૂલ્ય : રૂ.૧૨૦

પ્રકાશક : શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ
કિરીટકુમાર શાંતિલાલ ચોક્સી
'ઋષભ', રાયણવાડી સોસાયટી,
ગોધરા-૩૮૯૦૦૧

પ્રાપ્તિ સ્થાન :
૧. વિજય નેમિસૂરીશ્વરજી જૈન સ્વાધ્યાય મંદિર
૧૨, ભગતબાગ, નવા શારદા મંદિર રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
૨. સરસ્વતી પુસ્તક ભંડાર
૧૧૨, હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧

મુદ્રક : ક્રેસ્ટ ક્રિએટીવ યુનિટ, અમદાવાદ
ફોન : ૯૮૨૫૩૮૧૧૪૦

# નિવેદન

પત્રોની ધારાનું આ બીજું સંકલન છે.

ત્રણેક વર્ષ અગાઉ પહેલું સંકલન બહાર પડ્યું હતું. ત્રમ જ વર્ષમાં આ બીજું પુસ્તક થાય છે.

આમાં પત્રોરૂપે લખાયેલ લખાણો ઉપરાંત, અન્ય લેખોનો પણ સમાવેશ થયો છે. આ રીતે સંકલિત તમામ લેખોને ત્રણ વિભાગે વહેંચવામાં આવ્યા છે. ૧. ભક્તિતત્ત્વ : પ્રભુભક્તિના પુરાતન સ્તવનો પર આધારિત આ પત્રો/લેખો છે. આમાં 'આર્હન્ત્ય' વિષેનો લેખ તથા 'ગુરુ ગૌતમસ્વામી'ની સ્તુતિરૂપ લેખ, પત્રરૂપ લેખ નથી, પરંતુ અન્યત્ર લખાયેલ લેખરૂપ લખાણો છે. ૨. ધર્મતત્ત્વ : આમાં મૂકેલાં લખાણો બધાં પત્રલેખો જ છે. ૩. ગુરુતત્વ : આમાં કેટલાક પત્ર-લેખો છે, અને થોડાક અન્ય લેખો પણ છે પરંતુ તે 'ગુરુ' વિષેના હોઈ આમાં સમાવ્યા છે.

ગુરુ વિષેનાં લખાણોમાં અંગતના વધુ પ્રગટ થઈ છે. મારા ગુરુ મહારાજના વિરહથી ચિત્તમાં વ્યાપેલી એ અંગત સંવેદનાઓ માત્ર છે. એને આ રીતે બધાંને વહેંચવામાં ઔચિત્ય કેટલું તે પ્રશ્ન આ ક્ષણે પણ મનમાં છે જ. પરંતુ કોઈ ઉકેલ ન જડવાથી તે બધું જેમનું તેમ આમાં મૂકાવી દીધું છે. સુજ્ઞ જનો નીર-ક્ષીરનો વિવેક કરશે તેવી શ્રદ્ધા છે.

પુસ્તકનું સંપાદન મુનિ શ્રીકલ્યાણકીર્તિવિજયજીએ કર્યું છે. ભાઈ મનીષ નાયકે પ્રેમપૂર્વક આનું મુદ્રણ સંભાળ્યું છે.

પહેલા પુસ્તકને રસિક વાચકો તરફથી મળેલો આવકાર જ, આ બીજા પુસ્તકના પ્રકાશન માટે લલચાવી ગયો છે. આશા છે કે આ પણ સૌને રુચિકર બનશો. અસ્તુ.

**સં. ૨૦૬૯ આસો શુદિ ૧૦** **– શીલચન્દ્રવિજય**

**સાબરમતી**

## અનુક્રમણિકા


૧. ભક્તિતત્ત્વ ........................................ ૧

૨. ધર્મતત્ત્વ ........................................ ૭૯

૩. ગુરુતત્ત્વ ........................................ ૧૮૯


***આ પુસ્તકના લાભાર્થી***

શ્રી કિશોરભાઈ કાન્તિલાલ ઝવેરીના

તથા

માતુશ્રી કોકિલાબેન કિશોરભાઈ ઝવેરીના

સ્મરણાર્થે

હ. સૌ. દીપ્તિબેન - રક્ષિતભાઈ, સુનીલભાઈ - સૌ. સ્વાતિબેન

સૌ. આરતીબેન - પુલીનભાઈ

અમદાવાદ

# ભક્તિતત્ત્વ

## (૧)

સૌ પહેલાં તો 'ભક્તિ' એટલે શું તે સમજવું જરૂરી છે. આપણે ત્યાં મોટા ભાગે ભક્તિના ઉભરાને જ ભક્તિ માનીને ચાલવાની પ્રથા છે. દેરાસરમાં ઘણો વખત ગાળવો તે ભક્તિ; મોટેથી ગીતો-સ્તુતિઓ ગાવાં તે ભક્તિ; બીજાઓને ખલેલ પહોંચે તે રીતે રાગડા તાણવા તથા ક્રિયાઓ કરવી તે ભક્તિ; બીજાઓ ઉપર છાપ પાડવાની દૃષ્ટિ અને વૃત્તિથી થતા આડંબરો તથા દેખાડા પણ ભક્તિ; પોતાના અહંકાર કે ઘમંડને પોષે તેવી, પ્રભુ અને ગુરુ સમક્ષ થતી, ક્ષુદ્ર હરકતો તે ભક્તિ; બહાર હોય ત્યારે સઘળાં સાચાં જૂઠાં કે કાળાંધોળાં કરવામાં રાચ્યાપાચ્યા રહે, પણ મંદિરમાં તો જોનારા અચંબો પામી જાય તેમ વર્તવું તે ભક્તિ; મા-બાપ અને અન્ય સ્વજનોને પીડવા-કનડવા અને દેવ-ગુરુ સામે લળી લળીને વર્તવું તે ભક્તિ; – આમ વિવિધ પ્રકારની ભક્તિ દુનિયામાં જોવા મળે છે. ક્યાંક એવું પણ જોવા મળે, કે પોતે લાખો રૂપિયા ખરચતા હોય, પ્રતિષ્ઠા વગેરે લાભ લેતા હોય, પણ પોતે જેને ગુરુ માન્યા હોય તેમના સિવાયનાને ભૂલમાં પણ વંદન ન થઈ જાય કે હાથ ન જોડાઈ જાય કે તેમનો સમાગમ ન થઈ જાય તેની પાકી કાળજી રાખે; અને કદાચ કોઈ કારણે તેવું કરવાની ફરજ પડે તો સમકિત હારી ગયાની તથા ધર્મ રસાતાળ ગયાની લાગણીથી દૂભાય, આવા લોકો જે કરે તેને પણ 'ભક્તિ' ગણવી પડે છે.

વાસ્તવમાં, 'ભક્તિ' એ એક તત્ત્વ છે. એક ભાવદશા છે. એક અનુભૂતિ છે. એ કોઈની આપેલી અપાતી કે મળતી નથી. એ પૈસા ખરચવાથી મળે તેવું નથી. એ રાગડા તાણવાથી જનમે તેવું નથી. વધારે ખર્ચે, વધારે ભપકા રચે તેમાં વધારે 'ભક્તિ' હોય તેવું પણ માનવાની જરૂર નથી. ખરેખર તો આ બધું હોય ત્યાં ભક્તિનો દેખાવ હોવા છતાં ભક્તિનું તત્ત્વ જવલ્લે જ હોય છે.

ભક્તિ એટલે પ્રેમ. પ્રભુ પ્રત્યેનો આંતરિક પ્રેમ તે જ ભક્તિ છે. અને જેના અંતરમાં પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે, તેના મનમાં 'આને નમું તો જ સમકિત, આને નમું તો મિથ્યાત્વ, આમનો સમાગમ કરીએ તો અધર્મ થઈ જાય' - આવી મોહદશાપ્રેરિત અંધશ્રદ્ધા હરગીઝ ન હોય. તેનો પ્રભુપ્રેમ તો તેને જ્યાં ગુણ અથવા ગુણનાં પ્રતીકો જોવા મળે ત્યાં સહજપણે દોરી જાય, ત્યાંથી મળતી ઉત્તમ વાતો ગ્રહણ કરાવે, અને એ રીતે તેના ભાવોલ્લાસને વિશેષે વૃદ્ધિંગત તેમ જ સંમાર્જિત કરે.

પ્રભુ ગમતા હોય, પ્રભુગુણ ગાવા ગમતા હોય, તેના માટે તો પ્રભુના માર્ગમાં વર્તતા સહુ કોઈ મનગમતા હોય; પ્રભુના માર્ગની સઘળી બાબતો તેને પ્રિય હોય. તેને માટે બાહ્ય આડંબર, દેખાડા, ભપકા, બીજાને ખલેલ પહોંચાડવાની ટેવ, અન્ય ઉપર છાપ પાડી દેવાની વાસના, કોઈને પણ પીડા પહોંચાડવાની વૃત્તિ-પ્રવૃત્તિ - આ બધું વર્જ્ય હોય, નિષિદ્ધ હોય. ચિત્તમાં ભક્તિનો પાયો નાખવા માટેની આ છે પૂર્વભૂમિકા.

બાકી સરસ ગાતાં આવડે કે મજાનું બોલતાં આવડે તેનામાં ભક્તિનું તત્ત્વ હોય જ, એવી ભ્રમણાથી હમેશાં બચતાં રહેવાનું છે.

આટલી પ્રાથમિક બાબતો સમજી લીધા પછી ભક્તિરસ નીતરતાં કાવ્યોની અને કવિઓની વાતો કરવામાં ઘણી મજા પડશે.

**શ્રાવક-કવિ ઋષભદાસ કૃત**

**શ્રીશત્રુંજય સ્તવના**

ક્યું ન ભયે હમ મોર, વિમલગિરિ, ક્યું ન ભયે હમ મોર,
સિદ્ધવડ રાયણ રૂખકી શાખા,
ઝૂલત કરત ઝકોર .... વિમલગિરિ ...૧
આવત સંઘ રચાવત અંગિયા, ગાવત ગુણ ઘમઘોર,
હમ ભી છત્રકલા કરી નિરખત કટને કર્મ કઠોર. વિમલગિરિ ...૨
મૂરત દેખ સદા મન હરખે, જૈસે ચંદ ચકોર,
શ્રીરિસહેસર દાસ તિહારો, અરજ કરત કર જોર વિમલિગરિ ...૩

✻ ✻ ✻

શત્રુંજયપર્વત એ યુગયુગાંતરોથી ભક્તહૃદયનો મનગમતો તીર્થસ્વરૂપ પર્વત છે. 'હોજો શત્રુંજયમાં વાસ' એ પ્રત્યેક ભક્તનો નિત્ય સેવાતો મનોરથ છે. શત્રુંજય ઉપર અથવા શત્રુંજયની છાયામાં મોત સાંપડે તો તે મોક્ષપદ મળવા જેવા આનંદનો વિષય બને છે. શત્રુંજય અને આદિનાથદાદા એ બે વાનાં જનસાધારણના અદમ્ય આકર્ષણનો વિષય છે.

બીજાની વાત કયાં કરવી ? પુણ્યશ્લોક મહાઅમાત્ય વસ્તુપાળની જ વાત લઈએ. તેઓ જ્યારે શત્રુંજયતીર્થની યાત્રા માટે ત્યાં આવ્યા, અને પહાડ ચડીને

આદિનાથદાદાના દરબારમાં પ્રવેશ્યા, ત્યાં દયાળુ દાદાને નીરખતાં જ તેમનું હૈયું હાથ ન રહ્યું. આંખો ચૂવા માંડી. હૈયે દાદા-દાદા-દાદાનો પોકાર પ્રવર્ત્યો. અંતરમાં અરમાન જાગ્યાં કે શું કરું તો મને આ દાદાના દરબારમાં જ રહી જવા મળે? અહીં વારંવાર આવવું, પછી થોડીવારે પાછા જવું અને દાદાનો વિજોગ વેઠવો એ તો બહુ વસમું પડે છે. કાંઈક એવું કરવું જોઈએ કે જેથી અહીં જ, દાદા સાથે જ હમેશાં રહી શકાય.

વિભોર હૈયે અને ભાવાર્દ્ર નેત્રે મહામંત્રી ચિંતામગ્ન ઊભા હતા, ત્યાં જ તેમની દૃષ્ટિ દાદાના દરબારમાં આમ તેમ ઊડાઊડ કરતાં પંખીઓ ઉપર પડી ! તેમને થયું વાહ ! આ પંખીઓનું જીવન કેવું મજાનું ! આવું જીવન મને મળે તો હું પણ દાદાના દરબારમાં નિત્ય નિવાસ કરી શકું ! અને એ સાથે જ તેમના મુખમાંથી એક કાવ્ય સરી પડ્યું :

**त्वत्प्रासादकृते नीडे वसन् शृण्वन् गुणांस्तव ।**

**संघदर्शनतुष्टात्मा भूयासं विहगोऽप्यहम् ॥**

આપના દરબારમાં માળો બાંધીને રહેવા મળતું હોય તો દાદા ! હું પંખી બનવા પણ તૈયાર છું. અહીં સંઘો આવશે તેનાં પણ દર્શન પામીશ, અને એ બધાં તમારાં ગુણગાન કરશે તે સાંભળી સાંભળીને મારા દિવસો ગુજારીશ.

ભક્તિના મહાકાવ્યસમા આ શ્લોકના મર્મને પકડીને સત્તરમાં સૈકામાં થયેલા શ્રાવક કવિ ઋષભદાસે તેના ભાવોને વિસ્તારતું એક મીઠડું પદ રચ્યું છે. આર્જવ અને આરઝૂથી છલકતા એ પદનો આજે આપણે આસ્વાદ માણીએ :

**"કયું ન ભયે હમ મોર, વિમલગિરિ...**

**સિદ્ધવડ રાયણરૂખકી શાખા, ઝૂલત કરત ઝકોર..." ૧**

પદનો ઉપાડ જ એવો અદ્‌ભુત છે કે કુશળ ગાયક જો યોગ્ય સ્વરોમાં તેનું ગાન આરંભે, તો ભાવિક શ્રોતાગણ ભાવુક બનીને અનાયાસે જ તેમાં જોડાઈ જાય, અને એમ તે ગાન સહેજે સમૂહગાન બની જાય. કવિ પોતાના મનોભાવને પ્રશ્નના રૂપમાં વ્યક્ત કરે છે. સંબોધનવાચક શબ્દ આ પદમાં - પંક્તિમાં કયાંય ન હોવા છતાં કવિનું નિશાન 'આદીશ્વર દાદા' જ છે, એ વાત અભણ - અજાણ ભાવિકને પણ સમજાયા વિના નથી રહેતી. કવિ પૂછે છે દેવ ! મને વિમલગિરિ

તીર્થ ઉપર વસતો મોર કેમ ન બનાવ્યો ? અથવા, હું આ ગિરિવર ઉપર વસતો મોરલો બન્યો હોત તો કેવું સારું થાત ! હું કેમ મોર ન બન્યો, મારા પ્રભુ !?

ભક્તિ અને તર્કને - દલીલને સામાન્યતઃ અણબનાવ હોય છે. પરંતુ ભક્તિનો પણ એક તર્ક હોય છે, જે ભીના હૈયાના અતળ ઉંડાણમાંથી ઊગતો હોય છે, અને જેનો લક્ષ્યાંક ભક્તિને વધુ દૃઢ અને વધુ સ્પષ્ટ બનાવવાનો જ હોય છે. અહીં પણ કવિના ભાવુક હૈયામાં બેઠેલો તર્કશીલ ભક્ત પૂછી રહ્યો છે કે ભલા, તમે મોર તો બની જશો; પણ પછી આખો વખત કરશો શું, એનો વિચાર કર્યો છે ? આના જવાબમાં જ હોય તેમ કવિ કથે છે : "સિદ્ધવડ રાયણ-રૂખકી શાખા, ઝૂલત કરત ઝકોર" - ભાઈ ! મોરલાને બે વસ્તુ જોઈએઃ એક જોઈએ વૃક્ષ; બીજું જોઈએ નૃત્ય. આ બે વાનાં મળી જાય એટલે મોરલાને મોજ જ મોજ ! આ પહાડ ઉપર અનેક અનેક વૃક્ષો છે, વનરાજિ છે એ તો ખરું, પણ આ સામે દેખાય તે રાયણ વૃક્ષ અને તેની પ્રલંબ શાખાઓ કેવી તો સોહામણી છે ! પાછું આ રાયણનું ઝાડ 'સિદ્ધવડ' ગણાય છે. અગણિત આત્માઓ આ વૃક્ષના સાંનિધ્યમાં સિદ્ધ થયા છે, મોક્ષે પહોંચ્યા છે. એટલે એને 'સિદ્ધવડ' ના નામે ખ્યાતિ લાધી છે. આપણો આખોયે સંઘ, માટે જ તો, અહીં આવે ત્યારે આ રાયણવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા અચૂક આપે છે ! આવા રાયણવૃક્ષની ડાળો પર હું બેસીશ, ઝૂલીશ, નાચીશ, અને મીઠું મીઠું ગહેકીને સૌને રસતરબોળ કરી મૂકીશ. હા, મારે વિમલગિરિ પર મોર બનવું છે.

અને હું ફક્ત નાચકૂદ જ કરીશ એવું નહિ માનતા. હું બીજા પણ ઘણાં ઘણાં કર્તવ્યો કરવા માગું છું. મારે બજાવવાના એ કર્તવ્યોનો અંદાજ આપું ? સાંભળો-

**"આવત સંઘ રચાવત અંગિયાં, ગાવત ગુણ ઘમઘોર ...૨**
**હમ ભી છત્રકલા કરી નીરખત, કટને કર્મ કઠોર..." ...૩**

જુઓ, આ દયાળુ દાદાનો દરબાર છે. અહીં છૂટક યાત્રિકો તો આવે જ, પણ મોટા મોટા સંઘો પણ આવે. એ સંઘો દાદાની 'ભવ્ય' શબ્દને સાકાર અને સાર્થક કરે તેવી આંગી - અંગરચના કરશે. અને પછી દાદાનાં ગુણગાન મધુર કંઠે કરશે.

એ અદ્‌ભુત અને અવનવી આંગીઓ હું જોઈશ અને મીઠાં મીઠાં સ્તવનો સાંભળીશ, એટલે પછી મારાથી નહિ રહેવાય. હુંયે તે વખતે ત્યાં દાદાના ચોકમાં ઊભો રહીને મારી કળા કરીશ; પીંછાં પસારીને છત્ર રચીશ, અને નાચીશ. મારાં કર્મો શું નહિ ખપી જાય આને લીધે ? મને તો શ્રદ્ધા છે કે મારાં કઠોર કર્મો પણ કપાઈ જશે મારા આ કલામય નૃત્યને પરિણામે.

બંધુ, તમે દાદાજીની મૂર્તિ જોઈ છે ખરી ? તમે તો અહીં આવો ત્યારે જ જુઓ ! અને અહીં રહો એટલી વાર જ જોવા પામો ! અમારું તો રહેઠાણ જ અહીંયા ! અમારા માટે દાદાનાં દ્વાર રાત-દહાડો ખુલ્લાં ! તમે થોડીક ક્ષણો માટે એ મૂર્તિ નિહાળીને રાજીના રેડ થઈ જાવ છો, તો રાત ને દહાડો એની સામે ને સામે રહેતો હું તો કેવો ગાંડો થઈ જતો હોઈશ ! કલ્પના કરી શકતા હો તો કરો. નહિ તો હું જ તમને કહી દઉં ? -

**"મૂરત દેખ સદા મન હરખે, જૈસે ચંદ ચકોર..." ...૪**

હું સદા, ચોવીશે કલાક, ચોસઠે ઘડીઓ, પળે પળે દાદાની મૂરત જોવા પામું છું અને મન વધતે પરિણામે હરખાતું રહે છે. ચંદ્રમાને જોઈને જેમ ચકોર પક્ષી હર્ષનું માર્યું ગાંડુંતૂર બની જાય, તેવી હાલત થાય છે મારી, બંધુ ! પરંતુ, આ બધું જ શક્ય તો જ બને, જો હું દાદાના દરબારમાં મોરપંખી થઈને અવતરું.

થોડીક ક્ષણો માટે મોરરૂપે પરિણમેલું કવિનું ભાવુક કવિ-હૃદય વિચારે છે કે જો હું મોર બનું તો મને કેવો લાભ થાય ! મારું જીવન કેવું ધન્ય બની રહે ! જગતના જીવો ભલે મનુષ્યદેહની ઝંખના સેવે; જ્ઞાની શાસ્ત્રકારો ભલે માનવભવનો મહિમા ગાય; મારે તો આ તિર્યંચ પક્ષીનો અવતાર જ ભલો, લાખેણો અને મહિમાવંતો, કેમકે એ પામું તો નિરંતર ભક્તિ મળે, સાંનિધ્ય મળે, કર્મો ખપે, અને તે રીતે મારો સંસાર સાવ ક્ષીણ થઈ જાય.

પરંતુ આ બધું બને કયારે ? હું મોર બનું તો બનું શી રીતે ? દાદાજીની કૃપા થાય તો જ આ બધું શક્ય બને ! એની કૃપા વિના તો પાંદડું પણ કયાં હલે છે ?

તો એની કૃપા પામવાનો માર્ગ કયો છે ? એની ભક્તિ કરવી, એનું કીર્તન કરવું, અને સાથે સાથે એનાં શ્રીચરણોમાં અરજી કરતાં રહેવું, એ જ એક માત્ર માર્ગ છે એની કૃપા મેળવવાનો.

આ વિચાર સાથે જ કવિ દીનતાપૂર્વક ગાય છે.

**"શ્રીરિસહેસર ! દાસ તિહારો, અરજ કરત કર જોર..." ...૫**

હે ઋષભેશ્વર ! હે સ્વામી તમારો આ (ઋષભ) દાસ, ઋષભનો દાસ તે 'ઋષભદાસ'હાથ જોડીને દીનભાવે તમને વીનવે છે, અરજ કરે છે કે દાદા ! મારા પર કૃપા વરસાવો, મારી માંગણી સ્વીકારો, અને મને વિમલગિરિ પર વસનારો મોર બનાવો !

**(કાર્તક-૨૦૬૫)**

❋ ❋ ❋

## (૨)

જ્યારે ચિત્તમાં ભક્તિતત્ત્વનો ઉદય થાય છે, ત્યારે ભક્તનો મિજાજ આપોઆપ બદલાઈ જાય છે. હમેશાં કોરુંધાકોર રહેતું એનું હૈયું પછી ભીનું ભીનું થઈ જાય છે. એ કવિ ન હોય તોય પછી ઊર્મિશીલ કાવ્યપંક્તિઓ એને ફૂટવા લાગે છે. અને જો એ સહજ કવિ હોય તો તો પૂછવું જ શું ? એની ભક્તિધારા પછી આપોઆપ કાવ્યધારા રૂપે વહેવા માંડે છે. અજબ હોય છે ભક્તિનો મિજાજ !

આવી જ કોઈ ઊર્મિલ મિજાજની ક્ષણોમાં કવિ ઋષભદાસે લખ્યું હશે આ પદ : 'ક્યું ન ભયે હમ મોર, વિમલગિરિ....'

ભક્તિમાં બે તત્ત્વો ભળી શકે : એક આર્જવ અને બીજું લાડ. આર્જવમઢી ભક્તિનો મિજાજ કેવો હોય તે આપણને કવિ ઋષભદાસના આ પદમાં અનુભવવા મળે છે. પણ પ્રભુ સાથે લાડ કેવી રીતે થાય તે સમજવું હોય તો આ જ પદના અનુસંધાનમાં રચાયેલું, કવિવર ઉપાધ્યાય શ્રીસમયસુંદરજીનું એક પદ ગાવું પડે.

ઋષભદાસના પદની પંક્તિનો જ ઉપાડ ધરાવતા આ પદમાં કવિ પ્રભુને કહે છે કે મોર તિર્યંચ-પંખી ભલે હોય પણ તોય તે પંચેન્દ્રિય પ્રાણી છે. કદાચ તમને મારામાં તેવી પાત્રતા ન જણાય અને મને પંચેન્દ્રિય ન બનાવો, તો કોઈ હરકત નહિ. પરંતુ મને એકેન્દ્રિય જાતિનો જન્મ મળે એવું તો ભગવન્ ! તમે કરી જ શકો, બલ્કે કરી જ આપો. કેમ કે મને પાકી સમજણ છે કે એકેન્દ્રિયના રૂપમાં અવતરીને પણ તમને ભજી શકાય છે, તમારી ભક્તિ કરી શકાય છે. ખરેખર તો પંચેન્દ્રિય કરતાં વધુ અને સંપૂર્ણ સમર્પણ એકેન્દ્રિયપણામાં જ થઈ શકે છે. માટે સાહેબ ! મને એકેન્દ્રિયનું રૂપ તો આપો !

ભારે આશ્ચર્યજનક યાચના છે આ. આ યાચના આશ્ચર્ય જ નહિ, આઘાત પણ જન્માવે જ. પણ લાડઘેલી ભક્તિ કોને કીધી ? એ આઘાત ન આપે તો જ નવાઈ. આપણે પણ એ નવાઈ છલકાવતાં લાડ માણીએ :

**"ક્યું ન ભયે હમ મોર વિમલગિરિ.**

**ક્યું ન ભયે હમ શીતલ પાની સિંચત તરુવર છોર;**

**અહનિશ જિનજીકે અંગ પખાલત, તોરત કરમ કઠોર ...૧**

કવિ ભગવાનને ઉદ્દેશીને પ્રથમ તો મોર બનવાની માંગણી દોહરાવે છે. પણ તેમને અંદાઝ છે કે કદાચ આ માંગણીમાં મને સફળતા ન પણ મળે ! એટલે એક જ શ્વાસમાં ઉચ્ચારેલા બીજા વાક્યમાં કવિ કહે છે : મને શીતલ પાણી(અપ્કાય, એકેન્દ્રિય)નો અવતાર આપો ને, મારા દેવ ! સામાન્યતઃ પાણી એક કામ પરમાર્થનું કરે છે - વૃક્ષના છોડને સિંચન કરવાનું : વૃક્ષને જીવન બક્ષવાનું. પણ મને જો પાણીનો અવતાર મળશે તો હું એ પરમાર્થનું કામ તો અવશ્ય કરીશ; પણ તેની સાથે સાથે મારો સ્વાર્થ સાધી આપતું એક નવતર કામ પણ કરીશ. હું મારા દયાળુ દાદાનાં અંગોને - પ્રતિમાને પખાળ્યા કરીશ, રાત-દિન જોયા વિના પ્રક્ષાલ કર્યા કરીશ, અને એ રીતે મારું સર્વસ્વ પ્રભુ-ચરણે ન્યોચ્છાવર કરીને મારાં કઠિન-કઠોર કર્મોનો ઘાણ કાઢી નાખીશ !

આપણા સમાજમાં એક વર્ગ એવો પણ છે કે જે ભગવાનની પ્રતિમાને 'જડ' માને છે; તે પૃથ્વીકાયરૂપ એકન્દ્રિયમાંથી બની હોઈ તેનામાં ચૈતન્ય-તત્ત્વ ન હોવાનું માને છે. તેઓ કહે છે કે આપણી - મનુષ્યની ચેતના, પંચેન્દ્રિય હોવાને કારણે કેટલી તો વિકસિત !, અને આપણે આવા જડ પદાર્થને નમવાનું ? આવા પત્થરની પૂજા કરવાની ? સરાસર ગલત !

આ વર્ગ એમ પણ માને છે કે આવા જડ પદાર્થની ભગવાન માનીને પૂજા કરવામાં પાણી અને પુષ્પ જેવા પદાર્થો પ્રયોજવામાં કેટલી બધી જીવહિંસા છે ! આમાં ધર્મ કરતાં તો પાપ વધુ થાય ! આ લોકો આ વાતને સૂત્રાત્મક ભાષામાં આવી રીતે વર્ણવતાં હોય છે.

**"ઢોલ વાગે, શરણાઈ વાગે, પડઘમ વાગે તૂરી,**
**એકેન્દ્રિયની આગળ પંચેંન્દ્રિય નાચે, એ છે ફજેતી પૂરી," અને-**
**"પુષ્પ-પાંખડી જ્યાં દુભાય, ત્યાં નહિ જિનવરની આજ્ઞાય."**

આવા લોકોને, તેમનાં આવાં અશાસ્ત્રીય અને અણસમજભરેલાં મંતવ્યોને જવાબ તો શાસ્ત્રકારોએ અને મહાપુરુષોએ આગમ, તર્ક અને યુક્તિપૂર્વક આપ્યો જ છે. પરંતુ આપણા આ કવિવરની ભગવાન પાસેની આ - પાણીનો ભવ મેળવવાની - યાચના, એ એવા વર્ગ માટે લપડાક-સમાન જવાબ બની રહે તેમ છે.

જડ પદાર્થને નિરખીને હૃદય ભીંજાય નહિ. પત્થર જ જો હોય એ, તો તેને જોવા માત્રથી ભાવુક હૈયામાં ઊગતી ભક્તિ કદાપિ ઊગે નહિ. હૃદય ભીંજાય

છે અને ભક્તિનાં પૂર ઊભરાય છે, તે અનુભૂતિ જ સાબિત કરે છે કે સામે બિરાજેલ પ્રતિમા એ પત્થરનો ઘાટીલો ટુકડો નથી, પણ સાક્ષાત્ પરમાત્માનું મૂર્ત અથવા સાકાર સ્વરૂપ છે.

અને, એને જલ કે પુષ્પ ચડાવવાની વાત તો બાજુ પર, અહીં તો કવિ સ્વયં પંચેન્દ્રિય મટીને એકેન્દ્રિય એવું પાણી બનવાની પ્રાર્થના કરે છે !, કારણ? કારણ કે કવિને ખબર છે કે મનુષ્યના ગમે તેટલા મહાન સમર્પણ કરતાં પણ જલનું જીવન-સમર્પણ વધુ શ્રેષ્ઠ છે; વધુ સંપૂર્ણ છે. મનુષ્ય ધન અથવા ધનસાધ્ય દ્રવ્યો અર્પી શકે, પણ પોતાનું જીવન ન્યોછાવર કરી દેવાની ગુંજાઈશ એની પાસે ક્યાં ?

અને જો મનુષ્યમાંથી પાણી થઈને સર્વસ્વ હોમી દેવાની તમન્ના ભક્ત-હૃદયને હોય અને તેમ કરીને કઠોર કર્મોનો ઘાણ કાઢવાની અનન્ય આસ્થા એને હોય, તો પાણી વાપરવાથી હિંસા થાય એવી સમજણ કેટલી તો વાહિયાત, તુચ્છ અને નકામી બની જાય છે !

મહત્ત્વની વાત અહીં અનુભૂતિની છે. જ્યાં સુધી આપણી આંખમાં અનુભૂતિનું અંજન ન અંજાય, આપણી દૃષ્ટિમાં ઉઘાડ ન થાય, ત્યાં સુધી સામેનો પદાર્થ જડ, પત્થર અને નિર્જીવ અથવા એકેન્દ્રિય ભાસે, એમાં જરાય નવાઈ પામવા જેવું નથી. ભલે, આપણે આગળ ચાલીએ. કવિ-હૃદય પ્રભુ સાથે કેવા મજાના લાડ લડાવે છે તે જોવા યોગ્ય છે :

**"ક્યું ન ભયે હમ બાવનાચંદન, ઔર કેસર કી છોર;**
**ક્યું ન ભયે હમ મોગર માલતી, રહતે જિનજી કે મૌર ..." ...૨**

કવિ કહે છે કે મને બાવનાચંદનનું વૃક્ષ બનાવો ને પ્રભુ !, અને એ જરા વધુ પડતું લાગતું હોય પછી મને કેસરનો છોડ બનાવો ! બન્ને વનસ્પતિકાય-એકેન્દ્રિયના અવતાર અને બન્ને પ્રભુજીના અંગે વિલેપનના ખપમાં આવે, એ રીતે એમનું જીવન પ્રભુ-સમર્પિત પણ થાય અને વાતાવરણ મહેક મહેક પણ થઈ જાય !

લાડ હોય ત્યાં વિકલ્પોનો તોટો ન હોય. કવિવર પણ પ્રભુ સમક્ષ એક પછી એક વિકલ્પ રજૂ કરતા જાય છે, અને એમાંથી કયો વિકલ્પ યોગ્ય છે તેનો નિર્ણય તે ભગવાનના શિરે ઢોળી દે છે. માંગણી પાકી, અને છતાં પસંદગીનો હક ભગવાનનો, આ કેવી શિશુવત્ નિર્દોષ અને ફાંકડી સ્થિતિ છે ! કવિ ત્રીજો વિકલ્પ

ધરતાં કહે છે : અથવા તો મને મોગરાનું કે માલતીનું ફૂલ સરજો મારા નાથ ! ફૂલ થઈશ તો મને બે જબરા લાભ થશે. એક તો હું મારું સમગ્ર જીવતર ભગવાનને સમર્પી શકીશ, અને બીજો લાભ તે હું ભગવાનના મસ્તક ઉપર જઈને બેસવા પામીશ !, અથવા ભગવાનના મુગટની કલગી બની તેમની શોભા વધારનારો બનીશ.

કવિની વિકલ્પજાળ આટલેથી અટકતી નથી. અત્યાર સુધી તો તેઓ જીવંત પદાર્થ બનાવવાની પ્રાર્થના કરતા રહ્યા. પણ હવે તેમને લાગે છે કે કદાચ હજી મારામાં તેવા બનવાની પાત્રતા ન પણ હોય. અને તો મારે એ આગ્રહ પડતો મૂકવો જોઈએ અને હવે મારી ચેતનામાં પ્રસરી ગયેલી જડતાને મિટાવવા માટે મારે જડ પદાર્થમાં મારૂં રૂપાંતર યાચવું જોઈએ. એવો જડ પદાર્થ, જેનું અવતરણ જ નહિ, સમગ્ર અસ્તિત્વ પ્રભુભક્તિ કાજે હોમી શકાય, અને તેમ થવા દ્વારા એની જડતા નષ્ટ થઈને પૂર્ણ ચેતનામાં પરિણમી જાય. આવી ભાવધારામાં લયલીન બનેલા કવિ બોલી રહ્યા છે :

**"ક્યું ન ભયે હમ મૃદંગ ઝાલરિયાં, કરત મધુર ધ્વનિ ઘોર,**
**જિનજી કે આગલ નૃત્ય સુહાવત, પાવત શિવપુર ઠૌર..." ...૩**

- મહારાજ ! હું મૃદંગ અથવા ઝાલર બનું તો કેવું સરસ થાય ! સંપૂર્ણપણે નિર્જીવ - અચેતન પદાર્થ અને છતાં તેમાંથી પ્રગટતો ધ્વનિ કેવો તો મધુર ! મધમીઠો ! જાણે કે ચેતનવિશ્વને શીખ આપે કે જડ પણ જો આટલું મીઠું બની શકે - બોલી શકે તો તમે છતી ચેતનાએ મીઠાશથી વંચિત કાં રહો ? ભક્તિની મધુરપથી વેગળા તમે શાને રહો ?

મૃદંગ - ઝાલરની એક ખૂબી એ છે કે એને માર પડે તેમ એ મીઠું બોલે. આપણા અજોડ પૂજા-સંગીતજ્ઞ હીરાભાઈ ઠાકોર કહેતા કે તબલાંને જેમ વધુ મારો તેમ વધુ મધુર બોલ કાઢે. પ્રભુ ! સંસારની આસક્તિના અને આસક્તિને કારણે તો માર ઘણા પડ્યા છે અને તેના પ્રતિભાવરૂપે નીકળતા અમારા સૂર હમેશાં બેસૂરા જ હોય છે, પણ આ તો તારી ભક્તિના બહાને પડતો માર ! એવો માર તો જેમ વધુ પડે તેમ વધુ મીઠપ જાગશે અમારામાં.

એમાંયે કોઈ પુણ્યવંત બડભાગી આત્મા ઢોલ-ઝાલરને ગળામાં નાખીને કે હાથમાં લઈને વગાડતો જાય અને દાદાની સન્મુખ સોહામણું નૃત્ય કરતો જાય, ત્યારે

તો મારું જીવન એવું ધન્ય ધન્ય લાગશે કે શિવપુર-મોક્ષ હવે જાણે નજીકમાં જ છે તેવો અહેસાસ થવા લાગશે. માટે દેવ ! મને આ મૃદંગ-ઝાલર બનાવો ને !

ભાવક જિજ્ઞાસુને અહીં એક સવાલ થાય છે : ભલા, તું મોર ને પાણી ને ચંદન-કેસર ને મોગરો-માલતી ને મૃદંગ-ઝાલર બનવાની માંગણી કરે છે ખરો, પણ શા માટે ? કોના માટે આ માંગણી ? એવી તે કેવી હસ્તી તને મળી ગઈ છે કે જેની સામે આવું બધું થવાનું તું પસંદ કરે છે ?

આનો જાણે કે જવાબ આપતા હોય તેમ કવિ અંતિમ કડીમાં લખે છે કે -

**"જગમંડલ સાચો એ જિનજી, ઓર ન દેખાવત મોર**

**સમયસુંદર કહે એ પ્રભુ સેવો, જન્મ જરા નહીં ઔર ...." ...૪**

કવિ ઓળઘોળ છે પોતાને લાધેલા દાદા ઉપર. એ કહે છે કે હું કાંઈ ગાંડો નથી કે જેને તેને માટે પંખી, પાણી કે ઝાડ - ઝાલર થવાની ઝંખના સેવું.

અરે, જેને માટે કે જેની પાછળ જાત કુરબાન કરવી ગમે અથવા સર્વસ્વ હોમી દેવામાંયે આનંદ અનુભવાય એવો સ્વામી, એવો સાજન પણ સાંપડવો તો જોઈએ ને ? આજ લગી એવો સાજન મને ન'તો મળ્યો. પણ આજે તો મારાં પુણ્ય પ્રગટ્યાં છે અને એટલે જ મને જિનેશ્વર પ્રભુ જેવા અદ્‌ભુત સાહેબ મળી આવ્યા છે. આ જગત્-મંડલમાં એ જિનદેવ એક જ સાચા સ્વામી છે, અને એના જેવા સ્વામી જગતમાં બીજા કોઈ જ દેખાતા નથી.

આ સ્વામીની ખૂબી શી છે એ જાણવું છે ? આમની ખૂબી એક જ છે : એમની સર્વભાવે સમર્પિત થઈને સેવા કરીએ ને, તો પછી જન્મ-મરણ-ઘડપણનું અનંતા કાળથી ચાલતું ચક્ર છે જે, તે આપોઆપ સમાપ્ત થઈ જાય છે. તમે એકવાર, બસ, એક જ વાર, મોર, જલ, ચંદન, કેસર, મોગરો, માલતી, મૃદંગ, ઝાલર અથવા આવું કશુંક બનીને તમારું સર્વસ્વ દયાળુ દાદાના ચરણોમાં વિલીન કરી દો, પછી નહિ રહે તમારા માટે જનમવાનું, મરવાનું કે ઘરડાં થઈને સડવાનું. છૂટી જશે એ કુચક્ર અને દાદો તમને નિજસ્વરૂપમાં સમાવી લઈને એ કુચક્રના પિંડમાંથી છૂટકારો અપાવી દેશે.

કવિ સમયસુંદર ઉપાધ્યાય કહે છે કે મારા દાદાની આ ક્ષમતાનો, આ સામર્થ્યનો મને અણસારો છે, માટે જ હું દાદા પાસે આવી, સામાન્ય જનને ગળે ઊતારવી મુશ્કેલ એવી માંગણી કરવા બેઠો છું.

આવી જ માંગણી, કોઈ અજ્ઞાત આધુનિક કવિ, જરા જુદા જ મિજાજમાં 'શ્યામ' પાસે કરે છે. એ મિજાજ પણ માણવા જેવો છે :

**"તમે શ્યામ થઈને ફૂંકો, મને વાંસળી બનાવો !**
**ભલે આભ થઈને વ્યાપો, મને વાદળી બનાવો !**
**તમે પર્વતો ઉઠાવો, પછી કોઈ રથ બચાવો,**
**મને ભાર કંઈ ન લાગે, મને આંગળી બનાવો !**
**ભલે અંગથી છૂટીશું, પણ સંગ યાદ રહેશે**
**તમે સાપ-રૂપ લ્યો તો, મને કાંચળી બનાવો !**
**તમે આંખમાં વસો છો, અને શ્વાસમાં શ્વસો છો,**
**અમે તોય તમને જોશું, ભલે આંધળી બનાવો !"**

કેવો ફક્કડ છે કવિનો મિજાજ ! ભક્તિના નશામાં ઘૂંટાયેલો આવો મિજાજ આપણા હૃદયને ક્યારે અજવાળશે ?

(કાર્તિક, ૨૦૬૭)

* * *

## (3)

## ઉપા. શ્રીયશોવિજયજી વિરચિત
## શ્રીઋષભદેવ-સ્તવન

ઋષભદેવ હિતકારી, જગતગુરુ ઋષભદેવ હિતકારી,
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિ વ્રતધારી ...૧
જગતગુરુ ઋષભદેવ હિતકારી...
વરસીદાન દેઈ તુમ જગમેં, ઈલતિ ઈતિ નિવારી,
તૈસી કાહે કરતુ નાહિ કરુણા, સાહિબ ! બેર હમારી ...૨
માગત નહિ હમ હાથી ઘોરે, ધન કન કંચન નારી,
દિયો મોહે ચરણ કમલકી સેવા, યાહી લાગત મોહે પ્યારી ...૩
ભવલીલા-વાસિત સુર ડારે, તું પર સબહી ઉવારી
મૈં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિર ધારી ...૪
એસો સાહિબ નહિ કોઈ જગમેં, યાસું હોય દિલદારી,
દિલ હી દલાલ પ્રેમ કે બીચે, તિહાં હઠ ખેંચે ગમારી ...૫
તુમહી સાહિબ મૈં હૂં બંદા, યા મત દીઓ બિસારી
**શ્રીનયવિજય** વિબુધ સેવકકે, તુમ હો પરમ ઉપકારી ...૬

* * *

શત્રુંજય મહાતીર્થ અને શ્રીઆદીશ્વર દાદા આ બંને આપણાં પરમતારક, પતિતપાવન અને મંગલકારી આરાધ્ય તત્ત્વો છે. જેનાં સ્મરણથી, શરણથી, કીર્તનથી, ગુણસ્તવનથી ચિત્ત પુલકિત થાય, કાયા અને વાણીને પાવન થવાનો અનુભવ થાય; જેનું નામ લેતાં જ અંતરમાં સમાધિ, સમાધાન અને હળવાશનો અહેસાસ થાય, તેનું નામ આરાધ્ય. આ આરાધ્ય તત્ત્વોનું સાંનિધ્ય મળતાં ઊલટ પણ વધતી જાય, અને એ ઊલટ વધે તેમ તેમના પ્રત્યેની ભક્તિ પણ વધે જ.

ભક્તિનો સ્વભાવ હમેશાં અથવા મહદંશે બોલકો જ રહ્યો છે. ભક્તિ જાગે એટલે એ હૃદયમાં સમાયેલી જ રહે, એવું ભાગ્યે જ બને. ભક્તિ ભાવરૂપે પ્રવાહિત

થાય અને તે ભાવ પછી શબ્દરૂપે પ્રગટ થાય. એ શબ્દોને કોઈક સ્તવન કહે છે, કોઈ ભજન ગણે છે, તો કોઈક કીર્તન તરીકે પણ ઓળખે છે.

ભાવથી આંદોલિત ચેતના એટલે કવિ-ચેતના. આ ભાવાંદોલિત ચેતના સાથે કવિની ચિત્તસ્થ કે બુદ્ધિસ્થ શબ્દચેતના જ્યારે ભળે છે, ત્યારે જે ગેય પદાવલી સ્ફુરે છે, તે જ છે સ્તવના: આરાધ્ય તત્ત્વની ભક્તિ વહાવતું કાવ્ય.

ભક્તિસભર કાવ્ય અને કાવ્યમય ભક્તિની અનુભૂતિ તેમજ અભિવ્યક્તિ, કોઈક પ્રેમ-ભીના અને એટલે જ ભાવભીના હૈયા માટે જ શક્ય બનનારી ઘટના છે. વૈયક્તિક સ્નેહની ભૂમિકાએ ઊભેલું હૈયું, વ્યક્તિ-પ્રેમની સરહદને અતિક્રમી-ઓળંગીને પ્રભુપ્રેમની ભૂમિકાએ પહોંચે છે ત્યારે જ આવી દિવ્ય ઘટના કો' ભક્તહૃદયની ચેતનામાં અનાયાસ ઘટિત થતી હોય છે. આવા ભક્તહૃદયના અતલ ઊંડાણમાંથી સરી પડેલી કે પ્રગટ થતી કાવ્યમય ભક્તિસ્તવનાનું ગાન-શ્રવણ, ગાયક અને શ્રોતા બંનેને, ભક્તિના રસમાં ભીંજવીને, કોમળ બનાવી મૂકવાનું અચિંત્ય સામર્થ્ય ધરાવતું હોય છે. કારણ કે એ સ્તવનામાં પ્રેમની અલૌકિક મધુરતા છલકાતી હોય છે અને સ્વ-પરના કલ્યાણની કામનાથી પ્રેરિત અનુકંપાની આર્દ્રતા એમાંથી નીતરતી હોય છે.

આપણે આ પ્રકારની સ્તવનાને પ્રેમલક્ષણા ભક્તિના નામે ઓળખી શકીએ. પ્રેમલક્ષણા ભક્તિ એ વૈષ્ણવ સંપ્રદાયે સ્વીકારેલી ભક્તિનો અતિમધુર પ્રકાર છે. વિવિધ ભક્તિસૂત્રો અને શ્રીમદ્ ભાગવત જેવા ગ્રંથોનો એને આધાર છે.

ઉત્તર મધ્યકાળમાં એટલે કે ૧૬મા સૈકાથી શરુ થયેલા કાળમાં થયેલા ઘણા વીતરાગી જૈન કવિ-મુનિઓએ પણ પોતાની રચનાના એક આલંબન લેખે કે પોતાના હૃદયમાં ઊઠતી ભાવોર્મિઓની અભિવ્યક્તિ માટે પ્રભુ પરમાત્મા પ્રત્યે પ્રેમલક્ષણા ભક્તિનો વિનિયોગ પોતાની રચનાઓમાં કરેલો છે. આવા ભક્તકવિઓમાં યોગીરાજ આનન્દઘનજી, ઉપા. વિનયવિજયજી વગેરેનાં નામો નિઃસંદેહપણે લઈ શકાય. અલબત્ત, આ મહાપુરુષોએ ચાતરેલા આ માર્ગે ચાલનારા કવિઓની નામાવલી કાંઈ નાનીસૂની તો નથી જ.

આ નામાવલીનું જ એક મજાનું નામ છે : ઉપા. શ્રીયશોવિજયજી ગણિવર. પ્રખર તર્કવેત્તા વિદ્વાન તરીકે જાણીતા આ કવિવરે પ્રભુભક્તિની ઘણી બધી

રચનાઓનું નિર્માણ કર્યું છે, જેમાં છલકાતી પ્રેમ-લક્ષણા ભક્તિ ધ્યાનાકર્ષક બની રહે તેવી છે. ચિત્તની આર્દ્રતા એ પ્રેમલક્ષણા ભક્તિની અનિવાર્ય શરત છે. પ્રભુને પોતાનો પ્રિયતમ (કે પ્રિયતમા) લેખીને તેના પ્રત્યેનો ઉત્કટ લગાવ, તેના મિલનની ઘેરી અભીપ્સા, તેના વિરહમાં ચિત્તમાં વ્યાપી જતી વ્યાકુળતા, આર્જવથી ઉભરાતી વિજ્ઞપ્તિ - આરઝૂ, આ બધા વિભાવો તે ભાવાર્દ્ર ચિત્તના દ્યોતક બને છે. વિરહની વ્યાકુળતા અને મિલન માટેની ઉત્કટ તમન્ના ભક્તહૃદયને ભગવાન-પ્રિયતમ પ્રત્યે ઓળંભો-ઠપકો આપવા પણ વિવશ બનાવે છે. એ ઓળંભાના કઠોર દીસતા શબ્દો પણ ચિત્તની તીવ્ર આર્દ્રતાનું જ પરિણામ હોય છે, એ રસિયા ભાવકને સમજાવવાનું ન હોય.

કવિ શ્રીયશોવિજયજીનું ભક્તિભીનું હૈયું, આવી જ કોઈ ભાવાર્દ્ર ક્ષણોમાં શ્રીઋષભદેવ પ્રભુ સામે ભક્તિનો મોરચો બાંધી બેસે છે અને ગાઈ ઊઠે છે :

**જગતગુરુ, ઋષભદેવ હિતકારી, જગતગુરુ, આદિજિણંદ જયકારી**
**પ્રથમ તીર્થંકર, પ્રથમ નરેશ્વર, પ્રથમ યતિ વ્રતધારી... જગતગુરુ ...૧**

કવિહૃદય પોતાના આલંબનરૂપે ભગવાન ઋષભદેવને પસંદ કરે છે. આ અવસર્પિણી કાળના પહેલા તીર્થંકર એ છે, પહેલા રાજવી એને છે, પહેલા યતિ એ છે. એણે જગતનું કલ્યાણ કર્યું છે અને કલ્યાણનો માર્ગ પણ સર્વપ્રથમ એમણે જ પ્રશસ્ત કર્યો છે. આ સ્થિતિમાં તેમને જ સ્વામી, પ્રિયતમ અથવા તો પ્રભુજી તરીકે ભજવાનું કવિહૃદયે સ્વીકારી લીધું છે. જગતના ગુરુને મૂકીને બીજાને ભજવા માટે કવિહૃદય કદાચ તૈયાર નથી, તેનો ગર્ભિત સંકેત આ પંક્તિઓમાં સાંપડે છે. કવિને બહુ જ સંક્ષેપમાં, અથવા કહો કે ટૂંકાણમાં પ્રભુ પ્રત્યે નિવેદન કરવું છે. પ્રભુના સામર્થ્યથી તેઓ પૂરેપૂરા અભિજ્ઞ છે. પોતાની અપેક્ષા અને પોતાના હક પરત્વે પણ તે સ્પષ્ટ છે. એટલે લાંબી પિંજણમાં ઊતર્યા વિના પોતાને જે કહેવું છે તે કવિ આ રીતે કથે છે :

**વરસીદાન દેઈ તુમ જગમેં, ઈલતિ ઈતિ નિવારી**
**તૈસી કાહે કરત નાંહી કરુના, સાહિબ બેર હમારી ....જગતગુરુ ...૨**

એક વાત અહીં પહેલેથી સમજી લેવાની છે. કવિનો સમય મધ્યકાળનો છે. તે પણ એવો સમય કે જ્યારે ભારતમાં અને ગુજરાતમાં પણ મુસ્લિમ શાસકોનું

શાસન પ્રવર્તતું હતું, અને પ્રજાના સાંસ્કૃતિક-સામાજિક જીવન-વ્યવહાર પર મુસ્લિમોની અરેબિક તથા પર્શિયન બોલી, રહેણીકરણી, રીતિરિવાજો વગેરેની મોટી અને ઘેરી અસર હતી. સ્વાભાવિક છે કે એ વર્ગની ભાષા/જબાન અને ઊર્દૂ-અરેબિક શબ્દાવલીથી ગુજરાતી ભાષા અને સાહિત્ય પણ પ્રભાવિત થાય જ. કવિ પણ તે પ્રભાવથી મુક્ત નથી. બલ્કે આ રચનામાં તેમની નજાકતભરી રજૂઆત અને કેટલાક ખાસ પ્રયોજેલા શબ્દો પરથી તો પાકો અંદાજ મળે છે કે આપણા કવિ તે જબાનથી કેટલા બધા પ્રભાવિત હશે. ઈલતિ, સાહિબ, જેવા શબ્દો આની ગવાહી પૂરે છે. સાથે જ, વ્રજ ભાષાની પણ કવિના સર્જનમાં છાંટ છે જ. કરુના, બેર જેવા શબ્દોથી તે પણ પ્રગટે જ છે.

કવિ પોતાના પ્રભુ-પ્રીતમ સાથે સીધો જ સંવાદ સાધે છે. કહે છે કે સાહેબ ! તમે વરસીદાન (એક વર્ષ સુધી કરોડો સુવર્ણમુદ્રાનું પ્રતિદિન દાન) આપ્યું હતું અને જગતમાં ફેલાયેલ ઈલતિ-આપત્તિઓ અને ઈતિ-અશુભ ઉપદ્રવોનું નિવારણ કર્યું હતું, તે વાત હું બરાબર જાણું છું. કરુણા વિના આવું કોઈ કરી ન શકે તે પણ નિશ્ચિત છે. મારો સવાલ એટલો જ છે કે જગત આખાનું દળદર ફેડવાનું સામર્થ્ય અને કારુણ્ય ધરાવનારા-દાખવનારા તમે, એવી કરુણા મારા વખતે-મારી જેવા - મારા ઉપર કેમ ન વરસાવો ? એકાદ ભક્ત જીવને પોતાની કરુણામાં ન્હવડાવતા તમારા જેવા સમર્થ જગતગુરુને શી તકલીફ પડવાની ?

કવિ એક વાત બરાબર સમજે છે : સમર્થ સ્વામી સાથે સંવાદ રચવો હોય તો તે હમેશાં એકતરફી જ રહેવાનો. પ્રભુ આપણી વાત સાંભળવાના ખરા, પણ તેઓ વળતો જવાબ પણ આપશે તેવી આશા રાખવી ન જોઈએ. સમજદાર સેવકે તો માલિકના અંતરંગમાં પેસીને ત્યાંથી શો પ્રત્યુત્તર સાંપડી શકે તેની સબળ અટકળ કરતાં શીખી જવું પડે. આપણા કવિએ આ કળા કેવી સરસ રીતે હસ્તગત કરી છે તેનો પરચો હવેની પંક્તિઓમાં મળે છે :

**માગત નહિ હમ હાથી ઘોરે, ધન કન કંચન નારી,**
**દીયો મોહે ચરનકમલકી સેવા, યાહી લાગત મોહે પ્યારી...જગતગુરુ...૩**

કવિ ભગવાનને કહે છે કે સાહેબ, તમારા મનમાં એવો ભાવ હોય કે "દુનિયાને વાર્ષિક દાનમાં મેં સોનું-ચાંદી વગેરે આપ્યું, એટલે આને પણ એવું જ કશુંક જોઈતું હશે, પણ એ બધું તો હવે- સિદ્ધગતિ પામ્યા પછી શક્ય શેં બને ?"

આમ ધારીને તમે મારી ઉપેક્ષા કરતા હો તો તે બરાબર નથી. મારી વાત તો એકદમ સ્પષ્ટ છે. હું હાથી કે ઘોડા માગતો નથી, ધન, કન-ધાન્ય, સોનું કે સ્ત્રી આપો એવી પણ મારી યાચના નથી. મારી માગણી તો એક જ છે અને તે પણ સાવ નાનકડી અને વળી ભાવાત્મક. હું તો તમારાં ચરણકમળની સેવા કરવાની મને તક મળે એટલું જ ઈચ્છું છું પ્રભુ ! કેમ કે એ સેવા મને બેહદ પ્યારી લાગે છે. સાહેબ, તમારા એક નાચીઝ સેવકની આટલી અમથી માંગ પણ તમે પૂરી નહીં કરો ?

કવિનું હૈયું ભાવોર્મિઓનાં અધીરાં સ્પંદનોથી અત્યંત આંદોલિત થઈ ગયું છે. પ્રભુના, પોતાના મનગમતા સાહેબના ચરણોની સેવા માટે લાલાયિત અથવા તો વ્યાકુળ એવું કવિહૃદય, પોતાની કઠિન ભૂમિકા અથવા સાધનાનું પ્રભુ સમક્ષ વર્ણન કરે છે :

**ભવલીલા-વાસિત સુર ડારે, તું પર સબહી ઉવારી**

**મૈં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિર ધારી ....જગતગુરુ ...૪**

સાહેબના હૃદયમાં આન્તર-પ્રવેશ પામેલા કવિ વિચારે છે : ભગવંત પાસે યાચના તો કરું છું, પણ ભગવંત મારા માટે 'અનન્ય આશ્રય' છે, એવી એમને મારે પ્રતીતિ તો કરાવવી જોઈએ ને ? એમની પાસે ય માંગું, અને બીજે પણ જ્યાં ત્યાં ભટકતો ફરું, તો એમને મારા માટે વિશ્વાસ અને ભાવ કેમ રહે ? તો સ્વામીનો વિશ્વાસ સંપાદન કર્યા વિના પણ કેમ ચાલે ?

કાંઈક આવા આશયથી કવિએ આ પંક્તિઓ લખી હોય તેમ જણાય છે. કવિ આમાં કહે છે મારા સ્વામી ! આજ સુધી તો હું જ્યાં ને ત્યાં ભટક્યા જ કર્યો છું. જેણે આશ્રય આપ્યો, આશ્રયની લાલચ આપી, કે સુખી બનાવવાનું પ્રલોભન આપ્યું, તેવા કોઈપણ સંસારી દેવના શરણે હું ચાલ્યો જતો હતો. પરંતુ ભવોભવના અનુભવોથી મને સમજાયું કે એ બધા તો સંસારી દેવો છે, ઘરબારી છે, અને સાંસારિક સુખ અને તેનાં સાધનો જ, વધુમાં વધુ, આપી શકે તેવા છે; તે પણ મારાં કર્મોને આધીન જ. અને એમાંના એકેયની સેવાથી મોક્ષ અર્થાત્, સંસારથી કાયમી છૂટકારો તો મળવાની શક્યતા જ નથી. એ સાથે જ, આ ભવમાં મેં, એ બધા, ભવલીલાઓથી વાસિત એટલે કે રંગાયેલા દેવોને ડારે કહેતાં ફગાવી

દીધા છે, અને માત્ર અને માત્ર તારા ઉપર જ બધું ઓવારીને હું બેઠો છું; હવે એકમાત્ર તારો અનન્ય આશ્રય મેં આજે સ્વીકારી લીધો છે.

સાહેબ, મેં આજે મારા મનથી સ્વૈચ્છિક નિશ્ચય કર્યો છે કે હવે તારી આજ્ઞા જ મારે માનવી, બીજા કોઈનીયે નહિ, હરગીઝ નહીં.

દેવ ! આટલો અનન્યાશ્રય સ્વીકારનાર તારા આ સેવકની સામે હવે તું નહિ જુએ તો કેમ ચાલશે ? મેં તારો આશ્રય લીધો તેનું રહસ્ય એક જ છે : તારા માટેનો અનન્ય પ્રેમ. કોઈ સ્વાર્થ, કોઈ પ્રલોભન, કોઈ ગરજ, કોઈ આશા- અપેક્ષા, કે કોઈ ભય - આમાંના કોઈ કારણે હું તારા આશરે આવ્યો હોત તો દુનિયાને ગળે ઊતર્યું હોત કે બરાબર છે, આ કારણે જ ભાઈ આમના શરણે ગયા છે. પણ ભગવન્ ! આમાંનું એક પણ કારણ મને તારા શરણે આવવા પ્રેરનારું નથી. ખરું કહું તો મને ખુદને ખબર નથી પડતી કે હું તારા શરણે, કોઈનાય નહિ ને તારા જ શરણે કેમ આવ્યો ? બહુ બહુ મથામણ કર્યા પછી મને એક કારણ જેવું જડ્યું છે, તે કહું ? સાંભળો :

**ઐસો સાહિબ નહિ કોઈ જગમેં, યાસું હોય દિલદારી**
**દિલ હી દલાલ પ્રેમ કે બીચે, તિહાં હઠ ખેંચે ગંવારી...જગતગુરુ ...૫**

મહારાજ ! દેવ તો ઘણા જોયા આ ભવભ્રમણમાં, પણ જેને જોતાં વેંત જ દિલ લાગી જાય, દિલદારી-દિલની મહોબ્બત લાગી જાય એવો સાહેબ તો એક તું જ જોવા મળ્યો છે ! દુનિયા આને પહેલી નજરના પ્રેમ તરીકે ઓળખી શકે, મને વાંધો નથી. પણ કશા જ કારણ વગર આમ તને દિલદાર - વ્હાલમ તરીકે સ્વીકારી લેવા પાછળ જો કોઈ કામ કરી ગયું હોય તો એ છે કે મારો 'દિલ' નામનો દલાલ ! એણે-એ ગમાર દલાલે એવી તો જક કરી કે પ્યાર કરવો હોય તો આ સાહેબને જ કર, બીજા કોઈ તારા પ્યારને માટે લાયક નથી, નથી ને નથી. અને એ નટખટ દિલના કહેવા ઉપર જ હું તમને પ્યાર કરી બેઠો છું. એવો પ્યાર કે હવે તો બસ એક જ લય છે દિલમાં - તું હી તું હી....

**તુમ હી સાહિબ મંય હું બંદા, યા મત દીયો વિસારી**
**શ્રીનયવિજય વિબુધ સેવક કે, તુમ હો પરમ ઉપકારી...જગતગુરુ ...૬**

સાહેબ, હવે તો દિલમાં એક જ પુકાર ચાલે છે : તું મારો સાહેબ, ને હું તારો બંદો - તારો સેવક, તારો ગુલામ, તારો શરણાગત. હે દેવ ! હવે મને એક જ વાત ખપે છે : તમે મને વીસરી જતા નહીં. તમારે તો મારા જેવા કરોડો-અબજો સેવકો હોય, એ બધાંની ભીડમાં, તમને પોતાનું દિલ, પોતાનું સર્વસ્વ ધરી દેનારા આ નાચીઝ બંદાને ભૂલી ન જતાં, મારા દિલદાર માલિક !

જો તમે મને ભૂલી નહીં જાવ તો હું માની જઈશ કે તમે મારા - શ્રીનયવિજય વિબુના સેવક (યશોવિજય) નામના આ બંદાના પરમ ઉપકારી છો.

**ભગવંતને પ્રિયતમ કલ્પીને તેમના પ્રત્યે પ્રેમલક્ષણા ભક્તિથી છલકાતું આ સ્તવન-ગાન કેટલું બધું હૃદયંગમ છે ! કેટલું બધું પ્રસન્નકર છે ! હૃદયને ભાવવિભોર અને આનંદમગ્ન બનાવી મૂકનારું આવું મંગલ ભક્તિગાન હમેશાં આપણી જીભ પર હો !**

(કાર્તક - ૨૦૬૬)

* * *

## (૪)

### મોહનવિજયજી કૃત
### શ્રીઋષભદેવસ્તવન

બાલપણે આપણ સસનેહી, રમતા નવ-નવ વેષે,
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર નિવેશે ...૧
હો પ્રભુજી ઓલંભડે મત ખીજો..
જો તુમ ધ્યાતા શિવસુખ લહીયે, તો તુમને કેઈ ધ્યાવે,
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુગતે જાવે ...૨
સિદ્ધનિવાસ લહે ભવસિદ્ધિ, તેહમાં શો પાડ તુમારો,
તો ઉપકાર તુમારો વહિયે, અભવસિદ્ધને તારો ...૩
નાણ-રયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી,
તેહ માંહેલો એક અંશ જો આપો, તે માટે શાબાશી ...૪
અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય,
શિવસુખ દેવા જો સમરથ છો, તો જશ લેતા શું જાય ...૫
સેવાગુણ રંજ્યો ભવિજનને જો તુમે કરો વડભાગી,
તો તુમે સ્વામી કેમ કહેવાશો, નિર્મમ ને નીરાગી ...૬
નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગહિતકારી
**રૂપ**વિબુધનો **મોહન** પભણે, વૃષભ લંછન બલિહારી ...૭

❋ ❋ ❋

બે મિત્રો. લંગોટિયા. બચપણના ભેરૂબંધ.

બેય સરખા ગરીબ. અભાવા વચ્ચે જ ઉછરેલા. 'નથી'થી એવા ટેવાઈ ગયેલા કે માવતર પાસે 'કાંઈ પણ' માગવાનું જ ભૂલી ગયેલા !

બેય ભાઈબંધો સાથે રમે. સાથે રખડે, શાળાએ સાથે જાય. સાથે ભણે, અને જે મળે એ સાથે વહેંચી ખાય.

ગરીબી આકરી હતી, પણ બન્નેમાં સમજણ કહો કે સૂઝબૂઝ, સરખી હતી. 'ગરીબનાં છોકરાં સમજુ વધારે હોય' એ ન્યાયે બેઉ જણ સહજ સમજણ સાથે ભણતાં અને આગળ વધતાં. જોતજોતામાં બેય મોટા થઈ ગયા, અને ગરીબીના હક જેટલું ભણીને માવતરની મદદ સારુ વૈતરે વળગ્યા.

બેયને કમાવાની ભારે હોંશ. કોઈક સારી નોકરી કે કામ મળી જાય તો કરીને કમાઈ લઈએ, અને ઘરને ઝટ ઊંચું લાવીએ આવી સહજ આંતરપ્રેરણા બન્નેમાં. એમની ધગશ મોટા શહેરના એક શેઠિયાને હૈયે વસી, અને એણે બેમાંથી એકને પોતાને ત્યાં બોલાવી લીધો.

બચપણના ગોઠિયાને છૂટા પડવાની વેળા આવી. કેટલી વસમી પડે ! બેય બથ ભરીને રડ્યા. છૂટા પડવું ગમતું નહોતું, પણ તે વિના ઉદ્ધાર પણ ક્યાં હતો ? પણ બેય ગોઠિયાઓએ છૂટા પડવા અગાઉ કોલ દીધા એકબીજાને કે આપણ બેમાં જે વહેલો ઊંચો આવશે, તે બીજાને જોશે. એક બીજાને પાછળ નહિ રહેવા દે

દિવસો ગણતાં ગણતાં વરસો વહી ગયાં. ગામડામાં રહી ગયેલા મિત્રને કોઈની ઓથ ના મળી. તે ગામડે જ રહ્યો. નાની મોટી મજૂરીનું કામ કરે અને જીંદગી વેંઢારે. એને આશા હતી કે કે મારો ભાઈબંધ બે પાંદડે થશે એટલે મારી સામે ચોક્કસ જોશે. આશા તો અમરવેલ છે ને !

એક દિવસની વહેલી સવાર. પડોશમાં કાંઈક મોટી હલચલ મચી હોવાના અણસાર સાથે એ મિત્ર જાગ્યો. આંખો ચોળતાં ચોળતાં બહાર નીકળ્યો, ને જોયું તો પોતાનો બાળ-ગોઠિયો ઓળખાય નહિ તેવા રૂવાબદાર લિબાસમાં મોટું વાહન લઈને ઊભો છે. પોતાના પરિવારને એ વાહનમાં બેસાડે છે. ઘરવખરીમાંથી ઉપયોગી જણસો એમાં ચડાવરાવે છે.

પેલો તો એના ભાઈબંધને જોતાં જ દોડ્યો ને એને ભેટવા માટે - બથમાં લેવા માટે હાથ લંબાવ્યા. પણ આ શું ? પેલો તો જાણે એને ઓળખતો જ નથી ! એણે એની સામે જોયા વિના જ મોં મરડ્યું, હાથ વતી એને હડસેલ્યો, અને પોતાના કામમાં લાગી ગયો.

પેલો કરગર્યો. બચપણની દોસ્તીની દુહાઈ આપી. ભૂતકાળ યાદ અપાવ્યો. છેવટે એકમેકને અપાયેલા કોલ યાદ આપ્યા કે ભાઈ ! ભગવાને હવે તને સારા દહાડા દેખાડ્યા છે ને તારાં માવતરને સુખી કરવા આવ્યો છે, તો જરા મારી સામે પણ જો તો ખરો ! મનેય તારી ભેગો લઈ જા. હું તને ભારે નહિ પડું.

તારા બંગલામાં એક ખૂણામાં પડ્યો રહીશ. તારા આટલા ટેકે હુંયે ઊંચો આવી જઈશ, ભઈલા ! ....

એ કરગરતો રહ્યો, ને એનો બાળગોઠિયો ભૂંગળાં વગાડતો જતો રહ્યો ! કહો તો, એ મિત્રની, લંગોટિયા ભાઈબંધની, તે ક્ષણે કેવી હાલત થઈ હશે ?

એની સાથે એના બાળગોઠિયાએ જેવું કર્યું, એવું આપણી સાથે કોઈ કરે તો ? તો આપણી હાલત કેવી થાય ? અને તો એ ગોઠિયાને આપણે કેવી દૃષ્ટિથી જોઈએ ?

આપણને એમ થાય કે અમારી સાથે તો કોઈ આવું ના જ કરે : અમારા બાળગોઠિયા તો નહિ જ. પણ મને કહેવા દો કે, આપણી સાથે, આપણામાંના અમુક સાથેજ નહિ, પણ આપણા બધા સાથે આવું થયું છે. અને તે બીજા કોઈએ નથી કર્યું, એ કામ કર્યું છે આપણા સહુના બાળગોઠિયાએ, અને આપણા જ લંગોટિયા ભાઈબંધે. બાળપણની, સાથે - સંગાથે માણેલી કે વેઠેલી ગરીબીની પકડમાંથી બહાર નીકળી ગયેલા અને માલામાલ થઈ ગયેલા આપણા એ ગોઠિયાએ, આપણને પણ સુખી કરવાનો આપેલો કોલ વિસારી દીધો છે, અને આપણને આપણા તકદીર ઉપર છોડી દીધા છે.

ખબર છે, કોણ છે એ બાળગોઠિયો ?

એ બાળગોઠિયાનું નામ છે પરમાત્મા : અરિહંત પ્રભુ ! યાદ તો ન જ આવે, પણ સાંભળ્યું તો હશે જ કે એક દિવસ એવો હતો કે પરમાત્મા અને આપણે ભેગા હતા. સાથે રમતા, સાથે જમતા, સાથે ભમતા અને સાથે જ સંસારના તાપ વેઠતા. ત્યારે, ક્યારેક, જે આમાંથી છૂટે તે બાકીનાને - બીજાને છોડાવે એવા કોલ-કરાર પણ થયા તો હશે જ. એ કોલ આપણને, સંસારના દાઝેલાને તો યાદ ન હોય તે સ્વાભાવિક છે, પણ કેવળજ્ઞાન પામીને ત્રણ લોકના ઠાકોર બની બેઠેલા પ્રભુને એ યાદ ન આવે, એ કેટલું તો વિચિત્ર લાગે છે ! કેવું વસમું થઈ પડે છે ! પણ કોને કહેવું ? ને સાંભળેય કોણ ?

તમે કદી દેરાસરે જાવ છો ? જતાં જ હશો. ત્યાં અરિહંત પ્રભુની બેઠક જોઈ છે ? કેવા ઉચ્ચ આસને ચાંદીની માંડવીમાં બિરાજ્યા હોય છે ત્યાં એ ? એ આટલે ઊંચે, અને આપણે એમની સામે ધરતી પર માથું ઘસતા, દીનપણે એમની પાસે યાચના કરતા ! ને તોય એમને પેલો બચપણનો કોલ યાદ ન જ

આવે ! કેમ સહેવાય ? કેમ રહેવાય આમ ? મને તો થાય છે કે હવે એમની સાથે બરાબરનો કજિયો માંડું ! આપણને દીધેલો કોલ એ ભૂલી કેમ જાય ? અરે, કોઈ વખત ભૂલીયે જવાય, ભલે. પણ પછી આપણને જુએ તોય યાદ ન આવે, કે આપણે યાદ કરાવીએ તોય ધ્યાન ના આપે, એ કેમ ખમાય ? કેમ ચલાવી લેવાય ? હું તો ના ચલાવું. નહિ ચલાવું.

હું જ શા માટે ? આ પ્રભુનો કોઈપણ સાચુકલો ભગત હોય, ખરેખરો બાળ-ગોઠિયો હોય, એ આવું ન જ ચલાવે. મને યાદ આવે છે અહીં આપણા એક ભક્ત-કવિ. એ એક સાધુપુરુષ હતા. સાધુ તો હતા જ, સાથે સાથે અરિહંતના પરમ ભક્ત હતા. એમની ભક્તિ, કહેવાય છે કે, અદ્‌ભુત હતી. અજોડ હતી. પાછા એ કવિ હતા. એટલે એમના અંતરમાં ઊગતી - ઉભરાતી ભક્તિ કવિતારૂપે - ભક્તિકવિતારૂપે દેહ ધરીને વહેવા લાગતી. પરંતુ એમની ભક્તિ ભગવાનનાં મીઠાં મીઠાં ગુણગાન ગાયા કરવા કે પછી ભગવંત સામે દીન બનીને માંગણીઓ કર્યા કરવી - એટલામાં જ નહોતી સમાઈ જતી. એ તો ભગવાન સામે બરાબરનો મોરચો માંડતા, અને એ બાળપણની મિત્રતાને વીસરી બેઠા છે એ જોઈને ભગવાનને જબરો ઓળંભો - ઉપાલંભ - ઠપકો આપતા. હા, ભગવાનને ય ઠપકો આપી જ શકાય, અને એની કળા શીખવી હોય તો આપણે આ કવિરાજનો સહારો લેવો જ પડે.

એ કવિવરનું નામ છે - પંડિત શ્રીમોહનવિજયજી મહારાજ. વીસમા સૈકામાં થઈ ગયેલા આ સાધુપુરુષે ભગવાનની સામે મોરચો માંડીને ભગવાનને એવાં તો લાડ લડાવ્યાં છે, ભગવાનને ઠપકો આપવાના બહાને ભગવાનની એવી તો લાડઘેલી સ્તવના કરી છે કે જગતમાં તેઓ મોહનવિજયજી ‘લટકાળા’ તરીકે ઓળખાયા. એમના એ લાડભર્યા ઠપકાની એક અદ્‌ભુત ચીજ આજે આપણે માણવી છે, ચાખવી છે.

ભગવાન સાથેની પોતાની બાળપણની મિત્રતા આ ભક્ત-કવિને બરાબર યાદ હતી. તો ભગવાન પોતે પોતાની ગરીબીને અને મિત્રને આપેલા કોલને ભૂલી ગયા એ વાતે એ ભારે નારાજ પણ હતા. એટલે આ બધી વાતો યાદ આપતાં જવું અને ભગવાનને ઠપકારવા - એવા રસિક મિજાજમાં આવીને તેમણે, પોતાની વાત આ રીતે માંડી :

**"બાળપણે આપણ સસનેહી, રમતાં નવા નવા વેષે**
**આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસાર-નિવેશે**
**હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો...."** ...૧

કવિ, કોઈપણ પ્રકારની પ્રસ્તાવના બાંધ્યા વિના અને ભૂમિકા રચ્યા વિના, પ્રભુ ઉપર સીધું આક્રમણ જ કરી દે છે. ભલા, પોતાનો બચપણનો લંગોટિયો ભાઈબંધ વર્ષોનાં વર્ષો પછી ઓચિંતો મળી જાય, તો એની સાથે પ્રસ્તાવના અને ભૂમિકાના ઉપચાર થાય ? અરે, એને તો બચપણના હુલામણા નામે બોલાવતાં બોલાવતાં બથમાં લેવાય ! અને એ પળોમાં જે તુંતાં થાય એ તો આસપાસ ઊભેલા સહુ માટે એક રસિક ઘટના બની જાય !

આપણા કવિ પણ આ જ રસમને અનુસરે છે, અને પરમાત્માને સંબોધીને સીધી જ વાત માંડે છે. એ કહે છે : ભગવંત ! યાદ છે તમને આપણા બાળપણના એ દિવસો ? આપણે કેવા નિતનવા વેષ પહેરીને રમતા ? ક્યારેક નિગોદમાં ઘરઘર રમતા. ક્યારેક એકેન્દ્રિયોના વિવિધ મહોલ્લાઓમાં રમવા જતા. તો કદીક બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયના વેષ પણ ધારણ કરી લેતા. કોઈક વખત નરકમાં ય ફરવા જતા, તો કોઈવાર હાથીથી લઈને ગરોળી - ખિસકોલી બનીને ય ખેલતા. ક્વચિત્ દેવભૂમિમાંયે વિહર્યા તો છીએ જ. ઓહોહો! કેવા કેવા વેષ ! કેટલા બધા ખેલ ! સાહેબ ! બધો વખત હું અને તમે સાથે ને સાથે જ હતા. બધો વખત એટલે ખબર છે ને પ્રભુ ! કેટલો વખત ? અનંતો કાળ ! હા, મારા પેલા કવિએ પણ આ જ વાત ગાઈ છે કે "તુમે-અમે વાર અનંતી રે ભેળા, રમિયા સંસારીપણે રે."

આમ તો આપણે બધો વખત અને બધી જગ્યાએ સાથે ને સાથે રહેતા હતા. પણ કોને ખબર, અચાનક શું બન્યું કે હું અને તમે વિખૂટા પડી ગયા. હું એકવાર જાગ્યો ત્યારે મેં તમને જોયા નહિ. 'ભવિતવ્યતા' નામની આપણી માલિકણે તમને ઉપાડીને ક્યાં મૂકી દીધા તેની મને જાણ જ ના થઈ ! અને ઘણા ઘણા સમય પછી જાણ થઈ, ત્યારે મેં તમને આ અદ્ભુત 'પ્રભુતા'ના સ્વરૂપમાં જોયા. તમને જોતાં જ હું ઓળખી ગયો કે અરે, આ તો પેલો ! આપણો જુગજૂનો ને જનમોજનમનો સાથીદાર ! ઓહ્, તો મારા આ સાથી મિત્રને હવે મારે મારા 'પ્રભુ' તરીકે સ્વીકારવાનો ? એ પ્રભુ ને હું એનો સેવક ?

સાહેબ ! સાચું કહું ? મન વિષાદથી છલકાઈ ગયું, ના, તમને 'સ્વામી' તરીકે સ્વીકારવામાં કે સંબોધવામાં મને લેશ પણ નાનમ નથી વર્તાઈ. વિષાદ એટલો જ થાય કે ગઇકાલના આપણે બે જોડીદાર. આજે તમે પ્રભુતાઈ - પ્રભુતા પામીને ઉચ્ચાસને બેસી ગયા, ને અમે તો એના એ જ સંસારના નિવેશમાં - ઘરમાં રખડતા રહ્યા !, પ્રભુ ! આવી અંચાઈ ? તમે કરો ? તો પછી હું, તમારા અસલ ગોઠિયાના નાતે તમને ઓલંભડો - ઉપાલંભ - ઠપકો આપું તો તમારે ખીજાવાનું નહિ. મારી રીસ હું બીજે ક્યાં ઠાલવું ? અને મારો ઠપકો સાંભળી તમે ખીજાવ તો પછી મારે બીજા કોની આગળ ધા નાખવાની ? એટલે પ્રભુ ! મારા ઓલંભડે ખીજાતા નહિ.

અમારી, ખાસ તો મારી એક જ માંગણી છે કે જો તમને આપણી જૂની દોસ્તી અને તે વેળા દીધેલા કોલ યાદ હોય તો મને - અમને તમારા સરખા બનાવી દો. તેહ પ્રીત જો પૂરણ પાળો, તો અમને તુમ સમ કરો રે." આ સિવાય કે આથી વધારે અમને કાંઈ જોઈતું નથી.

આ માંગણીના જવાબમાં ભગવાન ! તમે એમ કહી શકો કે "ભાઈ ! અરિહંત થવું હોય તો અરિહંતનું ધ્યાન ધરવું પડે. શ્રેણિક રાજાએ અરિહંતની ઉપાસના કરી તો એ અરિહંત થશે. એમ તમે પણ ધ્યાન ધરો તો તો કદાચ કાંઈ મેળ પડી જાય."

પ્રભુ ! તમારી આ વાતમાં મને ભરોસો નથી બેસતો. મને લાગે છે કે આવું કહીને તમે છટકી જવા માગો છો. મારી આ રજૂઆત તમને આકરી જરૂર લાગશે. પણ તેનું કારણ સાંભળશો તો બધી ચોખવટ થઈ જશે. સાંભળો :

**"જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કેઈ ધ્યાવે,**
**પણ ભવિસ્થિતિ-પરિપાક થયા વિણ, કોઈ ન મુગતે જાવે... હો પ્રભુજી "...૨**

સાહેબ ! તમારું ધ્યાન ધરવાથી કેટલાં મોક્ષે ગયા, કેટલા તમારા જેવા બન્યા, એનો કોઈ આંકડો છે તમારી પાસે ? ખરી વાત એ છે કે જો ફક્ત તમારૂં ધ્યાન ધરવાથી જ, બીજું કાંઈ કર્યા વિના અને બીજા કોઈ કારણની ગરજ વિના, મોક્ષસુખ મળતું હોત તો તો કંઈ કેટલાયે લોકો તમારું ધ્યાન કરવા તત્પર છે. પણ ના, તમારું ધ્યાન ધરે તેનોયે મોક્ષ ત્યારે જ થાય કે જ્યારે એની ભવસ્થિતિ પાકી ગઈ હોય. ભવસ્થિતિ - તથાભવ્યત્વ, એનો પૂરેપૂરો પરિપાક ન થાય ત્યાં સુધી કોઈ

મોક્ષે જતું નથી, ગયું નથી. ખુદ શ્રેણિકની જ વાત લો ને ! તમારી ગમે તેટલી ઉપાસના કરી, પણ નરકે જ ગયો ને એ ? ભવસ્થિતિ પૂર્ણ ન થાય ત્યાં સુધી એ શું કરી પણ શકે ? એટલે પ્રભુ ! મને તમારું ધ્યાન ધરીને તમારા જેવા થવાની વાતમાં મુદ્દલ રસ નથી, અને મારી - અમારી માંગ યથાવત્ રહે છે.

કદાચ તમે એમ કહેવા ઈચ્છતા હો કે ''જો ધ્યાન ધરવાથી મોક્ષ ન મળતો હોત તો મારા સેંકડો - હજારો સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા મારી નજર સામે મોક્ષપદ પામ્યાં તે શી રીતે બને ? તારે મોક્ષ જવું ન હોય અને તે કારણે ધ્યાન ના ધરવું હોય તો અલગ વાત છે. બાકી ધ્યાન ધરનારને જ મોક્ષ મળે - એ વાત, ઉપરોક્ત દાખલાથી, પાકી છે.''

તો, આ વાતનો પણ જવાબ મારી પાસે તૈયાર છે. સાંભળી લ્યો :

**''સિદ્ધનિવાસ લહે ભવસિધ્ધિ, તેમાં શો પાડ તુમારો ?**
**તો ઉપકાર તમારો લહીએ જો, અભવસિદ્ધને તારો .... હો પ્રભુજી'' ...૩**

હું એટલું જ પૂછીશ કે સાહેબ ! મોક્ષ પામનારાની સરખામણીમાં મોક્ષ નહિ પામનારા ભક્તો વધુ સંખ્યામાં હતા. પ્રભુ ! શું એ બધાએ ધ્યાન નહોતું ધર્યું ? એ લોકોના 'ધ્યાન'માં ગરબડો હતી ? અમને ખાતરી છે કે એ બધાએ પણ સાચા ભાવ રેડીને જ તમારૂં ધ્યાન આરાધ્યું હતું. તો જો 'ધ્યાન' ધરનારાઓને તમે મોક્ષ આપતા હોત - આપી શકતા હોત તો આ બધાને કેમ ન આપ્યું ભગવંત ! ?

અહીં તમારે કહેવું જ પડશે કે ''બે પ્રકારના જીવો હોય : ભવસિદ્ધિ અને અભવસિદ્ધિ. તે જ ભવમાં જે સિદ્ધ થવાપાત્ર હોય તે ભવસિદ્ધિયા અને જેમનામાં તેવી પાત્રતા ન હોય તે અભવસિદ્ધિયા. જે ભવસિદ્ધિયા હતા તે મોક્ષ પામ્યા, નહોતા તે ના પામ્યા.''

*તો આનો અર્થ સ્પષ્ટ થયો કે જે લોકો તમારૂં ધ્યાન ધરતાં મોક્ષ પામ્યા તેઓ* ભવસિદ્ધિયા હતા માટે પામ્યા, આમાં તમારો ઉપકાર શો પ્રભુ ! ? તમારું કર્તૃત્વ આમાં કયાં છે ? એ તો એમની ભવિતવ્યતા પાકી હોવાને કારણે સિદ્ધ થયા, એમાં તમારો કોઈ પા'ડ - ઉપકાર નથી. અર્થાત્ તમારું ધ્યાન તેમણે ભલે ધર્યું હોય, પણ તેમને મોક્ષ મળ્યો તેનું કારણ તો તેઓ ભવસિદ્ધિયા હતા તે જ છે.

હા, એક વાતે તમારો ઉપકાર માની શકું. જો મારા જેવા અભવસિદ્ધિયા જીવને તમે તારો, મોક્ષ પમાડો, તો માનું કે તમે મોક્ષ આપી શકો છો. તો માનું

કે તમે ઉપકાર કરો છો. બાકી તો અમારો ઉપાલંભ તમારા શિરે લાગવાનો જ છે, એમાંથી તમે છટકી નહિ શકો.

બીજો પણ એક ઠપકો તમને આપવો પડે તેમ છે પ્રભુ ! કે તમે સાવ એકલપેટા છો. અમે સંસારનાં જીવડાં તો અમને કોઈ સારી વસ્તુ મળી આવે તો બધાંને વહેંચીએ, વહેંચીને ખાઈએ અને વહેંચીને વાપરીએ. તમે આટલો આટલો વખત સંસારમાં રહ્યા, છતાં ભગવાન થયા પછી આ વાત સાવ ભૂલી ગયા ? તો પછી તમારે અમારો ઠપકો, અમારાં મેણાં સાંભળવા જ પડે :

**"નાણરયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી,**

**તે માંહેલો એક અંશ જો આપો, તે માટે શાબાશી .... હો પ્રભુજી" ...૪**

જગત આખાથી ન્યારૂં અને જગત આખાનું દર્શન કરાવનારૂં એવું જ્ઞાનરૂપી રત્ન કેવળજ્ઞાન તમને મળ્યું. એ મળ્યું એવું જ તમે એકાન્ત - સિદ્ધિગતિનું એકાંત - પકડી લીધું, ને મેવાસી - મોક્ષવાસી થઈને બેસી ગયા. રખે અહીં કોઈ ભાગ માગે !

પ્રભુ ! આમ સાવ એકલપેટા ન થવાય, મારા દેવ ! બધાંને નહિ તો કાંઈ નહિ, પણ મારા જેવા એકાદને પણ જો તમને લાધેલા એ પરમોચ્ચ જ્ઞાનનો એકાદો અંશ, એકાદ છાંટો, આપ્યો હોત, અથવા આપો, તો તમને પડતાં આ મેણાં તો ટળી જ જશે. ઊલટાની શાબાશી મળશે કે ના, તારા જૂના ભેરૂબંધે દોસ્તી નિભાવી જાણી ખરી !

અને આનાથીયે વધુ અનુકૂળ આવે એવી એક વાત કહું ? અમલ કરવા જેવી વાત છે હો પ્રભુ ! સાંભળો :

**"અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાયે.**

**શિવપદ દેવા જો સમરથ છો તો, જશ લેતાં શું જાયે ? .... હો પ્રભુજી" ...૫**

મારે એમ કહેવું છે મહારાજ ! કે સિધ્ધશિલા મોટી બધી ૪૫ લાખ યોજનની છે. મારા જેવાને ત્યાં રહેવા આવવું હોય તો ઝાઝી કે થોડી જગ્યા પણ જોઈતી નથી. હું તો આરામથી આપનામાં કે આપના જેવા કોઈકમાં સમાઈ જઈશ. આમ મારા-અમારા જેવા ભવિજનને અક્ષયપદ આપો, તો ત્યાં - સિધ્ધશિલા ઉપર કાંઈ સંકીર્ણતા - સંકડાશ નહિ થઈ જાય.

અને હું ગમે તેટલો ઠપકો આપું કે મેણાં મારૂં, એ તો મારા, તમારા પ્રત્યેના અથાગ સ્નેહની પરિણતિમાત્ર છે, પરંતુ જે વાસ્તવિક વાત હોય તે તો મારે પણ સ્વીકારવી જ પડે.

મને ખબર છે કે મારા જેવા, ભાન ભૂલેલા અને ભવમાં ભટકતા જીવને અગર સિદ્ધપદ આપવાની તાકાત કોઈનામાં જો હોય, તો તે તમારામાં, તમારામાં અને માત્ર તમારામાં જ છે. અને આ ખ્યાલ હોવાથી જ આ ક્ષણે કાંઈક ઠપકાના અને કાંઈક વિષાદના સૂરમાં તમને કહું છું કે સાહેબ ! જો તમો શિવપદ આપવા માટે સમર્થ છો જ, તો અમારા જેવા જીવોને તે આપીને જશ લઈ લ્યો ને ! આપવાથી તમારું કાંઈ ખૂટવાનું કે જવાનું નથી, અને અમારું પાત્ર છલકાઈ જવાનું છે. ભગવંત ! આ સ્થિતિ સ્પષ્ટ છે, છતાં તમને જશ લેતાં કેમ નથી આવડતો ? તમારો જશ જાય છે, અને અમારા ભાગે ટટળવાનું આવે છે. આવું કેમ ચાલે પ્રભુ ! ?

અમારો આ ટળવળાટ જોઈને કદાચ તમને થોડીક દયા આવી જાય અને રહેમરાહે તમે વિચારતા હો કે "જો આ મારી યોગ્ય રીતે સેવા કરે તો તેના બદલા કે વળતરરૂપે તેના પર રીઝું અને તેની માંગ પૂરી કરું" તો તો પ્રભુ ! તમારે બહુ આકરા વેણ સાંભળવાનાં આવશે. તમારી આ વાતના જવાબમાં અમે એટલું જ કહીશું કે :

**"સેવાગુણ-રંજ્યો ભવિજનને, જો તમે કરો વડભાગી,**
**તો તુમે સ્વામી ! કેમ કહેવાશો, નિર્મમ ને નીરાગી ?.... હો પ્રભુજી"...૬**

જો અમારા દ્વારા થતી તમારી 'સેવા' થકી રાજી થઈને જ તમે અમને 'વડભાગી' - અર્થાત્ અમારી આશા પૂરી કરવાને હકદાર ગણવાના હો, તો તો સ્વામી ! 'તમે સાવ નિર્મમ છો એટલે કે નિરપેક્ષભાવે સૌનું કલ્યાણ કરનાર છો, અને વળી નીરાગી-વીતરાગી-રાગરહિત છો' એવી તમારી જે ખ્યાતિ જગતમાં છે તે સાવ ખોટી ઠરશે ! કોઈક સેવા કરે, તો બદલામાં 'મોક્ષ' આપું, આ તો મમત્વની અને રાગભાવની સ્થિતિ ગણાય; પછી તમને 'તમે મમતારહિત-નિર્મમ છો, અને નીરાગી-વીતરાગ છો' એમ કોણ કહેશે ? અને એવું કહેવા જઈએ તો કોણ માનશે ?

માટે નાથ ! આ બધી ઝંઝટ છોડો, અને અમને, તમારા શરણે દીન અને અનાથ થઈને આવેલા એવા અમને, અમારી મનવાંછિત પદવી આપો ! બાળમિત્રતાના કોલ નિભાવો ! અમે - મેં તમને ઠપકો તો આપ્યો. માઠાં વેણ પણ સંભળાવ્યાં. પણ એ

બધાં પાછળ બે જ વાનાં કામ કરી રહ્યાં છે, એની તમને જાણ છે ? એ બે વાનાં એટલે, એક : આત્માનું યથાર્થ કલ્યાણ પામવાની તીવ્રતમ તમન્ના; અને બે : એ તમન્ના પૂરી કરવા માટે તમારા શરણે આવ્યા સિવાય અને તમને ભજ્યા સિવાય કોઈ જ સાધન કે ઉપાય નથી એવી દઢ શ્રદ્ધાપૂર્વકનો તમારા પ્રત્યેનો અવિહડ રાગ. આ બે વાનાં હૃદયમાં ભરીને તમારે દ્વારે આવ્યો છું. મારી વાત તમે કાને ધરો યા ના ધરો, હું તો ગાવાનો, ગાયા કરવાનો કે :

**"નાભિનંદન ! જગવંદન ! પ્યારો, જગગુરુ ! જગ-હિતકારી !,**
**'રૂપ'વિબુધનો 'મોહન' પભણે, વૃષભલંછન બલિહારી... હો પ્રભુજી" ...૭**

હે નાભિનન્દન ઋષભદેવદાદા ! જગતના આપ વંદનીય છો, પ્યારા છો, જગતના ગુરુ છો, અને જગતના હિતકારી પણ આપ જ છો. રૂપવિજયજી પંડિતના શિષ્ય મોહનવિજયને અખૂટ શ્રદ્ધા છે કે આપ - વૃષભલાંછન એવા આપ જ અમારો કલ્યાણકારી આશરો છો ! આપની બલિહારી જાઉં છું ભગવંત ! મેં આપનું આ ગુણકીર્તન કરતાં ઓલંભડો આપ્યો અને માઠાં વેણ બોલ્યો તેનાથી ખીજાતા નહિ મારા દેવ !, પણ મારાં આ વેણમાં ધરબાયેલી અવિહડ ભક્તિને પ્રીછજો ! મોક્ષ મેળવવાની મારી ધખનાને પરખજો !

**(પોષ,૨૦૬૭)**

* * *

## (૫)

### મહોપાધ્યાય શ્રીયશોવિજયજી કૃત
### શ્રીસુવિધિનાથસ્તવન

મૈં કીનો નહિ તુમ બિન ઔર શું રાગ (૨)
દિન દિન વાન વધે ગુણ તેરો, જ્યું કંચન પરભાગ...
*ઔરનમેં હૈ કષાય કી કાલિમા, સો ક્યું સેવા લાગ* ...૧
રાજહંસ તું માનસરોવર, ઔર અશુચિ રુચિ રાગ...
વિષય ભુજંગમ ગરુડ તું કહીએ, ઔર વિષય વિષનાગ ...૨
ઔર દેવ જલ છિલ્લર સરીખે, તું તો સમુદ્ર અથાગ...
તું સુરતરૂ જનવાંછિત પૂરણ, ઔર તો સૂકે સાગ ...૩
તું પુરુષોત્તમ તું હી નિરંજન, તું શંકર વડભાગ...
તું બ્રહ્મા તું બુદ્ધ મહાબલ, તુંહી જ દેવ વીતરાગ ...૪
સુવિધિનાથ તુમ ગુણ ફૂલનકો, મેરો દિલ હૈ બાગ
**જસ** કહે ભ્રમર રસિક હોઈ તાકો, દીજે ભક્તિ પરાગ ...૫

✻ ✻ ✻

સંસ્કૃત ભાષાનું એક સરસ સુભાષિત છે. એનો અર્થ એવો છે કે "આ સંસારમાં બંધનો તો ઘણાં ઘણાં છે, માણસને બાંધી રાખવા માટે. પણ એ બધાં બંધનોમાં પ્રેમનું બંધન એ સર્વશ્રેષ્ઠ કે સર્વોપરિ બંધન છે. જુઓ, એક ભમરો છે જે ગમે તેવા જાડા લાકડાને કોરી-ખોતરીને આરપાર જઈ શકે છે, તે પણ કમળની પાંખડીઓની કેદમાં પૂરાય તો પછી તેને કોરીને બહાર નીકળી શકતો નથી !" કારણ ?, પ્રેમનું બંધન, બીજું શું ?

તો આપણાં શાસ્ત્રો વળી બે પ્રકારનાં બંધનની વાત કરે છે. એક, રાગનું બંધન; બે, દ્વેષનું બંધન. જેમ સ્નેહનું બંધન તોડવું કઠિન છે, તેમ દ્વેષનું બંધન પણ તોડવાનું સહેલું તો નથી જ. કહે છે કે આ બંને બંધનોને તોડી શકે તે પ્રભુને પામી શકે, અર્થાત્ પ્રભુતા પ્રાપ્ત કરી શકે. બેમાંથી એક પણ ન તૂટે તો સંસાર ન છૂટે. બે પૈકી એક બંધન હોય તો, ત્યાં સુધી, બીજું બંધન પણ હોય જ.

બન્નેના અર્થ સમજી લઈએ. રાગ એટલે રસ, રુચિ, પ્રીતિ, સ્નેહ, પ્રેમ, વહાલ, આસક્તિ, મમત્વ, ભલી લાગણી, ઘેલછા વગેરે વગેરે. દ્વેષ એટલે અરુચિ, અપ્રીતિ, વહેમ, ઘૃણા-નફરત, અદેખાઈ, ક્રોધ-રીસ, તોછડાઈ, હુંપદ-અભિમાન, તિરસ્કાર, ડંખ, કિન્નાખોરી, વેર-વૈમનસ્ય વગેરે વગેરે.

આ બેમાં 'દ્વેષ' વધુ ઘાતક, મારક અને અઘરો લાગે; પરંતુ ખરેખર તો 'રાગ' જ વધુ વિઘાતક અને વધુ ખતરનાક ચીજ છે. શાન્ત પાણી ઊંડાં હોય એ ન્યાયે, દ્વેષ જલદી દેખાઈ આવે, રાગ ન દેખાય; પણ રાગનું ઊંડાણ ઝાઝું હોય અને તે ઝટ પ્રગટ ન પણ થાય. તેથી જાણકારો કહેતાં હોય છે કે દ્વેષભાવનાથી તો ડરવાનું જ, પણ રાગભાવનાથી એથી વધુ ડર રાખવાનો છે. બરછટ બંધન ઝટ તૂટે, સુંવાળું બંધન ઝટ તોડવાનું મન ન થાય.

આ 'રાગ'ને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. ૧. કામરાગ, ૨. સ્નેહરાગ, ૩. દૃષ્ટિરાગ. વિષયવાસનાથી કોઈને ગમાડીએ, ઇચ્છીએ તે કામરાગ. લોલુપ આંખો અને ચંચળ ચિત્ત ધરાવતા જીવોમાં તે જોવા મળે. પોતાના માનેલા લોકો અને પદાર્થો તરફનો લગાવ, મમત્વ કે પક્ષપાત તે સ્નેહરાગ. દુનિયામાં બધે જ જોવા મળે. પોતે જે માન્યું, સમજ્યા, સ્વીકાર્યું, તે જ સાચું; બાકી બધું ખોટું, બધા ખોટા, આવી સ્થિતિ તે દૃષ્ટિરાગ. આ હોય ત્યાં સત્યનું દર્શન ન લાધે, સત્યનો તથા સત્ય માર્ગ દેખાડનારનો રાગ ન જાગે. અસત્ય માર્ગ અને તેના દર્શક જ સાચા-સારા લાગે.

આ ત્રણે પ્રકારના રાગ છૂટે - છોડીએ, ત્યારે 'વીતરાગ'ની તેમજ 'વીતરાગપણા'ની પ્રાપ્તિ થઈ શકે. સવાલ એટલો જ કે આ 'રાગ' ના બંધનને છોડવું શી રીતે ? દ્વેષ અને તેના પરિવાર થકી છૂટકારો હજી મેળવી શકાય, થોડીક મથામણ કરીએ તો. પરંતુ રાગથી છૂટવું કાંઈ સહેલું નથી. જ્યાં સુધી સંસાર છે, સંસારમાં છીએ, ત્યાં સુધી 'કંઈક મારું' અને 'કોઈક મારું' તો હોવું જ જોઈએ. એના વિના તો જીવી જ કેમ શકાય ? એમ જીવવું વસમું પણ કેટલું પડે !

આપણા સહુના હૈયાંની આ મૂંઝવણનો ઉકેલ આપતાં હોય તેમ કવિ ગાય છે :

**"મૈં કીનો નહીં તુમ બિન ઔરશું રાગ...."**

કવિ કહે છે કે લોઢું જ લોઢાને કાપે, અને ઝેરનું મારણ ઝેર જ હોય; એમ 'રાગ' નાં બંધનોને તોડવાં હશે તો તે કામ 'રાગ' વડે જ થઈ શકશે. સવાલ

ફક્ત 'રાગ' નું મ્હોરું બદલવાનો છે. રાગનો વિષય બદલી નાખો, 'રાગ' નું બંધન તૂટી જશે. જે પદાર્થો જગતમાં કદી કોઈના થયા નથી અને ક્યારેય કોઈના થવાના પણ નથી, તેને માટેનું મમત્વ-મારાપણાનું બંધન તોડી નાખો; તે પદાર્થોને પારકા ગણો અને આખા જગતને વ્હાલ કરનારા વીતરાગ ઉપર મમત્વ-મારાપણું દાખવવા માંડો. જેને હૈયે 'પ્રભુ મારો છે' એ વાત બેસી ગઈ છે, તેને દુન્યવી રાગનાં બંધનો બાંધી શકતાં નથી. અને જેનાં મનમાં 'દુનિયા મારી'નો રાગ દઢ હશે, તેના મનમાં પ્રભુ પ્રત્યે રાગ જાગશે એ વાત જ વ્યર્થ છે. આપણા મહાકવિ શુભવીરે ગાયું છે :

**"રાગ વિના નવિ રીઝે સાંઈ, નીરાગી વીતરાગ રે..."**

અર્થાત્ પ્રભુ વીતરાગી ભલે હો, પણ તે તેમના માટેના નિર્ભેળ રાગ વગર કદાપિ રીઝતા નથી અને એની રીઝ વિના તો બંધનો શેં તૂટવાનાં ? તો જેને બંધનો તોડવાં છે તેને માટે એક જ ઉકેલ છે - 'મૈં કીનો નહીં તુમ બિન ઔરશું રાગ, - ભગવંત ! હવે મારા મનમાં તમારા સિવાય કોઈનાય પ્રત્યે અને કશાય પ્રત્યે રાગ-મમતા-લગાવ કે પક્ષપાત રહ્યો નથી. હવે તો બસ તમે જ; અને તમારા સિવાય બીજો/બીજું કોઈ/કાંઈ નહિ.

સાહેબ ! સંસારનો રાગ 'વાસના' બની ગયો હતો. એ વાસનાને તૃપ્ત કરવા માટે હું જયાં ને ત્યાં ભટક્યો. પત્થર એટલા દેવ કર્યા અને એ બધા દેવોમાં અનેકાનેક ગુણો હોવાની આશાએ કે અંધશ્રદ્ધાએ મેં કેવાં કેવાં વાનાં કર્યાં ! પણ ન મારી વાસના શમી, કે ન સાચા ગુણો ધરાવતું દેવતત્ત્વ મને સાંપડ્યું ! હવે થાકી-હારીને તારી પાસે આવ્યો છું; અને તારાં દર્શને શી અનુભૂતિ થઈ છે એ વર્ણવું ? સાંભળો :

**"દિન દિન વાન વધે ગુણ તેરો, જ્યું કંચન પરભાગ"**

તારી સ્થિતિ સો ટચના અસલી સોના જેવી મને ભાસી છે. જેમ દિવસો વીતતા જાય તેમ સોનાનો વાન ઉઘડતો જાય; તેની ચમક, તેનું તેજ વધતાં જ જાય; એ જ રીતે પ્રભુ ! જેમ જેમ દિવસો વીતતાં જાય છે, તેમ તેમ તારા ગુણો - મારા હૃદયમાં - ખીલતાં જ જાય છે, વધતાં જ જાય છે. દિનદહાડે તારા અવનવા ગુણો મને દેખાતા - સમજાતા - અનુભવાતા જાય છે, અને મારો નિશ્ચય વધુને વધુ દઢ થતો રહે છે - 'નહીં તુમ બિન ઔરશું રાગ.'

તું મળ્યા પછી પ્રભુ !, તું ન મળ્યો હોત તો મારું શું થાત, એ વિચાર મનને વ્યાકુળ કરી મૂકે છે. મને પહેલાં - આજ સુધી જે પણ દેવો મળ્યા તે બધા કેવા 'સંસારી' અને 'સંસારની વૃદ્ધિ કરનારા' હતા તેનો ખ્યાલ, સંસારથી પર અને વળી મારા જેવાને સંસારથી ઉગારનારો તું મળ્યો, તે પછી બરાબર આવી રહ્યો છે. પહેલાં મેં પૂજેલા - માનેલા દેવોમાં અને તારામાં શો તફાવત મેં અનુભવ્યો, તેની વાત કરૂં ? તો સાંભળો :

**"રાજહંસ તું માનસરોવર, ઔર અશુચિ-રુચિ કાગ;**
**વિષય-ભુજંગમ ગરુડ તું કહીએ, ઔર વિષય-વિષ-નાગ..."**

સાહેબ! તમે માનસરોવરમાં ખેલતા રાજહંસ જેવા, અને બીજા બધા ગંદકીમાં જ રુચિ ધરાવતા - રાચનારા કાગડા સમાન; તમે વિષયવાસનાના કાળોતરાને ખતમ કરનારા ગરુડરાજ, અને પેલા સહુ વિષયોના વિષથી ભરેલા કાળા નાગ. એમનો 'રાગ' કેમ થાય ? અને :

**"ઔર દેવ જલ છિલ્લરસરીખે, તું તો સમુદ્ર અતાગ;**
**તું સુરતરુ જન-વાંછિતપૂરણ, ઔર તો સૂકે સાગ...."**

એ દેવો એટલે છીછરાં પાણીનાં તળાવડાં, અને તમે અથાગ - જેનો તાગ કે પાર ન પામી શકાય તેવા સમુદ્ર; તમે જગતનું મનવાંછિત આપનારા કલ્પવૃક્ષ, અને પેલા બિચારા સૂકાઈ ગયેલાં સાગનાં ઝાડ ! દેવ ! તમે જ કહો, હવે મારે કોનો રાગ કરવો ? જો 'રાગ' કરીને જ 'રાગ'ને તોડવાનો હોય તો હું એ 'રાગ' વધારે તેવા દેવોનો સંગ શા માટે કરું ? ના પ્રભુ ! ના, હવે તારા વિના કોઈ નહિ; તુમ બિન ઔર શું રાગ....

એક વાત કહી દઉં ભગવંત ! કે એ દેવોનાં નામો પણ ભારે લલચામણાં છે. આખી દુનિયા એ નામો પાછળ ઘેલી થતી જોવા મળે છે. દુનિયાને 'વીતરાગ'માં નહિ, 'રાગ'માં અને તેથી જ 'રાગી' માં રસ છે. એ મને પણ પોતાના રસ્તે આકર્ષવા મથે છે. પણ મારે તો એક 'વીતરાગ'માં જ બધાંય નામોનો સમાવેશ થઈ જાય છે, પછી મારે શા સારુ નામ-પાગલ બનવું પડે ? મારે માટે તો :

**"તું પુરુષોત્તમ, તું હી નિરંજન, તું શંકર વડભાગ;**
**તું બ્રહ્મા તું બુદ્ધ મહાબલ, તુંહી જ દેવ વીતરાગ !...."**

પુરુષોત્તમ - પુરુષોમાં ઉત્તમ (વિષ્ણુ) તું જ છો; નિરંજન - નિર્ગુણ નિરાકાર ઈશ્વર પણ તું જ છો; વડભાગી એવો શંકર - શાંતિનો કરનારો પણ તું છે; અને બ્રહ્મા, બુદ્ધ કે મહાબલ (હનુમાન), (કે મહાન બળવાળા બુદ્ધ) પણ તું જ છો; હે વીતરાગ ! તું જ મારા માટે - બધા દેવોનો સ્વમાં સમાવેશ કરનારો સાચો - દેવ છો. હવે મારે બીજે કયાંય જવું નથી.

સાહેબ ! એમ સાંભળ્યું છે કે તારો રાગ કર્યો તો ગૌતમ ગણધરને વીતરાગ-પદ મળ્યું હતું. એમણે તો અહંકાર કર્યો અને એ રીતે તારા પર દ્વેષ કર્યો તો એમને તું મળ્યો, તારા જેવો ગુરુ મળી ગયો; અને તારા પર તીવ્ર રાગાસક્તિ કેળવી તો એમને રાગ-મુક્તિ સાંપડી ! આ બધું સાંભળીને મને પણ આવું બધું મેળવવાની લાલચ જાગી ગઈ છે, અને એ બધું મેળવવા માટે જ તારો રાગ પણ હૈડે જાગ્યો છે.

પરંતુ એક વાતની ચોખવટ કરી લઉં મહારાજ ! મારે હાલ ને હાલ 'મુક્તિ' નથી જોઈતી. મારે સૌ પહેલાં તો તારા પ્રત્યે ગૌતમસ્વામી જેવો સાચો રાગ કેળવવો છે. એવા રાગ માટેની પૂર્વભૂમિકા બાંધવી હોય તો તારા પ્રત્યેની ભક્તિથી મારા દિલને સુગંધિત બનાવવું પડે. એ સુગંધની વાહક પરાગ-રજ મને તારા સિવાય કોણ આપશે ? એ ભક્તિ-રજ મેળવવા માટે મારા દિલમાં મેં કેવું વાતાવરણ રચ્યું છે તે તમે સાંભળો :

**"સુવિધિનાથ ! તુમ ગુણ-ફૂલન કો, મેરો દિલ હે બાગ;**
**'જસ' કહે ભ્રમર રસિક હોઈ તાકો, દીજે ભક્તિ-પરાગ..."**

હે ભગવંત ! સુવિધિનાથપ્રભુ ! મારા દિલને મેં મસ્ત બાગ બનાવી દીધું છે. એ બાગમાં મેં તમારા અનુપમ ગુણોનાં ફૂલ ઉગાડયાં છે. કવિ કહે છે કે 'જસ' (યશોવિજય) નામે આ ભમરો એ ગુણરૂપી ફૂલોની પરાગ-રજ ચૂસવા-ચાખવાનો એવો તો રસિયો છે કે એ તમારી પાસે એ મકરંદ-રસ મળતાં જ એ ભ્રમરનું હૈયું કોળી ઊઠશે અને એ ભક્તિ-રસના જોરે એ મુક્તિપદને પણ પોતાનામાં ખેંચી આણશે. એને બરાબર ખબર છે કે ભક્તિનું ચુંબક જો સશક્ત હોય તો મુક્તિનું ગજવેલ આકર્ષાયા વિના નહિ રહે.

તો આમ આપણે ભમરાથી આરંભેલ વાત ભમરાના જ નિવેદન સાથે પૂરી કરીએ. 'રાગ'ના વર્ણનથી શરૂ કરેલ વાત 'પરાગ'ની મહેક સાથે આટોપીએ.

**(ફાગણ, ૨૦૬૮)**

* * *

## (૬)

### મહોપાધ્યાય શ્રીયશોવિજયજી કૃત
### શ્રીવાસુપૂજ્યસ્વામી-સ્તવન

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું હમારૂં ચોરી લીધું
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તે ગ્રહી મન-ઘરમાં ધરશું...
સાહિબા, વાસુપૂજ્ય જિણંદા, મોહના, વાસુપૂજ્ય જિણંદા ...૧
મન ઘરમાં ધરીયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા,
મન-વૈકુંઠ અકુંઠિત ભગતે, યોગી ભાખે અનુભવ યુગતે ...૨
ક્લેશે-વાસિત મન સંસાર, ક્લેશ-રહિત મન તે ભવપાર,
જો વિશુદ્ધ મન-ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવનિધિ ૠદ્ધિ પાયા ...૩
સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાંહે પેઠા,
અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું ...૪
ધ્યાતા - ધ્યેય - ધ્યાનગુણ એકે, ભેદ-છેદ કરશું હવે ટેકે,
ક્ષીર-નીર પરે તુમશું મિલશું, **વાચક યશ** કહે હેજે હળશું ...૫

* * *

પ્રેમના પુનિત પ્રદેશમાં પ્રવેશ પામવાની અભિલાષા સેવનાર આદમીએ, પ્રેમની પરિભાષાના જે થોડાક શબ્દો જાણવા જરૂરી ગણાય, તેમાં બે શબ્દોનું આગવું મહત્ત્વ છે. એક, ઇશ્કે મિજાજી; બે, ઇશ્કે હકીકી.

બે પ્રિયતમ મનુષ્ય-વ્યક્તિઓ વચ્ચે ફૂટતો પ્રેમ તે ઇશ્કે મિજાજી, અને મનુષ્યનો પરમ તત્ત્વ કે પરમાત્મા સાથે બંધાતો સ્નેહ તે ઇશ્કે હકીકી. એક દુન્યવી અથવા ભૌતિક પ્રેમ છે, તો બીજો અભૌતિક એટલે કે અલૌકિક પ્રેમ છે. ભૌતિક પ્રેમનું ચાલક બળ પ્રીતિ, તો અલૌકિક સ્નેહનું ચાલક બળ ભક્તિ હોય છે.

એક વાત સમજી રાખવા જેવી છે : ભૌતિક પ્રેમ ધરાવતું હૃદય જ સમયાંતરે પારમાર્થિક પ્રેમ તરફ વળતું હોય છે. પ્રીતિની ભીનાશ વિનાના હૈયામાં ભક્તિનું તત્ત્વ પાંગરે એવી સંભાવના બહુ ઓછી છે. એક ચિંતકે એમ કહ્યું કે, જેણે જીવનમાં કોઈનેય પ્રેમ ન કર્યો હોય તેવા માણસથી ચેતવા જેવું. એવા હૃદયશૂન્ય અને નિષ્ઠુર માણસના પનારે ન પડવામાં જ લાભ.

ઈશ્કે મિજાજી એટલે બે વ્યક્તિઓનો એકબીજા પ્રત્યેનો પ્રેમ. આમાં સંબંધિત બન્ને જણનાં હૃદય પ્રેમથી ભીનાં હોય છે, અને બન્નેને અરસપરસ આકર્ષણ હોય છે. આ સ્થિતિ એક રીતે Two way traffic જેવી ગણાય. આથી સાવ ઊલટું, ઈશ્કે હકીકી એટલે One way traffic. આ સ્નેહમાં ભક્ત-હૃદયને પરમ તત્ત્વ પ્રત્યે આકર્ષણ હોય, પરંતુ પરમ તત્ત્વ તો નિરપેક્ષ જ હોવાનું. નિરંજન-નિરાકાર પરમાત્મા, આપણા જેવા સંસ્કારરસિક આત્મા સાથે જોડાય, આકર્ષણ અનુભવે, તે તો કેવી રીતે સંભવે ? એટલે આ પ્રકારનો પ્રેમ એકપાક્ષિક કે એકતરફી જ રહેવાનો. કવિએ તેથી જ લખ્યું કે "એક પખો જે નેહ નિર્વહવો, તે માંકી (મારી) શાબાશી..."

પરંતુ પ્રેમની, ભક્તિરસથી ભીના ભીના અપાર્થિવ પ્રેમની કમાલ પણ જોવા જેવી છે. ભક્તિભીના હૃદયના અતલ ઊંડાણેથી વહેતા પ્રેમ-પ્રવાહનાં છાંટણાં, નિર્ગુણ મનાતા અને નિરંજન-નિરાકાર ગણાતા પરમાત્માને પણ સ્પર્શ્યા વિના નથી રહેતાં; ભીંજવી મૂકે છે; અને તેના ફલરૂપે સ્વયં પરમાત્મા, એ ભક્તહૃદય પ્રત્યે કેવું અદમ્ય આકર્ષણ અનુભવવા લાગ્યા હશે, તેનું વાસ્તવદર્શી બયાન કવિ-હૃદય આ રીતે આપે છે :

**"સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું હમારૂં ચોરી લીધું;**
**સાહિબા ! વાસુપૂજ્ય જિણંદા, મોહના ! વાસુપૂજ્ય જિણંદા..."**

ભક્તિમાર્ગની સામાન્ય સ્થિતિ એવી છે કે ભક્ત ભગવાનને સ્નેહ કરે, પણ ભગવાન નિર્લેપ જ રહે. ભક્ત ભગવાનને પોતાના તરફ આકર્ષવાનો પ્રયાસ અવશ્ય કરે, પણ ભગવાન તેના પ્રત્યે આકર્ષાય પણ નહિ અને તેને પોતાના તરફ આકર્ષવાનો પ્રયત્ન પણ ન કરે. એકતરફી પ્રેમ એ જ જાણે કે ભક્તિ !

પરંતુ અહીંયા કાંઈક જુદી જ સ્થિતિ સર્જાઈ ગઈ છે. કવિ વર્ણવે છે તે પ્રમાણે તો અહીં પરમાત્મા તેના પ્રેમી તરફ આકર્ષાયા છે, અને તેના ઉપર 'કામણ' કરીને તેમણે તેનું ચિત્તડું ચોરી લીધું છે ! 'નાવમેં નદિયાં ડૂબી જાય' તે આનું જ નામ હશે ? કવિ કાંઈક આક્ષેપની ભાષામાં વાત કરે છે : સ્વામી ! તમે તો કેવું કર્યું ? અમે માનીએ કે અમારા ભગવાન તો વીતરાગ હોય, અને તેઓ કોઈના પર આકર્ષણના કે કામણના પ્રયોગ ન જ કરે. પણ તમે તો ગજબ કર્યો ! અમારા પર કામણ કર્યું તમે, અને અમારાં ચિત્તને જ ઉઠાવી ગયા ! અમે તમને 'સાહેબ' સમજતા હતા, પણ તમે તો ભાઈ, 'મોહન' - મોહ પમાડી જનારા, મોહિની વિદ્યાવાળા નીકળ્યા, પ્રભુ ! આવું કામણ કોઈ ઉપર કરાય કાંઈ ?

પણ વાંધો નહિ, પ્રભુ ! હવે જ્યારે તમે જ મોરચો ખોલ્યો છે, તો અમે પણ હવે ઊણા તો નહિ જ ઊતરીએ :

**"અમે પણ તુમશું કામણ કરશું, ભક્તે ગ્રહી મન-ઘરમાં ધરશું.... " (૧)**

તમે જો અમારા પર કામણ કર્યું છે, તો હવે અમે પણ વળતું તમારા પર કામણ કરવાના જ. તંત્રમાર્ગમાં 'કામણિયું સિંદૂર' પ્રાપ્ત થતું હોય છે. એનું તિલક કરીને નીકળો, તો ધારો તેના પર કામણ અર્થાત્ વશીકરણ કરી શકો. સાહેબ ! અમારી પાસે પણ આ વસ્તુ છે. અમારા કામણિયા સિંદૂરનું નામ છે 'ભક્તિ'. અમે ભક્તિનાં તિલક કરીને તમારા પર એવું તો કામણ કરશું કે પછી તમે અમને છોડવા ધારો તો પણ છોડી નહિ શકો; ક્યાંય જઈ જ નહિ શકો; અમારા ઘરમાં જ, અમારાં હૈયામાં જ હમેશાં માટે રહેવું પડશે !

કવિ બહુ મજાની વાત કરે છે. એ કહે છે કે ભક્તનું મન, મારું મન એ મારું ઘર છે. પણ જો પ્રભુ ! તમે એમાં પધારો, રહેવા આવો, તો એ મંદિર બની જાય. આ મંદિરમાં તમે આવો અને વસો એ માટે હું કેટલું તરફડું છું ! કેટલું કરગરૂં છું ! પણ તમે છો કે આ કાંઈ લક્ષ્યમાં લેતા જ નથી ! અમે તમને કેવી કેવી વિનવણીઓ કરી છે એનો ખ્યાલ તો કરો, પ્રભુ ! જુઓ :

**"નિશદિન જોઉં તારી વાટડી, ઘર આવો રે ઢોલા !**
**મુજ સરિખા તુજ બહોત હૈ, મેરા તું હી મમોલા..."**

આમ આનંદઘનજી મહારાજે વીનવ્યા છે. તો કવિભક્ત શુભવીરે કહ્યું કે :

**"વિરતિપણે હું વીનવું, પ્રભુ ! અમ ઘર આવો ને**
**સેવક સ્વામી ભાવથી, નથી કોઈનો દાવો રે..."**

પણ આમાંની એક પણ વિનવણી તમે લક્ષ્યમાં લેતા નથી, એટલે હવે અમારે નાછૂટકે તમારા પર કામણટુમણના પ્રયોગ કરવાના આવ્યા છે. અમને વિશ્વાસ છે કે 'ભક્તિ'નું કામણ તમને વશ કરશે જ, અને તમારે અમારા ઘરે આવવું જ પડશે.

અને મહારાજ ! તમે એકવાર અમારું ઘર જુઓ તો ખરા ! કેવું એને અમે ચોખ્ખું ચણાક બનાવી દીધું છે ! એમાં ભરેલા મલિનતાના તમામ કચરા હટાવીને અમે એને કેવું સરસ શણગાર્યું છે, એ જોવા તો એક વાર પધારો ! અમને તો ખાતરી છે કે એકવાર તમે એ ઘરમાં આવશોને તો એની શોભા જોઈને, એની સાફસફાઈ જોઈને તમે હમેશાં માટે એમાં રહી જ જવાના ! પાછા જવાનું કે બીજે જવાનું નામ પણ નહિ લ્યો ! :

**"મન-ઘરમાં ધરિયા ઘર-શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા**
**મન વૈકુંઠ અંકુઠિત ભગતે, યોગી ભાખે અનુભવ-યુગતે..." (૨)**

તમે તો જાણતા જ હો પ્રભુ, છતાં કહું કે ઉત્કટ અને શુદ્ધ સ્નેહમય ભક્તિથી ભર્યું ભર્યું નિર્મળ મન એ ઘર નથી, એ તો વૈકુંઠલોક છે, જ્યાં પરમ તત્ત્વનો વાસ હોય. અનુભવી અને શાસ્ત્રોના જાણ એવા યોગી પુરુષોએ કહેલી વાત છે, ભગવન ! એટલે મારા આવા નિર્મળ હૃદય-ઘર-મંદિરમાં તમે ઝટ ઝટ પગલાં પાડો, મારા દેવ ! પધાર્યા પછી તમે ત્યાં સ્થિરપણે થોભી ન જાવ, તમને પાછા જવાનું મન થાય, તો મને ફટ્ કહેજો !

મને એ બરાબર ખબર છે કે સંસારના ક્લેશોથી કલુષિત-ગંદા ઘરમાં તમે કદાપિ પધરામણી ન કરો. તમે રહ્યા ભવસાગરના પેલા કિનારાના રહેવાસી. ત્યાંથી તમારે અહીં આવવું હોય તો તમારું રહેઠાણ ક્લેશ-રહિત જ હોવું ઘટે. કેમકે :

**"ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ-રહિત મન તે ભવપાર**
**જો વિશુદ્ધ મન-ઘર તુમે આયા, પ્રભુ ! તો અમે નવનિધિ રિદ્ધિ પાયા..."**(૩)

આ જ વાત શબ્દભેદે અને ભાષાભેદે મેં આ રીતે પણ સાંભળી છે :

**"चित्तमेव हि संसारो, रागादिक्लेशदूषितम् ।**
**तदेव तैर्विनिर्मुक्तं, मोक्ष इत्यभिधीयते ॥**

અર્થાત્ રાગ-દ્વેષના ક્લેશોથી છલકાતું ચિત્ત એટલે સંસાર; અને તે ક્લેશો વગરનું ચિત્ત તે જ મોક્ષ કે ભવપાર. હવે અમે તો, ઉપર કહ્યું તેમ, અમારા ઘરને સ્વચ્છ બનાવી દીધું છે; ક્લેશનો છાંટોયે ત્યાં ન રહે તેવી કાળજી લીધી છે. હવે અમારા આવા વિશુદ્ધ-સાફસુથરા ઘરમાં તમારું આગમન જો થાય તો, પ્રભુ ! અમે તો નિહાલ થઈ જઈએ ! નવે નિધિ અને સઘળી ઋદ્ધિ-સિદ્ધિ, પછી તો, અમારા ઘેર જ હોય ! માટે પ્રભુ ! હવે ઝટ પધારો ! વિલંબ મત કરો !

અલબત્ત, એક વાત પાકી છે. તમારો, અમારા મન-મંદિરમાં પધાર્યા સિવાય, છૂટકો નથી થવાનો. 'ભક્તિ' નામનો કામણ તંતુ અમે એવો તો મેળવી લીધો છે કે એ તંતુ તમને અહીં સુધી ખેંચી લાવ્યા વિના નહિ જ રહે. એ તંતુ ન હોય તો તમને ત્યાંથી - જ્યાં તમે પહોંચ્યા છો તે સ્થાનેથી અહીં લાવવાનું શક્ય જ ન બને. બાપ રે ! તમે તો અમારાથી કેટલા બધા વેગળા જઈ વસ્યા છો ! :

**"સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાંહિ પેઠા**
**અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું..."** (૪)

ચૌદ રાજલોક-પ્રમાણ આ સૃષ્ટિ. તેમાં નીચેના તળિયેથી સાત રાજલોક કાપીએ ત્યાં - તિર્છાલોકમાં અમારું, મનુષ્યોનું નિવાસસ્થાન આવે. પણ અહીંથીયે બીજા સાત રાજલોક આગળ જઈએ ત્યારે તમારું સ્થાન-સિદ્ધશિલા આવે. સાહેબ ! આટલા બધા દૂર જઈને વસેલા તમને, ત્યાંથી અહીં લાવવા - એ કાંઈ જેવું તેવું સાહસ તો નથી જ. પણ અમારા માટે એ ચિંતાનો વિષય એટલા માટે નથી કે અમારા હાથમાં 'ભક્તિ' નો અદ્‌ભુત તંતુ છે.

તમે અમારા પ્રિયતમ ! તમારા ઉપર અનન્ય અને સમર્પણભાવથી મહેકતો પ્રેમ એ અમારી ભક્તિ ! આ પરમતત્ત્વ પ્રત્યેના પરમ પ્રેમ સ્વરૂપ ભક્તિનું સાધન અમારા હૈયામાં રમતું હોય, પછી તમે ગમે તેટલા વેગળા જઈને બેસો ને ભલે; અમે તમને ત્યાંથી અમારા દિલમાં લાવીને જ અને પ્રતિષ્ઠિત કરીને જ રહીશું. સાચી વાત તો એ છે કે સાત સાત રાજલોક દૂર જઈને બેઠેલા તમે પણ, અમારી ભક્તિના આકર્ષણથી ખેંચાઈને આવ્યા છો, આવવું પડ્યું છે, અને અમારા મનમાં પ્રવેશીને - પેસીને સ્થિર થવું પડ્યું છે.

બાકી તો અળગા થઈ ગયેલા પ્રીતમને વળગતાં જવું, વળગેલા રહેવું, એ તો 'ભાણા ખડ ખડ દુઃખ' સહન કરવા જેવું જ ગણાય. કોઈ માણસ જમવા માટે ભાણું માંડીને બેઠો હોય ; એને એક વખત જમવાની વાનગીઓ પીરસવામાં આવી હોય પણ એ પૂરી થઈ ગઈ હોય; એ બીજીવાર કોઈ પીરસે તેની રાહમાં બેઠો હોય, અને એ વખતે ક્યાંય સુધી કોઈ એને કશું પીરસે જ નહિ, ત્યારે એને રાહ જોતાં જે બેસી રહેવું પડે તેનું નામ 'ભાણા ખડખડ દુઃખ'. એ બાપડો ખાલી થાળી ખખડાવ્યા કરે અને પીરસનારાનું ધ્યાન ખેંચવા મથ્યા કરે, અને પેલા ન આવતાં દુઃખી થાય. પ્રભુ! જો ભક્તિનું સાધન ન મળ્યું હોત તો અમારે પણ તમારી વાટ જોતાં બેસી રહેવું પડ્યું હોત, અને તે અમને પણ 'ભાણા ખડ ખડ દુઃખ' જેવું આકરૂં થઈ પડત. પણ અમારૂં પુણ્ય પાંસરૂં, કે અમારા હૈયે તમારી ભક્તિ બરાબર વસી ગઈ, અને તમને સિદ્ધશિલાથી ઉપાડીને અમારા હૃદય-મંદિરમાં અમે લઈ આવી શક્યા.

અને હવે તો અમે પણ સાવધાન અને સુસજ્જ થઈ ગયા છીએ. એક વખત પ્રભુ-પરમાત્મા હાથમાં આવી લાગ્યા છે, તો હવે ક્યારેય એમનો વિયોગ વ્હોરવો-વેઠવો ન પડે એ માટે અમે પાકો નિર્ધાર કર્યો છે :

**"ધ્યાતા - ધ્યેય - ધ્યાનગુણ એકે, ભેદચ્છેદ કરશું હવે ટેકે**
**ક્ષીર-નીર પરે તુમશું મલશું, 'વાચક જશ' કહે હેજે હળશું..."** (૫)

હું, તમારો પ્રેમી, તમારો ભક્ત, 'ધ્યાતા' છું; તમારૂં નિરંતર ધ્યાન ધર્યા કરૂં છું. અને તમે - મારા પ્રિયતમ, મારા સાહેબ, મારા સર્વસ્વ એવા પરમાત્મા મારા 'ધ્યેય' છો; મારા અખંડ ધ્યાનનો વિષય તમે છો.

તમે સૌને પોતાનામાં સમાવી લેવાનું સામર્થ્ય ધરાવો, છતાં તમે ધ્યેય; અને હું નિશદિન તમને જ ધ્યાયા કરૂં છતાં હું ધ્યાતા !; પ્રભુ ! આ અંતર, આ જુદાઈ હવે કયાં સુધી ? અને કેમ પાલવે ? ના, માલિક, ના, આ લાં....બી જુદાઈ કાયમી બની રહે એ મને હરગીઝ મંજૂર નથી. માંડ માંડ તમે હાથમાં આવ્યા છો, તો આ જુદાઈ મિટાવ્યે જ છૂટકો છે.

મને સમજાઈ ગયું છે કે આપણને બેઉને, ધ્યાતા અને ધ્યેયને, જોડી દેનાર એક જબરદસ્ત સાધનનું નામ છે 'ધ્યાન'. ધ્યાન એ એવો ગુણ છે કે એ ધ્યાતા-ધ્યેયને ભેગાં તો કરી જ આપે, પરંતુ એ બેઉ વચ્ચેની હમેશાંની જુદાઈનો - ભેદનો છેદ પણ ઉડાડી આપે છે. અર્થાત્ હું તમારૂં એવું તો ધ્યાન ધરીશ કે ધીમે ધીમે દૂધમાં જેમ પાણી ભળી જાય, કોઈ જ છૂટું ન પાડી શકે તેમ એમાં ઓગળી જાય, એમ હું પણ મારા સ્વામીમાં વિલીન થઈ જઈશ; હેતપૂર્વક હળીમળી જઈશ; એવો તો ઓગળી જઈશ કે પછી ક્યારેય, કોઈપણ શક્તિ, મને મારા સ્વામીથી, મારા વાસુપૂજ્ય દાદાથી જુદો નહિ પાડી શકે.

મારી આ ટેક, મારો આ દઢ નિર્ધારભર્યો સંકલ્પ, સફળ થશે જ એવો વિશ્વાસ, હવે મને બરાબર બેસી ગયો છે. આ વિશ્વાસ મારા ચિત્તમાં પ્રવર્તતી 'ભક્તિ'એ જગાડેલો વિશ્વાસ છે. આ ભક્તિએ મારામાં મારા સાહેબ પ્રત્યે અવિહડ પ્રેમ જન્માવ્યો છે. આ પ્રેમ હવે વિકસતો વિકસતો સાહેબ સાથે અદ્વૈતમાં પરિણમી રહ્યો છે. આ અદ્વૈત-અભેદ તે જ તો છે ધ્યાન ! અને આ ધ્યાન છેવટે મને મારા ધ્યેયતત્ત્વરૂપ પરમાત્મામાં સમાઈ જવાનું, સાહેબ સાથે 'સમાપત્તિ' સાધવાનું સામર્થ્ય પૂરૂં પાડશે એની પણ મને હવે શ્રદ્ધા છે.

મારા પ્રીતમ ! મારા દેવ ! મારી એક જ પ્રાર્થના છે કે તમે મારા પર જે કામણ પાથર્યું છે તે ક્યારેય પાછું ખેંચશો નહિ. તમારાં કામણે જ મારાં કામ સિદ્ધ થશે, અને મારા જેવા તમારા સાચુકલા પ્રેમીનાં કામ સિદ્ધ થાય એથી મોટો જશ તમારા માટે બીજો કયો હશે ? **(કાર્તક, ૨૦૬૮)**

* * *

(૭)

## મહોપાધ્યાય શ્રીયશોવિજયજી કૃત
## શ્રીધર્મનાથસ્વામી-સ્તવન

થાસું પ્રેમ બન્યો હે રાજ, નિર્વહશો તો લેખે,
મેં રાગી ને થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી,
એકપખો જે નેહ નિર્વહવો, તે માંકી શાબાશી ...૧
નીરાગી સેવે કાંઈ હોવે ? એમ મનમાં નવિ આણું,
ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું ...૨
ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે,
સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુગુણ - પ્રેમ સ્વભાવે ...૩
વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીને તેહ સંબંધે,
અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ-સ્વભાવ-પ્રબંધે ...૪
દેવ અનેરા તુમથી છોટા, થેં જગમાં અધિકેરા,
જશ કહે ધર્મ-જિનેશ્વર ! થાસું, દિલ માન્યા હે મેરા.
રાજ ! પ્રેમ બન્યો હે થાસું ...૫

* * *

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ આપણા શ્રેષ્ઠ સાધુ, શ્રેષ્ઠ વિદ્વાન, શ્રેષ્ઠ શાસ્ત્રકાર, શ્રેષ્ઠ તાર્કિક અને શ્રેષ્ઠ કવિ હતા. એમની સર્વાંગીણ અને બહુમુખી પ્રતિભાની હોડ ફરે તેવું બીજું વ્યક્તિત્વ હજી સુધી તો પેદા થયું નથી. તેમણે તર્કકઠિન શાસ્ત્રગ્રંથો રચ્યા; અર્થગંભીર વિવેચનો લખ્યાં; તો સાથે સાથે ભક્તિમાધુર્યથી છલકાતી અને કાવ્યના વિવિધ તમામ ગુણોથી અલંકૃત એવી ગુર્જર તથા મારુગુર્જર કાવ્યરચનાઓ પણ કરી. તેમની રચેલી અસંખ્ય કાવ્યરચનાઓ આજે પણ સર્વત્ર ગવાય છે, અને ગાનાર ભક્તોનાં હૈયાં ભક્તિરસથી પ્લાવિત-પલ્લવિત બની ઊઠે છે.

સામાન્ય છાપ એવી છે કે જૈન ધર્મ એ વૈરાગ્યપ્રધાન ધર્મ છે. એમાં ભક્તિનો નહિ, વૈરાગ્યનો-વીતરાગતાનો મહિમા અધિક હોય છે. 'ભક્તિ' શબ્દ પ્રેમનો

વાહક છે; પ્રેમનો પર્યાય છે. પ્રેમ એટલે રાગ, અને જ્યાં વૈરાગ્યનો મહિમા વિશેષ હોય ત્યાં રાગ-પ્રેમ-ભક્તિ કાં તો હોય નહિ, અને હોય તો તદ્દન ગૌણ - વૈરાગ્યનું પોષણ કરવા પૂરતાં જ હોય. વૈરાગ્ય એટલે શુષ્કતા, રૂક્ષતા. ભક્તિ એટલે ભીનાશ, કોમળતા. બન્ને પરસ્પર પરમ વિરોધી પદાર્થો. બન્નેનો મેળ કેમ પડે ? વીતરાગતાની વાત એટલે એક રીતે જોઈએ તો નિર્ગુણ ઉપાસના જ ગણાય. તો ભક્તિની ભીનાશ સગુણ ઉપાસના વગર નથી જાગતી. આમ, વૈરાગ્ય અને ભક્તિ બન્નેનો મેળ કેમ સાધવો ?

મુશ્કેલ જણાતું આ કાર્ય પાર પાડી શકે તેવું વ્યક્તિત્વ એક જ : કવિ. કવિ એ સૃષ્ટિનો બીજો વિધાતા છે. સર્જનહાર પણ જે સૃષ્ટિ સરજી નથી શક્યો, તેનું સર્જન કવિ કરી બતાવે છે. કવિ વૈરાગ્યમાં ભક્તિની સુગંધ જન્માવી જાણે છે, અને ભક્તિની ભીની ધરતી પર વૈરાગ્યના ઉન્નત પહાડ ઉગાડી આપે છે.

વૈરાગ્યથી શુષ્ક મનાતા જૈન ધર્મતત્ત્વને આવા અનેક - અગણિત કવિઓએ ભક્તિરસના માધુર્ય થકી અને પ્રેમરસના પ્રસાદ વડે પ્રસન્ન, સુરભિત અને માનવીય સંવેદનોથી સભર બનાવી મૂક્યો છે. મહર્ષિ નારદે 'सा तु अस्मिन् परमप्रेमस्वरूपा' એમ વર્ણવીને ભક્તિને ભગવત્પ્રેમનું પરમ લક્ષણ ગણાવી છે, તેને અનુસરીને ઘણા જૈન કવિઓએ વિરાગી વીતરાગ પ્રત્યે પ્રેમલક્ષણા-ભક્તિમઢ્યું ધર્મગાન ગાઈને વૈરાગ્યની સહજ શુષ્કતાને આર્દ્ર ભક્તિમાં પલટાવી નાખી છે. આવા ભક્ત કવિઓમાં ઉપાધ્યાય યશોવિજયજી અથવા તો 'વાચક જસ'નું સ્થાન અગ્રિમ હરોળમાં મૂકી શકાય તેમ છે.

પ્રભુ પ્રત્યે સહજ પ્રીતિ સતત અનુભવવી; પ્રભુના મિલનની તીવ્ર તડપન અનુભવવી, અને તેના વિયોગની વેદના પણ તીવ્રતાથી અનુભવવી, એ પ્રેમલક્ષણા ભક્તિનું ખાસ લક્ષણ છે. તો કદીક વિરહની વ્યાકુળ સ્થિતિમાં પ્રભુ સાથે મીઠો કજિયો માંડવો કે તેને ઉપાલંભ આપવો એ પણ પ્રેમલક્ષણા ભક્તિનું લક્ષણ ગણાય. પ્રભુ પ્રત્યેનું બહુમાન જેમ જેમ તેની સાથેના અદ્વૈતમાં રૂપાંતરિત થતું જાય તેમ તેમ પ્રેમલક્ષણા ભક્તિ અર્થાત્ પ્રભુજી પ્રત્યેનો અવર્ણનીય પ્રેમ તીવ્ર-તીવ્રતર-તીવ્રતમ બનતો જાય. આવી ભાવદશામાં વર્તતા ભક્ત કવિના મુખમાંથી પછી જે શબ્દો અવતરે, તે પ્રત્યેક પ્રભુપરાયણ હૈયાને સ્પર્શી અને વીંધી જાય તેવી કાવ્યરચના ગણાય. કોઈક તેને 'પદ' કહે, કોઈક 'ભજન' કહે, તો કોઈક 'સ્તવના' તરીકે ઓળખાય.

કવિ યશોવિજયજી, પોતાની આવી જ એક પ્રેમરસનીતરતી સ્તવનામાં, શ્રીધર્મનાથ ભગવાન સાથે સીધો પ્રેમ-સંવાદ માંડે છે :

**"પ્રેમ બન્યો હે થાસું રાજ ! નિર્વહશો તો લેખે..."**

મારુ-ગુર્જર ભાષામાં અવતરેલી આ પ્રેમ-કવિતા છે. જૈન સાધુનું વિહારક્ષેત્ર રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર સવિશેષ રહેતું. તેમાંયે ગુજરાત અને રાજસ્થાનનું વિચરણ વધુમાં વધુ થતું રહેતું. તેથી ગુજરાતી અને મારવાડી - એ બંને બોલીઓનું મિશ્રણ ધરાવતી રચનાઓ થયા કરતી. એવી રચનાઓ 'મારુ-ગુર્જર' રચના તરીકે ઓળખાય છે. આ પણ એવી જ એક લઘુ રચના છે. કવિ કહે છે પોતાના પ્રિયતમ પ્રભુને કે "રાજ ! (થાસું) તમારી સાથે પ્રેમ થઈ ગયો છે મને. હવે તેનો નિર્વાહ કરો તો પ્રેમ સાર્થક બને - લેખે લાગે ! ઉપેક્ષા કરશો તો કેમ ચાલશે ?

પ્રેમ બે જાતનો હોય છે. એક પ્રેમ, બન્ને તરફનાં પાત્રોને પરસ્પર પ્રત્યે ઉદ્ભવતો પ્રેમ; તો બીજો એકતરફી પ્રેમ : જેમાં એક પક્ષે પ્રેમ હોય, પરંતુ બીજા પક્ષે નીતરી ઉદાસીનતા જ વર્તતી હોય.

અહીં ભક્તજને પ્રભુ સાથે પ્રીત એવી કલ્પના સાથે માંડી છે કે પ્રભુને પણ મારી પ્રીત ગમે છે અને પ્રભુ પણ મને પ્રીતિ કરે છે. અર્થાત્, કવિભક્તની કલ્પના અનુસાર તેનો પ્રેમ એકતરફી ન હોતાં ઉભયપક્ષીય છે. પરંતુ, આવી કાલ્પનિક માન્યતાના જોરે પ્રેમના પરાક્રમમાં અથવા પુરુષાર્થમાં પાછા ન વળી શકાય તે હદે આગળ નીકળી ગયા પછી એકાએક તેને ખ્યાલ આવે છે કે આ તો એકતરફી - one sided પ્રેમ બન્યો છે, હું પરમાત્મા પાછળ પાગલ છું, પરંતુ પરમાત્મા ? તે તો નિર્વિકાર છે ; શાન્ત છે ; ઉદાસીન છે !

અધૂરો, અધકચરો કે કાચોપોચો પ્રેમી ભક્ત હોય તો તો પ્રેમનાં પોટલાં સંકેલીને આટલેથી જ પાછો વળી જાય. છેતરાયા તેટલા ભલે છેતરાયા, હવે વધારે નથી હેરાન થવું, એવી લાગણી સાથે તેવો જણ પ્રેમ પર પૂર્ણવિરામ મૂકીને રવાના થઈ જાય. પણ આ ભક્તહૃદય કવિ એવા અધૂરા કે કાચા પ્રેમી નથી. એ તો 'ડગલું ભર્યું કે ના હઠવું ભાઈ, ના હઠવું' ના કુળના પરિપક્વ પ્રેમી છે. એમને અણસાર આવ્યો કે મારો સ્નેહ હજી એકતરફી જ છે; પરમાત્માને, મારા પ્રિયતમને મારી સાથે પ્રેમ નિભાવવામાં જોઈએ તેવો રસ હજી જાગતો નથી; એ સાથે જ

તેમની વ્યાકુળતામાં ઘેરો ઉછાળો આવે છે અને પ્રભુને ઉપાલંભ આપવાના સૂરમાં તે પોકારી ઉઠે છે:

**"મેં રાગી ને થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી**
**એકપખો જે નેહ નિર્વહવો, તે માંકી શાબાશી...રાજ... ૧"**

પ્રભુનો પ્રેમી ભક્ત કહે છે ! પ્રેમ હમેશાં ઉભયતરફી હોય તો જ શોભે. આમાં તો અમે તમારા રાગી છીએ, પણ તમે નીકળ્યા નર્યા વીતરાગી ! અમને તમે પ્રેમ કરવા માટે આકર્ષ્યા ખરા, ઉત્તેજિત કર્યા-જરૂર, પણ પછી તમે વૈરાગી બનીને બેસી ગયા ! આવા અજુગતા - એકતરફી (અમારા) પ્રેમને જોઈને જગત હાંસી જ કરે ને મારા રાજ ? લોકો અમારી કેવી તો મજાક ઉડાડે કે અલ્યા ! તું જેના પ્રેમમાં પાગલ બન્યો છે, એને તો તારી કાંઈ પડી જ નથી ! અને તોયે તું એને વળગ્યો છે તે ગાંડપણ નહિ તો બીજું શું કહેવાય ? મારા દેવ ! આવી આવી હાંસી થાય તેને વેઠી લઈને પણ હું તમારા પ્રેમમાં પીછેહઠ કરવા માગતો નથી. તમે મને પ્રેમ કરો કે ના કરો, હું તો હવે તમને છોડવાનો નથી, નથી ને નથી. પણ પ્રભુ ! તમને ખબર છે કે પ્રેમ કરી દેવો બહુ સહેલ છે, પરંતુ તેનો નિર્વાહ કરવો એ ઘણો મુશ્કેલ છે ? એમાંયે એ પ્રેમ જયારે એકપાક્ષિક હોય, એકતરફી હોય; સામા પક્ષ કે પાત્ર તરફથી કોઈ જ સાનુકૂળ પ્રતિસાદ સાંપડતો ન હોય ત્યારે તેનો નિર્વાહ કરવો, તે તો અતિવિકટ મામલો જ બની રહે, અને છતાં પ્રભુ, આવો વિકટ મામલો પણ હું નિભાવી રહ્યો છું, અને તમારી સાથે એકપક્ષીય પ્રેમમાં હું ગળાડૂબ ડૂબેલો રહ્યો છું, તે તો તમારે પણ સ્વીકારવું જ પડે તેમ છે. દેવ! આ માટે જો કોઈનેય શાબાશી આપી શકાય તો તે મને, માત્ર ને માત્ર મને જ હોં ! અને તમને તો લેશ પણ શાબાશી ન મળી શકે ! બોલો, ખરું કે ખોટું ?

પ્રત્યેક પ્રેમીને મન પોતાનો પ્રિયજન તે 'પરમાત્મા' જ હોય છે. અહીં તો સાક્ષાત્ પરમાત્મા જ કવિના પ્રેમી - પ્રિયજન છે. તેમની સાથે મીઠો ઝઘડો કરવામાં મશગૂલ કવિને કોઈક ટપારે છે કે જો તારો પ્રેમી વીતરાગી - વૈરાગી હોય, અને તેને તારા પર લેશ પણ પ્રેમ જ ન હોય, તો તેવાની પાછળ પ્રેમ-પાગલ શા માટે બને ? તેવાની પાછળ પાગલ બનીશ તોયે તને મળશે શું ? વ્યર્થ અને નિષ્ફળ એવો પ્રેમ કરવાનો શો અર્થ ? અમે તો બરાબર જાણીએ છીએ કે જેને આપણા પર રાગ ન હોય તેની પાસેથી આપણને કશું મળી શકે નહિ !

આનો પ્રત્યુત્તર આપતા હોય તેમ કવિ કથે છે :

**"નીરાગી સેવે કાંઈ હોવે, એમ મનમાં નવિ આણું,**

**ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું...રાજ..." ...૨**

પ્રેમમાં પાગલ ભલે હોય, પરંતુ ઉપરોક્ત ટકોરનો જવાબ તો કવિ બહુ જ સ્વસ્થતાથી અને તર્કસંગત રીતે આપે છે. કવિ કહે છે કે વીતરાગ, જેનામાં રાગ એટલે કે સ્નેહનો છાંટો પણ નથી તેની સેવા કરવાથી શું પ્રાપ્ત થાય ? - એવી વાત, એવો પ્રશ્ન પણ મારા મનમાં આણતો નથી, ઊઠતો નથી.

મને બરાબર ખબર છે કે આપણાં શાસ્ત્રોમાં દેવમણિ-ચિંતામણિરત્નની વાત આવે છે. તે તો પત્થર છે, જડ હોય છે, અને છતાં તે મનવાંછિત ફળ આપતો હોય છે. તો જો જડ પત્થરને પણ આપણે સેવીએ તો આપણને ફળ આપે, તો આ મારો સ્વામી તો ચૈતન્ય અને ઊર્જાનો પરમ - શ્રેષ્ઠ ધોધ છે, ફુવારો છે. તેની ભક્તિ-ભલે એકતરફી જ સહી - કરું તો તે ફળ કેમ નહિ આપે ? આપે જ. આપ્યા વિના ન જ રહે. ખરું કહું તો જો મને આટલી ખાતરી ન હોત તો હું આ પ્રિયતમના એકતરફી પ્રેમમાં પાગલ ન જ બન્યો હોત. માટે મારા પ્રિયતમ પરમાત્મા તરફથી મને કાંઈ જ નહિ મળે - એવી આશંકા ભૂલથીયે કરતા નહિ.

અહીં ફરી પેલા 'કોઈ' કવિને મૂંઝવવાનો પ્રયાસ કરે છે. એમને અચંબો છે કે સામેનું પાત્ર આની સામે પણ જોતું નથી, ઉપેક્ષા કરે છે; દેખીતી રીતે કશું ફળ કે વળતર મળવાની શક્યતા પણ નથી, છતાં આને આટલો વિશ્વાસ ? આટલો પ્રેમ ? ગળે ન ઊતરે તેવી વાત છે. આ અચંબામાં તે અચંબામાં એ પૂછી બેસે છે : ભલા ! તારા આ ઉદાસીન પ્રિયતમ તને 'કાંઈક' આપશે જ એવો દૃઢ, ના, આંધળો ભરોસો તને શાથી છે ? આવા ભરોસા પાછળનું રહસ્ય શું છે તે તો અમને સમજાવ. ત્યારે આપણા પ્રેમી કવિ લલકારી ઉઠે છે :

**"ચંદન શીતલતા ઉપજાવે, અગનિ તે શીત મિટાવે,**

**સેવકના તિમ દુઃખ ગમાવે, પ્રભુ-ગુણ - પ્રેમ - સ્વભાવે...રાજ..."..૩**

કવિ કહે છે : ભલા માણસ ! એક વાત તમે બરાબર નોંધી લો કે મારા પ્રિયતમ એ માત્ર પ્રિયજન જ નથી, પણ એ 'પરમાત્મા' પણ છે. પરમાત્મા એટલે સઘળા ગુણોનો ભંડાર, એક પણ ગુણ ઓછો હોય તો પરમાત્મા ન થઈ શકાય. પરમાત્મા એટલે સર્વગુણસંપન્ન પ્રિયતમ. બીજી વાત : એમના ગુણ એ જ એમનો સ્વભાવ પણ છે. અર્થાત્ એમનો સ્વભાવ અને એમના ગુણો એકમેકથી ઓતપ્રોત છે; જુદા નથી. હવે જેમ ચંદનનો સ્વભાવ અથવા ગુણધર્મ શીતલતા-ઠંડક

આપવાનો છે; અગ્નિનો સ્વભાવ ગરમાવો આપવાનો છે; તેમ મારા પ્રિયતમ એવા પરમાત્માનો સ્વભાવ પ્રેમમય છે, અને તેના સેવકજનનાં એટલે કે તેના પ્રેમીનાં દુઃખ મિટાવવાનો છે. હવે તમે જ વિચારી લ્યો કે મને મારા પ્રિયતમ ઉપર વિશ્વાસ છે તે અકારણ છે ? ખોટો છે ? અરે, હજી બીજું દૃષ્ટાંત પણ તમે સાંભળો :

**"વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશિને તેહ સંબંધે,**
**અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે .... રાજ..." ...૪**

મારા પ્રભુજી તો કેવા ઉદાર છે ! આપણે જો આપણો સ્વભાવ, આપણો પ્રેમ શુદ્ધ બનાવીએ, તો પ્રભુ સાથે આપણો સંબંધ હોય યા ન હોય, પણ તેઓ આપણા પ્રેમનો સ્વીકાર કરે જ છે. આ જુઓને, આકાશમાં પૂનમનો ચન્દ્રમા ઊગે અને સમુદ્રમાં ઉદય-ભરતી આવે, અને ચન્દ્ર આથમે કે વ્યસન-ઓટ આવી જાય; આમ કેમ ? તો કે સમુદ્ર અને ચન્દ્રમાને પિતા-પુત્રનો સંબંધ છે માટે. પરંતુ એની સામે કુમુદ એટલે કે રાત્રિવિકાસી કમળને મૂકી જુઓ ! એને અને ચન્દ્રને કોઈ જ સંબંધ નથી, છતાં ચન્દ્ર ઊગે તો કુમુદ ખીલી ઊઠે છે, અને ચન્દ્ર આથમે તો કુમુદ કરમાઈ જાય છે. બસ, મારો મારા પ્રિય પ્રભુ સાથે આ કુમુદ અને ચન્દ્ર જેવો જ શુદ્ધ સ્વાભાવિક સ્નેહ છે. જો ચન્દ્રમા કુમુદને વગર સંબંધે પણ શુદ્ધ સ્નેહને કારણે ખીલવી શકતો હોય, તો મારો સ્વામી મને નહિ ખીલવે ? મારા શુદ્ધ સમર્પિત સ્નેહનો સ્વીકાર નહિ કરે ?

પ્રભુ-પ્રિયતમ પ્રત્યેના પોતાના આ સમર્પણભર્યા વિશ્વાસથી સંતૃપ્તિનો પરમ આનંદ અનુભવતા કવિ છેલ્લે હરખભેર ગાઈ ઊઠે છે :

**"દેવ અનેરા તુમથી છોટા, થેં જગમાં અધિકેરા,**
**'જશ' કહે 'ધર્મ' જિનેશ્વર થાસું, દિલ માન્યા હે મેરા...રાજ..."**

મારા પ્રીતમ ! પ્રિયતમ બનાવી શકાય એવા દેવ તો દુનિયામાં ઘણા ઘણા હોય, પણ એ બધાય તમારાથી હેઠ ! જગતમાં અદકેરા-અનન્ય-શ્રેષ્ઠ દેવ તો તમે અને તમે જ, મારા દેવ ! અને એટલે જ હું (વાચક જશ) પોકારી પોકારીને કહેવા માગું છું કે સ્વામી મારા ! મારું દિલ આ સંસારમાં ફક્ત તારા પર જ ઓળઘોળ છે. તારા સિવાય આ દિલ ક્યાંયે માનતું નથી, અને મને શ્રદ્ધા છે કે હવે એ બીજા કોઈથી કે કોઈમાં માનશે પણ નહિ.

કેવી મજાની ભક્તિભરી કાવ્યરચના છે આ ! પ્રેમલક્ષણા ભક્તિ આના શબ્દે શબ્દે ટપકે છે. એનો આસ્વાદ અને આહ્‌લાદ જેને માણવાનો મળે તેને જ મળે અને જેને ગમે તેને જ ગમે.

પ્રાચીન ભક્ત કવિઓની રચનાની આ એક મજા છે કે એકવાર એનો સ્વાદ માણ્યા પછી બીજું કાંઈ ભાવે જ નહિ. આધુનિક ભજનિયાં અને જોડકણાં તો આની સામે પાણી ભરે.

તો આજે આપણે આષાઢની ઉજવણી કરી તેનો આનંદ છે.

**(અષાઢ, ૨૦૬૬)**

❋ ❋ ❋

## (૮)

### શ્રીમહાવીરસ્વામીસ્તવન

ના રે પ્રભુ નહિ માનું, નહિ માનું અવરની આણ
મ્હારે તાહરું વચન પ્રમાણ, ના રે પ્રભુ....
હરિ-હરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંહ્ય
ભામિની ભ્રમર ભ્રૂકુટિએ ભૂલ્યા, તે મુજને ન સુહાય ...૧
કેઈક રાગી કેઈક દ્વેષી, કેઈક લોભી દેવ,
કેઈક મદ-માયાનાં ભરિયા, કેમ કરીએ તસ સેવ ...૨
મુદ્રા પણ તેહમાં નવિ દીસે પ્રભુ, તુજ માંહેલી તિલમાત્ર,
તે દેખી દિલડું નવિ રીઝે, શી કરવી તસ વાત ...૩
તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવ જીવન આધાર...
રાત દિવસ સુપનાંતરમાંહિ તું માહરે નિરધાર ...૪
અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાળ
જગબંધવ એ વિનંતિ માહરી, માહરાં સવિ દુઃખ દૂરે ટાળ ...૫
ચોવીશમા પ્રભુ ત્રિભુવનસ્વામી, સિદ્ધારથના રે નંદ,
ત્રિશલાજીના નાનડીયા પ્રભુ, તુમ દીઠે અતિહિ આનંદ ...૬
સુમતિવિજય કવિરાયનો રામવિજય કરજોડ,
ઉપકારી અરિહંતજી માહરા, ભવભવનાં બંધ છોડ ...૭

* * *

**મ્હારે તાહરૂં વચન પ્રમાણ**

ધર્મ અને અધ્યાત્મના માર્ગમાં કોઈકનું માર્ગદર્શન હમેશાં અનિવાર્ય હોય છે. રસ્તા ઘણા હોય ત્યારે કયે રસ્તે જવું તે દર્શાવનાર ભોમિયાની અનિવાર્યતા સહેજે સમજાતી હોય છે. તેમાં પણ મૂંઝવણ ત્યારે થાય જ્યારે ભોમિયા અથવા માર્ગદર્શન કરનારા અનેક ભેગા થાય. ચાલુ રસ્તા માટે તો ઘણીવાર સાઈન બોર્ડથી જ આપણું કામ સરી જતું હોય છે. પરંતુ ધર્મના માર્ગે કોઈ સૂચના આપતું પાટિયું હોતું નથી, હોય તો તે કાંઈ કામ આવતું નથી. ધર્મ પામવા માટે કયા રસ્તે જવું તે તો પ્રત્યક્ષપણે

કોઈ માર્ગદર્શન કરે તો જ સમજાય. સવાલ એટલો જ કે આવું માર્ગદર્શન કરનારા તો ઘણા બધા હોય છે, આપણે કોને અનુસરવું ? કોના દર્શાવેલા રસ્તે ચાલવું ?

વાત પણ સાચી છે. જગતમાં ધર્મો અનેક છે. પંથ, મત, સંપ્રદાય, ફિરકા - બધાંનો કોઈ પાર નથી. વળી દરેક મત-માન્યતા ધરાવતા લોકો પોતે ચાલ્યા હોય, પોતે પસંદ કર્યો હોય કે સ્વીકાર્યો હોય તે રસ્તાને જ ધર્મનો સાચો માર્ગ એટલે કે સાચો ધર્મ માને, અને આપણને તે રસ્તે જ ચાલવા પ્રેરે. તેમના મનમાં આપણું ભલું કરવાનો જ ભાવ હોય છે, અને આપણું ભલું, આપણે તેમણે ચીંધેલા માર્ગે ચાલીએ તો જ થશે તેની તેમને ખાતરી, બલકે શ્રદ્ધા હોય છે. આવા મૂંઝવણભર્યા સંજોગોમાં આપણે આપણો રસ્તો - ધર્મમાર્ગ પસંદ કરવાનો રહે છે.

ધર્મનો સીધો સંબંધ આત્મા અને આત્મકલ્યાણ સાથે છે. આત્માના કલ્યાણ ભણી દોરી જાય તેવો માર્ગ તે જ ધર્મનો સાચો માર્ગ, એમ કહી શકાય. આત્માનું કલ્યાણ ક્લેશમુક્તિમાં છે, સંસારની વાસનાઓથી મુક્ત થવામાં છે, આટલું તો નિઃશંકપણે સ્પષ્ટ છે જ. હવે આપણે તપાસવાનું છે કે આપણને જે માર્ગદર્શકો ઉપલબ્ધ છે તેમાં ક્લેશ અને વાસનાઓથી છૂટકારો અપાવી આત્મહિત સધાવી શકે તેવો માર્ગ કોણ બતાવે છે ? જો બધાના માર્ગ આવા જ હોય તો તે અલગ અલગ ન હોય, એટલે આ બધામાંથી કોઈ એકનો દર્શાવેલો માર્ગ જ ઉપર કહ્યું તેવો હોઈ શકે; બાકી તમામના માર્ગોમાં ક્યાંક ને ક્યાંક, કાંઈક ગરબડ હોવાની જ.

વિવેકી જીવ, વિવિધ માર્ગોની પરીક્ષા કરે, અને પછી પોતાને ગમે અથવા માફક આવે તેવો નહિ, પરંતુ પોતાના આત્માને અનુકૂળ થાય અને આત્માનું સાચા અર્થમાં હિત થતું હોય તેવો માર્ગ અપનાવે.

કવિ-પંડિત શ્રીરામવિજયજી આવા જ એક વિવેકી આત્મા છે. જીવનના વિવિધ રસો ચાખ્યા - માણ્યા પછી જ્યારે તેનો થાક લાગ્યો, ત્યારે તેમના વિવેકે તેમને આત્મધર્મનો માર્ગ શોધવા પ્રેર્યો. તેમણે પોતાની સૂક્ષ્મ વિવેકબુદ્ધિના બળે વિધવિધ માર્ગો તપાસ્યા હશે; અનેક માર્ગદર્શકોને તેમજ તેમના દ્વારા સાંપડતાં માર્ગદર્શનને પણ ચકાસ્યાં હશે. તે સમગ્ર પ્રક્રિયામાં તેમનું ચિત્ત ઠર્યું શ્રીમહાવીરસ્વામી ઉપર અને તેમના ચીંધેલા માર્ગ ઉપર, તેમની આજ્ઞા ઉપર. તેથી તેમણે બીજા તમામ ધર્મ માર્ગોનો તેમ જ તે માટે મળતાં માર્ગદર્શનોનો ઇન્કાર કરી દીધો, અને મહાવીરના માર્ગ પ્રત્યે ચિત્તમાં જાગેલી અનન્યાશ્રય જેવી શ્રદ્ધાને આ શબ્દોમાં પ્રગટાવી :

**ના રે પ્રભુ, નહિ માનું અવરની આણ,**

**મ્હારે તાહરૂં વચન પ્રમાણ ....**

કવિ, ચિત્તમાં જરાક અમથી પણ અસ્પષ્ટતા કે ગુંચવાડો રાખ્યા વિના, પોતાના ઇષ્ટને સંબોધીને કહે છે કે, પ્રભુ, હું બીજા કોઈની 'આણ' - આજ્ઞા માનવા ઇચ્છતો નથી; કોઈનાય દર્શાવેલા રસ્તે મારે જવું નથી. મારે તો હવે તારું વચન અર્થાત્ તારી આજ્ઞા એટલે કે તારો બતાવેલો માર્ગ એ જ 'પ્રમાણ' છે; હવે હું તારા માર્ગને જ અનુસરવા માગું છું.

અહીં, સ્વાભાવિક રીતે જ, કવિ સામે પ્રશ્ન આવે કે ભલા, દેવો તો દુનિયામાં ઘણા છે. જેમ મહાવીર છે, તેમ હરિ, હર વગેરે દેવો પણ છે, અને તે બધા પણ ધર્મનો માર્ગ તો બતાવે જ છે. તો તમે એકનું માનો અને બીજા બધાનું ન માનો તો કેવું લાગે ?

આના જવાબમાં કવિ પોતાની વીતક જરા વિસ્તારથી વર્ણવે છે :

**હરિ હરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંહ્ય રે**

**ભામિની ભ્રમર ભૃકુટીએ ભૂલ્યા, તે મુજને ન સુહાય ...૧**

**કેઈક રાગી ને કેઈક દ્વેષી, કેઈક લોભી દેવ રે**

**કેઈક મદ-માયાના ભરિયા, કેમ કરિયે તસ સેવ ...૨**

**મુદ્રા પણ તેમાં નવિ દીસે પ્રભુ, તુજ માંહેલી તિલમાત્ર રે**

**તે દેખી દિલડું નવિ રીઝે, શી કરવી તસ વાત ...૩**

કવિ કહે છે કે ભાઈ, દેવો તો તમે કહો છો તેમ ઘણા ઘણા છે. હરિ છે, હર છે; અને એવા તો અનેક છે, જે માનવજાતને ધર્મના માર્ગે દોરે છે, અને સંસારથી મુક્ત કરાવવાનું લક્ષ્ય રાખે છે. એ દેવોનો મને પૂરો પરિચય છે. સંસારના મારા પરિભ્રમણ દરમિયાન મેં એ સઘળાય દેવોને જોયા છે, તેમના ચીંધેલા માર્ગે ચાલ્યો પણ છું, અને તેમણે જે ધર્મ શીખવ્યો તેનું પાલન-આચરણ પણ મેં કર્યું છે. સાચું કહું તો એ બધું મને ગમતું પણ હતું જ. પરંતુ, આ વખતે - આ ભવમાં, મને અચાનક જ શ્રીમહાવીરપ્રભુનો સમાગમ થઈ ગયો. તેમનું સ્વરૂપ મેં જોયું : સંપૂર્ણ વીતરાગ ! રાગના આલંબનસમું એક પણ વાનું તેમની આસપાસ મેં ન જોયું. એ પળે મને, મારા મનગમતા પેલા દેવો યાદ આવ્યા અને થયું કે એ બધા

તો પોતાના પડખામાં કોઈને કોઈ 'ભામિની'ને - સ્રીને લઈને બેઠેલા હોય છે ! બલ્કે સ્ત્રી જેમ નચાવે તેમ ભાન ભૂલીને નાચતા હોય છે ! અત્યાર સુધી તો મને આ બધું સ્વીકાર્ય લાગતું હતું, પણ જ્યારે મહાવીરની વીતરાગ મુદ્રાને જોઈ ત્યારે થયું કે સાચું તો આ છે, પેલું નહિ જ.

પછી તો હું જરા ઊંડો ઊતર્યો; તો ખ્યાલ આવવા માંડ્યો કે અરે, આમાં કોઈ દેવ રાગ દશાથી છલકાય છે, તો કોઈક વળી દ્વેષના આવેશમાં જ વર્તે છે; કોઈ અપાર લોભવૃત્તિથી પીડાય છે, તો કોઈક ઉન્માદ અને પ્રપંચની લીલામાં જ રમમાણ છે! એક પણ ઠેકાણે મહાવીરમાં છે તેવી વીતરાગતાનો છાંટો પણ જોવા મળે તેમ નથી ! મને થયું કે હવે આ બધાની સેવા-ઉપાસના કેવી રીતે કરાય ? અત્યાર સુધી તો 'વીતરાગ' ના સ્વરૂપનો પરિચય ન હતો એટલે બધે ભટક્યો, ભલે, પણ હવે, જ્યારે વીતરાગનો સમાગમ થયો જ છે તો, એ બધા પાસે શા માટે ભટકવાનું ? રાગ-દ્વેષ-મોહ એ તો સંસારના પરિભ્રમણનો માર્ગ છે; મોક્ષનો કે ધર્મનો માર્ગ તો હરગિઝ નથી; અને મારે તો ધર્મના માર્ગે ચાલવું છે, તો હવે જાણીજોઈને આ બધાના રવાડે કેમ ચઢું ?

વળી, બીજું તો બધું ઠીક, પણ મહાવીરની મુદ્રા, મુખમુદ્રા તેમજ પદ્માસનસ્થ તથા ધ્યાનસ્થ કાયાનું પ્રસન્ન સ્વરૂપ જોયા પછી પેલા દેવોની આકૃતિઓને જોઉં છું કે યાદ કરૂં છું ત્યારે જરાક વિચિત્ર લાગે છે. કોઈક હાથમાં જાતભાતનાં હથિયારો લઈને ખડા હોય, તો કોઈક વિકરાળ સંહાર મુદ્રામાં તાંડવ નૃત્ય કરતા જણાય, તો કોઈક વળી ખોળામાં પ્રિયતમાને લઈને રંગ-રાગ માણતાં બેઠા હોય; એકેયમાં મહાવીરપ્રભુની ધ્યાનમયી વીતરાગી મુદ્રા તો તલ જેટલી ઝીણી પણ જોવા ન મળે ! હવે એ બધું જોઈને મારૂં દિલ કેમ રીઝે ? માલતીના ફૂલનો ઉપભોગ પામેલો ભ્રમર હવે બાવળિયે કેમ જશે ? કેમ બેસશે ? એટલે હવે આવા બીજા બીજા દેવોની કે તેમણે દર્શાવેલા પંથે ચાલવાની વાત કરશો જ નહિ. હવે તો મારા માટે મહાવીરદેવ એજ મારી ગતિ, મારી મતિ પણ તે જ; એ જ મારા જીવનનો આધાર કહો કે સર્વસ્વ, એ પણ એ જ છે. મારું ચિત્ત પ્રભુ વીરના ચરણોમાં કેટલું ઓતપ્રોત છે એ જાણવું છે ? તો સાંભળો :

**તું ગતિ, તું મતિ, તું મુજ પ્રીતમ, જીવ, જીવન-આધાર રે**
**રાત-દિવસ સ્વપ્નાંતરમાંહી, તું મ્હારે નિરધાર...૪**

વીર પ્રભુ સાથે અંતર એવું તો એકાકાર ગઈ ગયું છે કે હવે તો રાત્રે સ્વપ્નાં પણ એનાં જ આવે છે અને દિવસે પણ દિવસ આખો એનાં જ ધ્યાનમાં, સ્મરણમાં તથા ચિન્તનમાં વીતે છે. મનમાં બીજી કોઈ વાત, એમના સિવાયની, ઊગતી જ નથી ! અત્યાર સુધી આખીયે દુનિયામાં ફર્યો, ના રખડ્યો; કારણ ? કારણ એક જ : દુનિયા મારી થઈ જાય, મારી માલિકીની થઈ જાય એટલે. પણ હવે, મહાવીરને મેળવ્યા પછી ખબર પડી કે મારી દુનિયા તો એમાં જ, એમના ચરણોમાં જ સમાઈ છે !

આ ખ્યાલ આવ્યા પછી હવે દુનિયાની રઝળપાટ તો બંધ થઈ ગઈ. મેં પ્રભુજીના ચરણોનો આશરો પણ લઈ લીધો. પણ હજી દિલમાં એક અરમાન અધૂરો રહ્યો છે, એ પૂરો થતો નથી. એ અરમાન એટલે પ્રભુ દ્વારા મારો સેવક લેખે સ્વીકાર. હું ભલે એમની સેવા ચાહતો હોઉં, પરંતુ મારામાં જો પાત્રતા ન હોય, અવગુણો ઘણા બધા ભરેલા હોય, તો એ મને શી રીતે સ્વીકારે ? છતાં પણ, ભગવાન પ્રત્યેનો તીવ્ર લગાવ, ચિત્તને અંદરથી ધક્કો મારે છે કે તું વિનંતિ તો કર : પ્રભુ ક્યારેય કોઈની પ્રાર્થનાને ઠુકરાવતા નથી. એ ધક્કાથી પ્રેરાઈને હું પણ પ્રભુને વિનંતી કરું છું કે :

**અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાળ રે**
**જગબાંધવ ! એ વિનતિ મારી, મારાં સવિ દુઃખ દૂરે ટાળ ...૫**

સાહેબ ! મારા સઘળા અવગુણોને નજરઅંદાઝ કરો - ઉપેક્ષાભાવે નિહાળો, અને મને સેવક તરીકે સ્વીકારી લો. આપ તો આખા જગતના નિષ્કારણ બંધુજન છો, તો મારા જેવા ભક્તની આટલીયે વિનતિ નહિ માનો ? પ્રભુ ! આપ આટલી વિનતિ સ્વીકારો તો જ મારાં બધાં દુઃખો ટળશે, અને દુઃખિયારા જીવોનાં દુઃખ મટાડવાં એ જ તો આપની પ્રભુતા છે ! બંધુતા છે !

અહીં કવિને કોઈક પ્રશ્ન પૂછે છે. તમે બીજા બધાયને છોડીને મહાવીરપ્રભુ તરફ વળ્યા છો, એ બરાબર. પણ આ મહાવીરપ્રભુ છે કોણ ? એનો થોડોઘણો પણ ભૌતિક પરિચય તો અમને કરાવો ! તો અમને પણ કોઈવાર એમની નજીક જવાનું મન થાય તો સાવ અજાણ્યું કે અતડું ના લાગે. આના જવાબમાં કવિ ગાય છે :

**ચોવીશમા પ્રભુ ત્રિભુવનસ્વામી, સિદ્ધારથના રે નંદ રે**
**ત્રિશલાજીના નાનડિયા પ્રભુ, તુમ દીઠે અતિહિ આનંદ ...૬**

ભાઈ, એ ભગવંતનો આછેરો પરિચય આપું : એ જૈન ધર્મના ચોવીશમા તીર્થંકર છે; એ ત્રણ ભુવનના સ્વામી છે; સ્વામી એટલે અધિપતિ, રાજવી કે માલિક નહિ, પણ પોતાની લોકોત્તર અસીમ કરુણાની ધારા વરસાવવા દ્વારા ત્રણેય જગતના સર્વ જીવાત્માઓને ઉપકૃત કરતા હોવાથી તે ત્રિભુવનપતિ બન્યા છે. તેમની કરુણા જ તેમનું આધિપત્ય છે, અને તેમનું જ્ઞાન તે જ તેમનું સામ્રાજ્ય છે.

તેમના પિતાનું નામ છે રાજા સિદ્ધાર્થ. એ માતા ત્રિશલાદેવીના નાનેરા પુત્ર છે. અને તમને શું કહું ? એ ભગવંતને જેમ જેમ નિરખું છું તેમ તેમ અંતરમાં આનંદ આનંદ છલકાય છે, છવાય છે.

અને અંતમાં, આનંદના મહાસાગરમાં સ્નાન કરતાં કવિ પોતાની પણ ઓળખ આપતાં આપતાં ભગવાનને વીનવે છે :

**સુમતિવિજય કવિરાયનો રે, રામવિજય કર જોડ રે**
**ઉપકારી અરિહંતજી મારા, ભવોભવના બંધ છોડ ...૭**

હું, કવિ-પંડિત શ્રીસુમતિવિજયજી ગુરુનો શિષ્ય, પંડિત રામવિજય, બે હાથ જોડીને મારા પ્રાણપ્યારા પ્રભુજીને કરગરૂં છું કે હે મારા ઉપકારી અરિહંત દેવ ! વીર પ્રભુ ! મારી એક જ વીનવણી છે : મારા આત્મા પરના આ જન્મ-મરણનાં બંધનોને હવે આપ તોડી નાખો ! એ તૂટે તેની સાથે જ હું તમારા આત્મામાં ઓગળી જાઉં. આથી વિશેષ હવે મને કશું જ ખપતું નથી અને તમારા હાથે થનારા બંધનમુક્તિના તે શુભ કાર્યમાં મારા સહયોગના પ્રથમ ચરણમાં હું પુનઃ પુનઃ પેલી પ્રતિજ્ઞાને દોહરાવું છું :

**મારે તાહરૂં વચન પ્રમાણ....**
**નારે પ્રભુ, નહિ માનું અવરની આણ...**

(કાર્તક, ૨૦૬૯)

* * *

## (૯)

## પંડિત શ્રીવીરવિજયજી કૃત
## શ્રીમહાવીરસ્વામીની પૂજા

વીરકુંવરની વાતડી કેને કહીએ ? કેને કહીએ રે કેને કહીએ,
નવિ મંદિર બેસી રહીએ, સુકુમાલ શરીર ...૧
બાળપણાથી લાડકો નૃપ ભાવ્યો, મળી ચોસઠ ઇન્દ્રે મલ્હાવ્યો,
ઇંદ્રાણી મળી હુલરાવ્યો, ગયો રમવા કાજ ...૨
છોરૂ ઉછાંછળા લોકના કેમ રહીએ, એની માવડીને શું કહીએ ?
કહીએ તો અદેખા થઈએ, નાસી આવ્યા બાળ ...૩
આમલકી ક્રીડા-વંશે વીંટાણો, મોટો ભોરીંગ રોષે ભરાણો,
હાથે ઝાલી વીરે તાણ્યો, કાઢી નાખ્યો દૂર ...૪
રૂપ પિશાચનું દેવતા કરી ચલિયો, મુજ પુત્રને લેઈ ઊછળિયો,
વીર-મુષ્ટિપ્રહારે વળિયો, સાંભળીએ એમ ...૫
ત્રિશલામાતા મોજમાં એમ કહેતા, સખીઓને ઓળંભા દેતા,
ક્ષણ ક્ષણ પ્રભુનામ જ લેતા, તેડાવે બાળ ...૬
વાટ જોવંતા વીરજી ઘરે આવ્યા, ખોળે બેસારી હુલરાવ્યા,
માતા ત્રિશલાએ ન્હવરાવ્યાં, આલિંગન દેત ...૭
યૌવન વય પ્રભુ પામતાં પરણાવે, પછી સંયમશું મન લાવે,
ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવલજ્ઞાન ...૮
કર્મસૂદન તપ ભાખિયું જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઈ છાજે,
ફળપૂજા કહી શિવકાજે, ભવિજનને ઉપગાર ...૯
શાતા-અશાતા વેદની ક્ષય કીધું, આપે અક્ષય પદ લીધું.
શુભવીરનું કારજ સીધ્યું, ભાંગે સાદિ અનંત ...૧૦

* * *

પંડિત વીરવિજયજી ઉર્ફે શ્રીશુભવીર એ જૈન સંઘના એક મૂર્ધન્ય અને ભક્તિરસિક કવિ હતા. તેમની કવિત્વશક્તિ, તેમની અનેક રચનાઓમાં ઝળકે છે; પણ તેમણે રચેલી પૂજાઓમાં તો તે સોળે કળાએ નિખરતી અનુભવાય છે. તેમની ઢાળ અને શબ્દોની પસંદગી હમેશાં અસાધારણ હોય છે. સરળતાભર્યું છતાં ચિત્રાત્મક વર્ણન એ તેમની કવિતાનો અનન્ય વિશેષ છે. તેમની ઢાળોના મુખડા રૂપ ધ્રુવપંક્તિઓને જેમ ઘૂંટવામાં આવે, ઘૂંટતા ઘૂંટતા ગાવામાં આવે, તેમ તેમાંથી અનોખું ભાવ-સૌંદર્ય ટપકતું અનુભવાતું રહે છે. ચિત્તને રસતરબોળ તેમજ સંતૃપ્ત બનાવી મૂકે તેવી પંક્તિઓનું, તેના સાચા ઢાળ અને લયમાં થતું ગાન, એ કવિતાને જીવંતતા બક્ષે છે.

આવા કવિવરે તેમની પૂજાઓમાં કેટલાંક અત્યંત હૃદયંગમ અને ભાવવાહી શબ્દચિત્રો આલેખ્યાં છે. આપણે એ ઢાળોનું ગાન-ગુંજન કરીએ તે સાથે જ, એમાં વર્ણવેલ પ્રસંગનું એક તાદશ ચિત્ર, આપણા માનસ-ચક્ષુ સમક્ષ સર્જાતું આવે, અને આપણે તે પ્રસંગને સાક્ષાત્ નિહાળતાં-અનુભવતાં હોઈએ તેવી અનુભૂતિ અનાયાસ રચાય. શબ્દો જ ત્યાં જાણે પીંછીનું કામ કરતાં હોય તેમ લાગે. આજે અહીં આવા જ એક શબ્દચિત્રનું રસપાન આપણે કરવું છે.

૬૪ પ્રકારી પૂજા, તેમાં વેદનીય કર્મ નિવારણ પૂજા, તેમાં આઠમી ફલપૂજાની ઢાળ; તેનું મુખડું છે : “વીર કુંવરની વાતડી કેને કહિયે.” આ ઢાળ એ કોરી ઢાળ કે ગીત કે શબ્દો નથી; આ ઢાળના શબ્દો તો, સ્વયં પીંછી બનીને, એક સોહામણું દશ્ય-ચિત્ર આપણી સામે આલેખે છે. આવો, આપણે તે જોઈએ.

દશ્ય ૧ : એક ભવ્ય રાજભુવન છે. તેના વિશાળ પ્રવેશદ્વારની બેઉ તરફ મોટા ઓટલા છે. ઓટલાને અડીને જ રાજમાર્ગ ચાલ્યો જાય છે. ઓટલા ઉપર, રાજઘરાનાને છાજે તેવાં વસ્ત્રાલંકારો પહેરીને એક જાજરમાન અને સૌંદર્યથી છલકાતી કાયા ધરાવતાં મહિલા બેઠાં છે, જેમને જોતાં જ તેઓ કોઈ રાજરાણી હોય તેવો અંદાજ આવી શકે છે; એ છે રાણી ત્રિશલાદેવી. તેમનું મોં વિસ્મયથી ખુલી ગયેલું છે. આંખો કોઈક અજ્ઞાત ભય અને ઉત્સુક્તાથી આમ તેમ ફરી રહેલી જણાય છે. તેમની પરિચર્યા કરતી સેવિકાઓ તો તેમની આસપાસ છે જ, પણ માર્ગ પર આવતી-જતી મહિલાઓ પણ, તેમને જોઈને તથા તેમના બોલાવવાથી તેમની પાસે આવીને ઊભી છે, અને ત્રિશલાદેવી હાથના ઊલાળા સાથે તથા વિવિધ હાવ-ભાવ સાથે તેમને કાંઈક કહેતાં જણાય છે.

દશ્ય ૨ : ગામનું પાદર. ત્યાં રમવાનું મોટું મેદાન. એમાં થોડાંક સમવયસ્ક બાળકો રમે છે. એમાં એક બાળક રાજવંશી બાળકને શોભે તેવાં જરકશી વસ્ત્રો તથા બહુમૂલ્ય છતાં અલ્પ ઘરેણાં પહેરેલો ધીર-ગંભીર-નિર્ભીક ચાલે મક્કમ ડગ ભરી રહ્યો છે. તેની સામે જ રમતના કેન્દ્રસમો વાંસનો થાંભલો છે, અને તેના ફરતો એક કદાવર, વિકરાળ, કાળોતરો પણ લાલ આંખો ધરાવતો, લાંબી જીભે ફૂંફાડા મારતો નાગ વીંટળાયેલો છે. તો તે સ્તંભથી જરા દૂર બીજા પાંચ-સાત બાળ-ગોઠિયા આમથી તેમ નાસભાગ કરતાં અને ચીસો પાડતાં અને પેલા બાળકને, જેનું નામ 'વર્ધમાન' છે તેને, 'દૂર ભાગ, એ નાગ બાળી નાખશે, નજીક ના જતો' એવું મોટેથી સંભળાવતા જોવામાં આવે છે.

અને હવે, આ બંન્ને દશ્યોને એકમેક સાથે સાંકળીને થતી 'શુભવીર'ની વાત આપણે સાંભળીએ :

**વીરકુંવરની વાતડી કેને કહિયે, કેને કહિયે રે કેને કહિયે,**
**નવિ મંદિર બેસી રહિયે, સુકુમાલ શરીર ...૧**

વાત આમ છે : કાયમ ઓઝલમાં રહેનારાં રાણીને આજે અચાનક જાહેર રસ્તા પર ઓટલે બેઠેલાં દેખીને તેમની સહિયરો તેમને વીંટળાઈ વળી છે, અને પૂછે છે, રાણીબા ! એવી તે શી વાત બની છે કે આજે આમ તમારે બહાર આવવું પડ્યું ? ત્યારે રાણી કહે છે કે "બેન, માની પાસે એના લાડલા કુંવર સિવાય કોની વાત હોય ? જો ને, આ મારા વીરકુંવરની વાતો એવી તો અટપટી છે કે કોઈને કહ્યા સિવાય ચેન ન પડે ! પાછું એ કોઈને કહિયે તો કોઈ સાચીયે માને નહિ, એટલે કહેવી તો કહેવી પણ કોને ? પાછો એ તો રમવા ગયો છે, ને હજી પાછો આવતો નથી ! એનું શરીર કેટલું કોમળ કોમળ છે ! એ થાકી નહિ ગયો હોય ? એને ઘરમાં બેસી રહેવું તો ગમતું જ નથી ! આ એની વાટ જોતાં હું અધીરી થઈ છું, તે ઓટલે આવીને બેઠી છું. હવે તો એ આવે તો હાશ થાય".

ત્રિશલામા ભાવાવેશમાં બોલ્યે જ જાય છે, અને સહિયરો પણ તલ્લીન થઈને એમને સાંભળ્યે જાય છે. મા તે મા જ હોય છે : ચાહે તે ચક્રવર્તીની મા હોય, કોઈ રાંક બચ્ચાની મા હોય, કે પછી તીર્થંકરની મા હોય : એને તો એના લાડકવાયા બાળકમાં જ એનું સમગ્ર વિશ્વ સમાયેલું હોય છે. એટલે જ, એના લાડલાની વાત કરવાનો મોકો મળે ત્યારે એ બાકીની આખી દુનિયાને વીસરી જાય છે. ત્રિશલામા

પણ વીરકુંવરની વાત કરવામાં એવાં જ તલ્લીન બની બેઠાં છે. એ કહે છે : મારો દીકરો કોનો કોનો ને કેવો લાડકો છે એ તમે જાણો છો ? જુઓ :

**બાળપણાથી લાડકો નૃપભાવ્યો, મળી ચોસઠ ઈન્દ્રે મલ્હાવ્યો,**
**ઈન્દ્રાણી મળી હુલરાવ્યો, ગયો રમવા કાજ ...૨**
**છોરુ ઉછાંછળાં લોકનાં કેમ રહિયે, એની માવડીને શું કહિયે ?**
**કહિયે તો અદેખા થઈએ, નાસી આવ્યાં બાળ ...૩**

"મારો લાલ જન્મ્યો તે જ ક્ષણથી - બચપણથી જ, રાજાજીને - એના પિતાને ભારે લાડકો હતો તે તો તમે બધાં જાણો છો. પણ એને હિંચોળવા અને રમાડવા ૬૪ ઈન્દ્રો અને ઈન્દ્રાણીઓ રોજ આવતાં એની તમને ક્યાંથી ખબર હોય ? એ તો બધાં દેવ ! દેવમાયાથી આવે અને અલોપ પણ થઈ જાય ! પણ એ બધાંને પણ મારો કુંવર બહુ વ્હાલો હોં ! અને આ બધાંને એ આટલો વ્હાલો હોય તો મને - એની જનેતાને એ કેવો વ્હાલો હોય ? અને આટલા બધા વ્હાલુડાને આમ જંગલમાં ગામનાં છોકરાં જોડે રમવા જવા દેતાં મારો જીવ શેં ચાલે ? ના મા, હું તો એને મારી આંખથી એક પળ માટેયે વેગળો જવા ના જ દઉં. પણ બેન, આ છોકરાં કોઈનું માને ખરા ? લાખ ના પાડી તોયે મારો વર્ધમાન માન્યો નહિ, અને ભેરૂબંધો જોડ રમવા જતો જ રહ્યો !

"તમને થતું હશે કે છોરો રમવા ગયો એમાં આવડી અથરાઈ શાની ? છોકરાં તો રમે ! રમતાં જ ભલાં ! વાત તમારી સાવ સાચી છે. પણ બાઈ, છોકરા-છોકરામાં પણ મોટો ફેર હોય છે, એ તમે જાણો છો ? મારો છોકરો એટલે રાજકુમાર, સુકુમાળ કાયાનો ધણી, એકદમ શાન્ત, સૌમ્ય ! અને એના ભેરૂબંધ બનેલા આ ગામ-લોકના છોકરા કેવા ઉછાંછળા-ઉદ્ધત અને તોફાની, તે તમે નથી જાણતાં ? ઘણીવાર થાય કે એમનાં માવતરને કહીએ કે તમારા છોકરાને જરાક સુધારો, સંસ્કાર આપો; પણ એવું કોઈ સાંભળે ખરા ? ઊલટાનાં એ આપણને જ બે માઠાં વેણ સંભળાવી જવાનાં ! આપણે એમની અદેખાઈ જ વેઠવી પડે ! પણ બેન, આજે તો અદેખા થવું પડે તો થઈને પણ મારે એમને બે કડવાં વેણ કહેવાં જ પડે એવું બની ગયું છે : એમના તોફાની છોકરા મારા વર્ધમાનને મેદાનમાં એકલો અટૂલો છોડીને ભાગી આવ્યા છે આજે ! અને મેં સાંભળ્યું છે કે રમતના મેદાનમાં આજે ગજબનો બનાવ બની ગયો છે. તમે જ કહો, હવે મારો જીવ - માનો જીવ ઝાલ્યો રહે ખરો ?"

અહીં આપણે જરા થોભીએ, અને આ દશ્યને ફરીથી નિહાળી લઈએ :

ત્રિશલામાતા ઓટલા પર બેઠાં બેઠાં પોતાના લાડલા વિષે વાત કરી રહ્યાં છે. વાત કરતાં કરતાં તેમનો અવાજ ઘડીકે ભાવાર્દ્ર તો ઘડીકે ઊંચો થતો જાય છે. તેમનો આટલો ઊંચો અવાજ સાંભળીને રસ્તે જતાં આવતાં લોકો ત્યાં ટોળે વળે છે અને સાહેલી-સહિયરો માતાને ઘેરી વળે છે. એ બધાંને જોઈને માતા રંગમાં આવી ગયાં હોય તેમ પોતાની વાત આગળ ધપાવતાં બધાંને પૂછે છે : "ખબર છે તમને કે આજે રમતના મેદાનમાં શું બની ગયું ? અને આ પ્રશ્ન પૂછવા સાથે જ, કોઈ જવાબ આપે છે કે નહિ તેની રાહ જોયા વિના જ ત્રિશલાદેવી બોલવા લાગ્યાં :

**આમલકી ક્રીડા વંશે વીંટાણો, મોટો ભોરિંગ રોષે ભરાણો,**
**હાથે ઝીલી વીરે તાણ્યો, કાઢી નાખ્યો દૂર ...૩**
**રૂપ પિશાચનું દેવતા કરી ચલિયો, મુજ પુત્રને લેઈ ઊછળિયો,**
**વીરમુષ્ટિપ્રહારે વળિયો, સાંભળિયે એમ ...૪**

"આજે બધાં બાળકો અને મારો વીરકુંવર થપ્પો થપ્પો રમતાં હતાં ત્યારે શું બની ગયું, ખબર છે ? થપ્પાનો થાંભલો હતો ને, તેના પર એક ભયંકર કાળોતરો નાગ આવીને વીંટળાઈ વળ્યો ! બાળકોને તો રમવાની ધૂનમાં કાંઈ ખબર નહિ, અને રમતાં રમતાં થાંભલા તરફ ભાગ્યાં. પણ નજીક પહોંચે અને થપ્પો કરવા જાય ત્યાં જ પેલા નાગે એવો તો જોરદાર ફૂંફાડો માર્યો કે બાળકો સ્તબ્ધ ! બધાં જ્યાં હતાં ત્યાં જ જડાઈ ગયાં. પળવાર પછી એકાએક બાળકોને ખ્યાલ આવ્યો, અને એ સાથે જ બધાં ચીસો પાડતાં નાઠાં. એવાં નાઠાં કે કોઈ પાછું વળીને જોવાય ઊભું ન રહ્યું. બેન, બધાં ભાગી છૂટયાં, પણ મારો વીર ત્યાં જ રહી ગયો ! એ ભાગ્યો નહિ, કે ભાગી શક્યો નહિ, એની તો ખબર નથી, પણ એનો એકેય ભાઈબંધ એને માટે ઊભો ના રહ્યો; બધાં જ એને એકલો છોડીને દૂર દૂર નાસી ગયાં, એ નક્કી."

ત્રિશલામાતાનો આવેગભર્યો અવાજ સ્તબ્ધ વાતાવરણમાં જાણે કે પડઘાયે જતો હતો, અને સામે ઊભેલાં સહુના શરીરમાં, આ સાંભળતાં સાંભળતાં ભયનું લખલખું વ્યાપી રહ્યું હતું. સૌની વ્યાકુળ આંખોમાં એક જ સવાલ ડોકાતો'તો : પછી શું થયું ? આપણા કુંવરને કાંઈ થયું તો નથી ને ? આ સવાલ વાંચીને તેનો જવાબ આપતાં હોય તે રીતે ત્રિશલાદેવીએ વાત આગળ વધારી :

"પણ મારો વીર એટલે વીર જ હોં. એ ભાગ્યો તો નહિ, ડર્યો પણ નહિ. એ તો ધીમે અને મક્કમ પગલે થાંભલા ભણી આગળ વધ્યો. પેલો નાગ ફૂં ફૂં કરતો રહ્યો, અને વર્ધમાને તેને તેના મુખભાગથી જ પકડ્યો, દબાવ્યો, તેના થાંભલા ફરતા ભરડાને ઉકેલ્યો, અને હવામાં ગોળ ગોળ ફેરવીને આકાશમાં એવો તો ફંગોળ્યો કે કયાંય દૂર જઈને પડ્યો, અને પડ્યો એવો જ અલોપ !"

અદ્ધર શ્વાસે સાંભળતા લોકોને પોતાના કાન ઉપર વિશ્વાસ નહોતો બેસતો. ૭-૮ વર્ષનું બાળક, ૧૦-૧૨ હાથ-લાંબો અને ખૂબ જાડો કાળોતરો નાગ, અને એવડું અમથું બાળક આવડા મોટા નાગને હાથ વડે પકડીને દૂર ફગાવે ? માન્યામાં કેમ આવે ? પણ એમની આ અશ્રદ્ધા પ્રતિ ધ્યાન કોણ આપે ? માતા તો એમના તાનમાં બોલ્યે જ જાય છે. એ કહે, "એ પછી આજે શું બન્યું એ તમે જાણ્યું ? ના, ના, નહિ જ જાણ્યું હોય. સાંભળો ! હું કહું : નાગને વર્ધમાન કુંવરે ફેંકી દીધો એ જોઈને, અને નાગ હવે દૂર દૂર પણ કયાંય છે નહિ તેની ખાતરી થતાં, બધા છોકરા પાછા ભેગા થઈ વર્ધમાન પાસે ગયા, અને થોડી જ વારમાં પાછા રમવામાં મશગૂલ થઈ ગયા. આ વખતે તેઓએ એવી શરતવાળી રમત માંડેલી કે બધા છોકરા એકબીજાને જડે નહિ તેમ સંતાઈ જાય. જેને બીજો શોધી કાઢે તે હાર્યો ગણાય, અને શોધનારો જીત્યો ગણાય. હારેલાએ જીતનારાને પોતાના ખભા પર બેસાડવાનો. આવી રમત એ રમતા હતા, એમાં ઓચિંતો એક નવો છોકરો આવીને રમતમાં જોડાઈ ગયો. તેણે મારા વીર સાથે શરત બકી અને રમત માંડી. કોણ જાણે કેવી રીતે, પણ તે થોડીક જ પળોમાં હારી ગયો, એટલે શરત પ્રમાણે એણે વીરને ખભે બેસાડી દીધો. પણ બેન, વીર જેવો એના ખભા પર બેઠો એવો જ એ ભયંકર અને કદાવર મોટો જબરો રાક્ષસ જેવો થઈ ગયો ! નક્કી કોઈ ચરિતર જ હશે ! કોડા જેવી આંખો, દંતૂશળ જેવા દાંત, પીંગળા અને લોઢાના તાર જેવા વાળ, અને તાડ કરતાંયે ઊંચી કાયા ! એનો રંગ પણ છળી મરીએ એવો, કાબરચીતરો ! એના ખભા પર બેઠેલો વીર તો સાવ નાનકડો રમકડા જેવો ભાસે ! એને લઈને આ રાક્ષસ તો મોટી ફલાંગો ભરતો જાય ભાગ્યો ! એ જોઈને જ બાકીના છોકરા તો એવા નાઠા કે સીધા પોતાના ઘેર ! મારા લાલની તો કોને પડી હોય ? પણ મૂઠી વાળીને ભાગતા ભાગતા એ છોકરાઓએ પાછું વાળીને જોયું તો એમણે જોયું કે મારો વીર એક જોરદાર મૂઠી પેલા દૈત્યના માથા પર મારી રહ્યો હતો, અને એના અસહ્ય પ્રહારથી એ દૈત્ય બેવડ વળતો નાનો થઈને વીરને નીચે ઊતારી એના પગ પકડી રહ્યો હતો."

પોતાના લાડલાએ કરેલા પરાક્રમની, સાંભળેલી વાત કહેતાં કહેતાં ત્રિશલામાતા એકદમ મોજમાં આવી ગયાં; પણ પાછું પોતાના લાલને એના ભેરૂબંધોએ સાવ એકલો છોડી દીધાની હરકત યાદ આવતાં ચિંતામાં વ્યાકુળ થઈને સહિયરો પર વરસીયે પડ્યાં. અને આમ ને આમ વાતો કરતાં કરતાં એમની જીભ 'મારો વીર, મારો લાલ' નું રટણ કરવા માંડી, અને એમણે સેવકો દ્વારા વીરકુંવરને તત્કાલ બોલાવી મંગાવ્યા. માતાની આ ગતિવિધિનું કવિએ એક શબ્દ-લસરકે આમ આલેખન કર્યું છે :

**ત્રિશલા માતા મોજમાં એમ કહેતાં, સખીઓને ઓળંભા દેતાં,**
**ક્ષણ ક્ષણ પ્રભુ નામ જ લેતાં, તેડાવે બાળ ...૫**

અને તેડાવેલા કુંવર આવતાં જ, ઓટલા પર જ બેઠેલાં માતા કુંવરને તેડીને કેવાં વહાલ એના પર વરસાવે છે તે પણ કવિના મુખે જ સાંભળીએ :

**વાટ જોવંતા વીરજી ઘેર આવ્યા, ખોળે બેસારી હુલરાવ્યા,**
**માતા ત્રિશલાએ ન્હવરાવ્યા, આલિંગન દેત ...૬**

કવિ જાણે આંખે દેખ્યો હેવાલ આપી રહ્યા છે ! કુંવર આવ્યા, માએ લાગલા જ તેને તેડી લીધા અને ખોળામાં લીધા; ખોળાને હીંચકે જ માએ કુંવરને હુલરાવ્યા પછી માતા કુંવરને તેડીને ઊઠયાં, રાજભુવનમાં અંદર ગયાં; ત્યાં પોતાના એ કાળજાના ટુકડાને સ્નાન કરાવી ચોખ્ખો-નરવો કર્યો; નવાં કપડાં સજાવ્યાં, અને પછી છાતીસરસો ચાંપીને માથું સૂંઘતાં સૂંઘતાં વ્હાલી વ્હાલી કરી રહ્યાં !

કુશળ ચિત્રકાર જેમ ચિત્રના મુખ્ય વિષયનું ભાવપ્રવણ આલેખન કર્યા પછી, આસપાસના પરિવેષનું ચિત્રણ પીંછીના એક લસરકે કરી નાખે તેમ, કવિ પણ, પોતાની વાત આ રીતે અહીં આટોપે છે :

**યૌવનવય પ્રભુ પામતાં પરણાવે, પછી સંયમશું દિલ લાવે,**
**ઉપસર્ગની ફોજ હઠાવે, લીધું કેવળજ્ઞાન ...૭**

માતાનાં આવાં લાડ આપણા વીરકુંવરને જેમ જેમ મળતાં ગયાં, તેમ તેમ તેઓ સર્વાંગે અને સર્વાંશે વૃદ્ધિ પામતાં પામતાં યુવાન થયા; માતા-પિતાએ રાજકન્યા યશોદા સાથે તેમને પરણાવ્યા; માતા-પિતાની વિદાય પછી સંયમપંથે સંચર્યા; સંયમ સાધવામાં અનેક ઉપદ્રવો આડે આવ્યા, તે તમામને હઠાવ્યા અને વિજયી થઈને કેવળજ્ઞાનને વર્યા. એ પછી :

**કર્મસૂદન તપ ભાખિયું જિનરાજે, ત્રણ લોકની ઠકુરાઈ છાજે,**

**ફળપૂજા કહી શિવકાજે, ભવિજનને ઉપગાર ...૮**

તેઓ હવે જિનરાજ બન્યા અને દેશના આપી. દેશનામાં કર્મસૂદન તપનું તેમણે પ્રતિપાદન કર્યું અને ભવ્યજનો પર ઉપકાર કર્યો. ત્રણ લોકના તે ઠાકુર બન્યા, અને તેમણે જિનપ્રભુની અષ્ટપ્રકારી પૂજામાં ફળપૂજા કરવાનું, અને ફળપૂજા કરે તેને મોક્ષરૂપ ફળ મળે તેમ કથન કર્યું. આમ વર્ષો સુધી દેશના દ્વારા ભવ્યોનો ઉપકાર કરતાં કરતાં છેવટે તેમણે :

**શાતા અશાતા વેદની ક્ષય કીધું, આપે અક્ષયપદ લીધું,**

**'શુભવીર'નું કારજ સીધ્યું, ભાંગે સાદિ અનંત ...૯**

સુખ અને દુઃખનો નાશ કરી અક્ષય એવા મોક્ષસુખને વ્હાલું કર્યું; અને સાદિ અનંતને ભાંગે જગતને શુભકારી એવા વીર પ્રભુએ પોતાનું કાર્ય સાધી લીધું.

અહીં આ ઢાળ સમાપ્ત થાય છે, એ સાથે જ એક અદ્‌ભુત શબ્દચિત્રનું અવલોકન-ગુંજન-રસપાન પણ પૂર્ણ થાય છે.

**(અષાઢ, ૨૦૬૯)**

* * *

## (૧૦)

### આર્હન્ત્યં પ્રણિદધ્મહે

૧

તીર્થંકર થનાર આત્મા જ્યારે સંયમ ગ્રહ્યા પછી અર્હદ્વાત્સલ્ય આદિ સ્થાનક પદોની સાધના કરે છે, ત્યારે તેમનામાં 'આર્હન્ત્ય' નો પ્રાદુર્ભાવ થવા માંડે છે.

આર્હન્ત્ય એટલે કરુણા, વાત્સલ્ય.

મુનિપદ અને ધર્મસાધના હોવાને કારણે છ જીવનિકાયની કરુણા તો હોય જ ; પરંતુ તે કરુણા અને આ કરુણામાં એક પાયાનો તફાવત હોય :

પેલી કરુણા તે કોરા સાક્ષીભાવે કે મધ્યસ્થભાવે થતી કરુણા છે. એમાં સ્વકલ્યાણ મુખ્ય લક્ષ્ય હોય છે, અને તેના સાધનલેખે કરુણા થતી હોય છે. બીજાનું અહિત કરીશ તો મારું કલ્યાણ જોખમાશે એવી સમજણપૂર્વક થતી એ કરુણા છે. એમાં સૌના કલ્યાણની આશંસા છે, ઈચ્છા છે, પણ કર્તૃત્વ નથી હોતું. 'સૌનું કલ્યાણ થાવ' એવી આશંસા હોવી એ કર્તૃત્વભાવ વિનાના સાક્ષીભાવમૂલક કરુણાના ઘરની આશંસા છે, પણ તે માટેનું પોતાનું કર્તૃત્વ નથી હોતું; હું બધાનું કલ્યાણ કરું - એવો ભાવ એમને નથી હોતો. એમને તો 'હું કોઈનું ખરાબ ન કરું, બાકી સૌનું કલ્યાણ થાય એમ ઈચ્છું' આવો જ ભાવ હોય છે. આ છે કર્તૃત્વરહિત સાક્ષીભાવ.

તીર્થંકર થનારા પુણ્યાત્માની કરુણાની વાત જરા જુદી છે. સ્થાનક પદોની આરાધના એના ચિત્તમાં એક નવીન ભાવ પ્રેરે છે : 'મારે સૌનું કલ્યાણ કરવું છે.' સૌનું કલ્યાણ થાય એવી આશંસા-માત્રથી એને સંતોષ કે સાંત્વન નથી મળતું, એને તો હવે પોતે થઈને સૌનું કલ્યાણ કરવું એ જ મનભાવતી વાત બને છે. પોતાનું કર્તૃત્વ જેમાં નથી, તેવી માત્ર મધ્યસ્થભાવના ઘરની, "સૌનું કલ્યાણ થાય" તેવી ભાવના તે તેને મન વાંઝણી કરુણા છે, ને તેને આવી કરુણામાં રસ નથી. તેને તો પોતાનું કર્તૃત્વ જેમાં સોળે કળાએ ખીલતું હોય અને પ્રયોગમાં આવતું હોય, તેવી કરુણામાં જ રસ પડે છે. તેના ચિત્તમાં એવો ભાવ થાય છે કે હું મારામાં એવી શક્તિ પેદા કરું કે જેના બળે હું સૌનું કલ્યાણ કરી શકું ને સૌનું કલ્યાણ થાય તેવો માર્ગ પ્રવર્તાવી શકું. માત્ર મારું કલ્યાણ થાય એટલામાં મને રસ નથી. કોઈનુંય અશુભ કે અહિત ન થાય - મારા વડે, એટલી જ ચિંતા મને ફાવે તેમ નથી. 'સૌનું ભલું થાય' એવી ભાવના ભાવીને બેસી રહેવામાં મને ઉલ્લાસ નથી

થતો. મને તો હવે એક જ વાત જોઈએ : મારા હાથે સૌનું કલ્યાણ કરું, સૌને દુઃખમુક્ત કરું.

આ કરુણા છે કર્તૃત્વભાવથી મઢેલી કે મહેકતી કરુણા. આટલું કર્તૃત્વ જો તેમનામાં ન હોત તો કદાચ તેમની તપસ્યાના બળે તેમનો તે જ ભવમાં મોક્ષ થયો હોત. પણ કર્તૃત્વ અને આવી ઈચ્છાના બંધનને કારણે તેઓ મુક્ત થવાને બદલે એક અપેક્ષાએ બંધાય છે; જિનનામકર્મ વડે બંધાય છે.

સ્થાનકપદોની આરાધના કરતાં કરતાં, કોઈક ધન્ય પળે, તેઓના હૃદયમાં સૌના કલ્યાણની કામનાનું વાવેતર થાય છે, અને ફળદ્રૂપ ભૂમિમાં વવાયેલા ઉત્તમજાતિના બીજને અનુકૂળ સંયોગો મળતાં જ જેમ તે અંકુરિત થતું જતું પલ્લવિત થઈ ઊઠે તેમ તેમના હૃદયમાં વવાયેલી તે ભાવના વધતી-વિકસતી-પલ્લવિત થતી થતી એવી તો સઘન બને છે કે તેમના આત્માના પ્રદેશે પ્રદેશે, હૈયાના અણુ-અણુમાં અને શરીરના કણ કણમાં તે વ્યાપી જાય છે અને એ ભાવના વાત્સલ્યમાં રૂપાંતર પામીને 'આર્હન્ત્ય' બની જાય છે, જે એ આત્માને જિનનાકર્મ નિકાચિત (ઘટ્ટ-ગાઢ) કરવાનું અને ભવિષ્યમાં - ભવાંતરમાં તીર્થંકર બનવાનું સબળ બીજ કે નિમિત્ત બની રહે છે.

૨

તીર્થંકર થનાર પુણ્યાત્મા દેવ થાય તો ત્યાં પણ તેનું સ્વરૂપ અને વર્તન અન્ય દેવો કરતાં વિશિષ્ટ અને નિરાળું હોય તેવી કલ્પના અવશ્ય થઈ શકે. દેવભવ તે આત્મા માટે 'શિવમારગ-વીસામો' જ બની રહે. ત્યાં પણ તે કોઈનું અહિત ન આચરે કે અહિતકર પ્રયોજનોમાં ભાગ પણ ન લે. સાર એટલો જ કે બાહ્ય રૂપથી એ ભલે દેવ હોય, પરંતુ અંદર તો તેના 'આર્હન્ત્ય' નો નિખાર ચાલ્યા જ કરતો હોય, એમ કલ્પી શકાય.

સામાન્ય દેવ પણ જો એકાવતારી હોય તો તેના અંતિમ મહિનાઓ અને દિવસો ગ્લાનિ, મ્લાનિ કે હાનિમાં વ્યતીત થતા નથી; એ તો છેલ્લી ક્ષણ સુધી અગ્લાન, અમ્લાન અને તેજોમય જ રહેતા હોય છે, એમ શાસ્ત્રવચન છે. જો એક સામાન્ય દેવની પણ આ વિશિષ્ટતા હોય તો જે દેવ માત્ર એકાવતારી જ નહિ, પરંતુ સાક્ષાત્ તીર્થંકર થવાનો છે, તેની વિભૂતિ અને ઐશ્વર્યની તો વાત જ શી કરવી ? એમનું બાહ્યાન્તર બધું સ્વરૂપ દેવભવના અંતસમયપર્યંત વૃદ્ધિંગત અથવા તો દેદીપ્યમાન જ હોય.

'આર્હન્ત્ય' એક અચિંત્ય શક્તિ છે : આત્મિક શક્તિ પણ અને પૌદ્ગલિક શક્તિ પણ. એક આત્માનું, વિશ્વહિતના તેમ જ વિશ્વમૈત્રીના ભાવથી અભિવ્યાપ્ત પુણ્યાત્માનું આત્મબળ, તેમ જ તપ અને સાધનાના પરિપાકસ્વરૂપે એ આત્માએ ઉપાર્જન કરેલ જિન-નામકર્મના પરમાણુઓની પુણ્ય-વર્ગણાઓ - આ બન્નેના સમાગમ થકી એ પુણ્યાત્મામાં પ્રસ્ફુટિત થયેલી પ્રચંડ ઊર્જા એ જ 'આર્હન્ત્ય.'

વિશ્વકલ્યાણકર આ આર્હન્ત્ય-ઊર્જાનો પોતાના આત્મપ્રદેશોમાં આવિર્ભાવ અને સંચય કરનાર ઊર્જસ્વી પુણ્યાત્મા જ્યારે પૃથ્વીલોક પ્રતિ પ્રયાણ કરે, ત્યારે તેમનું ચ્યવન કહો કે અવતરણ - તે એક વિશ્વકલ્યાણકારક મંગલ ઘટના બની રહે છે; એ ઘટના આપણે ત્યાં 'ચ્યવન કલ્યાણક' તરીકે ઓળખાય છે.

'આર્હન્ત્ય' એ એક કિરણોત્સર્ગી પ્રશસ્ત પરિબળ છે. એના સ્વામી બનનારનો ભૌતિક આવિષ્કાર જેમ જેમ વિકસતો - વધતો જાય, તેમ તેમ તે ઊર્જાનો કિરણોત્સર્ગ પણ વૃદ્ધિંગત બનતો જાય અને તે સાથે જ, તેના દ્વારા થતા લોક-કલ્યાણનો વ્યાપ પણ વિસ્તરતો જાય.

અર્હંતોનું ચ્યવનકલ્યાણક થાય તે સાથે જ, માતાના ઉદરમાં જેમ જેમ તેમની શારીરિક વૃદ્ધિ સધાતી જાય તેમ તેમ, તે રાજ્યમાં શાંતિ, આબાદી, સમૃદ્ધિ વગેરે હકારાત્મક પરિબળો અનાયાસ તથા અણકલ્પી રીતે સધાતાં-વધતાં જાય; તો અશિવ-ઉપદ્રવો, અશાંતિ, દુશ્મનનાં આક્રમણો, વૈર-વિરોધો, પરાજય વગેરે નકારાત્મક પરિસ્થિતિઓનો અકારણ જ - આપમેળે - અંત આવી જાય. શ્રીશાંતિનાથ, શ્રીવર્ધમાનસ્વામી, શ્રીઅજિતનાથ વગેરે જિનેશ્વરોના ચરિત્ર-પ્રસંગો આ વિધાનનું સમર્થન કરી શકે તેમ છે.

આ ઊર્જસ્વી આત્માના શરીરરૂપે પ્રાગટ્યનું નામ છે 'જન્મકલ્યાણક'. આ આત્મા અકાળે ન જન્મે; ગર્ભાવસ્થામાં કે જન્મસમયે માતાને વિકૃતિ કે પીડા ન કરે; સ્વયં પણ પીડામુક્ત હોય અને તેમના જન્મ-સમયે તેમની આર્હન્ત્ય - ઊર્જાનો એટલો તો પ્રચંડ વિસ્ફોટ થાય કે તેનો કિરણોત્સર્ગ સમગ્ર જીવલોકમાં પ્રસરી જાય, અને જગતમાં જ્યાં પણ જીવસૃષ્ટિ હોય ત્યાં તે તમામ જીવાત્માઓને, તે પળે, અલૌકિક આહ્લાદની અકથ્ય અનુભૂતિ અવશ્યમેવ થાય.

કલ્યાણક એટલે જ પ્રશસ્ત વિસ્ફોટ. છપ્પન દિશાકુમારીઓનાં અને ચોસઠ ઈન્દ્રોના આસનો એકાએક કંપી ઊઠે, સર્વત્ર પ્રકાશ પથરાય, તે પણ આ વિસ્ફોટનો જ પ્રભાવ ગણાય.

ગૃહસ્થદશામાં વર્તતા આ અર્હંતો જ્યાં જાય ત્યાં સ્વપરને લાભ થાય, હાનિ મટે; વિજય મળે, પરાભવ ટળે; સુખ વધે, દુઃખ અને રોગો શમે; એમના જીવનની પ્રત્યેક પળ તથા પ્રત્યેક પ્રસંગ કલ્યાણવંત જ હોય.

નિત્યજાગૃત અને સ્વયંપ્રબુદ્ધ આ પુણ્યાત્મા, પૂર્વસંચિત અન્ય શુભકર્મોના કારણે સંસારલીલા નિર્લેપ-અનાસક્ત-ભાવે માણે ખરા, પરંતુ તેમનું લક્ષ્ય તો આત્મપ્રદેશોમાં વિલસતા જિન-નામકર્મને અને આર્હન્ત્યની વિશુદ્ધ ઊર્જાને ઉત્થિત-ઉદ્‌બુદ્ધ કરવાનું જ વર્તતું હોય. એટલે એનો કાળ સમીપે આવતાં જ, એ ઊર્જાના પ્રભાવે લોકાંતિક દેવોનાં આસનો કંપે. વિજ્ઞપ્તિ કરવા તે દેવો આવે; દુઃખ-દારિદ્ર્ય અને દર્દનો નાશ કરનાર : વાર્ષિક દાન અપાય, અને તેના અંતે તે પુણ્યપુરુષ ચારિત્રધર્મ ગ્રહણ કરે. એનું નામ 'દીક્ષાકલ્યાણક'.

આ કલ્યાણકના અવસરે એક વિલક્ષણ વિસ્ફોટ તે આત્માની અંદર થાય, જેના પરિણામે તેમને ચોથું જ્ઞાન પ્રગટ થાય.

આ પછી શરૂ થાય એક અદ્‌ભુત આત્મસાધના : જે એક તરફ તેમને આર્હન્ત્ય-ઊર્જાના પરમોચ્ચ વિસ્ફોટ અને તે દ્વારા પ્રાપ્ત થતા પૂર્ણ જ્ઞાન-દર્શન ભણી દોરી જાય, તો બીજી તરફ તેમના અંતરાત્મામાં, ગત જન્મોમાં તેમણે સેવેલી 'સૌનું કલ્યાણ મારે સ્વયં કરવું છે' એવી ઉત્કટ ઝંખનાને સફળ બનાવનારી બની રહે.

આ આત્મસાધના જ્યારે તેની પરાકાષ્ઠાએ પહોંચે, ત્યારે શુકલધ્યાનના મધ્યાંતરમાં વર્તતા એ આત્મામાં જે અતિપ્રચંડ વિસ્ફોટ સર્જાય, તેનું નામ 'કેવળજ્ઞાન કલ્યાણક.' આ વિસ્ફોટ બાદ એ આત્મા જ્યાં વિચરે ત્યાં સાત ભયો ન ટકે; સવાસો યોજનના વાયુમંડળમાં રોગાદિ ઉપદ્રવો ન સંભવે; અને એવા અગણિત બાહ્ય - આભ્યંતર વિશ્વહિતકર પ્રકારો તેમના પ્રભાવ વડે, સાંનિધ્યબળે અને વાણી દ્વારા રચાતા રહે. અસંખ્ય આત્માઓ મોક્ષપદ પ્રાપ્ત કરે અને દુર્ગતિથી તેમ જ ભવભ્રમણથી ઉગરે, તે પણ આ આર્હન્ત્યની ઊર્જાનો જ પ્રતાપ. સદેહે શક્ય હોય તેટલું પ્રત્યક્ષ લોકકલ્યાણ કર્યા બાદ, ભૌતિક સત્તાને નામશેષ કરી શુદ્ધ આત્મસત્તાને અર્થાત્ આર્હન્ત્યના અવિકૃત પૂર્ણાવતારને પ્રાપ્ત કરવાની અંતિમ જીવન-ઘટના તે 'નિર્વાણ કલ્યાણક'. દેહનો દીવો ઓલવાય, પણ આત્મસ્વરૂપમાં વિલસતો પૂર્ણ જ્ઞાનનો અખંડ દીવો તો શાશ્વતકાળ પર્યંત જગતસમસ્તને અજવાળતો જ રહેવાનો - આ ઘટના પછી.

આપણે ત્યાં એક વિશિષ્ટ પ્રણાલી છે : તીર્થંકરોના શાસનકાળની. દરેક તીર્થંકરના નિર્વાણ પછી પણ તેમનું શાસન નિયત કાળ સુધી પ્રવર્તતું જ રહે છે. આનો અર્થ શું ? એક દષ્ટિકોણથી વિચારીએ તો આનો અર્થ એવો તારવી શકાય કે જે જિનેશ્વર મોક્ષપદ પામે, તેમનો આત્મા, પોતાના આત્મ-પ્રદેશોને વળગેલી જિનનામકર્મની વર્ગણાઓને અહીં જ, આ સૃષ્ટિ પર જ છોડી જાય છે; આ 'જિનનામ' નો પરમાણુપુંજ કેવો ઊર્જાવંત અને કિરણોત્સર્ગી છે, તે તો આપણે જોયું જ. એમ કલ્પના કરીએ કે એ અત્યંત વિશિષ્ટ-વિલક્ષણ કર્મપરમાણુપુંજ જ્યાં સુધી પોતાની ઊર્જા અને કિરણોત્સર્ગ, આ જગત પર પ્રસારતો - રેલાવતો વર્તે, ત્યાં સુધી તે પરમાત્માનું શાસન પ્રવર્તતું રહે, તો તે કલ્પના કેટલી બધી મજાની લાગે !

આ બધી જ વાતો,માત્ર એક અનુપ્રેક્ષાત્મક સંવેદન છે. આમાં ક્ષતિ હોય તો તેના માર્જનને પૂરો અવકાશ છે.

* * *

## (૧૧)

## કવિ-જન - હૃદયમાં ઊછળતાં ભક્તિરસ-તરંગોના અધિષ્ઠાતા ભગવાન ગૌતમસ્વામી

ભારતીય જનસમાજ, ઘણા પ્રાચીન કાળથી ભક્તિતત્ત્વને વરેલો છે. ભક્તિ એ જાણે એનો જીવનધબકાર છે. ભક્તિ વિનાનું જીવન, ભારતીય માનવને મન, મીઠા વગરની દાળ સમું છે.

ભક્તિનાં આ લાવણ્યમય તત્ત્વની ભેટ, ભારતીય માનવને આર્યોની ધર્મસંસ્કૃતિ તરફથી મળી છે, એમ કહી શકાય, અને એટલે જ આર્યસંસ્કૃતિનું મૌલિક સૌંદર્ય, ભારતના ભક્તિ-ઉત્સવોમાં મુકતપણે નિખરતું જોવા મળે છે. એ ભક્તિમાં જ્યારે શ્રદ્ધાનું તત્ત્વ ભળે છે. ત્યારે તો એ ભક્તિ, સાકરનાં મિશ્રણવાળાં ગાયનાં શેડકઢા દૂધ જેવી મીઠી લાગે છે. ભક્તિ અને શ્રદ્ધાનું સુભગ મિશ્રણ, માત્ર ભક્તિ કરનારને જ નહિ, પણ એને જોનાર અને માણનારને પણ ઘડીભર ડોલાવી જાય છે.

સામાન્ય રીતે, જેટલો કાળ આર્યસંસ્કૃતિનો તેટલો જ કાળ આ 'ભક્તિ' તત્ત્વનો પણ માનવો જોઈએ. જનપરિભાષાનો કાલ્પનિક ઉપયોગ કરીએ તો 'ભક્તિ અને સંસ્કૃતિ' આર્ય માનવના સહભાવી પર્યાયો છે. અલબત્ત, કાળભેદે એ બન્નેની માત્રામાં વધઘટ થઈ હોવાનું ઇન્કારી ન શકાય. અહીં બહુ દૂરની વાત નહિ કરીએ પણ, આજના ઈતિહાસવિદો કહે છે કે જ્યારથી પુષ્ટિમાર્ગ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી એટલે કે છેલ્લા ૫૦૦ વર્ષમાં, જનસમાજમાં ભક્તિનું એક જોશીલું મોજું ફરી વળ્યું, અને ઉત્તરોત્તર વધતું જ રહ્યું.

ભારતના વિવિધ સંપ્રદાયો પણ એની અસરથી બાકાત ન રહ્યા, તો કવિની કવિતામાં પણ આજ સુધી સૌંદર્ય તો હતું જ, હવે તેમાં ભક્તિનો પ્રવેશ થયો, અલબત્ત સવિશેષપણે જો ભાષા કવિતાનું વાહન હતી, તો કવિતા ભક્તિનું વાહન બની.

ભક્તિ જેમ જેમ કાઠું કાઢતું ગઈ, તેમ તેમ તેણે નવા વિષયો પર પોતાની પસંદગી ઊતારવા માંડી, અને એ સાથે જ, સ્થળ, કાળ તેમ જ ભાષાના સીમાડા ઓળંગીને કવિની કવિતાના માધ્યમથી, પ્રાચીન - અર્વાચીન જનમાન્ય અને રાષ્ટ્રમાન્ય મહાપુરુષો તથા ધર્મપુરુષોનાં જીવનકવનનું શ્રદ્ધાભર્યું ભક્તિગાન સવિશેષ પ્રારંભાયું. એનાં ફલસ્વરૂપે પ્રેમાનંદ ને શામળ જેવા અનેક ભક્ત આખ્યાનકારોની ભેટ ભારતને મળી.

જ્યારે સમગ્ર ધર્મ-સમાજ ભક્તિના મહિમામાં ન્હાતો હોય ત્યારે, સમકાલીન 'જૈનસમાજ' તેમાંથી કઈ રીતે નિર્લેપ રહી શકે ? જેની પાસે સાત્ત્વિક ભક્તિનો ઉમદા અને આગવો પરંપરાપ્રાપ્ત વારસો છે તેવા એ સમાજમાં પણ અનેક ભક્ત કવિઓ પાક્યા અને બહાર આવ્યા. એમનાં કાવ્યો - જેનાં વિવિધ પ્રકારો છે - માંની ભક્તિને, શબ્દ અને અર્થના અલંકારો, પ્રસાદ-ઓજ-માધુર્ય વગેરે ગુણો, ઉત્તમ કોટિની ગેયતા, નવરસઝરતી બાની, આ બધું તો મળ્યું જ; પણ એ ઉપરાંત બે વાનાં એવાં મળ્યાં કે જે એમનાં કાવ્યોને તથા એ દ્વારા એ કવિઓને જનસાધારણના હૈયામાં ચિરસ્થાયી બનાવવામાં કામયાબ નીવડ્યાં. એ બે વાનાં તે આ : ૧. લોકભાષા, જે સામાન્ય - અભણ માનવી પણ સમજી શકે અને હોંશભેર ગાઈ શકે અને ૨. લોકોને પ્રિય પ્રચલિત ઢાળોમાં, પ્રસિદ્ધ તેમજ પ્રભાવક ધર્મપુરુષોની (ક્યારેક અન્ય ઈતિહાસપુરુષોની પણ) અને ધર્મતીર્થોની સ્તુતિ, તેમની જીવનઘટનાઓનું વર્ણન તેમજ ધર્મોપદેશ.

હા, એ જૈન કવિઓના કાવ્યવિષયો મુખ્યત્વે આ રહેતા. કેમકે મહદંશે એ કવિઓ જૈન મુનિઓ હતા. કેટલાક ગૃહસ્થ કવિઓ પણ થયા. પણ તેઓ પણ મુખ્યત્વે આ જ વિષયોને વળગી રહ્યા હોય એવું લાગે છે. અને આ વસ્તુ અસ્વાભાવિક કે અનુચિત પણ નથી.

પંદરમાં સૈકાથી માંડીને અઢારમા સૈકા સુધીના કાળમાં કવિ શ્રીલાવણ્યસમય, શ્રીસમયસુંદર, જિનહર્ષ, શ્રીઉદયરત્ન વાચક, વગેરે સાધુ કવિઓ તેમજ દેપાળ અને ઋષભદાસ વગેરે શ્રાવક કવિઓ થયા, તે બધાનો ગુજરાતી સાહિત્યમાં જેટલો નોંધપાત્ર ફાળો ગણાય છે તેટલો જ ફાળો જનહૃદયના ચિરંતન ભક્તિરસને સમૃદ્ધ અને પુષ્ટ બનાવવામાં પણ છે એ સ્વીકારવું જોઈએ.

ઉપર કહ્યું તેમ, જૈન કવિઓની કવિતાનો એક વિષય - કારણ કે તે જનહૃદયની ભક્તિનો વિષય હતો-'જૈનધર્મના મહાપુરુષોનું સ્તવન તેમ જ ચારિત્રચિત્રણ' હતો. આમાં ભગવાન આદિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી વગેરે તીર્થંકરોનો, અન્ય મહાન આચાર્યોનો અને મહાન ધર્મપ્રભાવક ગૃહસ્થોનો જેમ સમાવેશ થયો છે તે જ રીતે, બલ્કે ક્યારેક તો તેથીયે અદકેરા ભક્તિભાવપુરઃસર, ભગવાન ગૌતમસ્વામીનો પણ સમાવેશ થયો છે.

જૈન સંઘમાં - જૈન જનસમાજમાં, ગૌતમસ્વામીનું સ્થાન અનોખું છે. એમનું આકર્ષણ પણ અપૂર્વ છે. આનું કારણ એમના પુણ્યબળનો પ્રકર્ષ હોય એમ સમજાય છે. ગૌતમસ્વામી ભગવાન મહાવીરના ગણધર હતા. દરેક તીર્થંકરોના (મુખ્ય શિષ્ય) ગણધરોની શક્તિ, લબ્ધિઓ અને જ્ઞાન સમાન હોય છે, માટે શાસ્ત્રોમાં ગણધરો માટે 'सव्वक्खरसन्निवाइया' એવું વિશેષણ પ્રયોજાયું છે. આમ છતાં કોઈપણ ગણધર કરતાં વધુ ખ્યાતિ, યશ અને સ્તુતિ-પૂજા, ગૌતમસ્વામીની થતી જોવા મળે છે.

જો કે દરેક તીર્થંકરોના ધર્મશાસનમાં તેમના ગણધરોની ખ્યાતિ અને મહત્તા હોય છે જ. તેથી ભગવાન મહાવીરના ધર્મશાસનમાં તેમના પ્રમુખ ગણધર તરીકે ગૌતમસ્વામીની મહત્તા હોય એ સ્વાભાવિક છે. તો પણ, ભગવાન મહાવીરનું શાસન પ્રવર્તમાન છતાં ભગવાન ઋષભદેવ અને ભગવાન પાર્શ્વનાથનો મહિમા તો આજે જનહૃદયમાં સૌથી વધારે જોવા મળે છે, તેવો મહિમા એ બધા તીર્થંકરોના ગણધરોનો અત્યારે જોવા નથી મળતો. વળી, ભગવાન મહાવીરના અગિયાર ગણધર જ્ઞાન, લબ્ધિ વગેરેની દૃષ્ટિએ સમકક્ષ હોવા છતાં, અને એમના અંતિમ ગણધર તો સૌથી નાની વયના, દીક્ષા લીધી ત્યારે ફક્ત સોળ જ વર્ષના હોવા છતાં એ બધામાં સર્વાતિશાયી મહિમા - અલબત્ત, જનહૃદયમાં - ગૌતમસ્વામીનો જ છે. માટે જ તો તેઓ અનંતલબ્ધિનિધાન ગૌતમસ્વામી તરીકે વિખ્યાત છે.

એમનો મહિમા જૈનશાસનમાં કેટલો ને કેવો છે, એ જોવા માટે આપણે જરા વિગતોમાં ઊતરીએ :

૧. જૈન આચાર્યોને આચાર્યપદવીના પ્રતીકરૂપે અપાતા સૂરિમંત્રનું કેન્દ્રબિંદુ ભગવાન ગૌતમસ્વામી છે.

૨. એથીયે આગળ વધીને ભગવાન મહાવીરના ધર્મશાસને તો જૈનો માટે પરમ ઉપાસ્ય એવા વીશસ્થાનક પદ પૈકી પંદરમા પદ તરીકે ગોયમપદની પ્રતિષ્ઠા કરી છે. વીશસ્થાનકના અન્ય ઓગણીશ પદોની જેમ જ આ ગોયમપદની વિશુદ્ધ આરાધના કરનાર આત્મા માટે તીર્થંકર બનવાની પૂરી શક્યતાઓ છે. આ વાત વિચારીએ તો ગૌતમગણધરની મહામહિમતા સમજાયા વિના ન રહે.

૩. ભગવાન તીર્થંકર તો રાગ-દ્વેષથી સર્વથા મુકત હોય છે. એટલે મહાવીર પ્રભુ તો ગૌતમગણધર પ્રત્યે પણ વીતરાગ જ હતા. છતાં એમના ચરિત્રનું અવલોકન કરીએ તો ગૌતમગણધર ભગવાનના અનન્ય કૃપાપાત્ર હતા એવી છાપ આપણા મનમાં ઉપસ્યા વિના ન જ રહે. જૈન આગમોમાં પણ અગણિત સ્થળોએ ભગવાન વીરના મુખે ઉચ્ચારાતો 'ગોયમ' શબ્દ જોવા મળે છે. અરે ! માંડવગઢના જૈન મંત્રી પેથડશાહે તો પોતાના ગુરુ આચાર્ય શ્રીધર્મઘોષ સૂરીશ્વરજી મહારાજે જયારે વ્યાખ્યાનમાં શ્રીભગવતીસૂત્ર વાંચવું શરૂ કર્યું, ત્યારે તેમાં જયારે જયારે 'ગોયમ !' પદ આવે ત્યારે ત્યારે એક સોનામહોર મૂકીને પૂજા કરી. એ રીતે સમગ્ર ભગવતીસૂત્રમાં ૩૬૦૦૦ (છત્રીસ હજાર) વાર એ પદ આવતાં તેમણે તેટલી વાર એક એક (કુલ ૩૬૦૦૦) સોનામહોર વડે પૂજા કરી હતી.

૪. વળી, પોતાના ગુરુ ભગવાન મહાવીરદેવ પ્રત્યેનો તેમનો અવિહડ અને અનુત્તર અનુરાગ દાખલારૂપ મનાય છે. આજે પણ કોઈ અનન્ય ગુરુભક્ત શિષ્યને જોઈને લોકો કહે છે કે, 'આમને જોઈને ગૌતમસ્વામી યાદ આવે છે.'

૫. આ બધું છતાં, જનહૃદયમાં તો એમની પ્રતિષ્ઠા 'ગુરુ ગૌતમ' તરીકે જ છે. વસ્તુતઃ 'ગુરુ ગૌતમ' એ ગુરુપદનું પ્રતીક છે, એવું પ્રતીક, જે 'ગુરુ' પદના ગરવા રૂપનાં નવલાં દર્શન કરાવે.

ગૌતમગણધરનો મહિમા સમજવા માટે આટલી વિગતો પૂરતી છે. જનહૃદયમાં આવું અસાધારણ સ્થાન,માન પામનાર આવા મહિમાવંતા ધર્મપુરુષને પોતાની કવિતાનો વિષય બનાવવાનું કવિઓ કેમ ચૂકે ભલા ? આજે ૨૫૦૦-૨૫૦૦ વર્ષોથી કવિઓ એમની સ્તવના અને વર્ણના કરતા રહ્યા છે, અને છતાં એમની કવિતા થાકી-કંટાળી નથી. કવિહૃદયમાં જાગેલી ને જામેલી ગૌતમ-ભક્તિમાં ઓટ નથી આવી; એમાં તો ઉત્તરોત્તર ભરતી જ ચાલુ રહી છે.

અને કવિહૃદય જો ન થાકે તો જનહૃદયનો ઉલ્લાસ તો શેં કરમાય ? એક એક જૈન બાળકના પણ કંઠે રમતો :

**"અંગૂઠે અમૃત વસે, લબ્ધિતણા ભંડાર,**
**શ્રી ગુરૂ ગોયમ સમરીએ, વાંછિત ફળ દાતાર."**

આ દોહરો, જનહૃદયમાં પડેલા ગુરુ ગૌતમના અવિચળ સ્થાનની ગવાહી પૂરે છે.

અરે, એક કવિએ તો ગુરુ ગૌતમને વીર પરમાત્માના વજીરપદે સ્થાપી દીધા છે. એ કહે છે :

**"વીર વજીર વડો અણગાર, ચૌદ સહસ મુનિ શિરદાર;**
**જપતાં નામ હોય જયકાર, જયો જયો ગૌતમ ગણધાર..."**

અને વાત પણ સાચી છે. ભગવાન મહાવીર જો જૈનશાસનના સુલતાન હોય તો ગુરુ ગૌતમને એમનું વજીરપદ જ અરઘે.

પ્રાચીન આચાર્યોએ ગુરુ ગૌતમને સંસ્કૃત ને પ્રાકૃત વગેરે ભાષાઓમાં સ્તુતિ - સ્તોત્રાદિ દ્વારા, તો અર્વાચીન કવિઓએ અપભ્રંશથી માંડીને ઉત્તરોત્તર વિકાસ પામનારી ગુજરાતી-હિંદી વગેરે ભાષાઓમાં સ્તુતિ, સ્તવન, સ્તોત્ર, સજ્ઝાય (સ્વાધ્યાય), ગહુંલી, રાસ, સંધિ વગેરે અનેક સ્વરૂપની કવિતાઓ દ્વારા સ્તવ્યા છે, ને આજે પણ તેઓ સ્તવી રહ્યા છે.

ગુરુ ગૌતમની જેમણે મનભર સ્તવના કરી અને જેમની કરેલી સ્તુતિઓ લોકજીભે રમતી થઈ જવા સાથે અમર બની ગઈ, એવા કેટલાક કવિઓમાં એક કવિ છે પંડિત સૌભાગ્યવિજયજી. અઢારમા સૈકા આસપાસ તેઓ થયા હોવાનું મનાય છે. ગુરુ ગૌતમની સ્તુતિસ્વરૂપે પ્રાભાતિક (પ્રભાતિયા) રાગમાં તેમણે રચેલો એક છંદ આજ પણ ઘણે ઠેકાણે નિત્યપાઠ તરીકે બોલાતો ગણાતો સાંભળવા મળે છે. અહીં એ હૃદયંગમ કૃતિનો અલ્પ-સ્વલ્પ પરિચય મેળવીએ, તે પહેલાં ગુરુ ગૌતમના જીવન તરફ એક વિહંગાવલોકન કરી લઈએ.

આજે આપણે જેને બિહારપ્રાંત તરીકે ઓળખીએ છીએ, તે એ જમાનામાં મગધદેશ કહેવાતો હતો. એ મગધદેશના ગોબર નામે એક નાનકડા ગામમાં આજથી ૨૫૯૨ વર્ષ પહેલાં અને ભગવાન મહાવીરના જન્મ કરતાં આઠ વર્ષ પહેલાં, ગુરુ ગૌતમનો જન્મ થયો હતો. પિતાનું નામ વસુભૂતિ. માતાનું નામ પૃથ્વી. ગૌતમ એનું ગોત્ર. એમનું મૂળ નામ ઇન્દ્રભૂતિ. ઉંમરલાયક થતાં તેઓ વૈદિક ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરીને મેધાવી વિદ્વાન તરીકે નામના કાઢે છે. દેશદેશાવરના વાદીઓને શાસ્ત્રાર્થમાં જીતી લઈને અજેય વાદી બને છે.

સારાયે મગધદેશમાં એ અદ્વિતીય વૈદિક આચાર્ય ગણાય છે. પોતાના યજ્ઞયાગાદિ કર્મોમાં એમનું સાંન્નિધ્ય મેળવવા બ્રાહ્મણોમાં પડાપડી થાય છે. પોતાની *પચાસ વર્ષની ઉંમરે તેઓ અપાપાપુરી(પાવાપુરી)માં થઈ રહેલા એક મહાયજ્ઞમાં* વરિષ્ઠ આચાર્ય તરીકે ભાગ લઈ રહ્યા છે. સાથે તેમના બે નાના ભાઈઓ અગ્નિભૂતિ અને વાયુભૂતિ ઉપરાંત અન્ય આઠ દિગ્ગજ પંડિતો પણ છે. એ યજ્ઞ ચાલુ છે. તે જ વખતે ભગવાન મહાવીર સર્વજ્ઞ બનીને તે નગરીમાં પધારે છે. એમને સર્વજ્ઞ કહેવાતા જાણીને ઇન્દ્રભૂતિનું અભિમાન ઘવાય છે, ને તેઓ શાસ્ત્રાર્થ માટે ભગવાન પાસે પહોંચે છે. ત્યાં ભગવાન એમને પ્રતિબોધીને પોતાના પ્રથમ પટ્ટશિષ્ય-ગણધર તરીકે સ્થાપે છે. આ પછી ત્રીસ વર્ષ સુધી તેઓ અખંડ પ્રભુસેવા કરે છે. એમનો પ્રભુ પ્રતિનો અજોડ અનુરાગ, એમને કેવળ જ્ઞાન મેળવવામાં અવરોધક બને છે. આથી એમને વારંવાર અફસોસ થાય છે કે બધાને કેવળજ્ઞાન મળે ને મને જ નહિ ! પણ ભગવાન એમને ખાતરી આપે છે કે ગૌતમ ! તનેય કેવળજ્ઞાન મળશે જ. અને ભગવાનના નિર્વાણ પછી તરત જ એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. બાર વર્ષ કેવળજ્ઞાની તરીકે વિચરીને કુલ સો વર્ષનું આયુષ્ય પરિપૂર્ણ કરીને તે નિર્વાણપદના અધિકારી બને છે.

ગુરુ ગૌતમના જીવનનો ટૂંક સાર આપણે જોયો. હવે આપણે પં.સૌભાગ્યવિજયજી મહારાજે કરેલી એમની સ્તુતિનું અવલોકન કરીએ.

જો કે કાવ્યના પ્રકાર તરીકે 'પ્રભાતિયા'નું કોઈ વિશિષ્ટ કે પૃથક્ સ્થાન નથી મનાતું. તેને 'પદ' ના જ એક પ્રકાર તરીકે સાહિત્યકારોએ સ્વીકાર્યું છે. તો પણ વિચાર કરતાં લાગે છે કે 'પ્રભાતિયા' ની ગેયતા અને તેના ગાન દ્વારા વાતાવરણમાં પ્રકટતી અને પ્રસરતી પ્રસન્નતા, મધુરતા તથા પવિત્રતાનો અનુભવ કરનાર ભક્તહૃદયમાં તો તે ભક્તિરસનું નિરૂપણ કરતા એક કાવ્યપ્રકાર તરીકે પોતાનું આગવું જ સ્થાન પ્રસ્થાપિત કરે છે.

એટલે જ, કવિએ ગુરુ ગૌતમની સ્તુતિ માટે પ્રાભાતિક-પ્રભાતિયા-રાગને - પસંદ કર્યો છે. પ્રાભાતિક એટલે પ્રભાતે ગવાય તે. પ્રભાતે ગવાતો આ રાગ પ્રભાતના પહોરની સહજ પ્રસન્નતાને વધુ બહેલાવે છે, અને તે સમયની નિર્દોષતાનું વાહન બની તેને પૂરબહારમાં રેલાવે છે. ખાસ કરીને મીઠી હલકથી કોઈ આ રાગ ગાય તો કઠિન-કઠોર માનવના હૈયામાં પણ કોમળતા આણવાની એનામાં તાકાત છે. નરસિંહ

મહેતાનું પ્રસિદ્ધ ભજન 'રાત રહે જ્યારે પાછલી ખટ ઘડી' તેમજ મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિનું પ્રસાદમધુર સ્તવન' "ઋષભ જિનરાજ ! મુજ આજ દિન અતિ ભલો" આ જ રાગમાં છે. ગૌતમગુરુનું નામસ્મરણ જો માનવજીવનનું મંગલ હોય તો પ્રાભાતિક રાગમાં ગવાતી એમની સ્તુતિ માનવની પ્રત્યેક દિવસની કારકિર્દીનું મંગલાચરણ જ મનાવું જોઈએ. કદાચ એટલે જ આપણા કવિ પણ, "માત પૃથ્વી સુત પ્રાત ઊઠી નમો" કહીને પોતાનું સ્તુતિગાન પ્રારંભે છે :

**માત પૃથ્વી સુત પ્રાત ઊઠી નમો,**<br>
**ગણધરા ગૌતમ નામ ગેલે;**<br>
**પ્રહસમે પ્રેમશું જેહ ધ્યાતા સદા.**<br>
**ચઢતી કળા હોય વંશ વેલે...."**

કવિ કહે છે : (કવિને સંબોધ્ય તરીકે કોઈ ખાસ વ્યક્તિ કે વર્ગ નહિ. પણ જનસાધારણમાં વસતું ભક્તહૃદય અભિપ્રેત હોય એમ લાગે છે) "પ્રાતઃકાળે ઊઠીને માતા પૃથ્વીના પુત્રને - ગૌતમને નમસ્કાર કરવા જોઈએ"

અહીં બ્રહ્માંડનો સનાતન નિયમ - કારણ વિના કાર્ય ન સંભવે, એ - ભક્તના મુગ્ધ હૃદય પાસે - અલબત્ત, જિજ્ઞાસાભાવે, અને નહિ કે કોઈ જાતની અભીપ્સાના ભાવે, એક પ્રશ્ન કવિને પૂછાવે છે કે પ્રભાતના પહોરમાં ગુરુ ગૌતમને નમસ્કાર કરવાનું કાંઈ પ્રયોજન ખરું ? એનું કાંઈ ફળ ખરું ?

આ સવાલ માટે કવિ સજ્જ હોય એમ લાગે છે. જરાય આડંબર કે ડોળ - દમામ વિના, ખૂબ સહજ રીતે આ જિજ્ઞાસાનો ઉત્તર, કડીના ઉત્તરાર્ધ દ્વારા વાળે છે, અને જિજ્ઞાસુની જિજ્ઞાસાને અને એ રીતે જનહૃદયની ભક્તિભાવનાને તુષ્ટ કરી દે છે : "જેઓ પ્રભાત સમયે ગેલે - ગેલપૂર્વક - હૈયાની ઊલટ-પૂર્વક ગૌતમ ગણધરનો નામ જપ કરે છે તેનો વંશવેલો પાંગરે છે."

ધન-સંપત્તિ અને સત્તા વગેરેના સુખ-વૈભવ તો માનવને વારંવાર અને અણધાર્યા મળ્યા જ કરતા હોય છે. પણ એની સુખવાંછા એટલાથી સંતોષાતી નથી. એ તો ત્યારે જ તૃપ્ત થાય છે જ્યારે એના એ વૈભવનો કોઈક વારસદાર એને મળે. ધનિક હોય કે ગરીબ, શેર માટીની ખોટ બન્નેને એકસરખી જ લાગે છે. આ 'શેર માટી' વિના સુખીને પોતાનું સુખ જ નહિ, જીવન પણ વ્યર્થ ભાસે છે,

તો દુઃખીને પોતાનું દુઃખ અગ્નિજવાળાથીયે અધિક સંતાપ આપનારું દીસે છે. આ બધી વાતને લક્ષ્યમાં રાખીને જ હોય તેમ કવિ કહે છે : "જે કોઈ આ ગૌતમગુરુનું ધ્યાન પ્રેમથી ધરે છે, તેના વંશવેલે ચઢતી કળા હોય છે" (૧)

પ્રાસ અને અંતરપ્રાસના સુમેળથી લચીલી બીજી કડીમાં કવિ, ગુરુ ગૌતમનું ધ્યાન અભેદભાવે 'સોઽહં' સ્વરૂપે ધરવાનું કહે છે, ને એ રીતે તેઓ - ઘડીભર લાગે છે કે - ધ્યાતાના સદ્ભાગ્યને ઊઠવા માટે પોરસાવે છે, ઢંઢોળે છે. તો એની વળતી જ પળે કવિ, ધ્યાતાને આ ધ્યાનના ફલસ્વરૂપે તેના નસીબ આડેનું પાંદડું - જો હોય તો - ખસી જવાની ખાતરી (ગેરંટી) આપતા હોય એવું લાગે છે :

**"વસુભૂતિનંદન વિશ્વજનવંદન.**
**દુરિતનિકંદન નામ જેહનું;**
**અભેદબુદ્ધે કરી ભવિજન જે ભજે**
**પૂર્ણ પહોંચે સહી ભાગ્ય તેહનું."**

આ કડીનો પૂર્વાર્ધ 'ત્રિભંગી' છંદનું સ્મરણ કરાવે છે. (૨)

આથીયે આગળ વધીને કવિ તો કહે છે કે બીજું કશું જ નહિ, પણ માત્ર ગુરુ ગૌતમનું ધ્યાન પણ જો શુદ્ધ હૃદયપૂર્વક કરવામાં આવે, તો કામધેનુ, ચિંતામણિરત્ન, કામકુંભ અને કલ્પવૃક્ષ - આ ચારેય વાંછિતપૂરણ ચીજોનો મહિમા એ ધ્યાનમાં સમાયેલો પડ્યો છે. બલ્કે, એ ચીજો કરતાંયે વધુ માહાત્મ્યથી સમૃદ્ધ એ ધ્યાન છે :

**"સુરમણિ (સુરઘટ) જેહ ચિંતામણિ સુરતરુ,**
**કામિતપૂરણ કામધેનુ;**
**એહ ગૌતમતણું ધ્યાન હૃદયે ધરો,**
**જેહ થકી નહીં અધિક માહાત્મ્ય કેહનું."**

આ કડીના પૂર્વાર્ધમાં કવિએ અભેદરૂપક અલંકાર વડે, ચિંતામણિ વગેરે વસ્તુઓનો ગુરુ ગૌતમ સાથે અભેદ સાધીને એ વસ્તુઓની પ્રતિષ્ઠા વધારી દીધી છે.

સર્વસમીહિતપૂરક હોવા છતાં, જિજ્ઞાસુ જીવના સંતોષ ખાતર, ગૌતમ ગણધરનાં નામ અને ધ્યાનથી પ્રાપ્ત થતી કેટલીક સિદ્ધિ-સમૃદ્ધિઓનું દિગ્દર્શન કવિ કરાવે છે :

**"જ્ઞાન બળ તેજ તે સકળ સુખ સંપદા,**
**ગૌતમ નામથી સિદ્ધિ પામે;**
**અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં,**
**સુરનર જેહને શીશ નામે..."**

ગૌતમગુરુના નામમાં એવો તો ગુણ છે કે એનું સ્મરણ-રટણ કરનારનું, બુદ્ધિબળ વિકસે છે; શરીર-બળ વધે છે; તેજોવિલાસનો પ્રકર્ષ થાય છે; સકલ સુખ અને સંપત્તિઓ એને ચૂમે છે; પૃથ્વી પર એનો પ્રતાપ-પ્રભાવ અખંડ અને પ્રચંડ સ્વરૂપે વિસ્તરે છે, વધુ તો શું કહીએ ? માનવો જ નહિ, દેવલોકના દેવો પણ એને લળી લળીને ઝૂકે છે. (૪)

ભગવાન ગૌતમસ્વામીને ધ્યેય બનાવનાર ધ્યાતાના ધ્યાનમાં એકાગ્રતા પૂરનાર પરમ સાત્ત્વિક મંત્રના અક્ષરો કવિ પાંચમી ગાથામાં ભારે ખૂબીથી ગૂંથે છે :

**"પ્રણવ આદે ધરી માયાબીજે કરી,**
**શ્રીમુખે ગૌતમ ધ્યાન ધ્યાવે,**
**કોડિ મનકામના સફળ વેગે ફળે,**
**વિઘન વૈરી સવે દૂર જાવે..."**

પ્રણવ-ૐ, માયાબીજ - હ્રીં, શ્રીમુખ- શ્રીँ, આ ત્રણ મંત્રબીજાક્ષર પુરઃસર ગૌતમગુરુનો નમસ્કાર કરવામાં આવે, એટલે કે "ॐ ह्रीँ श्रीँ गौतमस्वामिने नमः ।।" આ મંત્રનો જાપ એકાગ્રભાવે શુદ્ધ ચિત્તે થાય તો કવિ કહે છે કે : એ મંત્રજાપ કરનારની ક્રોડો મનઃકામનાઓ તો ફળે જ ફળે, ઉપરાંત તેને નડતાં વિઘ્ન - અંતરાયો પણ નષ્ટ થઈ જાય છે.

આ સાત્ત્વિક મંત્રના અણચિંતવ્યા પ્રભાવ વિષે કવિનો ગૌરવભર્યો આત્મવિશ્વાસ તો આ કડીમાં નીતરે છે :

**"દુષ્ટ દૂરે ટળે, સ્વજનમેળો મળે,**
**આધિ ઉપાધિ ને વ્યાધિ નાસે;**
**ભૂતના પ્રેતના જોર ભાંજે વળી,**
**ગૌતમ નામ જપતાં ઉલ્લાસે..."**

રે ! अचिन्त्यो हि मणि-मन्त्रौषधीनां प्रभावः ।।

આગળ કહ્યું છે તેમ, એકવાર ગૌતમપ્રભુને મનમાં ખૂબ આકુળતા થઈ આવી કે રે ! મને કેવળજ્ઞાન નહિ થાય શું ? ક્યારે થશે ? શું કરું તો થશે ? હું કેવો કમભાગી છું કે મારા પછીના, અરે ! મારા હાથે દીક્ષા લેનારાઓને કેવળજ્ઞાનેય થઈ ગયું ને કેટલાક તો મોક્ષે પણ પહોંચી ગયા, ને હું જ એથી બાકાત ?

પરમ ગુરુભક્ત પટ્ટશિષ્યની આ વેદનાને ભગવાન પામી ગયા. તેમણે આશ્વાસન આપતાં કહ્યું : "ગૌતમ ! જે આપબળે - કોઈની સહાય વિના, અષ્ટાપદની યાત્રા કરે, તે તદ્‌ભવ મોક્ષગામી હોય." આ સાંભળ્યું કે ગૌતમગુરુના મનમાં તાલાવેલી જાગી. પ્રભુની આજ્ઞા લીધી ને અષ્ટાપદ તીર્થે પહોંચ્યા. આપબળે સૂર્યનાં કિરણોનું આલંબન લઈને તીર્થયાત્રા કરી. પાછા વળ્યા ત્યારે ત્યાં ઉગ્ર તપસ્યા બોધ આપી કરી રહેલા ૧૫૦૩ તાપસોને પારણું કરાવી, દીક્ષા આપી. એ પ્રસંગનું પ્રતીકાત્મક વર્ણન કવિ આ રીતે કરે છે :

**"તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ,**
**પન્નરસે ત્રણને દિક્ખ દીધી;**
**અટ્ઠમ પારણે તાપસ કારણે,**
**ક્ષીર લબ્ધે કરી અખૂટ કીધી."**

સૌભાગ્યના પરમનિધાન અને સર્વાતિશાયી યશઃકીર્તિસંપન્ન ભગવાન ગૌતમસ્વામીના જીવનની પ્રમુખ ઘટનાઓનું બયાન આપતાં કવિ ગાય છે :

**"વરસ પચાસ લગે ગૃહવાસે વસ્યા,**
**વરસ વળી ત્રીસ કરી વીરસેવા;**
**બાર વરસાં લગે કેવળ ભોગવ્યું,**
**ભક્તિ જેની કરે નિત્ય દેવા..."**

રે ! આવી મહાન અને લોકોત્તર વિભૂતિની સેવા દેવો ન કરે તો કોની કરે ?

અને છેલ્લે, નવનિધાનનું સ્મરણ કરાવતી નવ ગાથાઓના બનેલા આ સ્તવનની નવમી ગાથામાં, માત્ર પોતાની જ નહિ પણ જનજનના અંતરમાં વસેલી ગુરુગૌતમસ્વામી પ્રત્યેની પરા ભક્તિને વાચા આપતા કવિ હર્ષગદ્‌ગદ્‌ સ્વરે સ્તુતિગાન કરે છે ત્યારે ઘડીભર શ્રોતાનું ચિત્ત 'ગૌતમ' નામ સાથે તદાકાર બની

જઈને ભક્તિ રસની વિગલિતવેદ્યાંતર અને બ્રહ્માનંદસહોદર સમાધિની ઉત્કટ અનુભૂતિ કરે છે. એવે વખતે લાગે છે કે, સાહિત્યકારો ભલે નવ રસનું વિધાન અને સ્વીકાર કરતા હોય, પણ ભક્તિરસ નામનો એક દશમો રસ પણ રસિકજનોના હૃદયમાં અવશ્ય અસ્તિત્વ ધરાવે છે. આપણે પણ ભક્તિરસની એ પરમ અને ચરમ સમાધિ માણીએ :

**"મહિયલ ગૌતમગોત્ર મહિમાનિધિ,**
**ગુણનિધિ ઋદ્ધિ ને સિદ્ધિ દાઈ;**
**ઉદય જસ નામથી અધિક લીલા લહે,**
**સુજસ 'સૌભાગ્ય' દોલત સવાઈ..."**

* * *

# ધર્મતત્ત્વ

## (૧૨)

### તીર્થ-વિહારયાત્રા

સંઘ સાથે તીર્થયાત્રા થઈ, તે મિષે તીર્થ અને યાત્રા વિષે થોડુંક ચિંતન-વાંચન થયું, તો કેટલાક ભાવો-મુદ્દા બહુ મજાના, પ્રેરણાત્મક સાંપડ્યા. એવા મુદ્દા અહીં નોંધું.

કર્માશાએ વિ.સં.૧૫૮૭ માં તીર્થનો ઉદ્ધાર કર્યો અને દયાળુ દાદાની પ્રતિષ્ઠા કરી. તે અગાઉ જાવડશાહ શેઠે તક્ષશિલાના ધર્મચક્રતીર્થેથી આણેલી અને ગિરિરાજ ઉપર સ્થાપેલી પ્રભુપ્રતિમા પ્રતિષ્ઠિત હતી. તે પ્રતિમા સમરાશા ઓશવાલના તીર્થોદ્ધાર વખતે પણ યથાવત્ હતી. પરંતુ સંવત્ ૧૬૩૯માં અલ્લાઉદ્દીન ખિલજીએ ગુજરાત ઉપર આક્રમણ કર્યું ત્યારે તેણે આ મહાતીર્થને પણ મૂક્યું નહોતું, અને જાવડશાહવાળા જિનબિંબને ખંડિત કર્યું હતું. તે પછીના ૨૦૦ વર્ષ કરતાં વધારે વર્ષો સુધી, વિધર્મીઓની જોહુકમી તથા જોરજુલમને કારણે નવો જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા તો બાજુ પર, પણ તીર્થની યાત્રા કરવાનું પણ વિકટ બની રહેલું. સંઘે એટલો વખત મસ્તક વિનાની તે ખંડિત પ્રતિમાની જ પૂજા કર્યા કરેલી.

આ સ્થિતિમાં જ્યારે કર્માશાહ ગિરિરાજની યાત્રાએ આવ્યા અને રાજસ્થાનથી ગુજરાતમાં ખંભાત અને ત્યાંથી આગળ વધતાં વધતાં જે સ્થાને ગિરિરાજનાં પ્રથમ દર્શન તેમને થયાં તે સ્થાને તેમણે સોના-રૂપા-રત્નાદિથી ગિરિરાજને વધાવ્યો, અને પછી તીર્થની સ્તુતિ કરતાં તેઓ બોલ્યા :

હે ગિરિરાજ ! તમારા એક એક અણુ પર અનંતા સિદ્ધ ભગવંતો પ્રતિષ્ઠિત થયા છે; એટલે તમારા કરતાં વધારે પુણ્યવંત-પાવન ક્ષેત્ર ત્રિભુવનમાં બીજું નથી.

હે ગિરિવર! તમારા શિખર પર પ્રભુજીની પ્રતિમા હોય કે ન હોય, તે બહુ અગત્યનું નથી; ખરેખર તો તમે સ્વયં જ પર્વતરૂપી તીર્થ છો. તમારૂં દર્શન અને તમારી સ્પર્શના કરનારા લોકોનાં સઘળાં પાપોને તમે ભેદી નાખો છો.

શ્રીસીમંધરસ્વામી ભગવાન પણ ભરતક્ષેત્રના મનુષ્યોનાં વખાણ કરતા હોય છે; આનું એકમાત્ર કારણ, હે ગિરિરાજ ! તમે જ છો. અર્થાત્, શત્રુંજય તીર્થને કારણે જ વિહરમાન પ્રભુ પણ ભારતવર્ષના લોકોને પ્રશંસે છે.

અન્ય તીર્થભૂમિ, કાં તો ત્યાં તીર્થંકરદેવોનાં કલ્યાણક થયાં હોય છે તેથી, અથવા તો પરમાત્મા વગેરેનાં પદાર્પણ ત્યાં થયાં હોય તેથી 'તીર્થ' ગણાય છે; જ્યારે શ્રીશત્રુંજય-પર્વત તો સ્વયંભૂ તીર્થ છે, અને તેથી જ ત્યાં ભગવાન આદીશ્વર દાદા વારંવાર પધાર્યા હતા.

આવી આવી તો અનેક વાતો પ્રાચીન ગ્રંથોમાં સચવાઈ છે. પ્રસંગોપાત્ત, આવી વાતો જાણવા મળે તો ગિરિરાજ પ્રત્યેનો અહોભાવ અધિકને અધિક વધતો જાય છે.

ભાવ વધે તો જ ભવ ઘટે !

આપણા પણ ભવ ઘટે અને ભાવ વધે એવી પ્રાર્થના.

**(પોષ, ૨૦૬૬)**

* * *

## (૧૩)

છેલ્લા સવા મહિનાથી પાલીતાણા છીએ. અહીં ઊનાળુ રજાઓમાં બાળકોની ૯૯ યાત્રા ચાલે છે. ૩૦૦ આસપાસ બાળકો છે. ઊનાળાના કાળઝાળ તાપમાં નાનાં મોટાં બાળકો જે ઉમંગથી રોજની ૨-૩-૪ યાત્રાઓ કરે અને વળી એકાસણાં-બેસણાં સાથે કરે, તે જોતાં આંખો અનુમોદનાના આંસુથી છલકાય છે. તો એની સામે, તીર્થની આશાતના થાય, ધર્મની વિરાધના થાય, તે જોઈને મન ઉદ્વેગથી ઉભરાઈ જાય છે. ઉદારતા, સમજણ, વિવેક અને વાત્સલ્ય, ધર્મ તેમજ તીર્થ તેમજ સાધુ-સાધ્વીઓ માટેના શ્રદ્ધાભર્યા બહુમાન – આટલાં વાનાં ન હોય તો આવાં આયોજનો કરવાથી દૂર રહેવા જેવું, અને આવાં આયોજનોમાં સહભાગી બનવાનું ટાળવા જેવું લાગ્યું. દેખાદેખી, હરીફાઈ, હુંપદ, સત્તા અને વહીવટ, કશુંક મેળવી લેવાની હુંસાતોસી – આવાં આવાં કારણોથી આવાં આયોજનો થતાં હોવાનો વહેમ પડે. જેમને ધર્મસાધનામાં તથા આત્મસાધનમાં થોડોક પણ રસ છે તેવા જીવો માટે આ આયોજનો ક્યારેક અઘરાં પડી શકે.

શત્રુંજય તીર્થનો મહિમા અજોડ છે. સદીઓથી લોકહૃદયમાં આ તીર્થ પ્રત્યેની શ્રદ્ધાનો એક પિંડ બંધાયેલો છે. આ તીર્થની પવિત્રતા અને સૌને પાવન કરવાના સામર્થ્ય વિષેની એક અપૂર્વ આસ્થા જનમાનસમાં જન્મજાત પ્રવર્તે છે. આ આસ્થા પ્રેરવી પડતી નથી, સહજ જ સહુના દિલમાં ઊગતી અનુભવાય છે, અને આ આસ્થા જ પુરવાર કરી આપે છે કે આ ગિરિરાજ ભવતારક તીર્થ છે. તીર્થની તારકતા પણ જનમાનસમાં ઊંડે સુધી પ્રતિષ્ઠિત છે. આ તીર્થ સાથે અસંખ્ય કથાઓ જોડાઈ છે. જૈન સંઘનો લાંબો અને ગૌરવવંતો તેમજ વિષાદભર્યો ઇતિહાસ સંકળાયો છે. આ તીર્થની રક્ષાના અને વિકાસના ઇતિહાસની એક એક કથા હૈયામાં અહોભાવ જન્માવે છે. તો તેને વખતોવખત થયેલા નુકસાનની વસમી વાતો હૈયે ઘેરો વિષાદ પણ પ્રગટાવે છે. આ તીર્થનું દર્શન અને તેની સ્પર્શના-યાત્રા મળે તે માનવજીવનનો અણમોલ લ્હાવો મનાય છે. તો આ તીર્થની આશાતના કરવી તેને જીવનનું જઘન્ય કૃત્ય ગણવામાં આવે છે.

જો કે આશાતનાના ખ્યાલ તથા પ્રકારો બદલાયા કરે છે. પહેલાં કપડાંના મોજાં પણ પહેરીને ઉપર ચડવામાં પાપ મનાતું હતું. આજે પગમાં કંઈપણ પહેરીને ચડાય છે. મોજાંનો તો કોઈ બાધ જ નથી રહ્યો. પહેલાં પહાડ ઉપર ખાવાનો તથા

પાણી સુદ્ધાં પીવાનો સહુ નિષેધ રાખતા. આજે તેની ખાસ્સી છૂટ થઈ ગઈ છે. પાણી માટે તો કોઈને કોઈ છોછ જ નથી રહ્યો ! પહેલાં ડોળીમાં બેસીને યાત્રા કરવામાં શરમ અનુભવાતી. ડોળીવાળા બૂટ-ચંપલ પહેરે, ઉપર ખાય-પીએ, અભક્ષ્ય ખાય, જુગાર વ. રમે – આ બધામાં આપણને - બેસનારને પણ દોષ લાગે તેવું મનાતું, આજે એવી કોઈ જ ભાવના ખાસ જોવા નથી મળતી. ચોવિહારો છઠ્ઠ કરીને સાત યાત્રા કરવી એ અગાઉ બહુ અઘરૂં, દુર્લભ અને એકલદોકલ વ્યક્તિ જ કરી શકે તેવું કાર્ય ગણાતું. કેમકે તે યાત્રા વ્યક્તિએ આપબળે, કોઈનીયે સહાય કે વૈયાવચ્ચ લીધા વગર જ કરવાની રહેતી. આજે વર્ષે દહાડે હજારો યુવાનો તથા બાળકો તે કાર્ય કરતાં જોવા મળે છે. કેમ કે તેવી સમૂહ છઠ્ઠ-યાત્રા કરનાર માટે સેકંડો સ્વયંસેવકો હજાર હોય છે; ઠંડા પાણીના ફુવારા, કૉલન વૉટર, દવા-મલમ, ગાદલાં સહિતની અનેક ચીજો તે યાત્રિકને શાતા આપવા માટે ઉપલબ્ધ હોય છે; થાકી જાય તો કે મન ભાંગી પડે તો સમજાવટથી તથા જબરજસ્તીથી, ટીંગાટોળી ને ટેકા દ્વારા પણ, યાત્રા પૂરી કરાવવામાં આવતી હોય છે. આ બધું કરવામાં પાછું, ક્યાંય હવે શાસ્ત્રમર્યાદાના ભંગની કે તીર્થની આશાતનાની બીક કોઈનેય કનડતી નથી. ટૂંકમાં, માનવીના શરીરની સહનશક્તિ ઘટી છે, અને તેની સામે સગવડોનું ઘોડાપૂર ઉભરાય છે. આમાં વિવેક, વિધિ, જયણા જળવાય તો સદ્‌ભાગ્ય !

અલબત્ત, સમાજનો મોટો ભાગ/વર્ગ, એવું વિચારે છે કે ભલે આમ તો આમ, પણ લોકો ધર્મ તો કરે છે ને ! બાળકો યાત્રા તો કરે છે ને ! એટલે થોડીક ગરબડ થાય તો ભલે થાય, ના પાડશું તો બીજા માર્ગે બધાં જતાં રહેશે.

આ વિચારધારા પ્રબળ બની છે, બનતી જાય છે, આમાં 'માર્ગ' બગડતો કે બદલાતો જાય છે. શાસ્ત્ર અને પ્રણાલિકાગત મર્યાદાઓ તૂટતી જાય છે. સમજણ ઘટતી જાય છે અને આ બધાંનાં ભાવી અનર્થકારી પરિણામોની કોઈને લેશ પણ પરવા જણાતી નથી. વર્તમાનમાં જીવવું. જે સારું થાય તે સ્વીકારવું. ગુણરાગી થવું. અનુમોદના કરવી. ખોટું થઈ જાય તો તેની ઉપેક્ષા કરવી : એવું થઈ જાય ! આવી સમજણ સકલ સંઘમાં ઊંડાં મૂળિયાં ઘાલતી જાય છે. અસ્તુ, જ્ઞાની ભગવંતે દીઠેલા ભાવો જ બને છે, અને તેનો સ્વીકાર જ કરવો પડે.

(જેઠ, ૨૦૬૮)

* * *

રાજસ્થાન અર્થાત્ મારવાડ-મેવાડ એ એક એવો પ્રદેશ છે કે જ્યાં સેંકડો ગામ તીર્થસ્વરૂપ છે. પ્રાચીન કલાત્મક દેરાસરો, ઐતિહાસિક ભવ્ય જિનબિંબો - એ બંનેથી વિભૂષિત તીર્થક્ષેત્રો એ આ પ્રદેશની આગવી વિશેષતા છે.

ઘણાં વર્ષોથી આ તીર્થોનાં દર્શન અને સ્પર્શના કરવાનો મનોરથ હતો. પરંતુ સાધુજીવન અને ક્ષેત્રસ્પર્શનાને અંગે કદી આ તરફ આવવાનું બન્યું નહિ. આ વખતે એક નિમિત્ત ઉપસ્થિત થતાં અનાયાસ એ મનોરથ, અંશતઃ પણ, પૂર્ણ કરવાનો સુયોગ બની આવ્યો.

તારંગાજીથી દુર્ગમ ઘાટના માર્ગે ચાલીને કુંભારિયાજીતીર્થે આવ્યા. ત્યાંનાં કલાત્મક જિનાલયો, તેમાં ઠેર ઠેર પથરાયેલ પુરાણા ખંડાવશેષો - બધું નિહાળતાં આપણા ભવ્ય ભૂતકાળની, મહાન પૂર્વજોની તેમજ ક્રૂર અને ગમાર વિધર્મી આક્રમણખોરોની પશુલીલાની ભરપૂર ઝાંખી થઈ. સદીઓ અગાઉ મૂર્તિઓ તેમજ કોઈ પણ પ્રકારની, માનવ કે પ્રાણીની પણ, આકૃતિઓ પર મૂર્તિભંજકોએ જે રીતે તલવાર ચલાવી છે અને ખંડન કર્યું છે, તે જોઈને હૃદય ગ્લાનિથી તો ઊભરાય જ, પરંતુ સાથે સાથે એક પ્રકારની નફરતની તીવ્ર લાગણી પણ હૃદયમાં છવાઈ ગઈ.

આ તીર્થના વિકાસ અને રક્ષણ/જતન માટે ઘણું બધું કરવા જેવું લાગ્યું. મહદંશે સંચાલક પેઢી માટે પણ અને જૈન સંઘ - સાધુઓ આદિ માટે પણ, આ તીર્થ ઉપેક્ષિત હોય તે તો દેખીતું જણાઈ આવે તેમ છે. આ તીર્થની પ્રાચીનતા, ભવ્યતા અને કલા - એનો ખ્યાલ સૌને - સર્વત્ર મળી રહે તે રીતે વ્યાપક પ્રચાર આધુનિક પદ્ધતિથી થાય તે જરૂરી જણાયું. આ તીર્થનો પરિચય આપતી પુસ્તિકા પેઢી દ્વારા જ પ્રકાશિત હોવા છતાં તે અહીંના કાર્યાલયમાં મળી શકતી નથી; જોઈએ તેણે અમદાવાદ લેવા જવું પડે તેવી વ્યવસ્થા છે; આ કેટલું વિચિત્ર અને કઢંગું છે ! અહીં અંગ્રેજી ગ્રંથ (મૂલ્ય : એક હજાર) ઉપલબ્ધ હતો ! અસ્તુ.

અંબાજીમાં અંબાજી-મંદિરમાં પણ જવાનું થયું. કરોડોના ખર્ચે થયેલ જીર્ણોદ્ધાર, વિકાસ, અદ્યતન સુરક્ષા-વ્યવસ્થા ઇત્યાદિ જોઈને અચંબો થયો. તો યાત્રિકોનો અસ્ખલિત વહ્યા કરતો પ્રવાહ પણ જોવા મળ્યો. મંદિરના શિખર-સામરણના દંડ-કલશાદિ સુવર્ણમઢ્યા જોવા મળ્યા. જૈનોનો ધસારો પણ માતાજી પાસે બહુ મોટો

રહે છે. અહીં સુધી આવનાર જૈન વર્ગને પણ કુંભારિયાજી તરફ આકર્ષવામાં આવે તો ત્યાં યાત્રિક-પ્રવાહ અવશ્ય વધે. દૃષ્ટિ જોઈએ. રુચિ જોઈએ. સમય ફાળવી શકે તેવા સમર્પિત વહીવટકર્તા જોઈએ.

અંબાજીથી નીકળ્યા તે જ દિવસે રાજસ્થાનની હદમાં પ્રવેશ થયો. ગુજરાતની હદ પૂરી થઈ. દેશ બદલાયો, સાથે જ વેષ અને ભાષા અને રહેણીકરણી - બધું જ બદલાયું. એક પ્રકારનો રોમહર્ષ થવા લાગ્યો : અપરિચિતતાનો રોમહર્ષ.

માનપુરા થઈ માઉન્ટ આબુ પર ચડ્યા, અને દેલવાડા-અચલગઢની યાત્રા ત્રણ દિન કરી. શબ્દો શમી જાય, ચિત્ત સ્થિર બની જાય, આંખો અપલક બને અને અહોભાવનો ધોધ વહેવા માંડે એવાં કલામય શિલ્પાંકનોથી છલકાતાં જિનમંદિરોનાં દર્શને હૈયાં ભાવવિભોર રહ્યાં. આ તીર્થ વિષે અનેક પુસ્તકો લખાયાં હોવા છતાં હજીયે ઘણું ઘણું લખી શકાય તેવું છે. વસ્તુપાલ - તેજપાલની છ - સાત પેઢીની પરિવારયુક્ત ભવ્ય પ્રતિમાઓ અને વિમલશાહ, શ્રીદેવીની દિવ્ય પ્રતિમાઓ અંગે અંગે રોમાંચ અને અણુ અણુમાં બહુમાનભાવ જગાડી ગઈ. આ પુણ્યપુરુષોએ કરેલા ધનવ્યયને કારણે નહિ, પણ તેમના હૃદયમાં ભગવંત પ્રત્યે - પ્રભુશાસન પ્રત્યે જે અખૂટ અહોભાવ હતો તે આ ભવ્ય નિર્માણો દ્વારા અભિવ્યક્ત થાય છે તે કારણે હૈયું તેમને વંદી રહ્યું હતું. આ તીર્થ-મંદિરોના એકે એક શિલ્પાંકનના અલગ અલગ ફોટોગ્રાફ લઈને એક અદ્ભુત-દર્શનીય ગ્રંથ બનાવવો અનિવાર્ય હોવાનો વિચાર મનનો કબજો લઈ બેઠો છે.

ચોથા દહાડે પાછળના દુર્ગમ પર્વત-માર્ગે નીચે ઊતર્યા. ખૂબ થાક લાગ્યો. વિહાર આગળ ચાલ્યો, ભૈરૂતારક ધામ અને પછી પાવાપુરી ધામ - બે તીર્થનાં દર્શન કર્યાં. સ્પર્ધાત્મક ભાવનાથી અને કીર્તિ રળવાના આશય સાથે નિર્માણ પામેલા આ બે નૂતન તીર્થોમાં સ્વચ્છતા અને વ્યવસ્થા ઉત્તમ જણાય. સ્વામીનારાયણ સંપ્રદાયે ગાંધીનગરમાં અને દિલ્લીમાં અક્ષરધામ બનાવ્યાં છે, તેની સામે આ સ્થાનોને મૂકીને કહી શકાય કે અમારે ત્યાં તો એકલો એક શ્રેષ્ઠી જ અક્ષરધામને આંટે તેવું નિર્માણ કરી શકે છે.

પાવાપુરી તીર્થનાં જિનાલયોની કલા પણ ઉત્તમ જણાઈ. હજારો વૃક્ષો અને વિપુલ વનરાજિના નિર્માણ, આયોજન અને જતન માટેની વ્યવસ્થા તથા કાળજી જોતાં હેરત પામી જવાય. તો વનસ્પતિકાયની તેમ જ તે નિમિત્તે પાણીની જે વિરાધના થતી રહે છે તે ગળે ન ઊતરે તેવું. તીર્થના નામમાં જીવમૈત્રીધામ શબ્દ

જોડ્યો છે ખરો. પરંતુ ત્યાં માત્ર ગૌશાળા જ છે, પાંજરાપોળ નહિ; તેથી ગૌમૈત્રીધામ નામ વધુ સુસંગત થઈ શક્યું હોત.

ગાયોનાં દૂધ, ઘી, મીઠાઈ આદિનો મોંઘા દામનો ચાલતો ધંધો, ખાસ પ્રકારની મોટરકારો તથા ઘોડાગાડીમાં યાત્રિકને ફેરવવાના ચાર્જ વગેરે જોતાં પ્રવાસન કે પર્યટનનું કેન્દ્ર હોવાની છાપ અવશ્ય પડે. જમવાના ચાર્જ પણ બહુ ભારે જણાયા. આરાધનાનું આલંબન બને તે કરતાં ભૌતિક આનંદનું આલંબન બને તેવું વિશેષ. અસ્તુ.

વિહાર કરતાં સિરોહી આવ્યા. અહીં અમારા સમુદાયના એકમાત્ર વયોવૃદ્ધ ઉપાધ્યાય શ્રીવિનોદવિજયજીનાં દર્શન કર્યાં. તેઓને ઘણા વખતે પોતાના સાધુને જોઈને ખૂબ ખુશી સાંપડી. ચોમાસું કરવા માટે તેમણે તથા સંઘે આગ્રહ કર્યો. આ ક્ષેત્રમાં ૧૬ પુરાતન જિનાલયો છે. બધાંનાં દર્શન કર્યાં. આ 'અર્ધા શત્રુંજય' એવા નામે ઓળખાતું ક્ષેત્ર છે. બિંબો, જિનાલયોની રચનાઓ અદ્‌ભુત. ૩-૩ તો બાવન જિનાલય ! ચૌમુખજીનું ૪ માળનું મંદિર ! દરેક માળે ચૌમુખ ! જગદ્‌ગુરૂ હીરવિજયસૂરિ મ.ની એક સમાન ૩ મૂર્તિઓ; ૨ અહીં, ૧ આબૂ ઉપર. ભગવાન મહાવીર પ્રભુ દીક્ષા પૂર્વે બે વર્ષ ગૃહસ્થપણામાં પણ ત્યાગ-તપોમય જીવન જીવ્યા, તે તેમની સાધના-સ્થિતિને દર્શાવતી બે ઊભી 'જીવિતસ્વામી' રૂપ અલૌકિક મૂર્તિ ! આવું આવું ઘણું જોવા-જાણવા મળ્યું, થાક ઊતરી જ જાય તેવાં દર્શન.

એક વાત રહી ગઈ. સિરોહી પૂર્વે મીરપુર તીર્થ આવ્યું. ગાઢ જંગલમાં, ચોફરતા પહાડોની ગોદમાં, નિર્જન એકાંતમાં બનેલા આ પ્રાચીન તીર્થમાં ચાર જિનાલયો છે. મૂર્તિભંજકોએ અહીં પણ પોતાની અવળી કળા દાખવેલી છે. છતાં જે શિલ્પાંકનો જોવા મળે છે તે બેનમૂન છે. ભોજનશાળા-ધર્મશાળા છે. પરંતુ ખાસ કોઈ યાત્રિક આવતું નથી. આવાં તીર્થનાં દર્શન-યાત્રા ભાગ્ય હોય તો જ મળે.

સિરોહી પછી ગોયલી તીર્થ બાવન જિનાલય. જાવાલ, પૂજ્ય શાસનસમ્રાટનો ગઢ ગણાય તેવું ગામ. ગામ બહાર ભવ્ય વાડી, જિનાલય. ગામમાં જે ઉપાશ્રયમાં તેઓએ સં.૧૯૯૦ માં ચોમાસુ કર્યું હતું તથા જે પાટ પર વ્યાખ્યાન આપતાં, તે ઉપાશ્રયમાં રહ્યા અને તે પાટ પર વ્યાખ્યાન પણ કર્યું, તે એક રોમાંચક બાબત રહી.

પછી તો વિવિધ ગામોમાં વિચરતા રેવતડા પહોંચીને સ્થિર થયા. અહીં મહા વદિ ૬ ના રોજ ત્રણ સગી બેનોની ત્રણ થોય-સંઘમાં દીક્ષા તેમના સાધુના હાથે થઈ. ગામનો ખૂબ સદ્‌ભાવ સાંપડ્યો.

હાલ મારવાડમાં લગ્નની મોસમ હોવાથી ગામે ગામના લોકો દેશાવરથી આવ્યા છે અને પ્રસંગો ચાલુ છે તેથી ઘરો ને ગામો ભર્યાં ભર્યાં લાગે છે. પણ એ બધું થોડા દિવસ. પછી ગામ સાવ ખાલી, સૂમસામ.

ગામો કચ્છનાં ગામો જેવાં : સુઆયોજિત, ગ્રામરચનાના આદર્શ નમૂના જેવા. દરેક ગામમાં રસ્તા પાકા, બે તરફ ખુલ્લી વહેતી ખાળ. રસ્તા પર ગંદકી નહિ. જ્ઞાતિ-વાર વિભાજિત મહોલ્લા. જૈનોની આખી વસાહત એક તરફ. બીજી બધી કોમોની પણ તે જ રીતે વ્યવસ્થિત વહેંચણી જોવા મળે. પરસ્પર સહકાર અને પ્રેમ. જૈનો બધા આંધ્ર, કર્ણાટક, તમિળનાડુ, મહારાષ્ટ્રમાં રહે, ત્યાં જ ઘર અને ત્યાં જ ધંધા. પણ મરણ-પરણનાં તમામ કાર્યો દેશમાં આવીને જ કરવાનાં. ગામેગામ લોકો પત્થરનાં પાકાં બંગલા જેવાં ઘરો બનાવે અને અદ્યતન સુવિધાથી સજ્જ રાખે. સર્વત્ર આરસ મઢે, છતાં બાંધણી કે ઘરરચના પુરાણી પદ્ધતિની જ. દેશાવરમાં ગમે તે હોય, અહીં ઊભાં રસોડાં નહિ; બેઠાં જ રસોઈ.

ગામેગામ ભવ્ય જિનાલય, ઉપાશ્રય, ભોજનશાળા - અચૂક. ઉપાશ્રયો આરસમઢ્યા ને આલીશાન. દેરાસરો ૧ નં. ના આરસનાં દૂધ જેવાં. સિરોહી - વિસ્તારનાં ગામોમાં દેરાસર - ઉપાશ્રયમાં ઈલેક્ટ્રીક-ફિટીંગ નહિ. ઘીના દીવા અને ફાનસ થકી બધું નભે. પૈસાની ભારી છૂટ, અને વાત વાતમાં ઈજ્જત-નાકના સવાલ ખડા કરીને લડવાડ થાય, વિભાજન થાય, તેથી નવાં ને સારાં દેરાસરો પણ તૂટે અને નવાં બનાવે. બુદ્ધિમાન છતાં અજ્ઞાન પ્રજા. તેનો લાભ-ગેરલાભ ઉઠાવવામાં ચતુર જનોને વાર ન લાગે. વહેમીલી અને ચમત્કારઘેલી અંધશ્રદ્ધાળુ પણ ભોળી પ્રજા. રીઝે તો માથું આપે, ખીજે તો ક્યાંયના ન રહેવા દે.

આ પ્રદેશમાં અનોપ મંડળ નામે જૈનદ્વેષી સંસ્થા-સંપ્રદાય છે, અને છેલ્લાં વર્ષોમાં થતાં આકસ્મિક મરણ (સાધુ-સાધ્વીનાં) પાછળ તેનું કાવતરૂં હોય છે, તેવી વાતો હમણાં ખૂબ ચાલે છે. સિરોહીના આગેવાનોએ તેમજ અન્ય શ્રાવકોએ અમને સ્પષ્ટ કહ્યું કે આવું કાંઈ જ નથી. ખોટી માન્યતા છે. ખોટા આક્ષેપો થાય છે. ખરેખર તો અમારે ત્યાં એ લોકો તરફથી કોઈ જ કનડગત નથી કે ભય રાખવાનું કારણ પણ નથી. સાધુ-સાધ્વીજી ખોટા ડરે છે. રાજસ્થાનમાં કાયમ કેટલાંય ભગવંતો વિચરે જ છે, કોઈને કોઈ ભય નથી હોતો. હા, કયારેક અકસ્માત્ તો થાય છે, પણ તે સ્વાભાવિક હોય છે; કોઈના ઈરાદાપૂર્વક કરેલા નથી હોતા.

અમારા મનમાં એક ફડક હતી, પણ તે આ વાતથી તેમજ આટલા વિહારોથી દૂર થઈ ગઈ છે. કેટલાક સાધુઓ પણ આ બાબતે સંમત થતા જોવા મળ્યા.

મારવાડ એટલે સૂકો ભંઠ વિસ્તાર એવી છાપ મનમાં હતી. આટલા દિવસો અહીં વિચર્યા અને જે વૃક્ષો-હરિયાળી જોઈ તેનાથી તે છાપ ભૂંસાતી જાય છે. લોકો તો કહે કે પહેલાં તો આનાથી વધુ વૃક્ષો હતાં; હવે ઓછાં થયાં છે. કચ્છ-સૌરાષ્ટ્ર-ભાલની જેમ જ અહીં પણ બાવળનું પ્રમાણ વિશેષ ખરૂં જ.

દેશાવર રહેવાને કારણે કન્નડ, તમિળ, તેલુગુ ભાષા જાણે; સ્કૂલમાં ઇંગ્લિશ-હિન્દી ભણે; છતાં વડીલોથી લઈને નાના છોકરા સુધીનાં બધાં જ મારવાડી ભાષામાં જ વાત અને વ્યવહાર કરે; ઇંગ્લિશમાં નહિ જ; આ એક વાત - ભાષાભિમાનની - આપણે ખાસ શીખવા જેવી લાગી. અસ્તુ.

(ફાગણ, ૨૦૬૭)

* * *

## (૧૫)

જાલોરનું મૂળ નામ જાબાલિપુર. જિલ્લામથકરૂપ શહેર. અહીં ૮-૧૦ દેરાસરો છે. પૂ. ઈતિહાસવિદ પં. શ્રી કલ્યાણવિજયજીએ બનાવરાવેલ નન્દીશ્વરદ્વીપ તીર્થ પણ અત્યંત ભવ્ય છે. નંદીશ્વર, અષ્ટાપદ, કીર્તિ-સ્તંભ ઈત્યાદિની રચના; મૂર્તિભંડાર; પ્રાચીન સં.૧૨૧૫ ની બે દિવ્ય કાયોત્સર્ગ-પ્રતિમા; તથા અન્ય સુવિધાઓ ધરાવતા આ તીર્થના પરિસરમાં પ્રવેશતાં જ કદમ્બગિરિ તીર્થનું સ્મરણ થઈ આવ્યું. જૂના માણસોની પદ્ધતિ મહદંશે સરખી જ જણાય, રુચિ પણ.

અહીં સ્વર્ણગિરિ પર્વત છે. ૧૮૦૦ જેટલાં પગથિયાં છે તે પહાડ ઉપર પાંચ પુરાતન જિનાલયો છે. હવે તો જીર્ણોદ્ધાર દ્વારા બધાં નવાં બની ગયાં છે. પણ સેંકડો વર્ષોથી અહીં તે છે. અહીં એક દેરાસર કુમારપાળ મહારાજાએ બંધાવી તેમાં પ્રભુપ્રતિષ્ઠા પોતે કરેલી. તે પ્રતિમા હજી પચાસેક વર્ષ સુધી તો સ્થાને હતી. પણ તાજેતરમાં થયેલ જીર્ણોદ્ધારમાં મૂળ દેરાસરનો નાશ કરી, નવું બનાવી, તેમાં નવા ભગવાન ભરાવી બેસાડ્યા છે. તે મૂળ પ્રતિમાને "તેની નાસિકા ખંડિત થઈ છે" તેવા બહાનાથી કોઈક અવાવર સ્થાનમાં ગોઠવી દેવાઈ છે. અન્ય જિનાલયોમાં ૧૭મા શતકમાં થયેલ જીર્ણોદ્ધાર વખતે, અગાઉનાં બિંબો મુસ્લિમ આક્રમણથી નષ્ટ થયાં હશે તેથી, નવાં પધરાવેલ છે, તે લગભગ અત્યારે પણ વિદ્યમાન છે. એક બે દેરાં નવાં પણ બન્યાં છે. ઉપર મસ્જિદ પણ છે. અંબિકા મંદિર વ. પણ છે. જૂનો રાજમહેલ પણ છે. જૂનો કિલ્લો, જૂની તોપો પણ છે જ. લશ્કરી મથક હશે આ પહાડી કિલ્લો-ભૂતકાળમાં. થોડાંક વર્ષો અગાઉ અહીંથી ખોદકામ કરતાં ૭૦૦ વર્ષ પહેલાંનો ઘી ભરેલો ઘાડવો - કુંપો મળેલો.

સ્વર્ણગિરિ ચડવાનો આરંભ કરીએ ત્યાં જ એક પીરની દરગાહ હતી. ત્યાં એવું કે કોઈને કૂતરૂં કરડ્યું હોય અને આ પીરને ખીર ચડાવે, તો હડકવા ન થાય, કે ૧૪, ૭, ૩ એવા ઈન્જેક્શન લેવાં ન પડે ! આપણો દેશ માન્યતાઓનો - માનતાનો દેશ છે. એમાં કેવાં કેવાં કૌતુક જડે ! પીર નહિ, યકીન હી બડા હોતા હૈ....

ત્યાંથી આહોર, તખતગઢ, રાણી થતાં વરકાણા આવ્યા. અહીંથી એક - પહેલી પંચતીર્થી આરંભાઈ. ભવ્ય, પ્રાચીન, ઐતિહાસિક જિનાલય. જૂની પદ્ધતિનાં જિનાલયો હજી ક્યાંક કયાંક બચી ગયાં છે, તેમાંનું આ એક. અહીં પણ જીર્ણોદ્ધાર

તો ચાલુ જ હતો. કલાત્મક અંશો પણ જે ખંડિત હોય, તેને કાઢીને તેને સ્થાને તેના જેવા નવા ઘડીને મૂકવાનો ખયાલ હોય તેવું સોમપુરાની વાતથી લાગ્યું. તેને સમજાવ્યા ને આગ્રહ કર્યો કે ભલે ખંડિત હોય, પણ તેને કાઢો નહિ, બદલો નહિ. જે જેવા હોય તેને તેમ જ રહેવા દો. નવા બનાવીને અન્ય-નવા સ્થાને મૂકો, પણ આને ન કાઢશો. સોમપુરાને તો સમજાવી શકાય. પણ 'ટ્રસ્ટી' નામના પ્રાણીઓને સમજાવવાનું શક્ય નહિ જ, નહિ જ.

વરકાણામાં, અને આની આગળ આવેલા ઉમેદપુરમાં, પૂજ્યપાદ વિજય વલ્લભસૂરિજી મહારાજ અને તેમના શિષ્યગણે સ્થાપેલ સરસ બોર્ડિંગો-છાત્રાલયો છે. મોટી સંખ્યામાં બાળકો રહે છે - ભણે છે. ધર્મતીર્થ તે આ રીતે શિક્ષણતીર્થ પણ બની ગયું છે. દાયકાઓ અગાઉ આ મહાપુરુષે દાખવેલી દીર્ઘદૃષ્ટિ કેટલી તો સાર્થક છે, તે તો આ નજરે જોવાથી જ સમજાય. આપણાં અનેક પવિત્ર - પ્રાચીન તીર્થો છે, જયાં શ્રદ્ધાપૂર્વક લાખો ભાવિકો જાય છે. ત્યાં - એવાં ૮/૧૦ તીર્થોમાં જો આવાં છાત્રાલયો તથા વિદ્યાલયો સ્થાપવામાં આવે, તો બે મહત્ત્વનાં પ્રયોજનો સિદ્ધ થાય. તીર્થોની રક્ષા તથા પૂજા વગેરેની ચિંતા ન રહે; હજારો સાધર્મિક ભાઈઓ પોતાનાં બાળકની શિક્ષા અંગે નચિંત બની જાય. જો કે ઇંગ્લિશ, અને તે કરતાંય વધુ કોન્વેન્ટ સ્કૂલમાં જ ભણાવવાનો હઠાગ્રહ હૈયે ધરીને બેઠેલા જૈનોને આવાં તીર્થધામોમાં પોતાનાં બાળકોને મોકલવાનું ભાગ્યે જ ગળે ઊતરે ! સાધર્મિક તરીકે સહાય માગશે, દીન બનીને યાચના કરશે, ને ભણાવશે, પણ આ રીતે ગૌરવભેર ભણાવવાનું કદી નહિ ઇચ્છે. ગુજરાત-સૌરાષ્ટ્રના મોટા ભાગનાં છાત્રાલયો બંધ પડીને ખંડિયેર થતાં જાય છે, કાં ધર્મશાળામાં ફેરવાતાં જાય છે. મારવાડમાં હજી વાર લાગશે, પણ સ્થિતિ તો અહીં પણ એ જ થવાની, છાત્રાલયમાં ભણાવવામાં સ્ટેટસની દૃષ્ટિએ નાનમ અનુભવાય છે લોકોને !

ચેન્નાઈ-મદ્રાસ નજીક સેન્ટ જોસેફની સ્કૂલો તથા બોર્ડિંગ છે. ત્યાં પોતાના બાળકને મૂકવા માટે મારવાડી જૈનોમાં પડાપડી થાય છે. મોટાં ડોનેશન, ફી આપે; બાળકમાં જૈન તરીકેના તમામ સંસ્કારો નષ્ટ થઈ જાય તો તેનો ગર્વભેર સ્વીકાર કરે; બાળકે અભક્ષ્યભક્ષણ કરવું પડે તો તેનો પણ વાંધો નહિ! અને અહીં મફત ભણતર, ઉચ્ચ સંસ્કાર ઘડતર, ધર્મપાલન - બધું જ હોવા છતાં શરમ અનુભવે !

સકલતીર્થ-સ્તવનામાં 'અંતરીક વરકાણો પાસ' આવે છે કે તે આ જ તીર્થ.

એનું અસલ નામ 'વરકાંડક' હશે, એવું એક પ્રાચીન રચનામાં આવતા ઉલ્લેખ પરથી જણાયું છે. 'કાંડ' શબ્દ સંસ્કૃતમાં 'काण्ड-કાણ્ડ' એમ લખાય.તેનું અપભ્રંશ 'કાણ' થતાં અને છેવટે આવેલ 'ક' નો 'અ' થઈને તે 'ણ' માં ભળી જતાં થયું વરકાણા. અભ્યાસુજનો માટે આ આનંદપ્રદ-રસપ્રદ વાત છે.

અહીંથી નાડોલ આવ્યા. નાડોલનું મૂળ નામ નડ્ડૂલ. લઘુ શાન્તિના કર્તા શ્રીમાનદેવસૂરિજીની આ જન્મભૂમિ. શાન્તિની રચના અહીં જ થયેલી. અહીં તેમનું સ્થાન છે, ત્યાં ભોંયરૂં પણ છે. અહીં બેસીને શાંતિના પાઠ કરનારની મનોકામના ફળે છે તેમ વ્યવહાર છે. પ્રાચીન, શિલ્પખચિત, ભવ્ય જિનાલયો છે. જીર્ણોદ્ધાર તો થયા જ છે. કેટલુંક નષ્ટ પણ છે. છતાં પ્રમાણમાં થોડુંક જળવાયું છે ખરૂં.

નાડલાઈ આવ્યા. અહીં ૧૧ જિનાલયો છે. બે પર્વતો - તેના પર જિનાલયો છે. મુખ્ય જિનાલય દસમા સૈકાનું છે. ૧૦મા સૈકામાં, કહે છે કે, મહાપ્રભાવક આ. શ્રીયશોભદ્રસૂરિ ભગવંત મંત્રશક્તિથી આ જિનાલયને, વલભીપુરથી અહીં લાવ્યા હતા. તેમનો એક બ્રાહ્મણ શિષ્ય પણ તે જ સમયે તે જ પ્રકારે મહાદેવનું મંદિર અહીં લાવેલો, જે તેના નામે 'તપેશ્વર મહાદેવ' તરીકે પ્રખ્યાત છે. તે બ્રાહ્મણે પાછળથી દીક્ષા લીધી હતી, અને આચાર્ય પણ બનેલ.

આ મુખ્ય પુરાતન જિનાલયનું સ્થાપત્ય ભારતભરમાં કદાચ એક જ હશે. અદ્વિતીય. યુનિક. હવે અહીંના કોઈક સજ્જનને તેનો જીર્ણોદ્ધાર કરવાનું મન થયું છે. સાંભળવા પ્રમાણે સંઘની ના છતાં હઠ કરીને તેણે ચોફરતા ૨૪ જિનાલયનો નાશ કરીને તેના સ્થાને શ્વેત આરસની નવી ૨૪ દેરી બનાવી દીધી છે. મૂળ પ્રાસાદમાં પણ અંદરનો ભાગ તો કઢંગી રીતે બદલાવ્યો છે. બહારનું સ્થાપત્ય હવે બે ચાર માસમાં તોડવાનું છે, અને નવું બનાવવાના છે.

કાળજું વલોવાઈ જાય તેવી આ દુર્ઘટના છે - માનવસર્જિત દુર્ઘટના. હજાર કરતાં વધુ વર્ષો જૂનું સ્થાપત્ય આપણી પાસે ભાગ્યે જ બચ્યું હોય છે. તેમાં આ તો અદ્વિતીય છે - દરેક રીતે. આનો નાશ કર્યા પછી આવતીકાલે કોઈ કહેશે કે આ દેરાસર મંત્રબળે લાવવામાં આવ્યું હતું, તો કોણ માનશે ? નવી પેઢી કહેશે કે ગપ્પાં મારો છો. રાજસ્થાનમાં જૈનધર્મની પ્રાચીનતા પુરવાર કરવા માટે આવાં મંદિરો કામમાં - સાક્ષીરૂપ આવતાં હતાં. હવે ? પ્રતિમાઓ તો દરેક તીર્થમાં ક્યારનીયે બદલાઈ ગઈ છે. મુસ્લિમ આક્રમણોને કારણે કે બીજાં કારણોથી, અસલ મૂર્તિ નથી જાલોરમાં, નથી વરકાણામાં, નથી નાડોલમાં કે નથી આ ક્ષેત્રમાં. બધી

પાછળથી સ્થપાયેલી નવી પ્રતિમા છે. દેરાસરો બચી ગયાં છે. પણ આ પૈસાના જોરે ઉન્મત્ત અને નામ-કીર્તિના ભૂખ્યા લોકો તે બધું બરબાદ કરી રહ્યા છે, અને ભારતમાં કોઈ એવું નથી કે જે આ બધાંને અટકાવે, રોકી શકે.

બે પર્વતો છે - શત્રુંજય અને ગિરનાર. શત્રુંજય-ટેકરી ૨૦૮ પગથિયાંની અને ગિરનારનાં ૪૦૦. તળેટી બનાવી છે - નવી. ઉપર દેરાસર પણ જીર્ણોદ્ધારથી નવું થયું છે. પ્રતિમા પુરાણી છે. જૈકલ પર્વતની આ એક ટેકરી છે, ને તે પર શત્રુંજયાવતાર દેરાસર બન્યું છે. ગામ બહાર બીજી ટેકરી પર ગિરનારાવતાર તીર્થ છે. સહસાવન સહિત બધું કલ્પવામાં આવ્યું છે. જો કે એક જ નેમિજિન ચૈત્ય છે ઉપર. નેમિનાથની પ્રતિમાના મસ્તક ઉપર અંબોડાનો ગોટો-જટા છે, તેમાંથી બે ચોટલા નીકળે છે - લાંબા, ખભા ઉપર ઊતરે છે. આ એક વિશિષ્ટ બાબત જાણવા મળી. પ્રાયઃ આ. પ્રદ્યુમ્નસૂરિએ (૧૦-૧૧ મો સૈકો) પ્રતિષ્ઠા કરાવેલ હશે, તો લોકોએ શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન સાથે એને જોડી દીધી છે ! દંતકથા આવી રીતે ઘડાય છે, અને તેના પેટમાં જ સાચો ઈતિહાસ દટાયેલો હોય છે.

અહીંથી દેસૂરી, ઘાણેરાવ થઈ મૂછાળા મહાવીરજીનાં દર્શન પામ્યા. અહીંનું દેરાસર પણ દસમા સૈકાનું છે. તેનો બહિર્મંડપ પાછળથી બનેલો છે. જિનાલય-બિંબ મનમોહક છે. અક્ષય-કળશ લઈને બેસેલ કુબેર દેવનું શિલ્પ એ આ મંદિરની આગવી વિશેષતા છે. અહીં પણ ૧૧ મા સૈકાની ૨૪ દેરીઓનો ધ્વંસ કરીને શ્વેત આરસની નવી દેરીઓ બની રહી છે. બહારનો પુરાતન મંડપ પણ તોડીને નવો બનાવવાના છે. આ કાર્ય શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે ! મારવાડી લોકોના સહવાસમાં રહીને જૂનાનો નાશ કરીને નવનિર્માણ કરી નામ-કીર્તિ રળવાનો મોહ કે ચેપ ગુજરાતી વહીવટદારોને પણ લાગી ગયો ! હવે કોને ફરિયાદ કરવાની ? 'ચણ બચ્ચાંને ખાય, એની રાવ કયાં કરૂં ?'

થવાનું એવું કે ૨૪ જિનાલય નવાં, બહારનો મંડપ નવો, ને મૂળ દેરાસર જૂનું ! લોકો કહેશે કે આ તો ઉપર ઉઘાડું અંગ ને નીચે સફારી પેન્ટ ! આવું કેમ ચાલે ? આ પણ નવું બનાવો. એટલે જતે દહાડે મૂળ પ્રાસાદ પણ નષ્ટ થવાનો, એમ દેખાય છે. અસ્તુ.

કુંભલગઢની પ્રગાઢ પહાડીની ગોદમાં વસેલું આ પુરાતન તીર્થ એક અનુપમ સ્થળ છે, તો તેની યાત્રા થઈ એ જીવનનો એક અવર્ણનીય લ્હાવો જ છે.

અહીંથી સાદડી થઈને પહોંચ્યા રાણકપુર. આ અમારી મંઝિલ હતી. ચાર દહાડા રહ્યા. અહીંનાં અલૌકિક જિનાલય - સ્થાપત્યને મન ભરીને માણ્યું. એક એક શિલ્પાકૃતિમાંથી જીવંત આનંદ, ઉલ્લાસ, સંગીત, નર્તન છલકાતું અનુભવાયું. થયું કે અહીં આનંદોત્સવ, આનંદગાન, આનંદાનુભવ સિવાય કોઈ જ વાતને, વિચારને, વાતાવરણને સ્થાન નથી - ન હોઈ શકે. ધરણાશા શેઠને, તેમના ગુરુ અને આપણા પરમગુરુ સોમસુંદરસૂરિ ભગવંતને, દેપા શિલ્પીને મનોમન પ્રણામ કર્યા. છ સૈકા અગાઉ, આ પહાડોથી છલકાતા બીહડ જંગલમાં આ મહાપુરુષોએ આ દેવવિમાન કેવી રીતે ઊતાર્યું હશે, એ સવાલ સતત ઊગતો રહ્યો. આ મંદિરનું નિર્માણ દાયકાઓ જ નહિ, સૈકાઓ સુધી ચાલ્યા કર્યું છે. વચ્ચેનો બસો વર્ષનો કાળ એવો વહ્યો કે આ મંદિર જંગલી જનાવરો અને લૂંટારા તત્ત્વોનો નિવાસ રહ્યું. એમાંથી પાછું એ પ્રકાશમાં આવ્યું, એનો જીર્ણોદ્ધાર થયો, અને આજે તો એ નન્દનવન જેવું વિલસી રહ્યું છે. તેમ જ દેશ અને દુનિયામાં તેની ખ્યાતિ છે.

રાણકપુરથી ભારે હૈયે વિદાય થઈને બીજી પંચતીર્થીના પ્રવાસમાં - સેસલી, સેવાડી, રાતા મહાવીરજી, પિંડવાડા, અજારી, બ્રાહ્મણવાડા, નાંદિયા, દીયાણા, નાણા વગેરે તીર્થોની સ્પર્શ - દર્શન કરતાં કરતાં જીરાવલાજી પહોંચવાની તૈયારીમાં છીએ.

(ચૈત્ર, ૨૦૬૭)

* * *

## (૧૯)

રાજસ્થાનની યાત્રા ઘણી જ આનંદદાયક રહી. ઘણું ઘણું જોવા જાણવાનું મળ્યું. દિવસો સુધી પહાડીઓની વચ્ચે વિહરવાનો આનંદ સ્વર્ગીય આનંદ હતો. તો ગામગામનાં તીર્થરૂપ મંદિરોની યાત્રાનો લ્હાવો પણ અવિસ્મરણીય જ ગણાય. પર્વતની ગોદમાં જ હોય, ચોફેર ગાઢ જંગલનું વાતાવરણ હોય - નિરામય અને અપ્રદૂષિત, એવાં તીર્થો કેટલાં બધાં જોવા મળ્યાં ! તો કેટલાં બધાં ક્ષેત્રોમાં બાવન જિનાલય કે ૨૪ જિનાલયનાં ચૈત્યો જોયા ! મૂળે તો પુરાણાં જ, ૮૦૦-૧૦૦૦ વર્ષ જૂનાં જ તે ચૈત્યો; પણ વર્તમાનમાં તેનો જીર્ણોદ્ધાર કરીને કઢંગાં કરી મૂકેલ ચૈત્યો! એની પ્રાચીનતા અને અસલ રોનક તો આ જીર્ણોદ્ધાર થવા સાથે જ સમાપ્ત થઈ ગઈ એમ સ્પષ્ટ જણાઈ આવે.

દા.ત. જૂના બેડા ગામ તે 'દાદાજી'ના નામે ઓળખાતું દાદા પાર્શ્વનાથનું પુરાણું તીર્થ છે. ત્યાંના પુરાતન દેરાસરનો સર્વથા નાશ કરવામાં આવ્યો છે, અને તેને સ્થાને પાયામાંથી નવીન આરસનું ભવ્ય જિનાલય બનાવી દેવામાં આવ્યું છે. ભગવાનની ૨-૪ પ્રતિમા સિવાય, પ્રાચીન તીર્થ તરીકેનું એક પણ ચિહ્ન આ સ્થાનમાં રહેવા દેવાયું નથી ! જંગલનું, આદિજાતિની વસાહત વચ્ચેનું આ મજાનું સ્થાન છે. જો તેની પ્રાચીનતા જાળવી શકાઈ હોત તો એની મજા કાંઈક અનેરી હોત.

વરમાણ, જીરાવલા તીર્થની નજીકનું ગામ 'બ્રહ્માણ' સ્થાન તે તેનું મૂળ નામ. અહીંથી બ્રહ્માણ ગચ્છ પણ પ્રવર્તેલો. અહીં ૯૦૦ વર્ષ જૂનું ભવ્ય જિનાલય હતું. તેમાં સામાન્ય મરામત સિવાય જીર્ણોદ્ધારની કોઈ જ જરૂર નહોતી અને તેવી મરામત તો બે એક વાર થઈ પણ ગયેલી. પરંતુ કોઈકની દૃષ્ટિએ ચડી ગયું આ ક્ષેત્ર; અહીંના જૂના ચૈત્યના સ્થાને નવું બને તો આપણા હાથે પ્રાચીન ભવ્ય મંદિરનો ઉદ્ધાર થયો ગણાય - આવી ભાવનાથી તેમણે કોઈક ભગતને તૈયાર કર્યા, અને તે ભાઈએ આખી કમિટીને પોતાની વાતમાં સંમત બનાવીને જૂના જિનાલયનું વિસર્જન કરાવ્યું. એનો એક પણ પત્થર કોઈને જડે નહિ તેમ ફેંકાવી દીધા ! વળી, પાયા ખોદવા દરમ્યાન અંદરથી પ્રાચીન અતિભવ્ય, ખંડિત તથા અખંડિત જિનબિંબો નીકળ્યાં, જે અનુપમ તો હતાં જ, ઐતિહાસિક દૃષ્ટિએ અતિમૂલ્યવાન પણ હતાં. તે બિંબોને કોઈનેય ખબર ન પડે તેમ જળશરણ કરાવી દીધાં. વરમાણમાં જ આ અવશેષોનું મ્યુઝિયમ બનાવવાની લોક-માગણી હતી; અનેક આચાર્ય

મહારાજોએ, આ અવશેષોને નષ્ટ કરી ન દો પણ અમોને સોંપો, અમે તેની જાળવણી કરાવીશું, તેવી માંગણી કરેલી હોવા છતાં, આ લોકોએ ધરાર તેનો નાશ જ કર્યો ! જૈન મંદિરો વગેરેનો નાશ વિધર્મીઓ જ કરે એવું થોડું છે?

વિચિત્રતા તો એ છે કે આ જ ગામમાં, આ જિનાલયની ૫૦૦ મીટર દૂર, તેનું જ સમકાલીન પ્રાચીન સૂર્ય મંદિર છે. તે પણ ખંડિત ખંડિયેરની સ્થિતિમાં પડ્યું છે. પણ સરકાર દ્વારા તેની પ્રાચીન સ્મારક-સ્થાપત્ય તરીકે જાળવણી થઈ રહી છે. આ મંદિરની પણ આ જ રીતે, ભલે જૈનો દ્વારા જ, જાળવણી થઈ શકી હોત; અને નવીન દેરાસર બાજુના વિભાગમાં બાંધી શકાત. પણ....

જીરાવલાની દશા પણ આવી જ જોઈ. કરોડોના ખર્ચે નવું મંદિર ભલે બંધાયું; પરંતુ પુરાતન સ્થાપત્યમાં હતી તેવી પવિત્રતા, સુંદરતાનો અંશ પણ આમાં જળવાયો નથી. આંખ થાકી-કંટાળી જાય તેવી એકવિધ અને જડ કળા - કારીગરી આમાં હવે જોવા મળે છે. ધર્મશાળામાં એક જ દહાડો રહેવાનું બન્યું, પણ ભોજનશાળાના એંઠવાડો અને ખુલ્લી ગટરો અને ચારે તરફ પથરાયેલા ગંદા ઉકરડાઓને કારણે માથાફાટ દુર્ગંધ, મચ્છર-માખીઓનો ઉપદ્રવ, વાંદરાનો વિલક્ષણ ત્રાસ - બધું આવા મોટા ગણાતા તીર્થક્ષેત્ર માટે અજુગતું જ જણાયું. આરસનાં મંદિર બનાવી શકાય છે, પણ સ્વચ્છતા માટે થોડાક હજાર ખરચવામાં પણ આપણા કૃપણ અને સંકુચિત વણિકોને તકલીફ પડે છે, તેનો પ્રત્યક્ષ નમૂનો જીરાવલામાં જોવા મળ્યો.

બસો ત્રણસો કરોડના ખર્ચે નવનિર્માણ પામી રહેલા આ તીર્થમાં લોકો તો ભંડારમાં તેમ જ પેઢીમાં અઢળક ધન ભેટરૂપે આપે જ છે. છતાં આવક કરવાનો લોભ કેવો કે જીરાવલાજી પ્રભુના ચાલુ આર્ટ પેપર પર છાપેલ ફોટા, ખુલ્લા તથા ફ્રેમવાળા અહીં પેઢી વેચે છે. જે ફોટો હજારોની સંખ્યામાં છાપવામાં આવતો હોય તેની નકલ બે રૂપિયામાં સહેજે પડે; તેના ઓછામાં ઓછા ત્રીસ રૂપિયા ! અને ફ્રેમવાળાના ૫૦ થી ૮૦ સુધીના વિવિધ ભાવ ! બિલ કે પાવતીમાં રકમ લખાય, પણ ફોટાની સંખ્યા નહિ લખવાની અને પૈસા જમા થાય 'પ્રચાર ખાતામાં'. બહુ રમૂજપ્રેરક અનુભવ રહ્યો. ભગવાનના નામે કેવી રીતે બિઝનેસ થઈ શકે છે ! શ્રદ્ધાળુ લોકોને ભાવ વધે તે માટે જે વસ્તુ મફતમાં આપી શકાય, આપવી ઘટે, તેનો આવો ધંધો ! અને બસો કરોડનો ખર્ચ કરનારાઓને આ ધંધામાંથી શું પ્રાપ્ત થતું હશે તે પણ સમજણની બહાર જ રહે. અસ્તુ.

વિહાર દરમ્યાન બે ઓછા જાણીતાં ગામોનાં જિનાલયોનાં દર્શન મળ્યાં : માલનુ, સીવેરા. બંને ૨૪ જિનાલયો - પ્રકારનાં ખૂબ પુરાતન. જૈનોની વસતી વગરનાં ગામો છે, પરંતુ દેરાસરો ખરેખર પુરાતન છે. હજી સુધી તો કોઈ તીર્થોદ્ધારકની નજરે ચડ્યાં જણાતાં નથી. પણ ગમે ત્યારે કોઈની નજરે ચડશે ત્યારે...

પિંડવાડામાં વસંતગઢથી પ્રાપ્ત આઠમી સદીની અલૌકિક પ્રતિમાઓનાં દર્શન કરતાં એવો અહેસાસ થયો કે સાક્ષાત્ તીર્થંકર વીરવિભુ ઊભા છે, ને આપણે એમની સન્મુખ છીએ. અનુપમ ! અદ્ભુત ! અવર્ણ્ય ! આવાં ધાતુ-બિંબો અન્યત્ર ભારતમાં ભાગ્યે જ જોવા મળે !

અજારી તે પરંપરા પ્રમાણે હેમચંદ્રાચાર્યની સાધનાભૂમિ. ત્યાં પણ પુરાતન (હવે નવું બનેલ) જિનાલય અને તેમાં ૧૩મા સૈકાની શ્યામ સરસ્વતીમૂર્તિ છે. તો ત્યાંથી બે કિ.મી.દૂર માર્કંડેશ્વર શૈવ મંદિરમાં પ્રાચીન શ્યામ સરસ્વતી માતા છે. આચાર્યે આ પ્રતિમાની સમક્ષ સાધના કરી સાક્ષાત્કાર મેળવેલો હશે તેમ મનાય છે.

નાંદિયાજી અને દીયાણાજીની વચમાં લોટાણા તીર્થ આવ્યું. સાવ નિર્જન ભેંકાર જંગલ, પહાડીઓની વચાળે, એકાંત સ્થાન. માત્ર દેરાસર. બાકી કોઈ ન મળે, કાંઈ ન મળે. નજીકમાં છૂટાછવાયાં આદિવાસીઓનાં ઝૂંપડાં, તેમના તરફથી અવારનવાર દેરાસરને તાળાં તૂટવાનો, ચોરીનો લાભ મળે. રીંછ વગેરે જાનવરોનો ભય પણ ખરો જ. પણ દેરાસર ખૂબ પ્રાચીન, અને અંદર બેઠેલા ભગવાન આદિનાથ તો એવા અલૌકિક અને દિવ્ય કે આંખ હટાવી જ ના શકાય. બે કાઉસગ્ગિયાં બિંબો પણ અપરૂપ. ખાસ પૂજા કરનારા લોકોનો ત્રાસ ન હોવાથી મૂર્તિઓની અસલિયત બહુ જ સચવાઈ છે. લોટીપુર પત્તન તે જ લોટાણા. નાંદિયાના સજ્જનોએ કથા ઘડી કાઢી છે કે શત્રુંજયનો ઉદ્ધાર જાવડશાએ કર્યો ત્યારે આ ભગવાન ત્યાં લઈ ગયેલા; પછી તે ત્યાં ન રહ્યા ને અહીં પાછા આવ્યા - 'लौट आना' એટલે આ તીર્થનું નામ પડ્યું લોટાણા. very interesting story ને ? કથા ઘડી કાઢવામાં આપણા લોકોને કોઈ ન પહોંચે ! પણ અમે તો ત્યાં રાતવાસો રહ્યા, ને ભગવાનનું નીરવ નિર્જન સાંનિધ્ય માણ્યું ! બીજી સવારે જ પહાડો ઓળંગીને (ચડ ઊતર) દીયાણા પહોંચ્યા હતા.

ત્યાંથી કૃષ્ણગંજ આવ્યા ત્યાં સુધીનો સઘળોયે રસ્તો એટલે ચારે તરફ પહાડો જ પહાડો, અને આગળ કે પાછળ મહાપર્વત આબૂનાં અખંડ દર્શન !

વિહારની આવી સ્થિતિ વારંવાર નથી લાધતી.

આમ વિચરતાં વિહરતાં મંડાર ગામ થઈને અમે રાજસ્થાનથી બહાર આવી પહોંચ્યા - ગુજરાતની સરહદમાં. તે સાથે જ રાજસ્થાનની શાંતિ છૂટી ગઈ, અને વાહનો, હોટલો, ગેરેજો, પેટ્રોલપંપો વગેરેનો ધમધમાટ પણ ચાલુ થઈ ગયો.

રાજસ્થાનની કેટલીક યાદગાર વાતો - અહીંના એક પણ દેરાસરના દ્વાર પ્રદેશમાં બે ભવ્ય હાથી ન હોય તેવું ક્યાંય ન જોયું. પૂરા કદના, કાં નાના કદના પણ હાથી તો દરવાજે હોય જ. છેવટે દીવાલ પર હાથીનાં ભવ્ય ચિત્રો પણ દોર્યાં જ હોય. મારવાડની જ આ વિશેષતા છે. ગુજરાતમાં હાથી લગાડવા તે લક્ઝરી મનાય; રાજસ્થાનમાં તે મંદિરનું આવશ્યક અંગ ગણાય.

વરકાણાથી રાણકપુર અને ત્યાર પછી પણ કેટલો ય પ્રદેશ - આ સમગ્ર વિસ્તારની સડકોની બન્ને બાજુએ, એક જૈન ગૃહસ્થે લીમડાનાં લાખો વૃક્ષો વવડાવ્યાં છે. એ જોતાં અચંબો પણ થયો અને આનંદ પણ. માત્ર દેરાસરો જ બાંધનાર પ્રજાને આવું લોકોપકારક કાર્ય પણ સૂઝે છે ખરું.

રાજસ્થાનની સામાન્ય જનતાનો એક વિશેષ એ જોવા મળ્યો કે લોકો રસ્તે ચાલ્યા જતાં હોય અને સામે કોઈ મળે તો તરત જ બોલે : હરિ ઑમ્. પેલો પણ સામે એ જ શબ્દથી પ્રતિભાવ આપે જ. બહુ મજાનું લાગે. જૈન બંધુઓને સામસામે મળતાં જય જિનેન્દ્ર જેવો શબ્દ બોલતાં બહુ તકલીફ પડે !

રાજસ્થાનનાં ગામોમાં જૈનોના મહોલ્લા નિર્જન જ. પણ ગામેગામ ભોજનશાળા હોવાની. લોકો પ્રસંગે પ્રસંગે આવવાના, જૈન-અજૈન અનેક લોકો રહેતા હોય ભલે પરદેશમાં, પણ પોતાના ગામમાં પોતાનો બંગલો, પોતાનું ઘર તો પત્થરનું બનાવે જ; અને વાર તહેવારે ત્યાં આવીને રહે જ. ગુજરાતીઓનું ઊલટું છે. ગામમાં ઘર હોય તો તે કેમ ઝટ કાઢી નાખવું ને રોકડી કરી લેવી તેની તેમને ઉતાવળ હોય જ. મારવાડી લોકો વધાવે તો નહિ જ, ઊલટાનું વધારે. વધુ સારું બનાવે ને નવાં દેરાં પણ બંધાવે. કાલે કોઈ એવી સ્થિતિ સર્જાય અને દેશાવરથી ભાગી ને ઘેર આવવું પડે તો તેમને કોઈ વાતે વિમાસણ નથી. ગુજરાતી લોકો તો 'પડે તેવા દેવાશે'માં માનનારા તો !

ગુજરાતમાં ડીસા અને પાટણની યાત્રા કરી. જૂના ડીસાનું જીર્ણોદ્ધૃત જિનચૈત્ય અને તેની નૂતન નિર્મિત શિલ્પકલા જોતાં આંખ ઠરી. યાત્રા કરવા જેવું ચૈત્ય. પાટણમાં ૧૨૫થી વધુ જિનાલયો. દોઢ દિનમાં પચાસેક ચૈત્ય જુહાર્યાં. પુરાતન અલૌકિક જિનબિંબો એ અહીંની આગવી વિશેષતા છે. રાણીની વાવ અને મ્યુઝિયમ પણ જોયાં. અદ્‌ભુત વસ્તુ, પણ તેને માટે સરકારના કે આર્કિયોલોજીના સ્તરે જેટલી જેવી કાળજી થવી જોઈએ તે ન લાગી. રાણીની વાવના પરિચયલેખમાં જ ભીમદેવ - ૧ લાને મૂળરાજ સોલંકીના પુત્ર તરીકે ઓળખાવેલ છે. આવા છબરડા પણ આવતીકાલે 'પુરાતાત્ત્વિક છબરડાં' ગણાશે.

પાટણથી આવ્યા ચાણસ્મા. માર્ગમાં રૂપપુર નામે ગામડું છે, તેમાં પ્રાચીન ૨૪ જિનાલય દેરાસર છે. પરિવર્તનો થયાં હોવા છતાં જૂનું સ્વરૂપ ઘણે અંશે જળવાયું છે. ચાણસ્મામાં ભટેવા પાર્શ્વનાથનું તીર્થ છે. મૂર્તિ અજોડ અને દિવ્ય છે. લેપની પ્રક્રિયા ઘણાં વર્ષોથી થતી રહી છે. અહીં આ બિંબ રેતીનું - રેતિયા પત્થરનું કે વેળુનું છે. તેના પર થયેલ વારંવારના લેપને કારણે પ્રતિમાનાં મૂળ સ્વરૂપને ઘણી હાનિ પહોંચી હોવાનું અને લેપકાર દ્વારા એમ.સીલ, એરલ્ડાઈટ જેવાં રાસાયણિક દ્રવ્યો વડે વિવિધ અંગોની નવરચના થતી થઈ હોવાનું જાણવા મળ્યું. લેપ ઉખડી જાય તો રંગ પણ થતો હોવો જોઈએ. લેપ કરનારાઓ હવે ભાગ્યે જ વિશ્વસનીય રહ્યા છે. પરંતુ મૂળનાયકના મૂળ સ્વરૂપ સાથે થયેલ ચેડાં એ આ ક્ષેત્રની અવનતિનું કારણે હોઈ શકે - એવો વિચાર મનમાં રમતો થયો.

ચાણસ્માની બીજી એક વિશેષતા તે વિદ્યાવાડીનું દેરાસર. અહીં પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીના શિષ્ય વિદ્યાવિજયજી મ. કાળધર્મ પામેલા, તેમની સ્મૃતિ - સમાધિસ્થાનરૂપે આ વાડી બનેલી. સં.૧૯૮૪માં શાસનસમ્રાટશ્રીએ પ્રથમ અંજનશલાકા અહીં જ કરી હતી.

મોઢેરા આવ્યા. અહીંના જિનાલયનો જીર્ણોદ્ધાર થયા પછી કલાની દૃષ્ટિએ ખૂબ નયનમનોહર જણાયું. અંદરથી પુરાતન સ્વરૂપ જાળવીને બહારથી કલામંડિત જીર્ણોદ્ધારની રીત મનને જચી.

મોઢેરામાં સૂર્યમંદિરની કલાકારીગરી ખાસ જોઈ. 'અદ્‌ભુત' સિવાય કોઈ શબ્દ ન જડે. આ સૂર્યમંદિર, રાણીની વાવ - એ બંનેના કલા-સ્થાપત્યનો, આપણાં રાણકપુર અને તારંગા - દેલવાડાનાં કલા-સ્થાપત્યો સાથે, તુલનાત્મક અભ્યાસ થવો જોઈએ - એવું આ બધું જોતાં જોતાં મનમાં ઊગ્યું. અલબત્ત, ભારતમાં આવા ઊંડા અભ્યાસુઓ મળવા હવે દુર્લભ જ ગણાય.

રાંતેજ તીર્થની પણ યાત્રા કરી. આનો સંબંધ પણ સૂર્યમંદિર અને સૂર્યપૂજા સાથે હશે એમ લાગે છે. ધરતીમાંથી પ્રાચીન બાવન જિનાલય પ્રગટેલું, તે વર્ષો અગાઉ જોયું છે. અત્યારે તો તેનો અંશ પણ રહ્યો નથી. દેરાસર પાયાથી નવું બનાવી દીધું છે. પોતાના ઈતિહાસનો અને ઐતિહાસિક પદાર્થોનો નાશ કરવાની બાબતમાં જૈનોનો જગતમાં જોટો નથી. બે પ્રાચીન પટ અમે જોયેલા, તે અત્યારે ન જોયા. સરસ્વતીપ્રતિમાને સાંધવામાં આવી છે, અને તેનો ભારે મહિમા થઈ રહ્યો છે.

ફોટો પાડવાની સખત મનાઈ છે. આવી મનાઈ ઘણા ઠેકાણે જોવા મળી. આ પણ વહીવટકર્તા સાધુઓ તથા શ્રાવકોને માટે પોતાનું, પોતાના વહીવટનું, પોતાને હસ્તક રહેલા સ્થાનનું મહત્ત્વ અને મહિમા વધારવા માટેનું એક બહાનું છે. એક ટ્રસ્ટીએ કહ્યું કે ફોટા પાડી જઈને પોતાને ત્યાં અમારી નકલ કરે છે ! છે ને મજાની વાનગી ? અસ્તુ.

એકંદરે અમારો આ વિહાર એક અભ્યાસયાત્રા - સમાન બન્યો છે. વળી, વિહાર દરમ્યાન અમારા શોધ અને સ્વાધ્યાય તો લગભગ નિરંતર ચાલુ રહ્યા છે; તેને લીધે જ વિહાર તે વિહારયાત્રા બની શક્યો છે.

(વૈશાખ, ૨૦૬૭)

❋ ❋ ❋

ખંભાતમાં ફા.શુ.૩ના દિવસે શ્રીસ્તંભન પાર્શ્વનાથની વર્ષગાંઠ અને ધ્વજામહોત્સવ હતો, તેમાં ઉપસ્થિત રહેવાનું બન્યું. જોગાનુજોગ એવો બન્યો છે કે શ્રીસ્તંભન પાર્શ્વનાથની નીલમની પ્રતિમા ખંભાતમાં આવ્યાને ચાલુ સાલે (૨૦૬૮) ૭૦૦ વર્ષ થયાં છે. તે ઉત્તમ નિમિત્તને પામીને તેની ઉજવણી કરવાના - કરાવવાના ભાવ જાગતાં તે માટે પ્રેરણા કરી, અને લગભગ વીસેક લાખનું ફંડ થયું. તેમાંથી વિવિધ આયોજનો કરવાનું નક્કી કરાવ્યું છે. એની વાત કરતાં અગાઉ સંક્ષેપમાં આ પ્રતિમાજીનો ઈતિહાસ જાણી લઈએ.

ગઈ ચોવીશીના શ્રીદામોદર નામે તીર્થંકરદેવના વખતમાં થયેલા આષાઢી શ્રાવકે, પાર્શ્વનાથ પ્રભુના ગણધર થઈને પોતે મોક્ષ પામવાના છે તેવું જાણીને, શ્રીપાર્શ્વપ્રભુની ત્રણ પ્રતિમા ભરાવી. ૧. શંખેશ્વર પાર્શ્વનાથ, ૨. ચારૂપ પાર્શ્વનાથ, ૩. સ્તંભન પાર્શ્વનાથ. તેમાં સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમા નીલમની ઘડાવીને તેઓ પોતાની વીંટીમાં અગર તો ઘરદેરાસરમાં રાખતા અને પૂજતા. તે પ્રતિમા ઘણા કાળપર્યંત દેવો, ઈન્દ્રો અને રાજાઓ દ્વારા પૂજાતી રહી. શ્રીરામ-લક્ષ્મણે પણ તેની વિશિષ્ટ પૂજાના પ્રભાવે જ સમુદ્રને થંભાવી દીધો હતો અને લંકા પહોંચ્યા હતા.

સૈકાઓ પહેલાં, જેમના નામથી પાદલિપ્તપુર-પાલીતાણા વસ્યું છે તે મહાપુરુષ પાદલિપ્તાચાર્યના ભક્ત સિદ્ધયોગી નાગાર્જુને, સુવર્ણરસની સિદ્ધિ માટે આ પ્રતિમા દૈવી સહાય વડે મેળવી. તેના સાનિધ્યમાં આરાધના તથા ક્રિયાપૂર્વક તેણે પારો થંભાવી રસ સિદ્ધ કર્યો. પછી તે પ્રતિમાને તેણે સેઢી નદીના કિનારે ભૂમિમાં દાટી દઈ ત્યાં સ્તંભનપુર ગામ વસાવ્યું.

૧૧મા - ૧૨મા સૈકામાં નવાંગી આગમોના ટીકાકાર આચાર્ય શ્રીઅભયદેવસૂરિ મહારાજને શરીરે કોઢ રોગ થયો. તેમણે ખિન્ન હૈયે અનશન કરી દેહ ત્યાગવાનો વિચાર કર્યો. તો રાત્રે શાસનદેવીએ આવીને સંકેત આપતાં તેને અનુસારે તેઓ વિહાર કરતાં સ્તંભનપુર પાસે પધાર્યા. ત્યાં નદીકાંઠે જંગલમાં, એક ખાખરાના ઝાડ તળે, એક ગાય આપમેળે દૂધ ઝરાવતી, તે સ્થાને જઈને 'જય તિહુઅણ' સ્તોત્રની રચના તથા પાઠ કર્યા તો પ્રતિમા પ્રગટ થઈ. ત્યાં જ વિધિપૂર્વક સંઘે સ્નાત્ર ભણાવી તેનું ન્હવણજળ આચાર્યશ્રીના અંગે લગાડતાં જ કોઢરોગ મટી ગયો. આ ઘટના વિ.સં. ૧૧૩૧માં બની. પછી તેને ગામમાં નવું જિનાલય બનાવી ત્યાં

પ્રતિષ્ઠિત કરાવી. તે ત્યાં લગભગ ૨૩૬ વર્ષ રહી. ગામના નામે જ પ્રભુજી પણ સ્તંભન પાર્શ્વના નામે ઓળખાયા.

વિ.સં.૧૩૬૫-૬૮ ના અરસામાં અલાઉદ્દીન ખિલજીએ ગુજરાત પર કરેલા આક્રમણ સમયે સં.૧૩૬૮ માં ચતુર શ્રાવકો તે પ્રતિમાને સંભાળપૂર્વક ખંભાત-સ્તંભતીર્થે લઈ આવ્યા. ત્યારથી આજ સુધી, ૭૦૦ વર્ષો થયાં તે ખંભાતની ધરતી પર પૂજાતી રહી છે.

વિ.સં.૧૯૫૫ ના અરસામાં, કોઈ વ્યક્તિ, આ નીલમની પ્રતિમા ચોરી ગઈ. દરિયાકાંઠે જઈ ખાડો ખોદી દાટી, અને તે પર સંડાસ કર્યો. તે માણસ ઘેર જતાં જ આંધળો થઈ ગયો. અહીં સંઘે અન્નજળનો ત્યાગ કર્યો. પેલા ચોરની પત્નીને વહેમ પડતાં પતિને ધમકાવ્યો, વાત જાણી, ને ત્રીજે દહાડે તે પ્રતિમા ત્યાંથી કાઢી સંઘને પાછી પહોંચાડી. તે પછી સં.૧૯૫૬ માં પૂજ્ય શાસનસમ્રાટ(તે વખતે મુનિ નેમિવિજયજી)શ્રીએ તેને લેપ કરાવી પુનઃ પ્રતિષ્ઠા કરી, પણ ત્યારબાદ ત્યાં ભવ્ય શિખરબદ્ધ જિનાલયની તેમણે પ્રેરણા આપી. નાનાં નાનાં ૩ દેરાસરોનું એકીકરણ કરાવીને આજનું ભવ્ય મંદિર બનાવડાવ્યું. વિ.સં.૧૯૮૪ ના વર્ષે તેઓશ્રીએ શ્રીસ્તંભન પાર્શ્વનાથ સમેત ત્રણે દેરાસરોમાં જિનબિંબોની ત્યાં પ્રતિષ્ઠા કરી, અને તે વખતે નવાં થોડાં બિંબોની અંજનશલાકા પણ કરી.

આજે પણ આ પ્રતિમાજીનો પ્રભાવ અચિંત્ય છે. તેનું સ્નાત્રજળ લગાડવાથી ઘણા શ્રદ્ધાસંપન્ન લોકોના કોઢ આદિ રોગો મટી જાય છે.

૬૦૦ વર્ષ વખતે આપણે હતા નહિ. ૮૦૦ વર્ષ વખતે નહિ હોઈએ. તો ૭૦૦ વર્ષના અવસરે જો આપણે છીએ તો તે અવસરને શા માટે વધાવી ન લેવો ? શા માટે ન ઊજવવો ?

અને આ બધી પ્રતિમા માટે કહેવાય છે કે દેવો ઝાઝો સમય તેને મનુષ્યો પાસે રહેવા દેતા નથી. પોતાની ભક્તિથી ઉલ્લસિત થઈને ગમે ત્યારે તેઓ પોતાના સ્થાને લઈ જઈ તેની સેવા કરે છે. આ સંદર્ભમાં વિચારીએ તો આવી અલૌકિક મહિમાવંતી પ્રતિમા ૭૦૦-૭૦૦ વર્ષ આપણી વચ્ચે રહી છે એ કેટલી આનંદદાયક તથા અહોભાવજનક ઘટના છે ! આવી અતિશયવંત પ્રતિમાની ભક્તિ થાય એટલી કરી લેવી.

(ચૈત્ર, ૨૦૬૮)

* * *

## (૧૮)

હજારો સાધુ-સાધ્વી ભગવંતો, ધોમધખતા તાપના આકરા દિવસોમાં પણ વિહારયાત્રા કરતાં હોય છે, અને પ્રયોજન અથવા આજ્ઞાને અનુસારે લક્ષ્યસ્થાને પહોંચતા રહે છે. ભૂતકાળની સરખામણીમાં આજે સાધનો અને સુવિધાઓ જરૂર વધ્યાં છે એ વાત પણ સ્વીકારવી જ પડે. આજે ઠેર ઠેર, નિયત અંતરે, વિહારધામો બન્યાં છે; બની રહ્યાં છે. વૈયાવચ્ચ માટેનાં મોજાં, વ્હીલચેર વગેરે આવશ્યક બનેલાં સાધનો પણ સર્વત્ર ઉપલબ્ધ હોય છે. ગોચરી-પાણી અર્થે રસોડાં પણ વ્યાપકપણે ચાલતાં થયાં છે. આ બધાંને કારણે અગાઉના સમય કરતાં, વિહાર, આજે ઘણો સુગમ અને અનુકૂળ બન્યો છે.

પણ એની સામેની બાજુ પણ છે. પહેલાં કાચા રસ્તા હતા. આજે ડામર અને સિમેન્ટના રોડ છે, જેના પર ચાલવાથી તળિયાં ઘસાય, લોહીલુહાણ થાય, અને તેની ગરમીથી આંખો નબળી પડે, નંબર વધે, વાળ અકાળે ધોળા થાય, જે શરીરમાં વધતી ગરમીની સાબિતી આપે. આ કારણે, પહેલાં મોજાં પહેરવાની કલ્પના પણ આકરી અને અરેરાટી પમાડનારી ગણાતી, તેને બદલે હવે મોજાં એ અનિવાર્ય ઉપકરણ બની ગયાં છે. થોડાં જ વખતમાં, જૈન સાધુની 'ઉઘાડે પગે ચાલનાર સાધુ' તરીકેની જે કલ્પના કે પ્રતિષ્ઠા હતી, તે લોપાઈ જશે. ટ્રાફિકની સમસ્યા ભયંકર બની રહી છે. ૨ લેન, ૪ લેન કે ૬ લેન, વગેરે ગમે તેવા મોટા કે નાના રસ્તા બને, પણ સાધુ માટે તે પર ચાલવું જોખમી અને ભયજનક જ બન્યું છે, બની રહેવાનું છે. ગમે તેટલી સાવધાની રાખીએ, પણ કોણ કયારે કઈ તરફથી આવીને અથડાશે અને આપણા જીવનને છિન્નભિન્ન કરી મૂકશે, તેની તો કલ્પના જ આવે નહિ. સતત ફફડાટમાં જ ચાલવું પડે. વધુમાં, ટ્રાફિકના અવિરત અવાજ-ઘોંઘાટને કારણે કાન અને દિમાગ સુન્ન થઈ જાય તેની વાત કોઈને કરીએ તોય હાંસીપાત્ર ઠરીએ. જવાબદાર વ્યક્તિ હોય તેને તો રોજેરોજ, બધાં ઠાણાં સ્થાને પહોંચે નહિ ત્યાં સુધી જીવ પડીકે જ બંધાયેલો રહે. ડોળીમાં વિહાર કરવો પડે તેવા વૃદ્ધ/ગ્લાન વ્યકિતઓ માટે, ડોળી હવે અનેક રીતે મોંઘી પડતી હોવાથી, વ્હીલચેરનો ઉપયોગ થવા લાગ્યો છે. તો તેને માટે ચલાવનાર ભાઈ/બહેનને મેળવવાનું દિનદહાડે કઠિન અને મોંઘું થતું જાય છે. પૈસા આપવા છતાં આવતા સમયમાં આ વ્યવસ્થા કેટલું ચાલશે તે એક સમસ્યા છે. તો હાઈવે પર ચેર

ચલાવવાનું કેટલું વિકટ હોય છે તે તો બેસનાર અને ચલાવનાર જ અનુભવતાં હોય છે. અગાઉના કરતાં હવેના જીવોનાં શરીરબળ, મન, સહનશક્તિ અને ઉદારતા - આ બધાં વાનાં નબળાં પડ્યાં છે અને વધુને વધુ નબળાં પડતાં જાય છે તે પણ હકીકત છે, જેને લક્ષ્યમાં લીધા વિના ચાલે નહિ.

છેલ્લાં ૫-૭ વર્ષોમાં માર્ગ-અકસ્માતોમાં જે અનેક સાધુ-સાધ્વીજીઓનાં મૃત્યુ થાય છે અથવા ભયાનક ઈજાઓ થાય છે, તે ઉપરથી અંદાજ લગાવી શકીએ છીએ કે વિહાર હવે કેટલો વિકટ બની ગયો છે.

આમ છતાં પણ, આજે પણ, હજારો સંયમી આત્માઓ પોતાની આત્મમસ્તીમાં મગ્ન બનીને વિવિધ માર્ગો પર એકથી બીજા લક્ષ્યસ્થાન ભણી વિચરતા-વિહરતા જોવા મળે છે, તે સંઘનું સૌભાગ્ય છે. જો સંયમીઓ વિહાર કરવાનું બંધ કરી દે તો કેવી વિષમતા પેદા થાય તેની કલ્પના કરી જોવા જેવી છે. મોતના ભય સુધીનાં અનેક કષ્ટો હસતાં હસતાં વેઠી-સ્વીકારીને વિહાર કરે, અને અનેક ગામો, શહેરો, ક્ષેત્રોને ધર્મલાભ આપે, ત્યાંનાં ધર્મકાર્યોમાં સહાયક બને, અને સાથે પોતાની આરાધના પણ કરતા રહે; આ બધું ધ્યાનમાં લઈએ તો સમજી શકાય કે સંયમી આત્માઓનો સકળ સંઘ ઉપર કેટલો મોટો ઉપકાર છે !

ઘણીવાર ગૃહસ્થવર્ગ બોલતો હોય છે કે ‘હવે ક્યાં તકલીફ રહી જ છે? ચલાય નહિ તો વ્હીલચેરમાં બેસવાનું, ગામેગામ વિહારધામો, માણસો માટે પણ વ્યવસ્થા, આમાં હવે કઠિનતા ક્યાં રહી જ છે ?’

આવું બોલનાર કે વિચારનારને વિહાર એટલે શું તેનો વાસ્તવિક બોધ જ નથી હોતો. ખરી રીતે, આવું બોલતાં પહેલાં વિહારયાત્રામાં સાધુ મ. સાથે ૫-૭ દહાડા રહેવું પડે. ઘરની તમામ સુવિધાઓનો સો ટકા ત્યાગ કરીને સાધુની રીતે રહે, ત્યારે જ અંદાજ આવે કે વિહાર એટલે શું છે ? અને વિહારમાં કેવી કેવી સ્થિતિમાંથી પસાર થવાનું હોય છે ? બાકી, મોંમાં આવ્યું તે વગર વિચાર્યે બોલી પાડવું, તે તો અજ્ઞાની અને અવિચારી લોકોને જ શોભે.

એક વાત હમેશાં યાદ રાખવા જેવી છે : લાખ અનુકૂળતાઓ જણાતી હોય તો પણ, સંસાર ત્યજવો અને સાધુ થવું એ સહેલું નથી.

**(દ્વિતીય વૈશાખ, ૨૦૬૬)**

* * *

## (૧૯)

## વહીવટ

થોડા દિવસ અગાઉ આપણી એક બહુ મોટી સંસ્થાના એક વહીવટદાર-ટ્રસ્ટી બંધુ મળવા આવેલા. તેમણે સહજભાવે સવાલ મૂક્યો : 'હું આ સ્થાન પર નવનિયુક્ત છું. મને માર્ગદર્શન આપો.' તે ક્ષણે તેમને અપાયેલો જવાબ, અને તે પછી તે મુદ્દે થયેલું ચિન્તન, અહીં નોંધીશ.

મેં તેમને કહ્યું : "ધર્મસંસ્થાનો વહીવટ કરનાર ગૃહસ્થ માટે, જો તે યોગ્ય રીતે વહીવટ કરી શકે તો, વહીવટ એ જ ધર્મઆરાધના બની જાય છે, અને વહીવટ કરીને જ તેઓ પોતાનું કલ્યાણ સાધી શકે છે. સામાન્યતઃ ધાર્મિક સંસ્થાનો વહીવટદાર બારવ્રતધારી શ્રાવક હોય એવી અપેક્ષા રહે છે. પરંતુ તે તો આજના સમયમાં, લગભગ, શક્ય નથી દેખાતું. આ સંજોગોમાં, શ્રાવકધર્મને ઉચિત વ્રતો તથા આરાધના ન કરી શકનાર ગૃહસ્થો પણ, જો ઉચિત રીતે, વિનય-વિવેકપૂર્વક, વહીવટ કરે તો તેના થકી જ તેમનું કલ્યાણ થઈ શકે તેમ છે. એથી ઊલટું, જો વહીવટમાં ગરબડ-ગોટાળા કરે, અને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેનું બહુમાન જાળવી ન શકે, તો એ વહીવટ તેને અવળો પણ પડી શકે છે." આ જવાબથી, સંભવતઃ તેમને સંતોષ થયો હોય તેવું તેમના ચહેરા પરથી લાગેલું.

હવે આ વિષય પરત્વે થયેલું ચિન્તન નોંધું :

જૈન સંઘ અને જૈન ધર્મ સાથે જોડાયેલી કોઈ પણ પેઢી, સંસ્થા, તીર્થ કે ધર્મસ્થાન કે ટ્રસ્ટના વહીવટ કરનારાઓએ એક વાત સ્પષ્ટપણે સમજી રાખવી ઘટે કે આ બધાંના માલિક અને વહીવટકર્તા ખરેખર તો શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રીસંઘ છે. તેમાંયે મુખ્યપણે સાધુભગવંતો જ તેના અધિકારી છે. વહીવટ કરનારા ગૃહસ્થો તો શ્રમણસંઘના પ્રતિનિધિ માત્ર છે. અર્થાત્ સંઘવતી તેઓ વ્યવસ્થા સંભાળનારા હોય છે. મધ્ય યુગમાં જૈન મુનિઓ અને આચાર્યોનો એક વર્ગ 'ચૈત્યવાસી' તરીકે ઓળખાતો હતો, અને દેરાસરો તથા તે સંબંધી મિલકતોનો બધો વહીવટ તે લોકો જ સંભાળતા હતા. એક તબક્કે, ગૃહસ્થ વહીવટદાર દ્વારા ગોટાળા કે ભ્રષ્ટાચારથી થાકેલા સંઘે, શત્રુંજય તીર્થનો વહીવટ પણ જૈન સાધુ મહારાજને સોંપેલો હોવાનો ઈતિહાસ છે. આનો અર્થ એટલો જ કે નિર્લેપ સાધુ મહારાજો સામાન્ય રીતે વહીવટી પળોજણમાં ભલે ન પડે; પરંતુ જ્યારે ગૃહસ્થો દ્વારા થતા સંચાલનમાં ગેરવહીવટ

થતો હોવાનું જણાય, ત્યારે તેઓ નિર્લેપતા છોડીને, યોગ્ય વહીવટ માટે, વહીવટી સંચાલનમાં હસ્તક્ષેપ અવશ્ય કરી શકે છે; અને જરૂર પડ્યે વહીવટ હસ્તગત પણ કરી શકે છે; અને આમ કરવામાં શાસ્ત્ર કે ધર્મની આજ્ઞાવિરુદ્ધ કશું જ નથી.

અગાઉ, આજથી પચાસેક વર્ષો પહેલાં, ધર્મસ્થાનોનો વહીવટ સંઘ કરતો, એટલે કે સંઘના આગેવાન અને મોભી એવા મહાજન તેમ જ શ્રાવક ગૃહસ્થો કરતા. આ લોકોને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અવિહડ શ્રદ્ધાભાવ રહેતો. તો તે જ રીતે સંઘ તથા ગુરુભગવંતોને પણ આ લોકો પ્રત્યે પૂર્ણ વિશ્વાસ રહેતો કે આ લોકો મર્યાદાનું ઉલ્લંઘન થાય તેવું કાંઈજ મનસ્વી રીતે નહિ જ કરે.

મુંબઈ પબ્લિક ટ્રસ્ટ એક્ટ અમલમાં આવ્યો, પછી સ્થિતિ બદલાઈ, કાનૂન અનુસાર મુદતી કે બિનમુદતી (આજીવન) ટ્રસ્ટીઓ નીમવાની પ્રથા આવી ગઈ. સંઘ યોગ્ય વ્યક્તિઓને પસંદ કરીને જવાબદારી સોંપે અને એ લોકો પણ યોગ્ય રીતે વહીવટ કરતા - આવું કેટલોક વખત ચાલ્યું. આજે પણ, ઘણે ઠેકાણે, આવું ચાલતું જોવા મળી શકે છે.

પરંતુ, અગાઉની અને આજની વાસ્તવિક્તામાં થોડોક ફેર છે. અગાઉ મહાજનો વહીવટ કરતા, પણ સંઘની પ્રણાલિકા, માન્યતા અને આજ્ઞા કે ભાવનાને કેન્દ્રમાં રાખીને કરતા. સંઘ સર્વોપરી છે, ગુરુનું માર્ગદર્શન સર્વોપરી છે, એ જેમ ઇચ્છે કે સૂચવે તે પ્રમાણે જ ચાલવું જોઈએ - આવી તે મહાજનોની સમજણ હતી.

હવે આવું નથી રહ્યું, હવે ટ્રસ્ટ એક્ટના અન્વયે નીમાયેલા ટ્રસ્ટીઓ વહીવટ કરે છે. અલબત્ત, તેમની નીમણૂક સંઘ દ્વારા જ થતી હોય છે. પરંતુ તેમાં શાસ્ત્ર, ગુરુભગવંતો તથા પ્રણાલિકા - બધું ગૌણ હોય છે; ટ્રસ્ટના કાનૂન અને તેની કલમો જ મુખ્ય હોય છે. તો નીમણૂક પામનાર ગૃહસ્થો પણ મહાજન નથી હોતા; તેમને પ્રણાલિકા તથા મર્યાદાનું જ્ઞાન કે ભાન પણ નથી હોતું, તેમ સંઘ, શાસ્ત્ર તથા ગુરુઓ પ્રત્યે હોવું જોઈતું બહુમાન પણ નથી હોતું. વિડંબના તો એ છે કે એવા મિત્રોને ટ્રસ્ટના કાનૂનો વિષે તથા બંધારણ વિષે પણ લાંબું જ્ઞાન નથી હોતું. ઓડિટરો કે વકીલો જેમ ફેરવે તેમ તેઓ ફર્યા કરતા હોય છે.

આવા લોકો, વાતે વાતે, કાયદાની દુહાઈ દે છે; ઓડિટર, આઈ.ટી. કે ચેરીટી કમિશ્નરની બીક બતાવી શકે છે; અને શાસ્ત્ર-સંઘની પરંપરાને તદ્દન પ્રતિકૂળ એવાં કાર્યો, તે બધાંના ઓઠે કરી - કરાવી લે છે. પરંતુ, તેમને શાસ્ત્રની આજ્ઞા,

ગુરુઓનું માર્ગદર્શન તથા સંઘની પ્રણાલિકા - આ બધાનું ખંડન થાય, પાલન ન થાય, તેની જરા પણ પરવા હોતી નથી.

પરિણામે સવાલ જાગે કે આ પ્રકારના લોકો ખરેખર જૈન હશે કે કેમ ? અને તેઓ જેનો વહીવટ કરે છે તે સંસ્થા જૈન સંઘની સંસ્થા હશે કે સરકારની કોઈ સંસ્થા હશે ?

આ પ્રકારના વહીવટદારો, જ્યારે વહીવટ સંભાળે છે ત્યારે તો લાગણી, ધર્મભાવના, આપણને આ રીતે ધર્મની સેવા કરવાની તક મળી તેનો આનંદ - આ બધાં સાથે તે સંભાળતા હોય છે. પરંતુ, એકવાર અંદર પ્રવેશ પામ્યા અને ઊંડા ઊતર્યા પછી તેમને અંદાઝ આવી જાય છે કે અહીં તો સેવાનો લાભ જ માત્ર મળે એવું નથી, બીજા પણ આનુષંગિક અઢળક ફાયદા મળી શકે છે. વધુમાં તેઓને એ પણ ખ્યાલ આવે છે કે અહીંથી હવે મને કોઈ હટાવી શકે તેમ નથી; હું મારી જાતે હટી જઉં નહિ, તો મને કોઈ હટાવશે નહિ - મને એ માટે કાનૂનનું રક્ષણ મળે છે.

એક બાજુ શાસ્ત્રાદિનું અજ્ઞાન; બીજી તરફ તે તત્ત્વો પ્રત્યેના બહુમાન તથા દરકારનો મહદંશે અભાવ; તો સાથે સાથે પોતાને મળેલ સત્તા, અધિકાર, પ્રશંસા તથા પોતાની અમુક જાતની વહીવટી કુશળતા - જેમાં પોતાની ભૂલો તથા ખામીઓને છાવરવાની તથા તેનો બચાવ કરવાની કુશળતાનો પણ સમાવેશ થાય છે તે; આ બધાં વાનાંના મિશ્રણમાં કાયદાનું/બંધારણનું રક્ષણ પણ મળી જાય, પછી બાકી શું રહે ? અનુભવ એમ કહે છે કે એવા લોકો, પછી, ધીમે ધીમે શ્રાવક મટી જાય અને નર્યા 'ટ્રસ્ટી' રહી જાય. 'મહાજન' જેવો શબ્દ તો એમને લાગુ જ ના પડે.

આ સ્થિતિ કાંઈ બધા લોકોની નથી હોતી. જે લોકો, સ્વાભાવિક રીતે જ, કે પછી પરિસ્થિતિવશ, 'ઓછાં પાત્ર' કે 'તુચ્છ માનસિકતાવાળા' હોય; પોતાની થોડીક સામાન્ય વિશેષતાઓને પોતે જ મહત્ત્વ આપી આપીને બીજા દરેકને - ગુરુજનો હોય કે સાથીદાર કાર્યકરો હોય તે સહુને - અણસમજુ કે અણઆવડતવાળા જ ગણતા હોય; અહંકેન્દ્રી, અને સત્તાકેન્દ્રી માનસ ધરાવતા હોય, અર્થાત્, બધું હું ધારું કે કરું તેમજ થવું જોઈએ પણ મને પૂછ્યા સિવાય કાંઈ થવું ન જોઈએ, અને થાય તો હું તેને સ્વીકારું નહિ, - આવું માનસ ધરાવતા હોય; એવા લોકો જ આવી કક્ષાના હોય છે. આવા લોકો પાસે આંતરિક અહોભાવની અપેક્ષા સંઘ કે ગુરુભગવંતો તો કેવી રીતે રાખી શકે ?

આવી અપેક્ષા તો તેવા જીવોની પાસે જ રાખી શકાય જેમને માટે ધાર્મિક વહીવટ એ ભવ તરવાની ધર્મકરણી હોય; જેમના હૈયે શ્રીસંઘ પ્રત્યે, ગુરુમહારાજો પ્રત્યે, શાસ્ત્ર અને તેના દ્વારા નિશ્ચિત મર્યાદાઓ તથા પ્રણાલિકાઓના પાલન પ્રત્યે, ભારોભાર બહુમાન હોય; તથા તે માટે પોતાના અહં, આગ્રહો, પૂર્વગ્રહો, માન્યતાઓ, અભિપ્રાયો, સ્વાર્થ - આ તમામનું બલિદાન, ઉપકાર કરવાના કે વળતર મેળવવાના કોઈ જ ભાવ વગર, આપવાની તૈયારી અને સમજણ હોય, એમના માટે કાનૂનનું અને કાનૂની સંસ્થાઓનું મહત્ત્વ જરૂર હોય, પણ તેના કરતાં વધુ મહત્ત્વ શાસ્ત્ર-સંઘ-ગુરુની આજ્ઞાનું હોય. જેમ ઓડિટરોથી અને કાનૂની નિષ્ણાતોથી કોઈ વાત છુપાવે નહિ, તેમ, ગુરુઓથી તથા સંઘ કે સંઘના મહાજનોથી પણ કશું છુપાવે નહિ તેવા તે જીવો હોય. પોતાના સાથી ટ્રસ્ટીઓનું પણ અને શ્રીસંઘના નાનામાં નાના સભ્યનું પણ, અવમૂલ્યન કે અનાદર તેવા લોકો કરે તો નહિ જ, પણ થવા પણ ન દે. આવા લોકો માટે ટ્રસ્ટી બનવું એ મહાજન અથવા શ્રાવકજન બનવા બરાબર હોય છે, અને આવા લોકો પાસે સંઘ તથા ગુરુવર્યો અદકેરી અપેક્ષા અવશ્ય રાખી શકે છે.

ટ્રસ્ટ (Trust) શબ્દ અંગ્રેજી ભાષાનો છે. ટ્રસ્ટ એટલે વિશ્વાસ. જેના પર ટ્રસ્ટ/વિશ્વાસ મૂકી શકાય અથવા મૂકવામાં આવે તે ટ્રસ્ટી. સંઘનો વિશ્વાસ, ગુરુભગવંતોનો વિશ્વાસ જેને સાંપડે તે જ ટ્રસ્ટી થઈ શકે. ટ્રસ્ટડીડ, બંધારણ - આ બધું તો માત્ર કાયદાકીય ઔપચારિકતા છે. જે રાજ્યમાં રહીએ તેના કાનૂન પ્રમાણે વર્તવું પડે - એટલા ખાતર જ આ બધી તેમજ ઓડિટર વગેરેની ઔપચારિકતા બજાવવી પડે છે, કે જેથી કાનૂનનું ઉલ્લંઘન ન થઈ જાય અને ધાર્મિક સંસ્થા/સંઘ કાયદાના અપરાધી ન બને. બાકી તો ટ્રસ્ટી એટલે ઉપર કહ્યું તેમ વિશ્વાસુ જન, જેના પર ગુરુઓ અને સંઘનો વિશ્વાસ હોય કે આ વ્યક્તિ/વ્યક્તિઓ આપણી આજ્ઞાને અનુસરશે જ; આપણી પ્રણાલિકા, મર્યાદા અને શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન નહિ જ થવા દે. સાથે સાથે એ પણ વિશ્વાસ હોય કે ટ્રસ્ટીઓ કાનૂન અને શાસ્ત્રાદિની આજ્ઞા-ઉભય વચ્ચે સંતુલન અને સમન્વય સાધીને જ કાર્ય કરશે, પણ કાનૂનને શાસ્ત્રાજ્ઞા-સંઘાજ્ઞા-ગુરુઆજ્ઞા ઉપર સવાર થવા નહિ દે.

આપણા દુર્ભાગ્યે, આવો વિશ્વાસ આજે વ્યાપકપણે ખોરવાઈ ગયો હોવાનું જોવા મળે છે. મનસ્વીપણે સત્તાનો ઉપયોગ થતો જોવા મળે છે. આજ્ઞા અને પ્રણાલિકાના પાલન પ્રત્યે ભારોભાર દુર્લક્ષ્ય સેવાવા માંડ્યું છે. સંઘ અને ગુરુઓનું

મહત્ત્વ લગભગ નામશેષ થતું જાય છે. ત્યાં સુધી કે બંધારણોમાં જ્યાં અરિહંત વીતરાગ અને તેમનો સ્થાપેલો શ્રમણસંઘ તથા તેની આજ્ઞા - આ બધાનું નામ, સ્થાન અને મહત્ત્વ હોવું ઘટે, ત્યાં વ્યક્તિગત સાધુનું અને તેની ઈચ્છાનું આધિપત્ય દાખલ થઈ જવા લાગ્યું છે. વિચિત્રતા તો એ છે કે શાસ્ત્રાજ્ઞાની વાત છોડો, પણ જે કાનૂનોને સ્વીકારીને બંધારણ વગેરે રચાયાં છે તે કાનૂનોની ટ્રસ્ટે પાળવાની જોગવાઈઓનો અમલ કરવાની પણ હવે ભાગ્યે જ દરકાર લેવાતી હોય છે. આના લીધે, આપસ આપસના અહં (ego) ટકરાય ત્યારે કોર્ટ-કચેરી અને પોલિસથાણાના દરવાજે જવાના પ્રસંગો કલ્પી ન શકાય તે હદે વધતા જાય છે.

આપણા રાજ્યના લોકશાહી માળખાના કારણે, કાયદાઓની ભારે ભરમાર તેમજ ગૂંચવણોને કારણે, તથા આપણા સમસ્ત સંઘમાં પ્રવર્તતા વિસંવાદી તથા અરાજક વાતાવરણને કારણે, સંઘો, પેઢીઓ, ટ્રસ્ટો તથા સંસ્થાઓના વહીવટોમાં, અનેક અનેક ગરબડો પ્રવર્તે છે; શ્રમણસંઘ અને શાસ્ત્રાજ્ઞાની મહત્તા તૂટી ગઈ છે; સર્વત્ર સ્વચ્છંદતાનું જોર વધતું જાય છે; અને આપણે, આપણું જ બધું, આપણા જ હાથે, ભવિષ્યમાં સરકારના હાથમાં સોંપી દેવાની અથવા તો સરકારી દખલગીરી વ્હોરીને આપણો વિનાશ વ્હોરવાની દિશામાં, બહુ ઝડપથી આગળ ધપી રહ્યા છીએ.

સરકારને જૈનો, જૈન ધર્મ અને જૈન સંસ્થાઓ પ્રત્યે સદ્ભાવ કે સહાનુભૂતિ છે તેમ માનવાની જરાય જરૂર નથી. તેનો ડોળો તો જૈનોની મિલકતો ઉપર, કરોડો-અબજો ખર્ચવાની જૈનોની શક્તિ ઉપર, ક્યારનોય પડેલો જ છે. એ પ્રતીક્ષામાં છે કે શિકાર પોતાની મેળે જ જો ફાંસલામાં ફસાઈ જાય તો આપણે અન્યાય કર્યાનો અપજશ વ્હોરવાની જરૂર નથી.

આજથી નહિ ચેતીએ, તો કદાચ ક્યારેય નહિ બચીએ.

**(ચૈત્ર, ૨૦૬૬)**

* * *

## (૨૦)

ગયા પત્રમાં નોંધેલા વિચારોનો તંતુ આ પત્રમાં આગળ વધારવો છે. સંભવ છે કે, બધાને આ વાતો-વિચારોમાં રસ ન પણ પડે. છતાં અનેક રીતે આ વાતો મહત્ત્વપૂર્ણ હોવાથી નોંધવી જરૂરી છે.

● કોઈપણ સંસ્થા પદ્ધતિસર ચાલે, અને કાયદાની દૃષ્ટિએ બાધ ન આવે, તે માટે 'ટ્રસ્ટ' ની રચના થતી હોય છે. આપણે ત્યાં પ્રણાલિકાગત રીતે પંચ અને સંઘની વ્યવસ્થા ચાલી આવતી હતી, તેને આ 'ટ્રસ્ટ' નામની નવી અને સરકારી કે કાનૂની વ્યવસ્થાએ ખતમ કરી દીધી છે. પંચ કે સંઘમાં પ્રણાલિકા, મર્યાદા તથા શાસ્ત્ર અને પરંપરા દ્વારા પ્રાપ્ત ધારાધોરણોનો મહિમા હતો; તેનું અનુસરણ કરવામાં સુરક્ષાનો તેમજ સ્થિરતાનો અનુભવ થતો હતો. 'ટ્રસ્ટ' નામની વ્યવસ્થા આવતાં જ તે બધું ધીમે ધીમે લુપ્ત થતું ગયું; ગુરુજનો તથા મહાજનોની આમન્યા પાળવાનું અળખામણું થતું ગયું; અને કાયદો જ સર્વોપરી હોય તેવું વલણ શરૂ થયું. પરંપરાથી વિખૂટા પાડતી આ વ્યવસ્થાએ એક બાજુ ધર્મ અને તેનાં અંગોના વાસ્તવિક અને પરંપરાપ્રાપ્ત બોધથી આપણને વેગળા કરી દીધા, તો બીજી બાજુ 'કાયદો ત્યાં ભ્રષ્ટતા' એ સૂત્રની અસરો આપણને પણ લાગુ પડવા માંડી.

● પ્રત્યેક ટ્રસ્ટને તેના objects - ઉદ્દેશો હોય છે. શાબ્દિક રીતે લખાતા એ ઉદ્દેશોના આશય કે ભાવનાને સમજવાનાં જરૂરી હોય છે. એ આશયને યોગ્ય રીતે સમજે, તેનું બહુમાનપૂર્વક અનુસરણ કરવાનો પ્રયાસ કરે, તેવા ટ્રસ્ટી સહેજે સહેજે પુણ્યનું ઉપાર્જન કરી જાય છે. પૈસો ટ્રસ્ટનો હોય, કર્મચારીઓ પણ ટ્રસ્ટના જ પગારદાર હોય, પરંતુ ઉદ્દેશો અને તેના આશયને સમજીને તે પ્રમાણેની કાર્યવાહી કરનાર - કરાવનાર વહીવટકર્તા અવશ્ય પુણ્યનો ભાગીદાર બને છે. પણ તેનાથી સામા છેડે, ઉદ્દેશો તથા તેના હાર્દને સમજે નહિ, અને તેથી અવળી રીતે - યથેચ્છ રીતે વર્તે; ઉદ્દેશોનું પાલન થવાને બદલે ખંડન થાય તેમ ચાલતું હોય તો તે પણ ચાલવા દે, તો તેવા વહીવટકર્તા દોષના કે પાપના પણ ભાગીદાર અવશ્ય બને.

● વહીવટ બે વાનાં આપે છે : સેવા અને સત્તા. સેવા મરજીયાત બાબત હોય છે; અનુકૂળતા હોય તો, ત્યારે અને તેટલી સેવા થઈ શકે - થતી હોય છે. જ્યારે સત્તા અનિવાર્ય બાબત છે. જવાબદાર વ્યક્તિ પાસે સત્તા અથવા અધિકાર ન હોય તો વ્યવસ્થાતંત્ર ખોરવાઈ જાય. પણ મુશ્કેલી એટલી જ છે કે સત્તા પોતાની

સાથે ઘમંડ અને તોછડાઈ, ઘણીવાર, લેતી આવતી હોય છે. પછી બીજાઓનો અને બીજાઓના મતનો-અભિપ્રાયનો આદર નથી રહેતો; પછી પૂછ્યા વિના કે કહ્યા વિના કાંઈ પણ કરવામાં આવે તો ક્રોધ તથા અહંકાર ઊછળી પડે છે. પરિણામે, નાના-મોટાનો, સાર-અસારનો તથા હિત-અહિતનો વિવેક ચૂકી જવાય છે. જેનાં માઠાં ફળ ટ્રસ્ટે તથા તેના ઉદ્દેશોએ જ ભોગવવાનાં આવે છે. આ સ્થિતિમાં, સેવા તો શબ્દોમાં જ રહી જતી હોય છે; સત્તા જ લગભગ સેવાનો પર્યાય બની બેસે છે.

વાસ્તવમાં સત્તાનો ઉપયોગ સેવા માટે થવો જોઈએ. કર્મચારીઓ વંઠી ન જાય અને કામ બગાડી ન મૂકે તે માટે; ટ્રસ્ટ કે સંસ્થાના ઉદ્દેશોનું બરાબર પાલન થાય અને આદર-બહુમાનપૂર્વક તેની માવજત થાય તે માટે; નાણાંકીય ગેરરીતિથી બચવા માટે; શાસ્ત્રાજ્ઞા તેમજ કાનૂનના નિયમો - બન્નેનું પાલન સુપેરે થાય તે માટે, સત્તાનો ઉપયોગ જરૂરી ગણાય.

● કોઈપણ સંસ્થા અથવા ટ્રસ્ટના વાસ્તવિક ઉદ્દેશો ગમે તે હોય; પરંતુ સમયના વીતવા સાથે એક ઉદ્દેશ મુખ્ય બની જતો જોવા મળે છે; પૈસાની આવક અને બચત. કોઈપણ તંત્ર ચલાવવા માટે પૈસો એ અનિવાર્ય આવશ્યક બાબત છે એ નક્કી, પરંતુ જે તે તંત્રની સ્થાપના પૈસો એકઠો કરવા ખાતર નથી થઈ એ વાત પણ યાદ રાખવી જ પડે. પૈસો સાધન છે, સાધ્ય નહિ, એ પાયાની વાત જતે દહાડે વીસરાતી જાય છે, અને બીજાં બધાં સાધ્યોને ગૌણ બનાવીને કે ખોરંભે પાડીને પણ, પૈસો મુખ્ય સાધ્ય બની જતો, ઘણીવાર જોવા મળે છે. પછી, કેટલા પૈસા બચ્યા, કેટલી ડીપોઝીટ થઈ, કેટલું વ્યાજ વધ્યું, એ ટ્રસ્ટની સદ્ધરતા અને સારું ટ્રસ્ટ હોવાની પારાશીશી બની રહે છે. સંસ્થાના તંત્રની મૂળભૂત પ્રવૃત્તિઓ કે કાર્યો, પછી બરાબર ન ચાલે, તેમાં ગરબડો કે ગોલમાલ થાય, તોય ઝાઝો વાંધો લેવાની જરૂર રહેતી નથી. બધી જ નબળાઈઓ, પેલી આર્થિક સદ્ધરતાની આડમાં ઢંકાઈ શકે છે.

અપ્રસ્તુત જ ગણાય તેવી એક વાત, આ સંદર્ભમાં, યાદ આવે છે તે ટાંકું: સરદાર વલ્લભભાઈ પટેલ કહેતા કે 'કોઈપણ સંસ્થાને સારી રીતે ચલાવવી હોય તો તેને થોડાક દેવામાં અથવા તોટામાં રાખવી; તેને છલકાવા ન દેવી.'

● આપણે ત્યાં એવી પ્રથા છે કે પહેલાં કોઈ સારા કાર્ય માટે સંસ્થાની રચના થાય. પછી તેના માટે જરૂરી ફંડ એકત્ર કરવામાં આવે. પછી એવો વિચાર થાય

કે આવાં કાર્યો વધુ પ્રમાણમાં કરવા માટે થોડુંક વિશેષ ફંડ થવું જોઈએ. એટલે તે વિશેષ ફંડની મહેનત ચાલે. ફંડ વધે એટલે, કાર્ય ન આવી પડે ત્યાં સુધી, તેની ડિપોઝીટ કરવામાં આવે. પછી મૂડી કાયમ રાખી વ્યાજમાંથી જ તે તે કાર્યો કરવાનું ગોઠવાય. વધુ વ્યાજ મળે તે માટે વધુ ફંડની મથામણ ચાલે અને આ રીતે જાણ્યેઅજાણ્યે પણ, ધર્મના બહાના હેઠળ, અનેકવિધ ભયંકર પાપવ્યાપારોમાં આપણું ધન રોકાતું જાય, અને એ પાપવ્યાપારોમાં આપણી મૂંગી તથા સક્રિય સંમતિ, એ રીતે, અપાઈ જાય. પણ ધનસંગ્રહ એટલે કે પરિગ્રહ અને લોભસંજ્ઞાના જોશમાં આ ખતરનાક તથ્ય આપણે ત્યાં સાવ વીસરાઈ ચૂકયું છે. ગૃહસ્થોને મહાઆરંભ અને મહાપરિગ્રહના ત્યાગના નિયમો આપવા તત્પર એવા સંયમી આત્માઓ પણ, વિવિધ સંઘો-ટ્રસ્ટો-સંસ્થાઓ માટે અનેકવિધ ફંડો કરાવીને પછી, તે ડિપોઝીટ બની જઈને તેવા જ મહાઆરંભોનાં તથા મહાપરિગ્રહનાં કાર્યોમાં પરંપરાએ વપરાય તેમાં, નિમિત્તભૂત, અજાણતાં જ, બને છે.

● આપણા સમાજમાં વ્યાપકરૂપે સાંભળવા મળતો સૂર એ છે કે 'પૈસો જ પ્રધાન છે; પૈસો ભેગો કરવો, ખર્ચવો નહિ; કામ ભલે બગડે કે રખડે, આપણાં દેરાસરો, ઉપાશ્રયો તથા તેવી અન્ય મિલકતોની મેલી, ગંદી અને કચરા-જાળાં આદિથી ભરપૂર હાલત જોઈએ ત્યારે આ વાત સાચી લાગે છે. અંગત ધ્યાન આપવું કે ચોક્કસ સમયાંતરે નિયમિત દેખભાળ રાખવી તે તો હવેના ટ્રસ્ટીઓ માટે શક્ય જ નથી; એવી ભક્તિ તથા ચીવટ કોઈનેય નથી રહી. પરંતુ, પગારદાર નોકરો રાખીને તેમના દ્વારા આ બધાં કાર્યો નિયમિત અને પદ્ધતિસર થતાં રહે તે જોવામાં પણ હવે ભાગ્યે જ કોઈને રસ રહ્યો છે !

માણસો અથવા સારા/યોગ્ય માણસો રાખવા નહિ. યોગ્ય પગાર આપવા જ નહિ. માણસને પ્રેમ તથા વિશ્વાસ આપવા નહિ. ગમે ત્યારે છૂટા કરી દેવાની તલવાર તેના માથે લટકતી જ હોય. તેની સાથે વ્યવહાર પણ તોછડો, માણસાઈભર્યો ન કહેવાય તેવો થાય. પગારની તુલનામાં ઘણું બધું વધુ કામ ખેંચાવાય, અને તે પણ તોછડાઈપૂર્વક. અને આ બધાંના પરિણામે માણસો કંટાળે તથા નોકરી છોડી જાય તો 'સારા માણસો અથવા તો માણસ જ મળતા નથી' એવી ફરિયાદ કરીને અટકી જવાનું ! 'ધાર્મિક શોષણ' કોને કહેવાય અને કેવું હોય તે જોવું હોય તો આપણાં ધર્મસ્થાનોના સ્ટાફની સ્થિતિ તપાસવી પડે. આવું શોષણ હોય ત્યાં સારા માણસો આવે નહિ, આવે તો ટકે નહિ, અને ટકે તો

ખોટાં કામ, ચોરી તથા કામચોરી વગેરે કર્યા વિના રહે નહિ. અને એ રીતે જામી ગયેલા માણસો બીજા સારા માણસને ટકવા પણ ન દે અથવા તો સારાને સારો રહેવા પણ ન જ દે. થોડા પૈસાની બચત - ઓછા પગાર આપીને કરનારાઓને, સરવાળે થતા અગણિત નુકસાનનું ગણિત કોણ સમજાવે ?

● હમણાં હમણાં અપણી અમુક અગ્રણી સંસ્થાઓ, પેઢી તથા ટ્રસ્ટ વગેરેના વહીવટદારોમાં એક ફેશન (પ્રથા) પડી ગઈ છે કે અમને સંયમી મહાત્માઓ બહુ બહુ પરેશાન કરે છે. તાજેતરમાં જ આવા મિત્રો મને મળેલા અને બળાપા સાથે કહી ગયેલા કે અમે બધા એટલું બધું કામ કરીએ છીએ, જવાબદારી સંભાળીએ છીએ, પણ અમને સાધુ મહારાજો થકવી દે છે. નવા નવા પ્રશ્નો લાવીને અમારાં કામો વધારી મૂકે છે; અમે હેરાન થઈ જઈએ છીએ.

બળાપો કાઢવો અને ફરિયાદ કર્યા કરવી, એ કુશળ વહીવટકર્તાની નિશાની નથી, અને શોભા પણ નથી. કુશળ ટ્રસ્ટી તો આવી સ્થિતિ કેમ થાય છે તેના મૂળમાં ઊંડા ઊતરે અને એની એવી તો મજાની વ્યવસ્થા ગોઠવે કે ફરીવાર તેમણે ફરિયાદ કરવી પડે તેવી સ્થિતિ જ પેદા ન થાય.

ખરી વાત એ છે કે કેટલાક લોકોને આવી કઢંગી સ્થિતિ પેદા થતી રહે અને તેનો લાભ ઉઠાવી સાધુ-સાધ્વીઓને બદનામ કર્યા કરીને તેમનો અવાજ હંમેશાં માટે રૂંધી દેવાય તેમાં ભારે રસ હોય છે. તેમની અણઘડ તથા અયોગ્ય મુત્સદ્દીવટનો આ એક પ્રકાર ગણાય.

મેં તે મિત્રોને જે જવાબ આપ્યો તેનો સાર કાંઈક આવો છે : સૌ પહેલાં તો સાધુ-સાધ્વીઓ અજ્ઞાન હોય છે, માટે જ તેઓ દ્વારા તમારી સામે પ્રશ્નો આવે છે. તેમને જો યોગ્ય સ્થાનેથી યોગ્ય રીતે આવશ્યક જાણકારી મળી જતી હોય; વાતને છૂપાવવામાં ન આવે, તો ૯૦ ટકા પ્રશ્નો ઊઠે જ નહિ. પણ ઉપાશ્રયોની ચાર દીવાલોમાં વસતા સંયમીઓ ક્યાંકથી કોઈક ખરી ખોટી વાત સાંભળે, એટલે તેમની લાગણી દૂભાય. તેની ચોકસાઈ કરવા તેઓ તમારા મેનેજરો, મુનીમ-ગુમાસ્તાઓ તથા નોકરો પાસે આવે અને પૃચ્છા કરે; ત્યારે તેમને ઉડાઉ-આડાટેડા જવાબો અપાય, મશ્કરી કે અપમાન કરવામાં આવે, સાચી માહિતી ન અપાય; ટ્રસ્ટીઓને પૂછે કે પત્ર લખે તો પણ જવાબ ટાળવામાં આવે; સાધુ-સાધ્વી જાણે કે નકામી અને નડતરરૂપ હસ્તી હોય તે રીતે ઉપેક્ષા કરવામાં આવે; આના પ્રત્યાઘાતો માઠા જ પડે અને તમારી સમક્ષ સમસ્યાઓ ઉત્પન્ન થાય જ, તેમાં શંકા નથી. પણ આમાં ખરો દોષ કોનો ?

તે મધ્યસ્થભાવે વિચારવું જોઈએ. સંયમી આત્માઓ ધર્મના, તીર્થના, પેઢી તથા ટ્રસ્ટના શત્રુ તો નથી જ હોતા ! તેમને સાચી માહિતી પૂરી પાડો, તેઓ તમને મદદરૂપ થશે. તમારું મનઘડંત, ઉપેક્ષાવાળું અને ઉડાઉ વર્તન તો તેમને તમારા પ્રત્યે અવિશ્વાસ અને અરુચિ જ પ્રેરશે.

અને એ લોકોને નહિ કહેલી વાત અહીં નોંધું : તીર્થ, ટ્રસ્ટ, પેઢીઓના ખરા માલિક તો એ સંસારત્યાગી સંયમીઓ જ છે. ટ્રસ્ટીઓ તથા વહીવટદારો તો તેમના સેવક છે : આજ્ઞાપાલક સેવક. તે લોકોએ વહીવટદારોની ધર્મભાવના, ધર્મશ્રદ્ધા, પાપભીરુતા તેમજ વહીવટી કુશળતા ઉપર ભરોસો મૂકીને તેમને તે વહીવટ સંભાળવાની અનુમતિ આપી હોય છે. તેથી તેમના તે વિશ્વાસને શંકામાં બદલવાની ઉતાવળ, શાણા માણસે, કેમ કરાય ?

વહીવટી કુનેહ હોય, માણસને પરખવાની તથા તેની સાથે કામ પાડવાની નિપુણતા હોય, પાપનો ભય અને ધર્મની દઢ ભાવના હોય, તો કોઈ પણ તંત્ર ગોઠવી તેમ જ ચલાવી શકાય છે, અને તેમ કરવામાં કશો જ ભય કે ભાર ભોગવવો પડતો નથી. સરળ બનીએ તો બધું જ સરળ છે.

**(પ્રથમ વૈશાખ, ૨૦૬૬)**

* * *

## (૨૧)

સાધુ જ્યારે દીક્ષા લે છે, ત્યારે તે પોતાના પરિવાર-જનોથી સ્વૈચ્છિક વિચ્છેદ હસતાં હૈયે સ્વીકારે છે, અને સંઘના ખોળે પોતાનું માથું, જીવન મૂકી દેતો હોય છે. પછી તેના યોગક્ષેમની, તેના આરોગ્યની ચિંતા તથા કાળજી સંઘ વહે છે. સંઘ અથવા આ કે તે શ્રાવક જ તેની માવજત કરતો હોય છે; તેના સ્વજનો કદી ક્યાંય તે માટે આવતા નથી - આવવું પડતું નથી. આમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને તથા વ્યક્તિગત સમજણ, વિવેક, માન્યતા, દૃષ્ટિરાગ, પૂર્વગ્રહ ઇત્યાદિની વધ-ઘટને લઈને ઘણીવાર વાંધો પડે, ફરિયાદ રહે કે આઘું પાછું પણ થાય; પરંતુ છેવટે તો ઉપર નોંધ્યું તે જ યથાર્થ સત્ય છે કે સંઘ જ સાધુનો મા-બાપ છે, અને સાધુના યોગક્ષેમનો નિર્વાહ હમેશાં અને સર્વત્ર સંઘ જ કરે છે. જિનશાસનની તથા જૈન સંઘની આ અનુપમ વ્યવસ્થાને તથા અદ્ભુત પ્રણાલિકાને વંદન જ કરવું પડે. અમારે, સાધુ-સાધ્વીઓને, 'અમારું કોણ?' 'અમારું ધ્યાન કોણ રાખશે?' એવી ચિંતા જ કરવાની ન આવે, એવી આ સંઘ-વ્યવસ્થા છે. કદીક કોઈ ક્ષેત્રમાં, ઉપર જણાવ્યાં તેવાં કોઈ કારણોસર, ઓછું આવી જાય તેવું બને, તો પણ એથી કાંઈ આ સંઘ-વ્યવસ્થા તૂટતી નથી જ; અને એ જ ખરું મહત્ત્વનું ગણાય. બાકી બધી વાતો ક્ષુલ્લક જ.

પ્રભુએ પ્રવર્તાવેલી સંઘ-વ્યવસ્થા વિશ્વની એક અજોડ વ્યવસ્થા છે. આટલી જૂની, આટલી સુગ્રથિત અને સુઆયોજિત, અતૂટ વ્યવસ્થા, ઇતિહાસની દૃષ્ટિએ તપાસીએ તો, વિશ્વમાં બીજે ક્યાંય જોવા નહિ મળે : ન રાજસત્તામાં કે નહિ કોઈ અન્ય ધર્મ-સંપ્રદાયમાં. આ સંઘને તેનું પોતાનું બંધારણ છે (શાસ્ત્રો). અહીં કાયદો, વ્યવસ્થા, અનુશાસન પણ છે. અલબત્ત, આ બધાંની સ્વીકૃતિનો આધાર નૈતિકતા, ધાર્મિકતા અને આધ્યાત્મિકતા જ છે; ક્યાંય સત્તા, ભય કે દાબ-દબાવને આ વ્યવસ્થામાં અવકાશ નથી. કદાચ તેથી જ, આ વ્યવસ્થા હજારો વર્ષો થયા છતાં, અતૂટ-અબાધિત-અખંડ પ્રવર્તતી આવી છે.

આ સંઘના આશ્રયે અસંખ્ય ધર્મકૃત્યો થતાં આવ્યાં છે; અસંખ્ય ધર્મસ્થાનો નિર્માણ અને નિર્વાહ પામતાં રહ્યાં છે. આ સંઘના આધારે અસંખ્ય, લાખો-કરોડો સંયમીઓના યોગ-ક્ષેમનો નિર્વાહ થતો રહ્યો છે. આ સંઘની વ્યવસ્થા તૂટે તેમ વર્તન કરવું અથવા સંઘની આજ્ઞાનો કે અનુશાસનનો ભંગ કરવો, તેને મહાપાપ મનાયું

છે; તે એક જઘન્ય અપરાધ ગણાય છે. સંઘ એ એક ધર્મસત્તા છે, રાજસત્તા નહિ; એટલે તે આવા અપરાધ કરનારને શિક્ષા નથી કરતો; ન કરી શકે. પરંતુ સંઘનો અપરાધી એ જગતના ચોકમાં આપોઆપ જ હીણો બની જાય છે; લોક-હૃદયમાં તેનું સ્થાન રહેતું નથી; લોક-નજરમાંથી તે ઊતરી જાય છે અને કર્મસત્તા તેને અહીંયા જ કે અન્ય જન્મમાં, તેના આ અપરાધનો દંડાત્મક પ્રત્યાઘાત આપવાની છે, એમાં મીનમેખ નથી.

પ્રભુ-પરમાત્માની આ સંઘ-વ્યવસ્થામાંથી જ ભગવાન બુદ્ધે પણ પ્રેરણા મેળવી હોય તેવી પૂરી સંભાવના છે. ભગવાને પહેલેથી જ ચાર પ્રકારના સંઘની રચના કરી હતી. બુદ્ધે સ્ત્રીને અયોગ્ય ગણીને બાકાત રાખેલી - પોતાના સંઘથી. બુદ્ધના સંઘમાં સ્ત્રીને બહુ પાછળથી - મોડેથી સ્થાન મળ્યું છે, તે પણ વ્યવહારમાં થતા નુકસાનને લીધે. જ્યારે પરમાત્માએ તો મૂળથી જ સ્ત્રીને સ્થાન આપીને ચતુર્વિધ સંઘ સ્થાપ્યો છે. ભગવાનની દૃષ્ટિ કેટલી સૂક્ષ્મ હશે અને વિચારધારા કેટલી ઉદાર હશે, તેનો આમાં અંદાજ સાંપડે છે.

આવો મહાન સંઘ, આમ તો ૨૪ તીર્થંકરોએ પોતપોતાના સમયમાં રચ્યો હતો, પણ આજે પ્રભુ વીરનો સંઘ છે તેને પણ અઢી અઢી હજાર વર્ષ થઈ ગયાં - અખંડપણે તે જીવંત છે, અને સતત પ્રવર્તતો રહ્યો છે. ઈતિહાસની આ એક અનન્ય અને નોંધપાત્ર ઘટના છે.

આવા સંઘની અદબ-આમન્યા જાળવીએ તો જિનધર્મની આરાધના થાય, અને તેનો લોપ કરીએ તો ધર્મ-વિરાધના થાય. વર્તમાનમાં પડતો કે વસમો કાળ છે તેથી સંઘની મર્યાદાનો લોપ કરવાના પ્રસંગો વારંવાર-અનેક ઠેકાણે બનતા જોવા મળે છે. ક્ષુદ્રતાથી ભરેલાં જીવદળો ભારે બહુમતીમાં હોય છે, તેથી આવું ન બને તો જ નવાઈ.

અગાઉ સંઘ એક પ્રતિષ્ઠિત, વગદાર, આબરૂદાર અને મોભાદાર સંસ્થા હતી. વૃદ્ધ અને પીઢ મહાજનોના હાથમાં તેનું સુકાન રહેતું. સંઘના હિસાબ-કિતાબ વગેરે વિવિધ વહીવટો માટે તેઓ કાર્યકરો કે ટ્રસ્ટીઓની નીમણૂંક કરતા; તેઓ વહીવટી ક્ષેત્ર સંભાળતા, પણ તે બધા જ પેલા 'સંઘ' ને જવાબદાર રહેતા. તેઓ ગરબડ કરે તો તેમને બરખાસ્ત કરવાનો અધિકાર મહાજનોના હાથમાં રહેતો.

આજે તેથી ઊલટું છે. મહાજનો અને તેના સમૂહરૂપ સંઘનું મૂલ્ય મીંડા બરાબર છે. ટ્રસ્ટીઓ જ પોતાને સંઘ માને છે અને સંઘના સર્વાધિકારી ગણે-ગણાવે છે.

હવે જેઓ શ્રીસંઘને સામાન્ય ટોળું ગણતા હોય અને પોતાને જ સંઘ સમજતા હોય તેવા જીવોને 'ક્ષુદ્ર', 'છીછરા' અને 'પામર' નહિ ગણીએ તો કેવા ગણીશું ?આ જીવો ક્ષુદ્રતાના ભંડાર હોવાના; તેમની દૃષ્ટિ અને વૃત્તિ પણ ક્ષુદ્ર હોવાની. ફલતઃ તેમની વર્તણૂકના કારણે સંઘ-વ્યવસ્થા ક્ષીણ થઈ, થવા માંડી, અને શાસનમાન્ય, શાસ્ત્ર-આધારિત વ્યવસ્થાનું સ્થાન રાજસત્તા અને તેના કાયદાઓ દ્વારા રચાયેલી વ્યવસ્થા લેવા માંડી.

આના પરિણામે સંઘના જ આશ્રયે વર્તતાં કાર્યો સીદાય, શ્રમણસંસ્થાના યોગ-ક્ષેમ જોખમાય, અને અઢી હજાર વર્ષોની અનુશાસિત વ્યવસ્થા તૂટે તો તેને માટે કોને જવાબદાર ગણીશું ? તેની ફરિયાદ ક્યાં કરી શકાય ? આપણે સહુએ, સંઘમાં વર્તતી પ્રત્યેક વ્યક્તિએ ગંભીરપણે વિચારવા યોગ્ય આ મુદ્દો છે.

(ભાદરવો, ૨૦૬૭)

* * *

## (૨૨)

પર્યુષણમાં અનેક કર્તવ્યો કરવાનાં હોય, તેમાં દેવદ્રવ્યની વૃદ્ધિ પણ એક કર્તવ્ય છે. દેવ એટલે અરિહંત પરમાત્મા. તેમનું પુણ્ય અચિંત્ય હોય છે. તેમના પ્રત્યે સહુ કોઈને ભક્તિ અને સમર્પણ હોય જ. તેથી તેમની ભક્તિ માટે ધન આપવાનું આવે ત્યારે જૈનો મન મૂકીને પોતાનું ધન આપી દેતાં હોય છે.

ધન ખર્ચનારા તો ધન આપીને છૂટી જાય છે. તેમને તો પ્રભુની અને શાસનની ભક્તિનો અમૂલ્ય લ્હાવો મળી જ જતો હોય છે. સમસ્યા થાય છે તે તો પછીથી થતી હોય છે. એ એકઠા થયેલા ધનનો વહીવટ અને ઉપયોગ કેવી રીતે થાય છે તે બહુ મહત્ત્વનું છે.

લોકો તો લાખો-કરોડોની રકમ બોલે, સંઘના વહીવટદારોને સોંપી દે, અને ભક્તિનો લાભ મળ્યાનો સંતોષ લઈ ઘેર ચાલ્યા જાય છે. હવે એ વહીવટવકર્તાઓ તેનો વહીવટ કેવો કરે છે; તે ધનનો સદુપયોગ કરે છે કે ગેરઉપયોગ; તેઓ પોતાની મનઘડંત રીતે તેનો ઉપયોગ કરે છે કે કોઈ જાણકારનું શાસ્ત્ર-પરંપરાનુસારી માર્ગદર્શન લઈને કરે છે; જેમનું માર્ગદર્શન મેળવે તે તેમના પ્રત્યે પક્ષપાત રાખનારા અથવા તેમની સાથે કોઈ પ્રયોજન સબબ સાંઠગાંઠ રાખનારા છે કે કેમ; વહીવટદારો હિસાબ ચોખ્ખા રાખે છે અને તે જોવા-જાણવાની દરેકને છૂટ મળે છે કે કેમ; આવા અનેક મુદ્દા ઉપસ્થિત થતા હોય છે.

ઘણા, અથવા થોડાઘણા વહીવટદારો હિસાબો રાખવામાં તથા તેને જરાપણ મનમેલ રાખ્યા વિના જાહેર કરવામાં પ્રમાદી હોય છે; ખરેખર તો આ સ્થિતિ તેમની આંતરિક ગરબડ કે મલિનતાનો સંકેત આપતી સ્થિતિ ગણાય. જાહેર હિસાબ એ તો સતી સ્ત્રીના શીલ જેવી પવિત્ર બાબત ગણાય. જાહેર સંસ્થાનો વહીવટ કરનારાએ હિસાબો રાખવામાં અને જાહેર કરી દેવામાં કદી કસર-કચાશ રાખી ન શકાય. પરંતુ ઘણા ઠેકાણે તો પોતાની સાથે કામ કરનારા મિત્રોને પણ તે હિસાબોની જાણકારીથી અલિપ્ત રખાતા જોવા મળે છે. શોભાના ગાંઠિયા જેવા બની રહેતા એ મિત્રો, હિસાબો જોવા માગી શકે નહિ; માગે તો 'તમને અમારા પર વિશ્વાસ નથી, લ્યો, તમે વહીવટ કરજો' - આવું સાંભળવું પડે - ઘણીવાર. આથી ત્રાસીને તેવા મિત્રો કાં તો ત્યાંથી છૂટા થવાનું પસંદ કરે, કાં ચૂપ રહેતાં શીખી જાય. પરંતુ ચૂપ રહેનાર વ્યક્તિ, જો કાંઈ ગરબડ ખરેખર હોય તો, દોષની ભાગીદાર તો બને જ બને.

દેવદ્રવ્ય જેટલાં જ પવિત્ર અને તેથી સંભાળપૂર્વક સાચવવા જેવાં અન્ય ખાતાંના દ્રવ્યો પણ ગણાય. જેમ કે જ્ઞાનદ્રવ્ય, ગુરુદ્રવ્ય, સાધારણદ્રવ્ય, જીવદયાદ્રવ્ય તથા અન્ય વિવિધ દ્રવ્યો. આમાંના એક પણ દ્રવ્યનો ગેરઉપયોગ એટલે સંઘના દ્રવ્યોનો ગેરઉપયોગ તથા હાનિ ગણાય, અને તે કરવામાં દોષ અવશ્ય લાગે.

સંઘના ચોપડે ઓવલું કોઈપણ ખાતાનું દ્રવ્ય તે સંઘ-દ્રવ્ય છે. તેનો દુરુપયોગ કરવો તે દોષ છે, સંઘ પ્રત્યે અપરાધ છે. ક્યારેક તે ધન શરાફી પેઢીમાં કે બૅંકો આદિમાં રોકવામાં આવે, અને તેની સામે વહીવટકર્તાને ધંધામાં, વ્યવહારમાં લાભ મળે; લૉન મળે, વ્યાજદરમાં રાહત મળે, ઓવરડ્રાફટની સગવડ મળે વગેરે. એ અંગે વિકસેલા સંબંધો માટે સંઘના દ્રવ્યનો વપરાશ પણ થાય.

ક્વચિત્ સંઘનાં જીર્ણોદ્ધાર, બાંધકામ વગેરે ચાલતાં હોય ત્યારે તેને માટે જે પત્થર, રેતી, સિમેન્ટ વગેરે માલસામાન આવે તેની સાથે કાર્યકર્તાના ઘર-બંગલાનો માલસામાન પણ આવતો હોય અને કામ પણ સમાંતરે ચાલતું હોય. ઘણીવાર અમુક કારીગરો પણ કોમન હોય. આ સ્થિતિ શંકાસ્પદ તો છે જ, પણ ઘણીવાર શંકાને સાચી પાડનારી પણ હોય છે.

ઘણા વહીવટકર્તાઓ, દેરાસર-ઉપાશ્રયના કે સંઘના નોકરો પાસે પોતાનાં ઘરકામ તથા અંગત કામ કરાવતાં જોવા-જાણવા મળે છે. શાકભાજી લાવવાં, ઘેર કામવાળા માણસ ન આવે ત્યારે કચરા - પોતાં ને રસોઈ વ. કરાવવાં, ઘર-ધંધાના કામે ધક્કાફેરા કરાવવા વગેરે. પોતે કદીક, વરસને વચલે દહાડે ૨૫-૫૦ રૂ.ની બક્ષીસ આપી દે, અને તે કર્મચારી દેરાસરાદિનાં કામોમાં ગરબડ ગોટાળા કરે તો પણ આંખ-મીંચામણાં થાય, અને તેથી સંઘનાં કાર્યો સીદાય, બગડે. આમાં એક તરફ ધર્મદ્રવ્યના ભક્ષણનો દોષ, તો બીજી બાજુ સંઘનાં કાર્યો બગાડવાનો દોષ - એમ બેવડી જવાબદારી આવે.

સંઘના આશ્રયે ઉત્સવો, ઉજમણાં, ઉપધાન, યાત્રા વગેરે કાર્યો થાય અને તે માટે અઢળક ધન આવે; ત્યારે ક્યારેક તે કામોની સાથે કોઈ વહીવટકર્તાનાં અંગત પ્રયોજનો-કામો પણ પતી જતાં હોય છે અલબત્ત, મોટાભાગના લોકો આવું બધું ચલાવી લે છે કે ભલે લઈ જતો, કામ તો કરે છે !

મહોત્સવો વ. થાય ત્યારે મોડી રાત્રે સંઘની ઑફિસમાં કે પછી બહાર હોટલો વ.માં નાસ્તા - પાણીના દોર ચાલતા તો અનેક ઠેકાણે જોવા મળે. એનાં બિલો સંઘની પેઢી પર કે ઉત્સવ માટેના ફંડ ઉપર જ પડે. ધર્માદાનું ખાવાની આદત

પડ્યા પછી બીજું ખાવાનું ઓછું ફાવે. બધાં વ્યસનોમાં સહુથી બૂરૂં વ્યસન તે ધર્માદાના ભક્ષણનું વ્યસન ગણાય. જે ખાય, ખવડાવે, ખાવામાં કે ખાનારને સાથ આપે, ખબર છતાં અટકાવે નહિ, આ બધાં સમાનપણે ગુનેગાર બને છે.

ઘણા એવું માને છે કે દેરાસર પાસે લાખોનું ફંડ પડ્યું છે, તેનો ઉપયોગ સાધર્મિકોમાં ને શિક્ષણ-આરોગ્યનાં કામોમાં કરવો જોઈએ. પોતાની આવી માન્યતાને તેઓ *ક્રાંતિકારી* માન્યતા ગણાવે.

ઉપર જણાવ્યું તે તમામ પ્રકારના લોકો, શાસ્ત્રો, સંઘ અને શાસનના મોટા અપરાધી છે. તેમને વહેલામોડા પણ આનાં માઠાં ફળ અવશ્ય મળતાં હોય છે અને જો કોઈકવાર પ્રબળ પુણ્યયોગે પોતે બચી જાય તો તેમની પછીની પેઢીઓએ - પુત્ર - પુત્રી - પૌત્રાદિ પરિવારે, તેમની તે કરણીનાં અશુભ ફળ અવશ્ય ભોગવવાનાં આવે છે. એ લોકોએ પોતાનું જીવન નિભાવવા માટે દયામણાં બનીને ભીખ માગવાનો વારો આવે છે, અને બીજી નુકસાનીઓ થાય તે તો લટકામાં.

એક કહેવત, કદાચ અગાઉ કોઈ પત્રમાં ટાંકી પણ હશે, યાદ આવે છે તે ટાંકીને વિરમું -

ખેતી કરે તેને ખાધ પડે, વેપાર કરે તેને વીતે

કળિયુગના આ જમાનામાં, ધર્માદાનો વહીવટ કરે તે જીતે....

અસ્તુ.

**(આસો, ૨૦૬૭)**

* * *

'પ્રતિષ્ઠા' ના પદાર્થ શ્રીહરિભદ્રસૂરિ મહારાજે પોતાના ગ્રંથોમાં બહુ અદ્‌ભુત રીતે વર્ણવ્યા છે. તેમણે વર્ણવેલા કેટલાક પદાર્થો જાણીએ :

(૧) જિનમંદિર બનાવવું હોય તો આટલાં વાનાં જરૂરી છે. ૧. શુદ્ધ ભૂમિ; ૨. કાષ્ઠ-પાષાણ વગેરે દ્રવ્યો પણ શુદ્ધ હોય; ૩. નોકરો-કર્મચારીઓનું શોષણ ન થવું જોઈએ; ૪. પોતાના શુભ આશયની સતત વૃદ્ધિ થતી હોય : આટલું મળે ત્યારે જિનમંદિર બંધાવી શકે. તે બંધાવનાર પણ ન્યાયનીતિથી ધન કમાયેલો હોય; બુદ્ધિમાન, ઉદાર આશયવાળો, સદાચારી અને વડીલોને માન્ય બનેલો હોય તો જ બંધાવી શકે.

(૨) વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ યોગ્ય ભૂમિને શુદ્ધ ભૂમિ ગણાય; તે પણ નીતિથી ખરીદેલી હોય, કોઈને છેતરીને કે હેરાન કરીને મેળવેલી ન હોય; અને તે પછી પણ તે ધરતી પર જિનાલય બંધાવાથી પડોશીઓને સંતાપનું કારણ ન બનવાનું હોય, તો તે ભૂમિ શુદ્ધ ગણાય. વળી, ત્યાં આસપાસમાં રહેનારા ઇતર લોકોને પણ દાન, સન્માન અને સત્કાર વગેરે આપીને અનુકૂળ કરવા ઘટે, એ લોકો જો સાનુકૂળ થાય તો તે તેમના માટે બોધિબીજની ભૂમિકા બની શકે.

(૩) ઈંટ, પત્થર વગેરે દ્રવ્યો, તેના ઉત્પાદકો પાસેથી યોગ્ય મૂલ્ય આપીને ખરીદાય અને પછી વિધિપૂર્વક સ્થળ પર લાવવામાં આવે. તો લાકડું પણ દેવી-દેવોને અર્પણ થયેલ ઉપવનમાંથી ન લેવાય; બીજેથી જ લેવાય; તે પણ વાંકુંચૂકું ન હોતાં સીધું હોય, સ્થિર હોય, તાજું હોય, ગાંઠા વગરનું-નિર્દોષ હોય.

(૪) જિનાલય સંબંધી લાકડું વગેરે ખરીદવા-લાવવાથી માંડીને તમામ ક્રિયાઓ-કાર્યોમાં શુકન જોવાં જ જોઈએ. શુકનથી ચિત્તોત્સાહ વધે છે.

(૫) નોકરોને ધર્મમિત્ર સમજીને રાજી રાખવા; તેમને છેતરવા નહિ, તેમનો ગેરલાભ ઉઠાવવો કે શોષણ કરવું નહિ; યાદ રહે કે આપણે ધર્મ કરવાનો છે, એ શુભ/શુદ્ધ ભાવના થકી જ થશે, બહાનાબાજી અને કોઈને છેતરીને નહીં જ થાય.

(**નોંધ** :- દેરાસરોના, ધર્મસ્થાનોના, વિહારધામોના, સંઘોના તથા તીર્થોના તમામ ટ્રસ્ટીઓ તથા વહીવટદારોને આ પાંચમી કલમ અર્પણ છે. દેવદ્રવ્યનું તથા

ટ્રસ્ટનું હિત સાચવવાના તેમજ ફંડ બચાવવાનાં બહાનાં હેઠળ નોકરોનું ભયાનક શોષણ, મોરારજીભાઈ દેસાઈની ભાષામાં કહેવું હોય તો 'ધાર્મિક શોષણ', આપણા વહીવટદારો કરે છે. આમ કરવામાં તેમને આવાં શાસ્ત્રવચનોનો ડર નથી, માનવતા અને અનુકંપા પણ કનડતાં નથી; અને કાયદા પણ નડતા નથી ! તો કોઈ ઓડિટર તે લોકોને આવા શોષણકાર્યથી બચવાની સલાહ પણ આપતો નથી ! બધાનું પ્રમાણિક લક્ષ્ય એક જ છે : પૈસા બચાવવા, ફંડ વધારવું, એફ.ડી.વધારવી, અને વહીવટ કરવો. પછી સંઘ, ટ્રસ્ટ, સંસ્થા ખાડે જાય, નોકરો ટકે નહિ, ચોરી કરે કે પેંધી જાય, મૂળ હેતુ, આશય અથવા લક્ષ્ય ચૂકાઈ જાય, તો કોઈનેય તેમાં વાંધો નથી.

આ બધાંનું પરિણામ ક્યારેક વહીવટદારોના ભ્રષ્ટાચાર અને ગોટાળામાં આવે છે, તો ક્યારેક વહીવટકર્તાઓની ધર્મભાવના સાવ બૂઠી થઈ જવા સાથે તેમના સ્વભાવમાં અસત્ય, પ્રપંચો, કાવાદાવા અને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની દુર્ભાવનાઓ છવાઈ જતાં હોય છે.)

* * *

(૧) જિનમંદિર તૈયાર થતાં જ તેમાં પધરાવવા માટે જિનબિંબ તૈયાર કરી શક્ય ઝડપથી તે તેમાં સ્થાપવું; કેમકે તેનાથી તે મંદિર દેવાધિષ્ઠિત થાય અને તો તેની ઉન્નતિ થાય. દેરાસરને ખાલી રાખવું તે ઉચિત નથી.

(૨) બિંબ બનાવનાર શિલ્પીને, તેના સમય પર જ, બહુમાનપૂર્વક, પોતાના વૈભવને અનુરૂપ કિંમત, શુભ ભાવે અર્પણ કરવી જોઈએ. એ મૂર્તિકાર વ્યસની ન હોવો જોઈએ.

(૩) બિંબ બનાવનાર કારીગરને જેટલાં જેટલાં સંતોષજનક કારણો મળે, તેટલાં તેટલાં તે કારણો બિંબ-નિર્માણનાં કારણો બની રહે. અર્થાત્, તે મૂર્તિકાર જેમ વધુ સંતુષ્ટ થાય તેમ કરવું, તેનાથી તે બિંબ વધુને વધુ શ્રેષ્ઠ અને ભાવોત્પાદક બને છે.

(૪) મૂર્તિકાર ઉપર અપ્રીતિ દાખવવી એ વાસ્તવિક રીતે ભગવાન ઉપર જ અપ્રીતિ દાખવ્યા બરાબર ગણાય. તે સઘળા અનર્થોનું કારણ છે, પાપ છે, એથી એવી અપ્રીતિ ન કરવી જોઈએ.

(૫) શિલ્પીની ત્રણ અવસ્થા હોય : બાળ, યુવાન, વૃદ્ધ. દરેક ઉંમરના કારણે થતી આ તમામ અવસ્થાઓના દોહલા-મનોરથો જુદા જુદા હોય છે. તેના તે ત્રણે ઉંમરને લગતાં તમામ મનોરથો પૂર્ણ કરવા જોઈએ. દા.ત. બાળકની અવસ્થાને અનુરૂપ રમકડાં વગેરે આપવાં વગેરે....

જિનબિંબમાં ઘણીવાર ઘણાને ત્રણ અવસ્થાનાં દર્શન થતાં હોય છે. સવારે બાળક લાગે, બપોરે યુવાન દેખાય, સંધ્યાકાળે વૃદ્ધત્વનો ભાવ અનુભવાય. જિનબિંબના આ ભાવોને કલ્પનાથી નિહાળવા, અને તે પ્રમાણે પ્રભુ સમક્ષ તે તે વસ્તુઓનાં ભેટણાં ધરવાના સંકલ્પપૂર્વક તે તે પદાર્થો શિલ્પકારને અર્પણ કરવા - એમ વાત સમજાય છે. તેથી જિનબિંબ અત્યંત જીવંત બની જશે.

(૬) બિંબના મૂલ્ય પેટે અપાનારા પૈસામાં જો કોઈ અન્યનો પૈસો અનુચિત રીતે આવી ગયાનું લાગે, અથવા આવી ગયો હોય, તો "તે હિસ્સાનું પુણ્ય જેના પૈસા હોય તેને મળો !" એવી ભાવના કેળવવી જોઈએ. તેનાથી તે ધનમાં ભાવની શુદ્ધિ ઉમેરાશે.

(૭) પ્રતિમા મોટી હોય, બહુ સોહામણી હોય, સોનું વગેરે કિંમતી દ્રવ્યોની બનેલી હોય, તેનાથી કાંઈક વધુ વિશિષ્ટ ફળ મળે એવું નથી. ફળ તો આપણો આશય/ભાવ કેવો સારો/શુદ્ધ છે તે આધારે જ મળે છે.

(૮) ઉમદા આશય/ભાવ એટલે એવો ભાવ જે આગમોને અનુસરતો હોય, આગમવિદ પુણ્યાત્માઓની ભક્તિ વગેરે કરાવતો હોય, પ્રસંગે પ્રસંગે આગમવચનની સ્મૃતિ કરાવતો હોય તેવો ભાવ પ્રશસ્ત ગણાય. આવા આશય થકી રચાવેલ જિનબિંબ લોકોત્તર બિંબ ગણાય, અને તે અભ્યુદય કરાવવા દ્વારા પરમપદ પમાડી આપે છે. જ્યારે આવા આશયવિહોણું બિંબ લૌકિક બિંબ બને છે, જે માત્ર અભ્યુદય જ કરાવે છે.

શાસ્ત્રના ભાવો ગહન હોય છે. તે ભાવોને શક્ય એટલા સરળ બનાવીને સમજાવવાનો આ પ્રયત્ન કર્યો છે. કોઈક વ્યક્તિને પણ આમાંથી કાંઈક મળશે તો તેનો આનંદ અનેરો હશે.

**(વૈશાખ, ૨૦૬૯)**

* * *

## (૨૪)

## પર્યુષણ - આરાધના

પર્વ તો આવ્યાં તેમ વહ્યાં જશે. આપણે લોકોએ આપણને આવડી તેવી અને ગમી તેટલી આરાધના પણ કરી લીધી. પરંતુ તે બધાંની અસર આપણા જીવન ઉપર પડી ખરી ? કેટલી પડી ? એ બાબત જાણે કે આપણે વીસરી જ જઈએ છીએ. આમ કેમ ?

હમણાં, અને આમ તો ઘણીવાર, કોઈક પરિચિત-અપરિચિત જનોનાં મરણના સમાચાર મળતાં રહે છે. તેમાં ઘણાખરા લૌકિક મૃત્યુથી જ મરતાં હોય છે. કેટલાક સમાધિપૂર્વક મરણ પામ્યા હોવાનું પણ જાણવા મળે છે. સમાધિનો સાદો અર્થ એટલો કે અંત સમયે ગાઢ વેદના તથા રોગો હોય તો પણ, હાયવોય કે ફરિયાદને બદલે મુખમાં નવકારમંત્ર હોય, સાધુભગવંત કે સાધર્મિક જેવાં સ્વજનોના મુખે નવકાર સહિત ધર્મ મંગલનું શ્રવણ ચાલતું હોય, ડૉક્ટર અને દવાખાનાંની પલોજણોથી સ્વયં નિર્લેપ હોય, અને આ સ્થિતિમાં પૂર્ણ જાગૃતિ સાથે, સૌને ખમાવીને, ચાર શરણાં સ્વીકારીને અવ્યાકુળપણે વિદાય લેવી તે.

આવી સમાધિ કોને મળે ? ક્યારે મળે ? કેટલાંને મળે ? શું કરવાથી મળે ? એ વિષે ઊંડો વિચાર કરીએ ત્યારે આપણી સામાન્ય સમજ અનુસાર જે જવાબ જડે છે તે કાંઈક આવો છે :

જે વ્યક્તિ આંતરિક રીતે સરળ હોય, કૂડ-કપટ તથા માયા-પ્રપંચની કુટિલતા જેના લોહીમાં વણાઈ ન હોય, માયા અને જૂઠ અને કોઈનાં છિદ્રો જોયા કરવાની વૃત્તિને બદલે સાચુકલો, નિર્દંભી અને ગુણરાગી એવો જેનો વ્યવહાર તથા વર્તન હોય, પોતાનાથી ધર્મ નથી થતો, પોતે ઘણાં પાપ સેવ્યાં છે - સેવે છે તે પ્રત્યે જે ભીતરથી સભાન હોય અને પ્રસંગે પ્રસંગે તે અંગેનો પોતાનો કઢાપો સહજપણે પ્રગટ કર્યા કરતી હોય, આવી વ્યક્તિ મહદંશે સમાધિ મેળવી શકે છે.

ધર્મની ક્રિયાઓ વધારે કરે તેને સમાધિ મળે એવી માન્યતા આપણે ત્યાં પ્રવર્તમાન છે, પણ તેમાં ખાસ વજૂદ નથી. ધર્મનાં કામોમાં ઘણું ધન વાપરે તેને સમાધિ મળે તેવી પણ ધારણા હોય છે, તે પણ ભાગ્યે જ સાચી ઠરે છે. ધર્મ ઘણો કરીએ, પરંતુ દિલ સાફ ન હોય; અન્યના દોષો જોયા કરવા અને માયા ને જૂઠ સેવ્યા કરવાં, તો તે સરળતાની નિશાની નથી. મોટાભાગે, ઘણો ધર્મ કરનારા

કે ઘણું જાણનારા આત્માઓ, સરળ ઓછા અને કુટિલ અધિક, એવા જ જોવા મળે છે. જીવ ધર્મી પણ હોય અને સરળ પણ હોય તો તો સોનામાં સુગંધ ભળે. પણ દુનિયાની નજરે ધર્મી ન હોય અથવા ઓછો ધર્મી હોય, પણ ચિત્તની ભૂમિકા તથા સામાન્ય વ્યવહાર કુટિલતાથી પર હોય, ધર્મ-ધર્મીની અનુમોદના અને સાથે સાથે પોતાની ખોડ-ખામીઓ પ્રત્યે સભાનતાપૂર્વક ખિન્નતા અનુભવતો હોય, તો જીવ પેલા પ્રખ્યાત બનેલા ધર્મી કરતાં તો નિઃશંક ઘણો આગળ હોવાનો અને તેવા જીવને સમાધિ તથા સમાધિમરણ મળવાની તક ઘણી ઉજ્જવળ ગણાય.

ધર્મ માણસને સરળ બનાવે છે, ધર્મનો ઘમંડ-ધર્મી હોવાનો અહંકાર તેને કુટિલ અને જૂઠો બનાવી મૂકે છે.

આપણે સરળ બનવું છે કે કુટિલ ! અથવા આપણે સરળ છીએ કે કુટિલ ? તેની ચકાસણી કરવાના તેમજ તેની ભૂમિકા બાંધવાના દિવસો એટલે પર્યુષણ પર્વના દિવસો. આ દિવસોમાં આરાધના તો કરીએ જ, સાથે સાથે મનોમંથન પણ કરીએ, અને આપણે શું - ક્યાં ને કેવા છીએ, તેની ચોકસાઈ કરી લઈએ.

સરળ બનવું એ ચિત્તશુદ્ધિને નોતરવા બરાબર છે અને તેનું ફળ સમાધિરૂપે સાંપડે તેવી પૂરતી શક્યતા છે.

કુટિલ બનવું કે બન્યા રહેવું એમાં ચિત્તને તેમ જ જીવનને અશુદ્ધ કરવાની વિષમતા રહેલી છે. એ હોય અને ધર્મ ઘણો આરાધીએ, તો પણ તેનું શુભ ફળ અલ્પ મળે છે, અને જીવનમાં તો નહીં જ, પણ મરણમાં પણ પછી સમાધિ મળવી દુર્લભ બની જાય છે.

આપણો લક્ષ્યાંક નિશ્ચિત કરવાની આ વેળા છે. તેને સાર્થક કરીએ, વેડફીએ તો નહિ જ. અસ્તુ.

**(ભાદરવો, ૨૦૬૩)**

* * *

## (૨૫)

થોડા જ દિવસમાં પર્યુષણ પર્વ આવી રહ્યાં છે. કેટલાક ગચ્છમાં તો અત્યારે, પ્રથમ ભાદરવામાં જ પર્યુષણ ચાલી રહ્યાં છે. તેમના પ્રમાણે સંવત્સરી પ્રથમ ભાદરવામાં હોય છે. આપણા પ્રમાણે તે બીજા ભાદરવામાં આવે છે. ટૂંકમાં, જૈન જગતમાં પર્યુષણાપર્વની આરાધનાનો અવસર આવી પહોંચ્યો છે.

કોઈક ભાગ્યશાળી વ્યક્તિએ હમણાં એવો સંદેશો વહેતો મૂક્યો છે કે આ ગચ્છવાળા પ્રથમ ભાદરવે સંવત્સરી કરે, તો બીજા ગચ્છમાં બીજા ભાદરવામાં થશે; અમુક લોકો ચોથના દિવસે કરશે, તો કેટલાક પાંચમે કરશે; આમ ચારથી પાંચ સંવત્સરી થશે, તેમાં મારે કઈ સંવત્સરી કરવી જોઈએ ? કઈ સંવત્સરી સાચી ?

એ વ્યક્તિએ આ રીતે એક ગતકડું કર્યું હોય એમ પણ બને, અને આપણે ત્યાં પ્રવર્તતા મતભેદો પરત્વે વેદનાભીનો કટાક્ષ કર્યો હોય તો પણ બનવાજોગ છે. પરંતુ આ વિષય એટલો બધો અટપટો છે કે એમાં વિવેકી માણસે બહુ ઊંડા ઊતરવા જેવું નથી, કે ઝાઝું ડહોળવાયોગ્ય પણ નથી. આ બાબત એટલી બધી ચવાઇ - ગવાઈ ગયેલી છે કે આ બાબત પર, શાસ્ત્રાધારે કે વ્યવહારથી, કાંઈ પણ બોલીએ તો પણ તે પક્ષપાતી અથવા અસ્વાભાવિક જ બની રહે.

આપણને આપણા ઘરના મતભેદો બહુ મોટા-પહાડ જેવા લાગે કે કઠે. પરંતુ દુનિયા તરફ નજર કરો તો જણાય કે ઈસાઈ ધર્મમાં પણ સેંકડો પંથો છે, અને તારીખ - કેલેન્ડરોના અનેક મતભેદો છે. મુસ્લિમ ધર્મમાં પણ અનેક પંથો છે અને એ બધામાં બાપે માર્યાં વેરઝેર પ્રવર્તે છે. તેમનામાં પણ ઈદ અને એવા દિવસોમાં બે મત જોવા મળે છે. હિન્દુ ધર્મમાં પણ બળેવ, દશેરા, દીવાળી, હોળી જેવા તહેવારોની તિથિઓમાં વિવિધ પંચાંગો પ્રમાણે વિવિધ મતો છે એ તો હમેશાંનો આપણો અનુભવ છે. એ જ રીતે, આપણે ત્યાં પણ અનેક ગચ્છો અને મતો છે, પરંપરાગત રીતે છે. તેમાં જુદા જુદા ગચ્છની જુદી જુદી સંવત્સરી આવે તો તેમાં આશ્ચર્ય અથવા આઘાત પામવા જેવું શું છે ? એના નિમિત્તે વિખવાદ કે વિવાદ કે ક્લેશ સર્જવાનો કોઈ મતલબ નથી.

શાસ્ત્રદષ્ટિએ વિચારીએ તો, ક્ષાયિકભાવે જ કોઈ મતભેદ નથી હોતો; ક્ષયોપશમભાવે તો મતભેદો થાય જ. એમાં દરેક મતવાળા એમ માને કે અમે જ સાચા, બીજા ખોટા; તો તે વાત જરા વિચારણા માગે છે. વ્યવહારુ રીતે જોઈએ

તો કાં તો બધા જ મત સાચા લાગવા જોઈએ; કાં તો બધા જ ખોટા લાગવા જોઈએ. જો એ બધામાંથી કોઈ એક મત સાચો છે એમ ઠરાવવું હોય તો તે માટે કેવળજ્ઞાની કે વિશિષ્ટ જ્ઞાની પુરુષ જોઈએ. જો કે મને લાગે છે કે આપણા સહુના આગ્રહો એટલા બધા દૃઢ - ઊંડાં મૂળ ઘાલીને મજબૂત બની બેઠા છે કે અત્યારે તેવા કોઈ જ્ઞાની આવે અને કોઈ એક મતને સાચો ગણાવી અન્યનો નિષેધ કરે, તો તે જ્ઞાનીને પણ આપણે જ્ઞાની લેખે સ્વીકારીએ નહિ; અને જો આવી માનસિકતા હોય તો આપણામાં મતભેદો ન હોય તો જ નવાઈ.

પર્યુષણના મતભેદો તો કદાપિ ઉકલવાના નથી, એ સાદા સત્યને મને કે કમને સ્વીકારી લીધા પછી પણ, તે મુદ્દે સમાધાન મેળવવાનો સહેલો અને યોગ્ય રસ્તો એ છે કે આ વિષયને લઈને કદી ક્લેશ ન કરવો; આ સાચા અને પેલા ખોટા - એવા અભિપ્રાયો બાંધવાથી અને બોલવાથી બચતાં રહેવું, અને તેવા ક્લેશમાં કોઈ ખેંચી જવા માગે તો તેના ભોગ ન બનવું. જે જે ગચ્છના આચાર્યોએ જ્યારે, જે જે રીતે પર્યુષણ તથા સંવત્સરી કરી છે કે કરવાનું ઠરાવ્યું છે, તે તમામે પોતપોતાના ક્ષયોપશમ અનુસાર શાસ્ત્રસાપેક્ષભાવે જ કર્યું છે. કોઈને પણ શાસ્ત્રવિરુદ્ધ કરવાનું ન જ ગમે. ક્ષયોપશમમાં અને તેથી જાગતી સમજણમાં જરૂર ફેર હોય. એટલે કોઈનેય ખોટા કહેવા કે ગણવા તે વિવેકી જીવને ન શોભે. વિવેકી જીવો તો પોતે જે પરંપરા પ્રમાણે કરતા હોય તેને શ્રદ્ધાપૂર્વક યથાર્થ માનીને આરાધના કરવાનું વિચારે. યાદ રહે, પર્વ આરાધના માટે છે; વિવાદ, વિરોધ અને ક્લેશ વધારવા માટે નહિ. અને એક મહત્ત્વની વાત એ છે કે જે બીજાને ખોટા માને અને કહે તે ક્યારેય સાચા હોતા નથી.

અમેરિકા વગેરે ક્ષેત્રોમાં વસતા કેટલાક જૈનોમાં વળી નવો જ પવન ઉપડ્યો છે. તેમને જુદી જુદી સંવત્સરી તેમ જ તે માટેના મતભેદો જચતા નથી, એટલે તેમણે એવો વિચાર વહેતો મૂક્યો છે કે ભાદરવા માસમાં અથવા ઓગષ્ટમાં જે પહેલો રવિવાર આવે તે દહાડે સંવત્સરી કરવી, અને તેને અનુલક્ષીને ૮ દહાડાનાં પજુષણ કરવાં.

પ્રસંગોપાત્ત આ લોકોએ બીજી પણ કેટલીક વાતો ગોઠવી કાઢી છે. જેમકે સંવચ્છરી પ્રતિક્રમણ બહુ લાંબું ચાલે છે, તેમાં એકનાં એક સૂત્રો વારે વારે બોલવાનાં આવે છે. આટલું લાંબું અમને ન ફાવે. એટલે એક સૂત્ર બીજી વાર ન આવે તે રીતે, તથા ઘણાં સૂત્રો જ કાઢી નાખી તેના સ્થાને ચોક્કસ સૂત્રો તથા તેના અર્થનો

પાઠ-ચિન્તન વગેરેનું સંકલન કરી એક - સવા કલાકનું પ્રતિક્રમણ ઘડી કાઢેલ છે, અને તે પ્રમાણે કરે પણ છે.

વળી, હમણાં એની વાત પણ ચાલી છે કે "સર્વમંગલમાંગલ્યં" એ શ્લોકમાં "પ્રધાનં સર્વધર્માણાં જૈનં જયતિ શાસનં" એ બે વાક્યો બરાબર નથી; બીજા ધર્મોને ઊતારી પાડે તેવાં છે. આમાં અનેકાન્તવાદ ખંડિત થાય છે, જૈન ધર્મ સંકુચિત દેખાય છે વગેરે. આથી, સાંભળવા પ્રમાણે, આ બે લીટીઓ તે લોકોએ નવી બનાવી બદલી કાઢી છે.

મજાની વાત તો એ છે કે એમની આવી આવી હરકતોમાં એમને કોઈ કોઈ આચાર્યનું સમર્થન કે સહમતી પણ સાંપડ્યાં છે.

જૈન શાસન, તેનાં રહસ્યો, તેના પદાર્થો, તેની શાસ્ત્રાનુસારી પરંપરા, તેના વિધિ-નિષેધો વગેરેથી તદ્દન અનભિજ્ઞ, થોડાંક પુસ્તકો તથા ભાષાંતરો વાંચીને નિષ્ણાત કે વિશેષજ્ઞ બની ગયેલ લોકો દ્વારા થતી આવી સંઘ, શાસન, શાસ્ત્ર, પરંપરાથી પ્રતિકૂળ પ્રવૃત્તિ, તે આત્માઓ માટે કેટલી ખતરનાક, દોષરૂપ તથા હાનિકારક બની જાય તેનો તેમને કોઈ અંદાજ નથી. તો જેમને આનો અંદાજ હશે અથવા હોવો જ જોઈએ તેવા આચાર્યાદિ પણ તેમને તેમની આવી બાબતોમાં શી રીતે કે કયા આશય - અપેક્ષાથી સંમતિ આપતા હશે તે પણ એક વિકટ સવાલ છે. એક સિદ્ધસેન દિવાકર ભગવંતે "સૂત્રો પ્રાકૃત ભાષામાં છે તે બરોબર નથી; હું સંસ્કૃતમાં ઢાળું" એટલો વિચાર માત્ર કર્યો અને તે માટે પાછી ગુરુની - સંઘની પરવાનગી લેવાની હિંમત કરી, તેટલામાં તો સંઘે-ગુરુએ તેમને ઉગ્રમાં ઉગ્ર પ્રાયશ્ચિત્ત આપ્યું ! તો આજકાલ ચાલતા, પર્યુષણા કે સંવત્સરીના મતભેદોથી અકળાઈને પોતાની આપમતીથી મનઘડંત ફેરફાર કરવા કે તે માટે હિમાયત કરવી અને તેમાં સમર્થન આપવું તે કેટલો મોટો શાસન-સંઘ પ્રત્યેનો અપરાધ બની રહત્ ! આ, અને ઉપર વર્ણવી તેવી હરકતો કરવામાં આત્મિક દૃષ્ટિએ કેટલું બધું નુકસાન થઈ શકે તેની ખબર ન હોય તો જ આ હરકતો કરી શકાય. બાકી જૈન પરંપરા પાસે આ બધીય વાતોના ખુલાસા છે, અને આમાં - આ મુદ્દાઓમાં જે ગંભીર રહસ્યો છે, જે વિશ્વવત્સલ અર્થો છે, તેની જાણકારી પણ છે જ. સાર એ કે વ્યર્થ, સમજણ-વિહોણા વિરોધમાં કે પરિવર્તનના મોહમાં ફસાવું તે વિવેકી આત્માને શોભે નહિ.

**(પ્રથમ ભાદરવો, ૨૦૬૮)**

* * *

અત્યારે તો પર્યુષણની આરાધના ચાલતી હશે. હવે, વ્યાપક વરસાદ પછી, આરાધનામાં અને ઉજવણીમાં નવતર ઉલ્લાસ પ્રવર્તશે તે ઘણું મજાનું થયું છે. આ દિવસો તપસ્યાના છે. ઠેર ઠેર મોટાં-નાનાં તપ થયાં છે, થઈ રહ્યાં છે. આ વખતે માસક્ષમણ અને સિદ્ધિતપ અગ્ર ક્રમે છે. સામૂહિક તપ-આરાધનાની એક ખૂબી એ છે કે તેમાં એક સાથે સેંકડો લોકો જોડાતાં હોવાથી વાતાવરણ ઉલ્લાસભર્યું બની જાય છે. જો આગોતરું પ્રભાવનાનું પ્રલોભન આપવાની અયોગ્ય પ્રથા બંધ થઈ જાય, અને પોતાની શક્તિનો વિચાર કર્યા વિના જ દેખાદેખીથી કે ચડામણીથી તપમાં જોડાઈ જઈને પાછળથી અપમૃત્યુ અથવા ગંભીર બિમારીનો ભોગ બની જતા લોકો જરાક સબૂરી રાખતા થાય, તો આવા સમૂહ તપ એક અલગ જ જુવાળ અને ભાવનાત્મક વાતાવરણ સરજી શકે. સમૂહ તપની બીજી એક વિચિત્રતા તે તેમાં આવતાં પારણાંઓમાં થતી ભોજનસામગ્રીની હોય છે. પારણાંમાં કે વચ્ચે આવતાં બેસણામાં ન પીરસવી ઘટે તેવી સામગ્રી તેમાં બનતી હોય છે, જે જોઈને કોઈ લલચાય અને ખાય અને પછી તે અવળું પડે જ. વિવેક ભાગ્યે જ જળવાતો હોય છે. અને આ બધામાં જયણા નામના પાયાના તત્ત્વની તો સદંતર ગેરહાજરી જ રહેતી હોય છે. રસોડામાં, જમણ પૂર્વે તેમજ પત્યા પછી, કેવી સ્થિતિ હોય છે તે જોઈએ તો જ ખ્યાલ આવે કે જયણાવિહોણો તથા વિવેક વગરનો તપ કેવો હોય. જો આ બધું જ સમજાય અને સચવાય, તો સમૂહ તપની મજા અનેરી જ હોય.

જો કે આવું ભાગ્યે જ બને છે. મોટાભાગે તો આયોજકો તથા કાર્યકરો તથા વહીવટદારો મહારાજ આગળ જૂઠું જ બોલે કે બધું જયણાથી અને ધર્મના નિયમ મુજબ જ થાય છે, થયું છે, કલ્પે તેવું જ છે; અમે ગરબડ કરીએ જ નહિ; અમારા કરતાંય રસોયા વધુ જાણકાર છે, વધુ કાળજી લે છે વગેરે. સાર એટલો કે ધર્મકરણી ગણાતી પ્રવૃત્તિઓમાં પણ આંખમિંચામણાં, અસત્ય અને અજયણા હવે માન્ય બની જવા લાગ્યાં છે.

આમ થવાનું કારણ એક જ છે : તપ સહજ નથી રહ્યું અને સમજપૂર્વકનું નથી રહ્યું. મહત્ત્વાકાંક્ષાઓ, લાલસા, લોકૈષણા અને માનૈષણા જેવી એષણાઓ વગેરે જેવાં અનેક કારણોસર તપ અસહજ બની જાય છે, અને એમાં અણસમજની માત્રા પણ વિશેષે જોવા મળે છે.

ભગવાનના શાસનનું, ભગવાનનું તપ સહજ તપ છે, અને તે કરનારો સમજપૂર્વક જ કરે છે. આરાધના, કર્મનિર્જરા, સુકૃત અને તે દ્વારા જીવનનું સાફલ્ય, પરલોક સુધારવાનો આશય, આ બધી બાબતોને તપના આરાધનથી કેળવવાની સમજ હોય, જાગે, ત્યારે જે તપ થાય તે સહજ તપ હોય. આજે પણ આપણે ત્યાં, એકલદોકલ કે સમૂહમાં, આ રીતે તપ આરાધનારા લોકો ઘણા ઘણા હોય જ છે, જોવા મળે જ છે, તેમની અનુમોદના કરવી એ પણ એક સરસ સુકૃત ગણાય.

ભગવાનનું તપ એ આત્મદમન માટે નહિ, પણ મલિન વૃત્તિઓના શમન માટે થતું તપ છે. મલિન વૃત્તિઓનું શમન થાય એટલે આત્મા અને ઈન્દ્રિયોનું દમન આપોઆપ થઈ જ જાય. એ માટે પછી જોરજુલમ કે બળજબરી કરવાની નથી રહેતી. તપમાં આપવામાં આવતાં પચ્ચક્ખાણ પણ વૃત્તિઓના શમન માટે જ છે. નિરંકુશપણે બહેકતી વૃત્તિઓ તપના પચ્ચક્ખાણથી જ અંકુશમાં આવે, શમે, એવો બોધ તે આપવા-લેવા પાછળ કામ કરતો હોય છે. કોઈ બંધનાત્મક એ બાબત નથી જ.

સહજ તપ એટલે કેવું તપ ? એવો સવાલ થાય તો તે સ્વાભાવિક છે. એનો જવાબ એટલો જ કે જે તપ કરવું ન પડે, અનાયાસે અને આપમેળે થાય-થતું રહે, તેનું નામ સહજ તપ. ભગવાનના આવા અત્યંત સહજ તપનું વર્ણન, આપણા એક અજૈન ચિંતકે, આ શબ્દોમાં કર્યું છે.

"ઘણા લોકોના મનમાં પ્રામાણિક પ્રશ્ન ઊઠે છે : શું મહાવીરનો માર્ગ કષ્ટયુક્ત દમનનો માર્ગ ન હતો ? આ પ્રશ્નની છણાવટ સહજના સંદર્ભે ન થાય તો કૃષ્ણ સ્થિતપ્રજ્ઞને બદલે સુખવાદી ઠરે અને બુદ્ધ પણ વ્યવહારુ સુખવાદી ઠરે. મહાવીર નથી સમજાયા તેથી દેહદમનને અને કષ્ટાનુભવને અમથી પ્રતિષ્ઠા મળી છે. મહાવીરે ઉપવાસનું સમયપત્રક નહોતું બનાવ્યું. એમણે વસ્ત્રત્યાગનો સંકલ્પ નહોતો કર્યો. એમણે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા નહોતી લીધી. માનવ-ઈતિહાસમાં આટલા બધા ઉપવાસ આટલી સહજ રીતે થયા હશે ખરા ? આ ઉપવાસ કરવામાં નહોતા આવ્યા. દેહભાન ખરી પડ્યું અને આત્મભાન ખીલી ઊઠ્યું ત્યારે ઉદ્ભવ પામતી આનંદદશામાં અનાયાસ થઈ ગયેલા ઉપવાસનું સૌંદર્ય સમજવા જેવું છે. એ જ રીતે મહાવીરે વસ્ત્રત્યાગ નહોતો કર્યો; એમનાં વસ્ત્ર ખરી પડ્યાં હતાં. આવું જ એમના બ્રહ્મચર્ય માટે કહી શકાય. કષ્ટાનુભવના પાયામાં દેહભાન રહેલું છે અને

દેહભાન હોય ત્યાં અહંકાર હોય જ. નિર્વિષયી મનનો આનંદ પ્રગટે ત્યારે આત્મભાવ એની ચરમસીમાએ પહોંચતો હશે. એ અવસ્થામાં દમન અનાવશ્યક અને અપ્રસ્તુત બની રહે એમ બને.'' (લે. ગુણવંત શાહ)

તપ સહજ બનવા માટે છે. તપ આપણી આવશ્યક્તાઓ ઘટાડી આપે છે. જેના વિના ન જ ચાલે તેનું નામ આવશ્યક. તપ આપણને એ શીખવે છે કે અત્યાર સુધી જેના વિના નહોતું ચાલતું તેના વગર પણ રહી તો શકાય છે! તો તે 'આવશ્યક' શી રીતે ગણાય ? આપણી આવશ્યક્તાનાં મૂળ ઘણીવાર આસક્તિમાં પડેલાં હોય છે. આસક્તિ જીવનને અસહજ બનાવે છે, સ્વભાવથી આપણને અણસમજુ બનાવે છે. તપ એ આ અણસમજને, અસહજતાને, તેના મૂળ જેવી આસક્તિને દૂર કરવાની એક સરળ પ્રક્રિયા છે. તપ વડે જો આ ત્રણ વાનાં દૂર થાય તો જીવન અવશ્ય સહજ બની રહે.

જેને આસક્તિ, અપેક્ષા, આવશ્યકતા અલ્પ હશે તેનું તપ ખૂબ આનંદદાયી હશે. એવા તપસ્વીને શરીર પ્રત્યે કે અન્ય કોઈના પ્રત્યે કશી ફરિયાદ નહિ હોય. અપેક્ષા - અસહજતા - ફરિયાદ - આવો ક્રમ વિચારી શકાય. નિરપેક્ષ હોય તે સહજ હોય અને તેથી તેને કોઈ ફરિયાદ પણ ન હોય.

ધન કે અન્ય પ્રકારની પ્રભાવના મળવાની લાલચથી થતું તપ અસહજ હોય છે. માન, નામ, પ્રસિદ્ધિની ઝંખનાથી થતું તપ સહજ નથી હોતું. પોતાનો વટ પાડવા, કોઈને દેખાડી દેવા અથવા અન્યને ઊતારી પાડવા ખાતર થતું તપ તો તપ જ ન કહેવાય. કોઈ રેકોર્ડ બ્રેક કરવાના ભાવથી થતા તપને તપનો દરજ્જો કેમ આપી શકાશે ? વિવિધ પ્રલોભનો આપવાની જાહેરાત દ્વારા કરાવવામાં આવતા તપને તપ ગણીએ તો પણ તેનો મરતબો ઘટે તો છે જ.

તપ નિરાશંસભાવે કરવાનું છે. તપ આત્મિક ગુણોનો વિકાસ થાય અને વિષય-કષાયની વાસનાઓ ઘટે તે આશયથી કરવાનું હોય છે. બાહ્ય કોઈ પણ લાભ તે તપના આડલાભ ગણાય, જેની આશા - અપેક્ષા રાખવાની હોતી નથી. તપ પોતાની શારીરિક સ્થિતિ, તબિયત અને ક્ષમતાને ધ્યાનમાં રાખીને કરવાની બાબત છે. ઉભરો આવી જાય અને તપ કરવા માંડે, પછી જો તબિયત બગડે કે અજુગતું બને, તો તપ વગોવાય, શાસનની હીલના થાય, અને તપ કરનાર પાપનો ભાગીદાર થઈ પડે, તો તે અશક્ય નથી. આ બધું જ તપ કરતાં ધ્યાનમાં લઈએ તો સહજ તપ સંભવિત બને ખરૂં.

આનો અર્થ એ નહિ કે તપનો અભ્યાસ ન કરાય, ન કરવો. એ તો કરવો જ જોઈએ, પરંતુ સહજભાવે. સહજ અભ્યાસ - સહજ તપ. મનની નિર્મળ અને સમજણપૂર્વકની ભાવના સાથે તપનો અભ્યાસ થાય, તો તેવા લોકો, શાસનમાં દાખલારૂપ તપસ્વી - આરાધક અવશ્ય બને. અસ્તુ.

પર્યુષણના નિમિત્તે તપધર્મ વિષે આટલું પ્રગટ ચિન્તન આપણને ઉપકારક નીવડે એવી ભાવના....

**(દ્વિતીય ભાદરવો, ૨૦૬૮)**

* * *

## (૨૭)

ચોમાસું એટલે આનંદની મોસમ. સાધકો માટે સાધનાના દિવસો, ખેડૂતો માટે ખેતીના અને પાકના દિવસો, અને વ્યાપક સમાજ તેમજ પશુ-પંખીઓ માટે ઠંડક પામવાના દિવસો એટલે ચોમાસું. આરાધક જીવો આ દિવસોમાં આરાધના કરશે, સ્વાધ્યાય કરશે, અને તે દ્વારા ભવનો થાક ઊતારતાં જઈને આનંદમાં મગ્ન બનશે. વિહાર-શ્રમે શ્રમિત મુનિગણ, સ્થિરતાની આ ઋતુમાં શાસ્ત્રસ્વાધ્યાયમાં પરોવાઈને, વીતેલા ૮ માસ અને આવનારા ૮ માસમાં પડેલી ઘટને કે પડેલા તોટાને ભરપાઈ કરવાનો સબળ ઉદ્યમ કરશે.

જો કે આજકાલ ચાતુર્માસ એ શ્રાવકલક્ષી વ્યવસ્થા જેવાં બની રહ્યાં છે. સાધુએ પોતાની તમામ શક્તિ અને ક્ષમતાનો ઉપયોગ, શ્રાવકોને ધર્મ કરાવવાના પ્રયોજનમાં જ કરવાનો એક રિવાજ પડી ગયો છે. પરિણામે વ્યાખ્યાન અને પ્રતિક્રમણ - એ બે પૂરતા જ મર્યાદિત રહેતા આ ૪ મહિના, વિધવિધ તપ-જપ-અનુષ્ઠાનો, ફંડફાળા અને વહીવટો વગેરેમાં અને તેના આયોજનમાં જ વહી જાય છે. ફલતઃ એક બાજુથી સાધુવર્ગ પોતાની સાધના તથા સ્વાધ્યાયને ગુમાવે છે, તો બીજી બાજુ, અનાયાસે જ શ્રાવકોને આધીન બનીને જીવતો એક આયોજક અથવા વહીવટકર્તાઓનો વર્ગ ઊભો થઈ જાય છે. શ્રાવકો, પછી, આ વર્ગનો ફાયદો ઉઠાવતા રહે છે. બગડે તો મહારાજનું બગડે છે, આપણે શું ? આપણી તો વાહ વાહ જ થાય છે ને ! આવું માનસ, પછી, કેળવાઈ જાય છે.

આત્માર્થી જીવો આ બધાં પ્રત્યે સાવધ થતાં હોય છે. તેમના મનમાં તેમનું લક્ષ્ય સ્પષ્ટ હોય છે કે મહિનાઓ સુધી વિહાર અને વિવિધ ધર્માનુષ્ઠાનોમાં આપણો સ્વાધ્યાય સીદાતો રહ્યો છે, તેને પાછો ભરપાઈ કરવામાં આ ચોમાસી સ્થિરતાનો સદુપયોગ કરી જ લેવો જોઈએ. આમ, લક્ષ્ય બંધાયું હોય ત્યાં ચોમાસાની સ્થિરતા એ વાવણીની અને લણણીની - બંનેની મોસમરૂપ બની રહે છે, અને તેનો આનંદ અવર્ણનીય જ હોય છે.

ચાતુર્માસની મનભાવન મોસમનો આરંભ થઈ રહ્યો છે ત્યારે आषाढस्य प्रथमदिवसे, અષાઢી બીજના કચ્છી નૂતન વર્ષના તેમ જ રથયાત્રાના શુભ દિવસે, આપણે આરાધનાનો શુભારંભ કરવો છે.

આરાધના એ ચાતુર્માસને સફળ બનાવનારો પદાર્થ છે. આ મોસમમાં સહુ વિશેષ તપ, જપ, ક્રિયા અને સ્વાધ્યાય કરે એવી સહજ અપેક્ષા રહે છે; રાખવી ગમે છે. જો કે આજકાલ આપણે ત્યાં આરાધનાના અનુષ્ઠાનોમાં આરાધના કરતાં આરંભ-સમારંભ વધુ હોય છે. આપણાં ઉપાશ્રયાદિ ધર્મસ્થાનો હવે સાવદ્ય પ્રવૃત્તિનાં કારખાનાં બન્યાં છે. સંખ્યા, આંકડા, નામનાના વ્યામોહમાં તથા આ બધું થાય તો જ ધર્મ કર્યો - કરાવ્યો ગણાય તેવી ભ્રમણામાં રાચનારા જીવો વ્યાપકપણે, સાધુ તથા શ્રાવક એમ બંને વર્ગમાં જોવા મળે છે. પરિણામે સાવદ્ય ક્રિયાઓ વધતી જાય છે. નિરવદ્ય સ્થાનોનાં પવિત્ર આંદોલનો તથા પરમાણુઓ આરંભ-સમારંભથી ખરડાઈને અપવિત્ર બને છે. તેથી ત્યાં થતી ધર્મકરણી પણ નિષ્પ્રાણ અને ક્લેશ-સંક્લેશમય બનતી જાય છે. જે આ બધું રોકવા પ્રયત્ન કરે, તે વિરોધી, અવ્યવહારુ અને વેદિયા ગણાય છે. તેથી તેમણે મૌન પકડવું પડે છે, અને "ऐसी पोल कहां तक चलेगी ?" તો "जहां तक चले वहां तक चलने दो" એ નીતિ અપનાવીને રહેવું પડે છે. કાળાંતરે નિરવદ્યતાનો માર્ગ, ખ્યાલ વીસરાઈ જશે, અને આવા સાવદ્યમાં જ ધર્મ હોવાનું સ્થિર થશે. માર્ગના આ વિલોપના પાપના સહભાગી આપણે બધા જ થઈશું ! પણ 'અરણ્યરુદન' નો કોઈ અર્થ નથી રહ્યો હવે.

(અષાઢ, ૨૦૬૯)

* * *

## (૨૮)

### નૂતન વર્ષની પ્રાર્થના

તમારા, મારા અને સહુ કોઈના મનમાં એક જ કામના, ભાવના તથા પ્રાર્થના કે નૂતન વર્ષ મંગલમય હો ! સુખમય અને સુખદાયી હો ! સૌનું શુભ થાય ! કોઈનું પણ અશુભ ન થાય ! દેવ, ગુરુ તથા ધર્મનો પ્રભાવ સહુ અનુભવો, અને તે પ્રભાવથી સહુ કોઈ સુખી બનો !

આપણી આજની મંગલ પ્રાર્થના આવી જ હોય એ સ્વાભાવિક છે. પરંતુ એકલી ભાવના કે પ્રાર્થનાથી કાંઈ ન વળે. કર્તવ્યવિહોણી, સંકલ્પ વગરની કે આચરણ વિનાની કોરી ભાવના કે શાબ્દિક પ્રાર્થનાથી ઝાઝો અર્થ ન સરે. ભાવનાને સાર્થક ઠરાવવી હોય તો કર્તવ્ય અદા કરવાની તત્પરતા કેળવવી પડે. પ્રાર્થનાને સફળ બનાવવી હોય તો કંઈક ઠોસ, નક્કર સંકલ્પ કરવો પડે, અને એ સંકલ્પને અમલમાં પણ લાવવો પડે. આપણે આજે તપાસીએ - આપણી જાતને કે આપણે કેવો સંકલ્પ કરી શકીએ તેમ છીએ ? અથવા કોઈ સંકલ્પ કરી શકવા જેટલી તાકાત આપણામાં બચી છે કે નહિ ?

ઘણા લોકોને તમાકુ, ગુટખા, દારૂ, સિગરેટ જેવાં વ્યસનો છોડવાનું કહેવામાં આવે તો તેઓ સ્પષ્ટ ના કહી દે છે. 'અમારાથી આવી પ્રતિજ્ઞા, આવું વચન પાળી નહિ શકાય', એમ ઉઘાડેછોગ બોલીને તેઓ પોતાની અશક્તિ જાહેરમાં દર્શાવતા હોય છે. આવું જ બીજી બાબતો માટે પણ હોય છે. ધર્મનું આચરણ કરવાની વાત હોય કે પછી અધર્મનું આચરણ ટાળવાની વાત હોય; ઉભય પ્રકારની બાબતોમાં લોકો પોતાની અશક્તિ જાહેર કરવા સિવાય કાંઈ જ કરી શકતા નથી.

આવા લોકોને પછી ગુસ્સો નહિ કરવાની, ટી.વી.વગેરેથી બચવાની, બીજાને ક્ષમા આપી સંબંધો સુધારવાની વાત કરવામાં આવે, તો તે પણ જચતી નથી; અને તે માટે પણ તેઓ પોતાની અશક્તિ ઝપાટાબંધ જાહેર કરતાં અચકાતા નથી.

જેનાથી, જે કરવાથી કે નહિ કરવાથી, પોતાની જાતનું ભલું થતું હોય, તબિયત બગડતી અટકતી હોય કે જીવન અને સંબંધો સુધરતાં હોય, તેવી કોઈ પણ બાબત માટે જો આપણે સંકલ્પ લેવા તથા આચરણ કરવા તૈયાર ન હોઈએ તો, ઉપર વર્ણવેલી, નવા વરસની પ્રાર્થના શી રીતે ફળશે ? કેવી રીતે તે ફળદાયક બનશે ? અને જો પ્રાર્થના જ નકામી પડશે, તો પછી આપણા માટે શ્રદ્ધેય-શ્રદ્ધાનો વિષય

શું રહેશે ? અને શ્રદ્ધા વિનાનું જીવન બોજરૂપ તો નહિ બની જાય ? ગંભીરતાથી વિચાર કરવો ઘટે, આ પ્રશ્નો પર.

સમજદાર અને જીવન પ્રત્યે પ્રેમ ધરાવનારા જીવોએ કેવા સંકલ્પ કરવા જોઈએ તે જુઓ :

"જોઉં છું, તમે નવે વર્ષે કેવા નિશ્ચયો કરો છો :

ન બોલે તેને બોલાવજો.

જે ન આવે તેને ઘેર જજો.

જે રિસાય તેને રીઝવજો.

અને આ બધું તેમના ભલાને સારું નહિ,

પણ તમારા ભલાને સારું કરજો !

જગત લેણદાર છે.

આપણે તેના કરજદાર છીએ." (મહાત્મા ગાંધી)

કેવી અદ્‌ભુત વાતો છે ! આવી વાતો માટેનો આદર અને રસ, આપણા મનમાં જેમ વધતો જાય, તેટલું આપણું જીવન વધુ સ્વસ્થ, વધુ સુઘડ, વધુ સમૃદ્ધ બનશે, એ નિઃસંદેહ સત્ય છે.

સર પ્રભાશંકર પટ્ટણીની એક કાવ્યપંક્તિ સાથે આ પત્ર આટોપીએ :

**"જગત આ ક્ષેત્ર સેવાનું, મફત સેવા કરી લેવી**

**પ્રભુએ જન્મ આપ્યાની, કરજદારી ભરી દેવી."**

આપણો આજનો દિવસ, નૂતન-વર્ષારંભ, આવા મધુર શુભ-સંકલ્પના અમીથી છલકાઈ રહો ! અને આજથી આરંભાતું નવલું વર્ષ, આ આખાયે વર્ષના અંત સુધી, આપણા જીવનને શુભ કર્તવ્યોથી અને સદ્ આચરણથી અજવાળી દેનારૂં હો ! **(કાર્તક, ૨૦૬૬)**

* * *

## (૨૯)

જેમ જેમ સમય વહેતો જાય છે તેમ તેમ નિત્યનવા બનાવો બનતા રહે છે. એમાં આનંદદાયક ઓછા હોય છે, અને આઘાત આપે તેવા વધુ હોય છે. મૃત્યુ, જીવલેણ અકસ્માતો, અસાધ્ય બિમારીઓ, ક્લેશ-કંકાસ, કોર્ટ-કચેરી, સંઘર્ષ વગેરે પ્રકારના પ્રસંગો જ સવિશેષ બનતા જોવા તથા સાંભળવા મળ્યા કરે છે. આ બધી વાતો એવી છે કે તે વિષે મળતી જાણકારીથી આપણા હૈયાને ખેદ કે દુઃખનો અહેસાસ અવશ્ય થાય. જ્યાં સુધી લાગણીશૂન્ય અથવા સંવેદનબધિર નથી થઈ જતા, ત્યાં સુધી તો આવો અહેસાસ થવાનું અનિવાર્ય પણ છે.

આવી ક્ષણોમાં કાં તો થાક લાગે, કંટાળો આવે, અને કાં તો વૈરાગ્ય અને બોધનો ઉદય થાય. કંટાળો હતાશા ભણી દોરી જાય. હતાશા એ ધીમી આત્મહત્યા જ ગણાય. વૈરાગ્ય સમજણના ઘરમાં લઈ જાય, અને સમજણ એ આત્મકલ્યાણનો માર્ગ ગણાય.

સંસારમાં ઘટતી પ્રત્યેક સારી-માઠી, ગમતી-અણગમતી ઘટના કંઈક ને કંઈક બોધ આપતી જતી હોય છે; કાંઈ ને કાંઈ શીખવાડી જતી હોય છે. એ બોધ જેને સમજાય, એ શિક્ષા જેને ગમી જાય, તે જીવ, ઓછામાં ઓછું, આત્મઘાતી એવા નકારાત્મક વલણથી ચોક્કસપણે ઉગરી જતો હોય છે. આત્મકલ્યાણના પંથે ચાલી શકીએ તો તો ખૂબ ઉત્તમ, પણ તેમ ન કરી શકાય તો પણ, આત્મઘાતના - નકારાત્મક વલણના પંથેથી પાછા વળી જવાય, તો તે પણ ઓછી વાત નથી.

પ્રત્યેક ઘટના ઘટના જ હોય છે, અને તે સૃષ્ટિના કે નિયતિના અચૂક-અફર કાયદા પ્રમાણે જ ઘટતી હોય છે. આપણને તે ઘટના અને તેનાં કાર્ય-કારણ સમજાય નહિ એટલે આપણે તે ક્ષણે રાજી કે નારાજ થઈ જતાં હોઈએ છીએ. આપણા મનને ન ગમતી ઘટનાને આપણે દુર્ઘટના કહીએ છીએ, અને આઘાત અનુભવીએ છીએ. આપણને મનગમતી ઘટનાને આપણે હોંશે હોંશે વધાવીએ છીએ અને તેનો આનંદ માણીએ છીએ. ખરેખર તો આ આપણા ગમા-અણગમાની જ નીપજ હોય છે. કુદરતના ઘરમાં તો કોઈ ઘટના સારી કે ખરાબ હોતી જ નથી. ત્યાં તો Everything is in order નો જ નિયમ ચાલતો હોય છે.

સમજણ ઊગે, વિવેક વિકસે, તો ઉપર વર્ણવી તેવી માનસિકતા કેળવી શકાય છે; અને આ સ્થિતિને જ વૈરાગ્યની પૂર્વભૂમિકા તરીકે આપણે ઓળખાવી શકીએ છીએ.

આપણા ચિત્તમાં, સંસારની ક્ષણે ક્ષણે ઘટિત થતી જતી ઘટનાઓના સ્વીકારની આવી સહજ સમજણ ઉદય પામો !

(માગશર, ૨૦૬૬)

* * *

હમણાં એક મજાની વાત વાંચવામાં આવી. જગતમાં ચાર પ્રકારના માણસો હોય છે, તેનું વર્ણન કરતાં એ વાક્યો જ અહીં ટાંકું :

**"બીજાના દુઃખે સુખી થાય તેવા મનુષ્યો : પાપી**
**બીજાનાં સુખે દુઃખી થાય તેવા લોકો : ઈર્ષ્યાળુ**
**કોઈનાં સુખે સુખી થાય તેવા માણસો : સમૃદ્ધ/શ્રીમંત**
**કોઈનાં દુઃખે દુઃખી થાય તેવા જનો : સંત"**

વાંચવાની સાથે જ મનોમન પ્રશ્ન ઊગ્યો : આપણે આ ચાર પૈકી કયા પ્રકારમાં આવીએ ? સવાલ મહત્ત્વનો છે. પણ તેનો જવાબ નક્કી કરવો જરા અઘરો છે. સાચો કે વાસ્તવિક જવાબ મેળવવા માટે આપણે આપણા મનના ઊંડાણમાં ડોકિયું કરવું પડે, અને આપણી વર્તણૂકો તપાસવી પડે.

એક ડોક્ટર, કશા જ વાજબી કારણ સિવાય, સારવાર માટે આવેલા દર્દીને જ્યારે વિવિધ ટેસ્ટ અને રિપોર્ટના ચકરાવે ચડાવી દે છે ત્યારે તેનું સ્થાન આરામથી આ ૪ પૈકી પ્રથમ કક્ષામાં મૂકી શકાય છે. એક વકીલ, તદ્દન સામાન્ય અને સમજાવટ કે શાણપણભરી સલાહથી ઉકેલી શકાય તેવી બાબતમાં, અસીલને કોર્ટે ચડવાની સલાહ આપે ત્યારે તે આ ૪ માંથી પ્રથમ ક્રમ પોતાના માટે અંકે કરી લે છે. એક સાધુ, આશ્વાસન પામવા આવનારા, સંસારની ઘટમાળથી દાઝેલા ભક્તને, આશ્વાસનના અને હેતના બે મીઠા બોલ થકી ઠારવાને બદલે ગ્રહો અને મંત્ર-તંત્રાદિના રવાડે ચડાવી દે છે, ત્યારે તે પોતાને આ ૪ માંની પ્રથમ હરોળમાં આપમેળે ગોઠવી દેતો હોય છે.

સામાન્ય સંજોગોમાં એકબીજાને મળતા લોકો પરસ્પરના વખાણ કરતા જોવા મળે છે. સામાને સારું લગાડવા માટે જ થતી આ ચેષ્ટા કેટલી કૃત્રિમ હોય છે તેની ખબર, જ્યારે કોઈ એક વ્યક્તિ કાંઈ તકલીફમાં આવી પડે તે વખતે તેના વખાણ કરનારી બીજી વ્યક્તિ તરફથી જે પ્રતિભાવ નીકળે છે તે જોવાથી જ પડતી હોય છે. ઈર્ષ્યાળુ લોકો મોઢે ખોટેખોટા વખાણ કરતા રહે છે અને સાથેસાથે, જેના વખાણ કરે તે ક્યારે પછડાટ ખાય કે નબળો પડે તેની આતુરતાથી પ્રતીક્ષા કરતા હોય છે.

બીજાનું સુખ જોઈને સુખી થનાર કેટલા ? કોઈકને ઠરતા જોઈએ ત્યારે આપણું હૈયું શાતા અને આનંદ અનુભવે એવું આપણા જીવનમાં ક્યારેય બને ખરૂં ? પોતાના દીકરા-ભાઈ-સ્વજનને થાળે પડતા જોઈને રાજી થઈએ તે તો મોહ છે, સ્વાર્થભર્યો મોહ ! જેની સાથે કાંઈ જ નિસબત કે સગપણ ન હોય તેવી વ્યક્તિને દુઃખમાંથી બહાર આવીને સુખી થતી જોઈએ, જાણીએ અને જરૂર પડ્યે તેને સહાયક બનીએ તો જ આપણે ખરા શ્રીમંત !

અને પરના - કોઈના દુઃખે દુઃખી થવું એ તો ભગવાન પછીની બીજી હરોળનો દરજ્જો પામવા જેવી બાબત ગણાય. ડૉક્ટર માટે કહી શકાય કે A smiling Doctor is a mini edition of God. એમ આવા માણસ માટે પણ ચોક્કસ કહી શકાય કે કોઈના દુઃખને જોઈને વિહ્વળ બની જાય અને પછી તેનાં દુઃખને મટાડવા કે હળવું બનાવવામાં પોતાની બધી શક્તિ ખરચી નાખે તેવી વ્યક્તિને સંત જ કહી શકાય. સંત એટલે Next to God.

સવાલ એટલો જ કે આ ૪ માંથી આપણે કઈ કક્ષામાં છીએ ? આપણી ભૂમિકા કઈ છે ? અથવા કઈ હોવી જોઈએ ? આ સવાલના પ્રમાણિક જવાબ ઉપર જ આપણી સારમાણસાઈ અથવા માણસાઈનો મદાર છે.

પાછળની બે કક્ષાઓ કેળવતાં કદાચ વાર લાગે કે કઠિન લાગે તેવું કદાચ બને; તો પણ આપણે એટલું તો નક્કી જરૂર કરી લઈએ કે આપણું સ્થાન પહેલી-બીજી એ બે કક્ષામાં તો ન જ હોય; નહીં જ હોય.

આપણો નિર્ધાર હોય કે અમે કોઈને દુઃખી જોઈને સુખ તો નહીં જ માનીએ અને બીજાની ચડતી થતી જોઈને અમે અકળામણ તો નહીં જ અનુભવીએ. અમે સંત ભલે ન હોઈએ, સંત ભલે ન બની શકીએ, પણ અમે પાપી અને અદેખા-ઈર્ષ્યાળુ તો નહિ જ થઈએ.

આવો નિર્ધાર અને તેનો નિરંતર સભાનપણે અમલ - એ આપણી પ્રગતિનો સાચો માપદંડ અને આધાર બની રહેશે.

(મહા, ૨૦૬૬)

* * *

## (૩૧)

આપણે એક વાત વારંવાર સાંભળતા હોઈએ છીએ કે આ જીવન ઘણું જ મૂલ્યવાન છે, કિંમતી છે, અને તેને ગમેતેમ વેડફી નાખવું ન જોઈએ; તેને સાર્થક બનાવવું જોઈએ, વગેરે વગેરે. આજે આ અંગે એક સવાલ પૂછવો છે કે આપણા મનમાં, આપણા આ જીવનની કિંમત કેટલી છે ? આપણને પૈસા સિવાયની કોઈ પરિભાષા સમજાતી પણ નથી અને માફક પણ આવતી નથી. એટલે આ સવાલને આપણે એ પરિભાષામાં ઢાળીને જ વિચારીએ : આપણા આ જીવનની કિંમત કેટલા પૈસા ગણાય ? કેટલા પૈસામાં આપણું આ જીવન આપણે વેચી શકીએ ? વાપરી શકીએ ? બચાવી શકીએ ? પોતે જ પોતાની કિંમત નક્કી કરવાની છે; બીજા પાસે કે ધરમના કાંટા પર એ નક્કી કરાવવા જવાનું નથી. પોતાના જીવનની કિંમત દરેકને પોતાને જ ખબર હોય, અને એ પણ જેને ખબર ન પડે તેના જીવનમાં વ્યર્થતા સિવાય કાંઈ નહિ હોય.

ઉપરોક્ત સવાલ પર વિચાર કરતાં એક નાનકડી કથા યાદ આવે છે.

એકવાર એક કરોડપતિ શાહુકાર પાણીમાં ડૂબવા લાગ્યો. કાંઠા પર સેંકડો લોકો હતા, પણ વહેતાં પાણીમાં છલાંગ મારીને તેને બહાર કાઢી લાવવા જેટલી હિંમત કોઈનામાંય નહોતી. એ વખતે એક ગરીબ યુવાનને થયું કે ગમે તેમ કરીને પણ આને ઉગારવો જોઈએ; મરવા ન દેવાય. એ કૂદી પડ્યો અને પેલા શાહુકારને બચાવી લીધો.

બહાર આવી ગયા પછી કરોડપતિ શેઠે ગજવામાંથી એક પૈસો કાઢીને બચાવનાર યુવાનને ભેટ કે ઇનામ તરીકે આપ્યો. એ જોતાં જ ત્યાં ઊભેલું ટોળું ગાજી ઊઠ્યું : આ કંજૂસ શાહુકારને અમે બરાબર ઓળખીએ છીએ. આવાને તો મરવા જ દેવાનો હોય; બહાર કઢાય જ નહિ.... ઇત્યાદિ.

બરાબર એ જ વખતે ટોળામાંથી એક ફકીર આગળ આવ્યો, અને શાંત સ્વરે એ બોલ્યો : અરે ભાઈ, આમાં આટલું બધું બૂમરાણ મચાવવાની શી જરૂર ? આ શાહુકારે પોતાની - પોતાના જીવનની કિંમત કેટલી થાય છે - તે તેણે પોતે જ આંકી આપ્યું છે. આ માણસ જો ડૂબી ગયો હોત તો દુનિયાને એક પૈસા જેટલું જ નુકસાન થાત ! - અને લોકો તરત વીખરાઈ ગયા.

વિચાર હવે આપણે કરવાનો છે કે કંજૂસની જગાએ આપણે - હું કે તમે હોઈએ, તો આપણે આપણી - આપણા જીવનની કિંમત કેટલીક આંકીશું ? આપણને ડૂબતા ઉગારનારને આપણે શું આપીશું ? થોડાક રૂપિયા ? એકાદ દાગીનો ? અથવા એવું જ - એટલું જ કશુંક ? યાદ રાખીએ કે આપણે જે પણ આપવાનું છે તે આપણી જિંદગીના બદલામાં આપવાનું છે, અને એનો અર્થ આપણી જિંદગીની આપણે આંકેલી કિંમત તરીકે જ થવાનો છે.

વાસ્તવમાં, જીવનની કિંમત રૂપિયા-આના-પાઈમાં માપી શકાય જ નહિ. જીવન એ અર્થમાં અમૂલ્ય છે. આપણી જિંદગી બચાવનારનો બદલો રૂપિયા-પૈસામાં આપી શકાય જ નહિ; એના કાજે તો ક્યારેક આપણી જિંદગી કુરબાન કરવી પડે ને તો પણ તે ગનીમત છે. ભાવનાત્મક મૂલ્ય જ એનું સાચું મૂલ્ય છે.

જો ભૌતિક જિંદગી બચાવે તેનું મૂલ્ય આટલું બધું હોય, તો જે સાધુજનો, ગુરુજનો, સજ્જનો, આપણા જીવનને ખરાબે ચડતું અટકાવે, અવળે રસ્તે જતું બચાવે, ખોટી સોબત, બાબત અને ખરાબ સંસ્કારો થકી ઉગારે, અનેક દુર્ગુણો તથા અનિષ્ટોથી પાછું વાળે, તેમને આપણે કયું મૂલ્ય ચૂકવીશું ?

આર્થિક રીતે આ લોકો આપણને કાંઈ આપતા નથી. શારીરિક રીતે એ બધા આપણી કોઈ જાતની રક્ષા કરતા નથી. સાંસારિક કે વ્યવહારિકરૂપે એ લોકો આપણને કોઈ રીતે મદદરૂપ થતા કે થવાના નથી. એટલે એમની પાસેથી ભૌતિક દૃષ્ટિએ તો આપણે કશું જ ખાટવાનું નથી હોતું.

અને છતાં, જો એમણે આપણને ટોક્યા ન હોત તો આપણે આડા રવાડે ચડી ગયા હોત. એમણે આપણને ટોક્યા ન હોત તો આપણો અહંકાર ફાટીને ધૂમાડે ગયો હોત. એમણે સવેળા આપણને વાળ્યા ન હોત તો આપણે ખોટી સોબતને સારી માનીને તેના છંદે ચડી જાત, અને તો અનેક અવગુણોના શિકાર બન્યા હોત.

એમણે આપણને ટોકી-ટપારીને સારા રસ્તે વાળ્યા પછી પણ, આપણા પર વિશ્વાસ ન મૂક્યો હોત તો આજે આપણે જે છીએ તે હોત ખરા ? એમણે આપણને લાયક ગણીને આગળ લાવવાની કોશીશ ન કરી હોત તો આપણી હેસિયત આજે છે તે હોત ખરી ? તો આપણે પાંચમાં પૂછવાલાયક થઈ શક્યા હોત ખરા ?

તો જે સત્પુરુષોના ઉપકારથી, વિશ્વાસથી આપણે આપણા જીવનને અનૈતિક અને કુસંસ્કારી બનવાથી ઉગારી શક્યા હોઈએ, તેમના તે ભાવાત્મક કાર્યનો બદલો

આપણે શી રીતે ચૂકવીશું ? તેમના પ્રત્યેના શ્રદ્ધા - બહુમાન - સદ્ભાવો વધારીને કે પછી તેમની વાતો પ્રત્યે ક્લેશ, અરુચિ અને ઘૃણા દાખવીને ? યાદ રહે, આપણા જીવનની કિંમત, એક પૈસો છે કે ઓછી-વત્તી છે, તે આપણે જ નક્કી કરવાનું છે. આપણી જિંદગી ઘડનાર કે એને બચાવનારને એ કિંમત સાથે કશી જ લેવાદેવા નથી. લેવાનું પણ આપણે જ હશે, દેવાનું પણ આપણે જ. આપણો જવાબ આપણને યોગ્ય પણ પુરવાર કરી આપશે, અથવા તુચ્છ પણ સાબિત કરી આપશે. પસંદ સબકી અપની. પરંતુ એક વાત ક્યારે પણ ભૂલવા જેવી નથી કે સત્પુરુષોને તુચ્છ લોકો કદી પસંદ આવતા નથી. જો કે આની સામે એ પણ એટલું જ સાચું છે કે તુચ્છ લોકોને સજ્જનોની વાત કદી ગળે ઊતરતી નથી. કેવો મજેદાર મેળ જામે છે, નહિ ?

એક મજાની વાર્તાથી જ પત્ર પૂરો કરીએ :

એક શેઠ. પરગામ જવા નીકળ્યા. વાટમાં નદી આવે. ઓળંગવા માટે હોડીમાં બેસવું જ પડે. બેસનારે ભાડુ પણ આપવું પડે. ભાડું ચાર આના માથાદીઠ. શેઠે તે આપ્યા અને હોડીમાં બેઠા. એ જ વખતે એક સાધુ ત્યાં આવી ચડ્યા. તેમને પણ સામાકાંઠે પહોંચવું'તું. પણ ભાડાના પૈસા ક્યાંથી લાવે ? હોડીવાળાએ પૈસા વિના બેસવાની ના પાડી દીધી. સાધુ મૌન રહ્યા. એ જોઈને શેઠને દયા આવી. કહ્યું : સાધુજીના ચાર આના હું આપું છું, તું એમને લઈ લે. ખલાસીએ સાધુને બેસાડી દીધા, અને જોતજોતામાં સામે પાર પહોંચાડી પણ દીધા.

કિનારે ઊતર્યા પછી સાધુનું અભિવાદન કરીને શેઠે કહ્યું : મહારાજ ! એક વાત કહું ?

'જરૂર કહો.'

'મારે તો એટલું જ કહેવું છે મહારાજ, કે પૈસા હતા તો નદીપાર ઊતરાયું.'

આ સાંભળતાં જ સાધુ મલકતાં મલકતાં બોલ્યા.

ના શેઠ ! પૈસા હતા માટે નહિ, પૈસાનો ત્યાગ કર્યો માટે નદીપાર અવાયું, પૈસા ગજવામાં જ પડ્યા રાખ્યા હોત તો પાર ન ઊતરાત !

શેઠ શરમિંદા બનીને ઝૂકી પડ્યા !

આવી શરમિંદગી આપણા ચહેરા પર ક્યારે ઊગશે ?

(ફાગણ, ૨૦૬૬)

* * *

## (૩૨)

આ વર્ષની ગરમી એ સાચા રૂપમાં કાળઝાળ ગરમી રહી. ઉષ્ણતામાન તો દરેક વરસે રહે જ છે, પણ આ વખતે તેમાં જે તીવ્રતા અને ઉગ્રતા હતી તે અસહ્ય માત્રામાં રહી. આવા કાતિલ દિવસોમાં એક સ્થાનમાં સ્થિરતા કરી હોય તો પણ તન-મનને વ્યાકુળ બનાવી મૂકે તેવો ઉકળાટ, ઘામ હોય છે, તો વિહાર કરવાનો હોય તો તો કેવી કપરી કસોટી થાય તેની કલ્પના તો વિહાર કરનારા સાધુ-સાધ્વીઓને જ આવી શકે. વિહારક્ષેત્રમાં અણધાર્યા, જુદા જુદા રસ્તેથી આવતાં સાધુ-સાધ્વી ભેગાં થઈ જાય, જગ્યા એક જ હોય અથવા નાની હોય, ત્યારે ઘણીવાર ખુલ્લી ઓસરી કે પરશાળમાં રહેવાનું આવે જ્યાં ઉઘાડો તડકો પથરાતો હોય. ક્યાંક વળી ઉપર પતરાં હોય તેવી શાળામાં જગ્યા મળે, ત્યારે દિવસ-રાત ભઠ્ઠીની આગમાં શેકાવાનો લ્હાવો મળી જાય. તો અમદાવાદ, વડોદરા જેવાં શહેરોમાં ધોમ ધખતા તાપમાં બળતા રસ્તા પર દૂર દૂર ચાલીને જવાનું હોય - આહારાદિ માટે.

ડૉક્ટરો આ બધું જોઈ-જાણીને ઠપકો આપે કે તમે જૈન સાધુઓ કેવા મૂર્ખ છો કે આવી સ્થિતિમાં રહો છો ! આમાં ઝાડા-ઉલટી-ડિહાઈડ્રેશન બધું જ થઈ શકે ! તમારે હવે અમુક તમુક વસ્તુ વાપરવી જોઈએ, વગેરે વગેરે.

તો ભાવિક લોકો સહાનુભૂતિભર્યા બોલ બોલે કે આપણે તો એ.સી. ને પંખાનો ઉપયોગ કરીએ, ફ્રીજનાં ને બરફનાં પાણી પણ પીએ; મહારાજ સાહેબને તો આ બધું કશું જ ન મળે, તો તેમનું શું થતું હશે ? આવા લોકોની આવી વાતો સાંભળીએ ત્યારે, ઠંડીની ઋતુમાં જળાશયના કિનારે કાઉસગ્ગ કરનારા સાધુ મ.ને જોયા પછી, ભરઉંઘમાંથી જાગી ગયેલાં મહારાણી ચેલ્લણાની, 'તે સાધુ મ.નું શું થતું હશે ?' તેવી વાત યાદ આવી જાય.

ક્યારેક આરોગ્યની વિષમ સમસ્યાને કારણે અનિવાર્યપણે, કોઈક સાધુ-સાધ્વીને, અપવાદોનું સેવન કરવું જ પડે તેવી સ્થિતિ પણ પેદા થાય. આવે વખતે સહાનુભૂતિની સાથે સાથે દબાયેલા સ્વરથી ટીકા પણ થતી રહે છે. આવી ક્ષણો આવે ત્યારે, અપવાદસેવનને લીધે દુઃખી થયેલા તે સાધુ-સાધ્વી બેવડું કષ્ટ અનુભવે એવું પણ બને છે.

આ બધીયે વાતો ભલે હોય, પરંતુ એ એક વાસ્તવિક તથ્ય-સત્ય છે કે હજારો સંયમી આત્માઓ આવી ભીષણ અને કોઈ રીતે સહન ન કરી શકાય તેવી ગરમીમાં

પણ વિહાર કરે જ છે; તપસ્યા પણ કરે જ છે; કશી સુખ-સગવડની અપેક્ષા રાખ્યા વિના ગરમીને - ઉષ્ણ પરિષહને વેઠે જ છે. ગરમી વિષે ફરિયાદ જરૂર કરે, અકળામણ પણ અનુભવે, પણ પંખા જેવાં સાધનોનું સેવન કરવાની ઇચ્છા સુદ્ધાં ન કરે. સંયમજીવનની આવી નિષ્ઠાને શતશઃ પ્રણામ ! એમને કોઈએ પરાણે દીક્ષા લેવા પ્રેર્યા નહોતા. સંયમમાં વેઠવી પડનારી આ બધી વિષમતાઓથી તેઓ અજાણ નહોતા. તો જાણી-સમજીને આવો આકરો પંથ અપનાવનારા એ બાળ, યુવાન, વૃદ્ધ, ગ્લાન ભગવંતોને, આત્મહિત ખાતર, આવું કષ્ટ વેઠતાં અને આરાધના કરતાં જોવાનો લ્હાવો, આ કપરા કાળમાં પણ, આપણને મળે, એ આપણું કેટલું મોટું સદ્ભાગ્ય ગણાય !

આટલી સમજણ વિકસી જાય, તો પછી કદી કોઈની ટીકા કરવાની મલિન વૃત્તિ નહિ જાગે.

ગરમી વધી છે. વર્ષે વર્ષે હવે વધતી જ જવાની છે. કેમકે વૃક્ષો અને વનસ્પતિઓ અને તેનાથી છલકાતાં જંગલો લગભગ કપાઈ કપાઈને સપાટ થઈ ગયાં છે. ચારે તરફ સિમેન્ટ-કોંક્રીટનાં મકાનો-બાંધકામો છવાયાં છે. ડામરનાં રોડ, પાણી વરસે તેને જમીનમાં ઊતરવાની ક્યાંય જગ્યા નથી રહી. તે પાણી કાં ગટરમાં ને કાં દરિયામાં વહી જાય. ધરતી ભીની ન થાય તો ગરમની ગરમ જ રહે, એટલે ધરતીમાંથી સાંપડતી ઠંડક પણ હવે ખતમ થઈ ગઈ. ઉપરથી સૂર્યતાપમાં તપતા આર.સી.સી.ના બાંધકામો થકી તો આગ વરસવાની જ. ગામડાંમાં પણ ઔદ્યોગિક વિકાસને કારણે ખેતરો નાબૂદ થયાં છે, ખેતીવાડી એકદમ ઘટી રહી છે. આંકડા ભલે લલચાવનાર વાંચવા મળે, પણ વાસ્તવિકતા એ છે કે ખેતી ને ખેતરો બહુ ઝડપથી ઘટી ગયાં ને ઘટી રહ્યાં છે. તે જમીનોમાં ઉદ્યોગોના પ્લાન્ટ્સનાં નિર્માણ થાય છે અને તેના ઝેરી રાસાયણિક કચરા આસપાસની ધરતીને તથા તેમાંનાં જળસ્રોતોને નષ્ટ ભ્રષ્ટ કરતાં જાય છે. જમીનનાં જળસ્રોતો તથા નદીનાં પાણીનો મોટો હિસ્સો ઉદ્યોગો ભરખી જાય છે. સમુદ્રમાં ક્રૂડના તથા ઔદ્યોગિક રસાયણોના કદડા બહુ મોટા પ્રમાણમાં અને ઘણા વેગથી ઠલવાઈ રહ્યાં છે. તેથી વાદળાં સમુદ્રી પાણી ખેંચી વરસાદી જળમાં રૂપાન્તરિત કરી વરસાદરૂપે વરસાવે તે પ્રક્રિયામાં પણ ભંગાણ પડવામાં છે. કાચની ઇમારતો, એ.સી. અને એક્ઝોસ્ટ ફેન જેવાં સાધનો દ્વારા વાતાવરણમાં ફેંકાતી જ જતી ઉષ્ણતાનું ઘાતક હદે વધતું પ્રમાણ, કારખાનાંઓ તથા વાહનો દ્વારા પ્રસર્યે જતી પ્રદૂષણજન્ય ઉષ્ણતા, આ બધું લક્ષ્યમાં

લેવામાં આવે, તો આજે અહસહ્યપણે તીવ્ર લાગતી ગરમીનું લોજિક અવશ્ય સમજાય. અને આ પ્રમાણ આવતીકાલે કેટલું તીવ્ર બની વધશે-વકરશે તેનો અંદાઝ પણ મળી રહે. ફરિયાદો કરવાનું છોડીને, શરીરની સુંવાળપ ઘટે અને સહનશીલતા વધે તેવી - સાધુસાધ્વી જેવી - જીવનપધ્ધતિ ઘડનારા જ હવે જીતશે ને જીવશે એ નકકી.

(જેઠ, ૨૦૬૬)

* * *

## (33)

આજકાલ સર્વત્ર Positive Thinking ની વાતો બહુ થાય છે. આપણા મનમાં સંઘરાયેલ નકારાત્મક વલણો Negativities ને દૂર કરવાની સલાહ આપણને વારંવાર મળતી રહે છે. નકારાત્મકતાને નાબૂદ કરવાનું અને હકારાત્મકતાને વિકસાવવાનું શીખવવા માટે નિષ્ણાતો દ્વારા શિબિર-સેમિનારો પણ પુષ્કળ થાય છે. તેમાં હજારોની રકમ ભરીને ઘણા ઘણા લોકો જાય પણ છે. તો આ વિષયની સમજણ આપતાં પુસ્તકો પણ બજારમાં ઢગલાબંધ મળે છે. કોઈક નિકટના સ્નેહી-સ્વજન તરફથી પીડા પામેલી વ્યક્તિને પણ, 'ચૂપ રહેજો, બોલવાનું નહિ; આવું બધું મન પર નહિ લેવાનું; ભૂલી જવાનું' જેવા વાક્યપ્રયોગો દ્વારા, હકારાત્મક બનવાની શિખામણો, સતત મળતી જ હોય છે.

થોડાંક વર્ષો પહેલાં પોઝિટીવ થિંકિંગની આટલી બધી ચર્ચા, આ રીતે, નહોતી થતી. હવે ખૂબ થાય છે. કારણ ? કારણ એટલું જ કે જ્યાં સુધી માણસમાં સહજ ધીરજ, શાન્તિ, સહનશીલતા, ગળી જવાની તથા જતું કરવાની વૃત્તિ હતી, ત્યાં સુધી, તે હકારાત્મક રીતે જ જીવતો અને વર્તતો હોવાને કારણે, તેને આ બધી સલાહ-સેમિનાર-શીખામણોની જરૂર નહોતી. પોઝિટિવિટી એ તેનો સહજ સ્વભાવ હતો.

આજની સ્થિતિ જુદી છે. હવે નેગેટિવિટી એ જ મનુષ્યનો સહજ સ્વભાવ બની ગયો છે. આજનો માણસ અશાન્ત છે. અધીર છે. સહન કરવું એ તેને ભાગ્યે જ માફક આવતું હોય છે. તણકમિજાજ, વાતે વાતે કે નહિ જેવી વાતે ઉકળી ઊઠવું - આ બધું તેને સ્વભાવગત હોવાનું અનુભવાય છે. સેંકડે એંશી જણા માટે તે શોર્ટ-ટેમ્પર્ડ-ગુસ્સાબાજ હોવાની ફરિયાદ સાંભળવા મળે છે. છીછરો અહંકાર અને તરત સમતુલા ગુમાવતો મિજાજ - એ આનું નિદાન છે.

અકલ્પ્ય અને અસહ્ય હદે વકરેલી નેગેટિવિટીના બે પાયા છે. એક, ક્ષુદ્રતા; બે, અહસિષ્ણુતા.

આજના મનુષ્યમાં નાની નાની - છીછરી વાતને પણ સ્વીકારી લેવાની કે જતી કરવાની તૈયારી નથી. એના અત્યંત છીછરા અભિમાનને છેડાઈ જતાં જરાય વાર નથી લાગતી. એ કહે કે 'આ વાત, વસ્તુ મને નથી ગમતી', એટલે તમારે માની-સ્વીકારી લેવાનું, એનું કારણ એને ન પૂછાય. કારણ પૂછો તો વાત વધારે વણસશે.

આજે થતાં મોટાભાગના ક્લેશો, કજિયા, મારામારી - બધાંનાં મૂળમાં આ બે વાનાં જ હોય છે. માણસને ધીરા પડવાનું નથી આવડતું - નથી ગમતું. ચલાવી લેવાનું એને કબૂલ નથી હોતું. ઉદાર થવાનું તો એ સમજતો જ નથી. પોતાની ભૂલ કે ખામી જોવાનું અને સ્વીકારવાનું એના લોહીમાં નથી હોતું. અત્યંત છીછરો, અત્યંત તોછડો, અત્યંત ચંચળ અને અત્યંત અધીરો છે આજનો માણસ.

આવો માણસ, પોતાની નેગેટિવિટીઝને કારણે જ્યારે હારે છે, થાકે છે, ત્યારે છેવટે મોટી રકમો ખરચીને શિબિર-સેમિનારો ભરવા માંડે છે. શાંતિ પણ પૈસા વડે ખરીદવાની !

આવી સ્થિતિ આપણામાંના ઘણાની હશે, હોઈ શકે. એમાંથી બચવા માટે, બહાર નીકળવા માટે આજથી જ સાબદા થઈ જવું પડે. આપણા પુણ્યે આપણને ગુરુઓ મળ્યા છે. તેમનાં વ્યાખ્યાનો, કોઈપણ ખર્ચાળ સેમિનારો કરતાં સસ્તા તો છે જ, વળી શ્રેષ્ઠ પણ છે. એમની પાસેથી જે પોઝિટિવ થિંકિંગ મળશે, એ ગમે તેવા નિષ્ણાતના સેમિનાર ભરવાથી પણ નહિ મળે એ નક્કી છે.

આપણે સહુ આપણી નેગેટિવિટિઝ દૂર કરવાનો ઉદ્યમ વિના વિલંબે કરીએ.

**(શ્રાવણ, ૨૦૬૬)**

* * *

શ્રીહેમચંદ્રાચાર્ય પાંચ વર્ષના હતા ત્યારે તેઓ પોતાના ગુરુ શ્રીદેવચંદ્રસૂરિ ભગવંતને વંદન કરવા ગયેલા - પોતાની માતા સાથે. તે વખતે ગુરુનું આસન ખાલી હતું તે જોઈને તેઓ તેના પર બેસી ગયેલા ! એમની આ હરકતથી માતા અકળાય ત્યાં જ બહારથી આવી પહોંચેલા ગુરુએ તેને સાંત્વન આપીને કહ્યું કે આ બાળક મહાન આચાર્ય થવા જ જન્મ્યો છે. બહેન, તમે તેને અમને સોંપી દો.

માતાની ખુશીનો પાર ન રહ્યો. તે માનસિક રીતે તૈયાર થઈ ગઈ, પણ તેના પતિ ન માન્યા : મારા છોકરાને હું સાધુ નહિ થવા દઉં. એટલે એક દિવસ તેમની ગેરહાજરીમાં જ માતાએ બાળ ચાંગદેવને ગુરુચરણે સમર્પણ કરી દીધો.

પાંચ વર્ષના બાળકને પણ ગુરુ ભાવી ગયા. તે કશા જ કકળાટ વિના રહ્યો. ૪ વર્ષની કેળવણી પછી, ૯ વર્ષની વયે ગુરુએ તેને દીક્ષા આપી. નામ સ્થાપ્યું, મુનિ સોમચંદ્ર. તે પછીનાં દસ-બાર વર્ષો તે મુનિના સઘન અભ્યાસનાં વર્ષો રહ્યાં. આ ગાળામાં તે સર્વ શાસ્ત્રો અને જ્ઞાન-શાખાઓમાં પારંગત તો બન્યા જ; સાથે સાથે તેમણે સારસ્વત - સાધના કરીને માતા સરસ્વતી દેવીનો સાક્ષાત્કાર તેમ જ વરદાન પણ પ્રાપ્ત કરી લીધાં.

જ્ઞાને પરિપૂર્ણ, સંયમમાં સ્થિર અને નૈષ્ઠિક બ્રહ્મચર્યના પાલન દ્વારા પરમ સત્ત્વશીલ બનેલા યુવાન મુનિની સજ્જતા તેમ જ પાત્રતા પ્રીછીને ગુરુએ તેમને આચાર્યનું એટલે કે ગુરુનું પદ અર્પણ કર્યું, અને તેમને હેમચંદ્રાચાર્ય એવા નામે પ્રતિષ્ઠિત કર્યા ત્યારે તેમની ઉંમર હતી ફક્ત ૨૧ વર્ષની.

એમની પદવી સં.૧૧૬૬ ના વૈશાખ શુદિ ત્રીજના દિને નાગોરમાં થઈ. યોગાનુયોગે, તે જ પ્રસંગે તેમનાં માતા પાહિણી દેવીએ દીક્ષા ગ્રહણ કરી, અને સાધ્વીસંઘનાં તેઓ પ્રવર્તિની સાધ્વી બન્યાં.

આ પછી થોડોક સમય સર્વત્ર વિચર્યા બાદ, આચાર્યશ્રી પાટણમાં સ્થાયી બન્યા, અને ત્યાંના બે મહાન રાજવીઓ - સિદ્ધરાજ જયસિંહ તથા પરમાર્હત કુમારપાળને પ્રતિબોધીને તેમના માધ્યમથી અનેક અનેક યશસ્વી સત્કાર્યો કર્યાં.

તેમણે સાડા ત્રણ કરોડ શ્લોકોની રચના કરી, ગુજરાતને વ્યાકરણ વગેરે શાસ્ત્રો માટે પરાવલંબી બનવું પડતું, તેનાથી ઉગારી, નવાં શાસ્ત્રોની રચના કરી આપી, સ્વાવલંબી બનાવ્યું. અઢાર અઢાર દેશો ઉપર આધિપત્ય ધરાવતા ગુજરાતમાં

- ગુર્જર રાષ્ટ્રમાં જીવદયાનું પ્રવર્તન કરાવ્યું, કસાઈઓનાં હજારો કુટુંબોને હિંસાના વ્યવસાય છોડાવી સભ્ય સમાજના ધોરી પ્રવાહમાં જોડી આપ્યાં. અનેક વાદવિવાદમાં વિજય મેળવ્યો, અને ગુજરાતનું ગૌરવ વધાર્યું. કંટેશ્વરી દેવીને ચડાવવામાં આવતો હજારો પશુઓનો પશુબલિ બંધ કરાવ્યો. અનેક ગ્રંથભંડારો તૈયાર કરાવ્યા, હજારો જિનાલયોનાં નિર્માણ કરાવ્યાં અને આવાં આવાં અગણિત સુકૃતો કર્યાં-કરાવ્યાં છતાં પણ પોતાની સાધના અને આરાધનામાં કદાપિ લેશ પણ ભાંગો ન લાગવા દીધો.

૮૪ વર્ષની વયે તેઓ સમાધિમૃત્યુ પામ્યા. તેમના અગ્નિસંસ્કારની ભૂમિ પરથી ભસ્મ અને માટી લેવા માટે એટલા બધા લોકોએ પડાપડી કરી, કે તે જગાએ ઊંડો ખાડો પડી ગયો, જે 'હેમખાડ' ના નામે પ્રખ્યાત છે. એ જગ્યા આજે તો જો કે વિધર્મીઓના કબજામાં છે, પણ હજી પણ તે ઓળખાય છે તો આ જ નામથી.

**(આસો, ૨૦૬૬)**

* * *

## (૩૫)

આ વખતે ઋતુચક્રમાં ભારે ઉથલપાથલ મચી છે. ચોમાસું પૂર્ણ થયું, અને આસોના આકરા તાપ પછી શિયાળો શરૂ થવાની વેળાએ જાણે ફરીથી ચોમાસું બેઠું હોય તેમ વારંવાર વરસાદ પડ્યો ! મનુષ્યજાતે છેલ્લા થોડા દાયકામાં કુદરત અને કુદરતી તત્ત્વો સાથે જે છેડછાડ કરી, પ્રદૂષણ ફેલાવ્યું, તેનો દુરુપયોગ અને વિનાશ કર્યો, તેનો પ્રત્યાઘાત જાણે કે પડી રહ્યો છે ! માણસે જંગલો ઉચ્છેદ્યાં. પર્વતો ઉખેડ્યા. ધરતીને ચૂસી લીધી : ન પાણી રહેવા દીધું, ન ખનિજ તત્ત્વો રહેવા દીધાં. સિમેન્ટનાં ભયાનક જંગલો જેવી વસાહતો બાંધી અને મનુષ્યના નિયમિત-કાયમી સોબતી એવાં પંખી-પશુઓનો સર્વનાશ નોતર્યો. અસંખ્ય કારખાનાંઓ દ્વારા ઝેરી રસાયણો પેદા કર્યાં અને તેના કદડા વહાવી વહાવીને નદીઓ, જળાશયો તેમજ સમુદ્રોનાં પાણી બરબાદ કર્યાં; જળચર જીવોનો સોથ વાળ્યો. માણસજાત માટે પણ પીવાનું પાણી બગાડી મૂક્યું. ઉપગ્રહો, અવકાશયાનો, વિમાનો, અણુવિસ્ફોટો, આણ્વિક ઉપકરણો, આ બધાં દ્વારા ફેલાતાં વિકિરણો ઇત્યાદિ દ્વારા આકાશને પણ પ્રદૂષિત અને બરબાદ કરી નાખ્યું. ધ્વનિજન્ય પ્રદૂષણથકી પણ બરબાદી વ્યાપક બનાવી.

આની માઠી અસરો વાતાવરણ પર, કુદરત પર પડી જ, અને તેનાં માઠાં પરિણામો, વળતરરૂપે કે વળતા જવાબરૂપે, કુદરત તરફથી આપણને સાંપડવાનાં છે તે નક્કી જ છે. તેનો અશુભ-પ્રારંભ આ કમોસમી અને વિચિત્ર લાગતાં વરસાદ અને ઋતુપરાવર્તનો દ્વારા થઈ રહ્યો હોવાનું જણાય છે.

આરોગ્યની દૃષ્ટિએ જુઓ તો એક બાજુ વિજ્ઞાનની આશીર્વાદરૂપ શોધખોળોના પ્રતાપે અનેકવિધ રોગોના ઇલાજ ઉપલબ્ધ થતા જાય છે. તો બીજી બાજુ, ઝેરી રસાયણોના ઉત્સર્જનને કારણે, રાસાયણિક ખાતરો - નપુંસક અને નકલી બિયારણો - જીવલેણ જન્તુનાશકોના નિરંતર ઉપયોગને કારણે બગડેલી જમીનોમાં ઉગેલા નિઃસત્ત્વ અનાજના ઉપભોગથી તેમજ ફાસ્ટફૂડ તથા જંકફૂડ વગેરેના ભક્ષણથી અનેક નવા નવા રોગો ઉત્પન્ન થયે જાય છે; જેને ઓળખવા મુશ્કેલ પડે છે, અને જેના ઇલાજ પણ નથી હોતા. માણસ કાં તો કમોતે - અકાળે મરે છે; કાં જીવે ત્યાં સુધી રીબાઈ રીબાઈને મરતો રહે છે. દૂષિત જ નહિ, પણ પ્રદૂષિત આહાર અને પાણી, એ આપણા 'વૈજ્ઞાનિક' યુગની ઉપલબ્ધિ છે ! આપણા પૂર્વજોને ચન્દ્ર-

સૂર્યની કે ભૂગોળ-ખગોળની બાબતે ખોટા પાડવાનો દાવો કરનાર 'વિજ્ઞાન', માનવજાતની જીવનરક્ષાની બાબતે જીવલેણ તથા ક્રૂર દુશ્મન પુરવાર થયું છે, તેનો ઇન્કાર ખુદ વૈજ્ઞાનિકો પણ કરી શકે તેમ નથી. આ વિષયમાં આપણા પૂર્વજો 'વિજ્ઞાન' કરતાં અનેકગણા શ્રેષ્ઠ, મહાન અને જીવનરક્ષક સાબિત થઈ શકે તેમ છે.

પહેલાં અનાજ વેચાતું હતું. પછી રાંધેલા ખાદ્યપદાર્થો વેચાવા માંડ્યા. હવે રોજની રસોઈ પણ વેચાવા લાગી છે, અને પીવાનું પાણી પણ હવે વેચાતું લઈને જ પી શકાય છે. વિજ્ઞાનના આશીર્વાદ સાથેની આ પ્રગતિ આવી જ રીતે ચાલતી રહે તો હવે થોડા વખતમાં શુદ્ધ હવા પણ વેચાતી લઈને જ જીવવું પડશે; એ દિવસ પણ દૂર નથી લાગતો.

આધુનિક માનવજાતનો જીવનમંત્ર એક જ છે : 'ઉપભોગ'. ચાર અક્ષરનો આ મંત્ર જેમ વધુ જપાતો રહે છે, તેમ વધુને વધુ સ્થૂલ-સૂક્ષ્મ જીવોનો સંહાર ચઢતા દરે થતો જાય છે. ત્વરિત અને વળી વધતી માત્રામાં આવું ફળ આપતો આ મંત્ર મંત્રશાસ્ત્રના અન્ય તમામ મંત્રોને નકામા બનાવી મૂકે છે, એમ ખાતરીપૂર્વક કહી શકાય.

આપણી જૂની લોકકથામાં રાજા એવું કહેતો કે "રોટી નહિ મિલતી, તો ખાવ ખાજા." આજની કંપનીઓ રાજાપાઠમાં આવીને એવું શીખવાડે છે કે "પાની ન મિલે તો પીઓ પેપ્સી-કોક." વિષય જરૂર બદલાય છે, વાત કે મુદ્દો નહિ !

આ બધું જ થવાનું મૂળ કારણ મનુષ્ય-સમાજની બાહ્ય-આંતર સ્થિતિ છે. સમાજની જે તે સમયે પ્રવર્તતી સ્થિતિ અથવા માનસિકતા જ ઉપર વર્ણવ્યું તેવું બધું બનવામાં નિદાનરૂપ ગણાય.

આપણા સમયના માનવ-સમાજની અવસ્થા-વ્યવસ્થાનું ચિત્ર, બારમા સૈકામાં શ્રીહેમચંદ્રાચાર્યે કલ્પ્યું છે અને આલેખ્યું છે. એ ચિત્ર આપણે એમના જ શબ્દોમાં અવલોકવા જેવું છે. એમણે કરેલું વર્ણન અને આજની આપણી સ્થિતિ, બે વચ્ચે ભાગ્યે જ લાંબો તફાવત શોધી શકાશે. પોતાના મહાગ્રંથ 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'ના અંત ભાગમાં શ્રીહેમચંદ્રાચાર્યે આલેખેલું એ શબ્દચિત્ર આ પ્રમાણે છે :

"હવે પછીના દુઃખમય કાળમાં લોકો મર્યાદાવિહોણા થઈ જશે; કષાયોના અતિરેકને લીધે તેમની ધર્મબુદ્ધિ-ધર્મભાવના નષ્ટપ્રાય થશે.

"જેમ જેમ સમય વહેશે, તેમ તેમ લોકો વિધર્મીઓની અસરમાં આવીને અહિંસા આદિ ધર્મોથી ભ્રષ્ટ થશે; હિંસાપરાયણ બની જશે.

"ગામડાં મસાણ જેવાં ભાસશે - ખાલીખમ્મ. અને નગરો પ્રેતલોક જેવાં થશે સૂમસામ. ગૃહસ્થો ગુલામ જેવા અને શાસકો યમદંડ-સરખા થશે.

"લોભી શાસકો સેવકોનું ધન લૂંટી લેશે. તો તે સેવકો પ્રજાને લૂંટશે. આમ મત્સ્યગલાગલ ન્યાય પ્રવર્તશે.

"જે છેવાડાના છે તે વચમાં બિરાજશે; અને વચમાં હતા તે છેવાડે ધકેલાઈ જશે. રાષ્ટ્રોનાં રાષ્ટ્રો હાલમડોલમ થશે - સઢ વિનાના વહાણની જેમ.

"પૃથ્વીને - પ્રજાને ચોર લોકો ચોરી-લૂંટીને અને શાસકો કરવેરા દ્વારા કનડશે. અધિકારીઓ લાંચિયા હશે. તે બધાને લીધે લોકોની શ્રેણિઓ - શેરીઓ નિર્જનપ્રાય દીસશે.

"લોકો સત્ય, લજ્જા અને દાક્ષિણ્ય-વિહોણા, પરોપકારવિમુખ, સ્વાર્થપરાયણ અને સ્વજનોના જ વિરોધી બનશે.

" શિષ્યો ગુરુની ઉપેક્ષા કરશે, ગુરુઓ પણ શિષ્યોને ઉવેખશે. ગુરુઓ પણ શિષ્યોને શ્રુતજ્ઞાન નહિ શીખવે. આમ, ધીમે ધીમે શિષ્યોનો ગુરુકુલવાસ છૂટી જશે - સ્વચ્છંદ થશે; તેમની ધર્મભાવના મંદ પડી જશે. પૃથ્વી જીવાકુળ - ઘણાં જીવજંતુઓથી વ્યાપ્ત થશે.

"દેવો હવે દર્શન નહિ આપે. સંતાનો વડીલોનું અપમાન કરશે. વહુઓ નાગણ જેવી અને સાસુઓ જીવતાં મોત જેવી નીવડશે.

"ખાનદાન ઘરની સ્ત્રીઓ પોતાની આંખોના ઉલાળા, હાંસી, બબડાટ અને ચેનચાળા દ્વારા નિર્લજ્જ અને વેશ્યા જેવી ભાસશે.

"શ્રાવક અને શ્રાવિકા નહિ મળે. ચાર પ્રકારના ધર્મનો હ્રાસ થશે. સાધુ-સાધ્વીઓને ઉત્તમ પર્વોમાં પણ આહારાદિના ફાંફા પડશે.

"ધર્મના ક્ષેત્રમાં પણ લુચ્ચાઈ અને ખોટાં માપ-તોલ પ્રવર્તશે. સજ્જનો સીદાશે, દુર્જનો લહેર કરશે.

"મણિ, મંત્ર, ઔષધો, તંત્ર અને વિજ્ઞાન (કે તંત્ર વિજ્ઞાન), ધન, આયુષ્ય, ફલ-ફૂલના રસો, રૂપ અને શરીરની ઊંચાઈ, ધર્મ અને શુભ પદાર્થો - આ બધાંયની હાનિ - બધાંના પ્રભાવોનો હ્રાસ થતો જશે.

"આ રીતે ક્રમશઃ પુણ્યનો ક્ષય કરનારા કાળમાં, જેની બુદ્ધિ ધર્મમાં વર્તતી રહેશે, તેનું જીવન સફળ થશે."

પત્રના પૂર્વ ભાગમાં વર્ણવેલ વાસ્તવિકતા અને હેમચંદ્રાચાર્યે આપેલ શબ્દચિત્ર - એ બે વચ્ચે કોઈ તફાવત લાગે ખરો ? વિચારક અને સમજદાર વ્યક્તિ તારણ કાઢી શકે. અસ્તુ.

(માગશર, ૨૦૬૭)

* * *

આજે થોડુંક જન્મદિન આદિ અંગે ચિંતન કરવું છે. થોડા દિન પહેલાં જ જન્મદિવસ ગયો. તે નિમિત્તે પરિચિત ધર્મસ્નેહી જનોએ શુભકામના વ્યક્ત કરવાનો જે પ્રકાર ચલાવ્યો, તે પરથી જાગેલા મનોમંથનની અહીં વાત કરવી છે.

જૈનશાસન જન્મ અને મરણ - બંનેને હેય માને છે. એટલે કે એ બંને બિમારીઓ છે, અને તેને મટાડવા માટે જ શાસનની આરાધના કરવાની હોય છે. એ માટે જ તો આપણે ભગવાનની પૂજા કરતાં બોલીએ છીએ. "જન્મ-જરા-મૃત્યુનિવારણાય."

બીજી વાત : જગતમાં અગણિત લોકો પરાપૂર્વથી જનમતાં આવ્યા છે. તેમાં ફક્ત તીર્થંકર ભગવંતનો જન્મ જ પ્રશસ્ત મનાયો છે. તેથી તે 'કલ્યાણક' ગણાય છે. મતલબ કે તે પ્રભુનો જન્મ સ્વયં જ કલ્યાણસ્વરૂપ અને કલ્યાણકારી હોય છે. પરંતુ, તેમના સિવાયના લોકોનો જન્મ અપ્રશસ્ત, દુગંછા કે જુગુપ્સા પમાડનારો અને પીડાકારી હોય છે. આવા જન્મની, જન્મદિવસ-નિમિત્તે અનુમોદના કેમ હોય ?

ત્રીજી વાત : પ્રત્યેક જન્મદિને, આવરદામાંથી એક લાખેણું વર્ષ ઓછું થતું હોય છે. મંત્રીશ્વર વસ્તુપાળે કહેલું : "લોકો રોજ મારી કુશળતા અંગે પૂછે છે; પણ રોજે રોજ મારું આયુષ્ય ઘટતું જ જાય છે, એમાં મને કુશળતા કેવી રીતે સંભવે ?" આ જ વાત કોઈકે નવી રીતે સમજાવી છે :

**"વર્ષગાંઠના હર્ષમાં, ખાય, બજાવે, ગાય;**
**પણ મૂરખ સમજે નહીં, વરસ ગાંઠનું જાય !"**

હવે બધાં જયારે જન્મદિન-મુબારક કહેતાં હોય, ત્યારે જો મગજ પર આ 'મૂરખ' શબ્દ અથડાયા કરતો હોય, તો જન્મદિન ઉજવવાનો આનંદ (mood) ક્યાંથી જામે ?

ચોથી વાત : સાધુના જન્મદિનની નહિ, એના મૃત્યુદિનની ઉજવણી હોય; કિંમત હોય. કેમ કે એ જન્મે છે તો સામાન્ય માણસ તરીકે જ. કોઈ ભાગ્યયોગે એને ગુરુ તથા સંયમ લાધી જાય, અને પછી એ કાંઈક એવાં સરસ સત્કાર્યો કરીને જીવનને અજવાળી મૂકે, ત્યારે તે વિદેહ થાય તે દિવસને ઉત્સવદિવસ તરીકે સહુ મનાવી શકે. તેણે જીવનમાં કરેલી ધર્મસાધના તથા શાસનપ્રભાવનાના સ્મરણનો તથા અનુમોદનનો એ ઉત્સવ બની રહે.

અંગત વાત કરું તો ગુરુભગવંતોના ઉપકારનો જવાબ વળે તેવું શાસનનું કોઈ કામ કર્યું નથી. સંયમ અને ધર્મ દીપે તેવી કોઈ નિર્મળ આરાધના હજી કરી શકાઈ નથી. ગુણીજનો રાજી થાય અને શાબાશી આપે એવી કોઈ અદ્ભુત કરણી કરી નથી. એક પૃથગ્જન જીવે તેવું જીવન અને સામાન્ય જીવ પાળે તેવું સંયમ જીવવા-પાળવાનું બન્યું છે. નિર્દોષ, શુદ્ધ પાલન તો હજી દૂર દૂરનું સ્વપ્નું લાગે છે. આવી સ્થિતિમાં જન્મદિન કે દીક્ષાદિનના અભિનંદન કે શુભેચ્છાઓ કેમ પાલવે? અથવા કેટલું વિચિત્ર લાગે ?

હા, સંઘ કે શાસનની ઉન્નતિનું કે સમુદાયને વધુ ઊજળો કરે તેવું કાંઈ કર્યું હોય કે થાય, ત્યારે જરૂર આવી શુભેચ્છા માટે પાત્ર બન્યા ગણાઈએ. ત્યાં સુધી, માત્ર સ્નેહ છે, પરિચય છે કે પછી વ્યવહારવશ પણ, આવા દિવસોએ શુભેચ્છા માટે ફોન, પત્ર મોકલવાનું કે કોઈક પણ રીતની ઉજવણી કરવાનું ટાળવું ઘટે.

વાસ્તવમાં તો આવું કરવું તે ઘણીવાર આપણા અભિમાનને પોષવાની પ્રક્રિયા બની જાય છે. સરવાળે ગુણાત્મક દૃષ્ટિએ વિકાસ થવાને બદલે આપણું આંતરિક પોત નબળું પડતું હોય છે. મને મારા ગુરુ ભગવંતે બચપણથી સમજાવ્યું છે કે લોકપ્રિયતા એ મીઠું પણ ઘાતક ઝેર છે. લોકસંગ્રહ ઓછો થશે તો ચાલશે, પણ લોકચાહનામાં ડૂબી જાવ તે નહિ ચાલે.

અનુભવે સમજાયું છે કે જ્યારે જ્યારે લોકચાહના મળી કે વધી છે, અને જ્યારે જ્યારે વાહ વાહ થઈ કે શાબાશી/વખાણ સાંપડ્યાં છે, ત્યારે ત્યારે આ કે તે રીતે અંદર અહંકાર અનુભવાયો જ છે; એષણાઓ વધતી અનુભવાઈ છે; પોતાની ખામીઓને કે ભૂલોને સંતાડવાનો પ્રયત્ન થયો છે. આત્મિક પ્રગતિ માટે જ જો આપણે નીકળ્યા હોવાનો દાવો રાખતા હોઈએ, તો આ બધું વાજબી છે તેવું કેમ મનાય ?

ના, દીક્ષાદિવસના ને જન્મદિવસના અભિનંદન, વધાઈ કે શુભેચ્છા નથી ખપતાં, હવે તો નિર્દોષ અને નિર્મળ સંયમ સાધવામાં બળ મળે અને શાસન - સંઘ - સંઘાડાના ઉત્કર્ષ માટે કાંઈક કરી શકવાનું સામર્થ્ય પાંગરે, તેવો સહુનો સદ્ભાવ જ ખપે છે. ગુરુભગવંત તો હવે નથી રહ્યા, પણ તેમનાં નામ-કામને, તેમના ઉપકારોને દીપાવવાની ક્ષમતા જરા-તરા પણ મળી જાય તો ઉદ્વેગભર્યા મનને સમાધાન સાંપડશે. અસ્તુ.

**(માગશર, ૨૦૬૮)**

* * *

આપણને એક અત્યંત મૂલ્યવાન વસ્તુ મળી છે, આપણે જન્મ્યા ત્યારથી જ. એનું નામ છે - મન. જુદા જુદા સંદર્ભોમાં તે 'મન' જુદાં જુદાં નામે ઓળખાતું રહે છે : મન, ચિત્ત, અન્તઃકરણ, હૃદય, દિલ, ઈચ્છા, લાગણી, ભાવના, અને એવાં ઘણાંબધાં; આ બધાં નામનું તાત્પર્ય એક જ - જેના વડે મનુષ્ય મનન એટલે કે ચિંતન, વિચારણા, વિવેક કરી શકે તેનું નામ મન.

જીવન તો બધાં જીવો જીવે છે. જીવવું એટલે શ્વાસ લેવો અને મૂકવો - એટલો જ અર્થ કરવાનો હોય તો તો પૃથ્વી-પાણી-વૃક્ષ-વનસ્પતિથી માંડીને માણસ સુધીનાં બધાં જ જીવો જીવે જ છે, પણ વસ્તુસ્થિતિ જરા જુદી છે. એક પ્રાચીન અને માર્મિક સુભાષિત પ્રમાણે 'જીવન' નો અર્થ અથવા વ્યાખ્યા આ પ્રમાણે છે :

**तरवोऽपिहि जीवन्ति, जीवन्ति मृगपक्षिणः ।**
**स जीवति मनो यस्य, मननेनैव जीवति ॥**

અર્થાત્ શ્વાસ લેવા-છોડવાના અર્થમાં તો વૃક્ષો પણ જીવે છે, અને પશુ-પંખીઓ પણ જીવી જ રહ્યાં છે. બાકી, ખરેખર તો તે જ જીવે છે, જેનું મન નિરંતર 'મનનશીલ' હોય છે. 'મન' ન હોય, અને પાછું મન હોવા છતાં જેને 'મનન' ન હોય, તેવા લોકોના જીવવામાં અને ઝાડવાં - જનાવરના જીવવામાં શો તફાવત?

તો આપણને 'મન' મળ્યું છે, અને તેના થકી આપણે સતત 'મનન' કરી શકીએ છીએ, એટલે આપણા જીવવાનો - જીવનનો અર્થ તેમ જ પ્રકાર - બંને આપોઆપ બદલાઈ જાય છે.

'મનન' ના પણ અનેક અર્થ થાય છે. મનન એટલે ચિંતન કરવું, વિચારવું, જાણવું, સમજવું, માનવું. મૂળે 'મન્' ક્રિયાપદ ઉપરથી બનેલા આ શબ્દનો ઉપયોગ, અનેક સંદર્ભોમાં થતો હોઈ તેના આ બધા અર્થ નીકળી શકે તેમ છે. આ બધાય અર્થોનો ઉપયોગ એક જ છેઃ જીવનના અર્થને સમજવો તે. જેની પાસે 'મનન' ની સજ્જતા અને ક્ષમતા છે તે જ તેને મળેલા જીવનના તાત્પર્યને પકડી શકે છે, અને તે જ જીવનનો સાર્થક ઉપયોગ પણ કરી શકે છે.

જીવન એટલે શું ? જીવન કેવી રીતે જીવાય ? જીવનને સાર્થક બનાવવું હોય તો શું કરાય ? શું ન કરાય ? શું કરવાથી જીવન બગડે - બરબાદ થાય? બરબાદ થતા કે થયેલા જીવનને પાછું આબાદ કરવા માટે શું શું કરવું જોઈએ?

આ બધા પ્રશ્નો અને તેના જવાબો અથવા સમાધાનો વિષે વિમર્શ કરવો તેનું નામ છે મનન.

મહાપુરુષોની અને શાણા લોકોની શીખ હમેશાં એક જ રહે છે : જીવનને ખોટી વાતો તથા ખરાબ કાર્યોથી બચાવો; બને તેટલાં સારાં કર્મો કરો અને સારા-ઉમદા ગુણો તથા લાયકાત કેળવો.

જીવનના પરમાર્થને પામી નહિ શકનાર તેમજ 'મન' ની ઊંડી શક્તિને નહિ સમજનાર લોકો, સજ્જનોની આ શિક્ષાને અવગણી કાઢે છે. ખોટી વાતો, ખોટાં કાર્યો, અવગુણો એ જ તેમના મનગમતા વિષય બની જાય છે, અને 'મનન' ના અભાવે, આ બધાંનાં, ભવિષ્યમાં મળનારાં, માઠાં ફળો અથવા પરિણામોની તેમને કશી દરકાર નથી રહેતી. આ સ્થિતિને 'ઉન્માદ' ના નામે ઓળખી શકાય.

ઉન્માદ એ એક એવી સ્થિતિ છે કે એક વખત એ ચિત્તમાં જામી જાય પછી એમાંથી બહાર નીકળવાનું ભારે કઠણ બની જાય છે. ઉન્માદ કે તેની અસરમાંથી છૂટકારો પામવો સહેલો નથી હોતો. એથી જ્યારે તેનાં અજુગતાં કે અણગમતાં પરિણામો ભોગવવાનો વખત આવે છે ત્યારે ભયાનક ક્લેશ, સંઘર્ષ, મૂંઝવણ અને વિષમતાના ભોગ બનવું પડે છે. અલબત્ત, જેનામાં 'મનન' ની થોડીક પણ ક્ષમતા કે રુચિ બચી હોય તેને જ આવી મૂંઝવણ થતી હોય છે. જેનામાં એવી ક્ષમતા લેશ પણ નથી બચી હોતી, તે તો પહેલાંથીયે વધુ ખરાબીમાં અને ઉન્માદમાં ગરક બની જાય છે.

'મનન'ના વ્યક્તિગત ઉપયોગ તથા ફાયદા વિચારીએ તો, મનન વ્યક્તિને પોતાના ગુણ-દોષોનું પૃથક્કરણ કરતાં શીખવાડે છે. શાણો માણસ પોતાની ખૂબીઓ વિષે ઝાઝું ન વિચારે; પરંતુ પોતાની ખામીઓ અને ભૂલો પરત્વે તો એ, 'મનન' ના ફળરૂપે સભાન અવશ્ય બને. એથીયે આગળ વધીએ તો, 'મનન'-પરસ્ત વ્યક્તિ, પોતાની ખોડ કાઢનારને કે પોતાની નબળાઈ વિષે વાત કે નિંદા કરનારને, પોતાનો હમદર્દ, હિતેચ્છુ કે મિત્ર ગણશે, અને પોતાની ખોડને સુધારવા પ્રત્યે ગંભીર તેમ જ સાવધાન બનશે. આવા સંજોગોમાં મનન મનોમંથનમાં પરાવર્તિત થતું હોય છે, અને તેને લીધે તે મનુષ્ય, એક બાજુ પોતાના જીવનને સુધારવામાં અને વધુ પતન પામવાથી બચાવવામાં પરોવાય છે, તો બીજી બાજુ, અન્યો સામે બદલો લેવાની વૃત્તિથી પ્રેરાઈને તેમને હેરાન કે બદનામ કરવા જવા અનિષ્ટ થકી બચવાની સાથે સાથે, અન્યોનું પણ વધુ ભલું કરવા માટે પ્રેરાય છે.

'મનન' અને તેના સાધનરૂપ 'મન' નો, મારા હિસાબે, આ સર્વશ્રેષ્ઠ ફાયદો જણાય છે.

વર્ષો અગાઉ, વાંચેલું એક સુભાષિત યાદ આવે છેઃ "ડાહ્યા માણસોની ઉત્તરાવસ્થા, તેમણે પૂર્વાવસ્થામાં આચરેલી બેવકૂફીને સુધારવામાં વીતતી હોય છે."

બેવકૂફ તે જે 'મનન' વગર જ જીવતો હોય. બેવકૂફ હમેશાં ઉન્માદગ્રસ્ત હોય છે. તેને પોતાના હિત-અહિતનું ભાન ભાગ્યે જ હોય છે. બલ્કે કોઈ હિતની વાત કહે તો પણ તે તેની ઉપેક્ષા કે તિરસ્કાર કરે છે. આ સ્થિતિમાં 'મન' હોય તોય 'મનન' ગેરહાજર રહે છે. મનન વગરનું મન એટલે નિરંકુશ ઇચ્છાઓ! ઇચ્છાઓ જ્યારે અનિયંત્રિત બને ત્યારે જીવનમાં જે બને તેને હોનારત સિવાય કાંઈ ન કહી શકાય. અને એ જ છે બેવકૂફી.

ડાહ્યો માણસ તે, જેના ધ્યાનમાં, વહેલે મોડે પણ, પોતાની બેવકૂફીઓ આવે છે. એ પછી તેના મનમાં મનનનું ચક્ર ચાલુ થાય છે, અને તે સાથે જ તેને પોતાની પેલી બેવકૂફીઓ તથા ઉન્માદનાં માઠાં પરિણામોનો અંદાઝ આવવા માંડે છે. પછી તે તેમાંથી બચવા માટે થઈને પણ, પોતાની બેવકૂફીઓ તથા ઉન્માદવશ આચરેલી ભૂલોને સુધારવાનો ઉદ્યમ આદરે છે. 'મનન'નો આ જેવો તેવો ફાયદો ન ગણાય. જે લોકોને ઉત્તરાવસ્થામાં પણ આવું નથી સૂઝતું તે લોકો, 'મન' નામની અમૂલખ ચીજ પામ્યા હોવા છતાં, 'મનન' વિહોણાં જ રહી જાય છે; અને તેથી તેમના જીવવામાં અને ઝાડ-જાનવરોના જીવવામાં પાયાનો કોઈ તફાવત નથી રહેતો.

આપણે, હું અને તમે - બધાં, આપણા જીવનનું પુનઃ મૂલ્યાંકન કરીએ, અને આપણે કોના જેવું જીવીએ છીએ તે વિષે વિચાર/મનન કરીએ. અસ્તુ.

ચાતુર્માસ અમારા માટે સ્થિરતાનો અવસર છે. વિરાધનાથી બચવા માટે તેમ જ આરાધના વધારવા માટે આ ચોમાસી સ્થિરતા કરવાની હોય છે. ૮ મહિના વિહાર અને વિચરણમાં વહ્યા હોય છે. પ્રાસંગિક નાની-મોટી સ્થિરતા પણ થઈ હોય છે. પરંતુ આ ૪ માસ તો સંપૂર્ણ સ્થિરતાના જ છે. પૂર્વના મહર્ષિઓ આ ચાતુર્માસ દરમ્યાન ઉત્કૃષ્ટ તપશ્ચર્યાઓ, અભિગ્રહો, ધ્યાનસાધના તેમ જ સ્વાધ્યાય કરતા. સ્થૂલભદ્ર મહારાજ તથા તેમના ત્રણ ગુરુભાઈઓના મહાન અભિગ્રહોની વાત વાંચીએ - સાંભળીએ ત્યારે આ વાત બરાબર સમજાય. પછીના - પાછલા

વખતમાં નગરો અને વસાહતોમાં ચોમાસામાં થવા લાગતાં લોકસંપર્ક વધ્યો. તેથી લોકોને પણ ધર્મમાં જોડવાનું આવશ્યક મનાતું ગયું, અને આજે તો, લોકો ધર્મમાં જોડાય; તપ, ક્રિયા, અનુષ્ઠાનો કરે, તે માટે ધન ખરચે; અને તે રીતે શાસનની પ્રભાવના થાય તેમ જ ઘણા લોકો પામી જાય એવી વાસના કે અપેક્ષા કે મહેનત વ્યાપકપણે જોવા મળે છે. પરિણામે થાય છે એવું કે જ્યાં વધુ પૈસાનો ભપકો થાય ત્યાં વધુ સંખ્યામાં લોકો જોડાય, અને તે ઉપરથી તે સાધુ મ. ના પુણ્યનો, પ્રભાવનો, શાસન માટેની ધગશનો - બધાંનો અંદાઝ નીકળે, અને જ્યાં ભપકો ન હોય ત્યાં લોકજુવાળ પણ ન હોય અને તેથી ત્યાં પુણ્ય, પ્રભાવ, જ્ઞાન, આવડત વ.ની કમી હોવાનું નક્કી થતું હોય છે. લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞાની આ કરામત, ઘણીવાર, ગમ્મત પ્રેરનારી બને છે - વિવેકશીલ જનો માટે.

વાસ્તવમાં ચાતુર્માસ એ સાધુજનો માટે યોગવહનાદિ તપસ્યાની આરાધનાનો અવસર છે; જ્ઞાનાર્જન અને સ્વાધ્યાય - ક્રિયા દ્વારા ચિત્તને સ્થિર, શુદ્ધ અને સ્વસ્થ કરવાની પુણ્યવેળા છે; અને એ પ્રક્રિયા દરમિયાન જ, વ્યાખ્યાન અને વાચના તેમજ તપ-જપ-અનુષ્ઠાનોમાં લોકોના સમૂહને જોડીને, ધર્મ પમાડવાનો સુયોગ પણ સહજપણે મળી જતો હોય છે. આ રીતે થતો ધર્મ વધુ સંગીન અને લોકોને અંતરથી સન્માર્ગમાં જોડનારો બની રહે છે. 'ભાર વિનાના ભણતર' ની જેમ, 'ભાર વગરના ધર્મ' નો અખતરો પણ હવે કરવા જેવો છે. ધર્મનો પણ ભાર હમેશાં અને બધાંને રુચિકર નથી થતો.

(અષાઢ, ૨૦૬૮)

* * *

## (૩૮)

ધર્મ વિષે સતત ચિન્તન ચિત્તમાં ચાલ્યા જ કરે છે. ધર્મની આજની સ્થિતિ જોતાં એમ લાગ્યા કરે છે કે ધર્મને આત્મા તથા આત્મિક ગુણોના વિકાસ સાથે નહિ, પણ વ્યવહાર સાથે અને આડંબર સાથે વધુ નિસબત છે. કોઈ પણ ધર્મનું કામ કરીએ તો તેનો દેખાવ સારો હોવો જોઈએ - સારું દેખાવું જોઈએ, બધાંએ તેનાં વખાણ કરવાં જોઈએ, સગવડ અને અનુકૂળતા સચવાવી જોઈએ - કોઈ જાતની તકલીફ ન પડવી જોઈએ, પછી એમાં થોડોઘણો ગોટાળો થાય, આઘું પાછું થાય, નિયમ કે મર્યાદાથી વિપરીત થાય, તો પણ વાંધો નહિ. એવું તો ચાલ્યા કરે - ચાલે - ચલાવી લેવાનું. ધર્મ ઉપર વ્યવહારનું કેટલું વર્ચસ્વ વધ્યું છે તે આ ઉપરથી બરાબર સમજી શકાય છે.

સામાન્ય સમાજની માનસિકતા જ એવી થતી ચાલી છે કે અમારે ધર્મ તો કરવો છે, પણ અમારી સગવડે અને સગવડો સાચવીને જ, અગવડ જરાય ન થવી જોઈએ. અમને જ્યારે, જે રીતનો ધર્મ ગમે કે સૂઝે તે વખતે તે જાતનો ધર્મ કરવાની અમને તમામ સુવિધાઓ મળી જ જવી જોઈએ, એમાં ઓછુંવત્તું થાય તે બિલકુલ ન ચાલે.

આના પરિણામે ધર્મકરણીથી થનારો આત્મિક ગુણોનો વિકાસ સાવ રૂંધાઈ ગયો, અને ધર્મકરણીની સ્થૂળ મર્યાદાઓમાં પણ ખાસ્સી તોડફોડ થવા માંડી, જેના લીધે સામાન્ય માનવીય ગુણોનો પણ વિકાસ થતો ભાગ્યે જ જોવા મળે છે.

ધર્મ બહુ બધાંને કરવો છે, પણ પોતાના શરીરની સગવડ અને સુખાકારી જળવાય તે રીતે. શરીરને જરાપણ ઘસાવું પડે તો કાં તો ધર્મ નથી કરવો, અને કાં તો - મોટા ભાગે - જબરાઈ કરી સગવડ પ્રાપ્ત કરીને જ ધર્મ કરવો છે. 'ધર્મ એટલે આત્માને સગવડ અને શરીરને અગવડ' એ પાયાની સમજણ જાણે કે ખૂટી ગઈ છે ! પરિણામે ધર્મક્રિયાની, ધર્મસ્થાનોની તથા દેવ - ગુરુની આમન્યા કે મર્યાદા કે વિનય - વિવેક સૂકાઈ રહ્યાં છે.

આપણાં સમાજની એક વિચિત્ર ખૂબી એ છે કે ઘણા લોકોએ સ્વીકારી લીધું હોય તેવું અનિષ્ટ પણ ઈષ્ટ ગણાય છે. અને તેવો અધર્મ કે ધર્મવિરુદ્ધ બાબત પણ ધર્મમાં ખપી જાય છે. સામૂહિક સ્વીકૃતિને માટે પ્રયોજાયેલો મજાનો શાસ્ત્રીય શબ્દ છે 'લોકહેરી'. લોકોને ગમે છે તો માન્ય રાખવું તે લોકહેરી. પછી આના

બચાવમાં એક વાક્ય આવું ફેંકાય : નથી કરતાં તેના કરતાં તો સારું છે ને ! આટલું તો કરે છે ! અને પછી બીક બતાવવામાં આવે : આટલી છૂટ નહિ આપો તો પછી આવશે કોણ ? કોઈ નહિ આવે, બધાં બીજે જતાં રહેશે...

આપણે ત્યાં એક સરસ શબ્દ વપરાય છે - યથાશક્તિ. એટલે કે ધર્મ કરવામાં માણસે પોતાની શક્તિ ગોપવવી કે છૂપાવવી નહિ, શક્તિ પહોંચે ત્યાં સુધી અને તેટલો ધર્મ અવશ્ય કરવો. પણ સાથે જ તેનો બીજો અર્થ એ થાય છે કે પોતાની શક્તિ હોય તેથી વધારે ન કરવું. શક્તિની મર્યાદામાં રહીને જ ધર્મ કરવો. એ શક્તિ શારીરિક પણ હોય, અને ધન ખર્ચવાની પણ હોય, બન્નેમાં પોતાની મર્યાદા ઓળંગવી નહિ, એમ આ શબ્દ આપણને શીખવાડે છે.

આપણે ત્યાં આ શબ્દના બંને અર્થોનો હમેશાં ભંગ થતો રહે છે. વ્યક્તિની જ્યારે પૂરી શક્તિ હોય ત્યારે, અનેક સાચા ખોટાં બહાનાં કાઢીને 'અમારી/મારી શક્તિ નથી' એમ પુરવાર કરવાનો પ્રયાસ થતો રહે છે, અને તે રીતે છતી શક્તિ ગોપવવામાં આવે છે. અને એ જ વ્યક્તિ, જ્યારે શારીરિક રીતે પાંગળી અને પરવશ થઈ જાય ત્યારે, પોતાની શક્તિની મર્યાદા સમજીને ઘરે બેસીને થાય તેટલો ધર્મ કરવાને બદલે, દેરાસર અને ઉપાશ્રયમાં અડ્ડો નાખીને વર્તતી હોય છે, અને અનેક રીતે અન્યોને નડતરરૂપ બનતી રહે છે, દેવ-ગુરુની આમન્યા પણ તોડતી રહે છે.

એક જ દાખલો લઈએ - ખુરશીનો. હજી ૧૫-૨૦ વરસ અગાઉ જ એવા દિવસો અને લોકો હતા કે જેમને ભગવાનની સામે, ગુરુ મહારાજોની સામે કે સંઘની વચ્ચે, ખુરશી જેવા ઊંચા આસને બેસવામાં શરમ આવતી હતી, નફટાઈ લાગતી હતી; અને તેથી, પોતાની લાચાર સ્થિતિને ધ્યાનમાં રાખીને તેઓ દેરાસર-ઉપાશ્રયે આવવાનું ટાળતા હતા; આવવું જ પડે તો પણ ઊંચા આસને બેસવાનું ન સ્વીકારીને ઊભા ઊભા જ કામ પતાવીને ચાલ્યા જતા હતા. પણ દેવ-ગુરુની આમન્યા લોપતા નહોતા. આમન્યાના પાલનને તે લોકો આબરૂ સમજતા હતા.

અને આજે ? આજે એવી દશા છે કે, એક પણ દેરાસર કે ઉપાશ્રય ખુરશીઓ વગરના ન મળે ! લોકો તબિયતથી આવે. ખુરશી નાખીને બેસે - ભગવાનની સામે. કલાક - બે કલાક અથવા લાંબો વખત પગ પર પગ ચડાવીને, ક્યારેક ઝોકાં ખાતાં, ક્યારેક રાડારાડ કરતાં, સ્તોત્રપાઠ કરે, માળા ફેરવે અને તેમ કરવામાં ગૌરવ અનુભવે. સ્નાત્ર ભણાવવા પણ હવે ખુરશી પર બેસતાં જોવા મળે. આવા

લોકોને ભગવાનની પણ આમન્યા પાળવી ગમતી કે સૂઝતી નથી. આબરૂની તો વાત જ ક્યાં ? ઉપાશ્રયમાં મહારાજસાહેબ પાસે આવીને ખુરશી લઈને બેસવું, તે પર બેઠા જ વંદનાદિ કરવું, વ્યાખ્યાનશ્રવણ અને પ્રતિક્રમણ - સામાયિક પણ ખુરશી પર જ; આમાં કોઈને ક્યાંય આમન્યા નડતી નથી, અવિનય કનડતો નથી, બલ્કે ખુરશી ન મળે તો કકળાટ અને ધમાલ મચી જાય ! 'ઉચ્ચાસણે સમાસણે' એવો અબ્ભુટ્ઠિઓનો પાઠ પણ હવે જાણે કે નિરર્થક લાગે છે ! અરે, હવે તો એકાસણું પણ ખુરશી ઉપર બેસીને થાય ! કરવાનું ફરજિયાત નથી, ન થઈ શકે તો 'યથાશક્તિ'નો આગાર છે જ; પણ એક વાર છૂટ લીધી કે પત્યું, જેમ મનમાં આવે તેમ કરાય, કરાવાય. પાટલો હલી જાય તેની આલોયણ લેનારાને ખુરશીમાં કોઈ જ દોષ નહીં લાગતો હોય ?

એક નાનોશો પ્રસંગ હમણાં વાંચ્યો તે અહીં ટાંકવાનું મન થાય છે : ભાવનગરના રાજવી કદંબગિરિ બિરાજતા પૂજ્ય નેમિસૂરિદાદાને મળવા ગયા ત્યારે પૂ. મહારાજજી જમીન ઉપર આસન પાથરીને બેઠા હતા. શ્રાવકોએ રાજવી માટે સિંહાસનની ગોઠવણ કરી હતી, પણ રાજાજીએ જોયું કે, મહારાજજી નીચે બેઠેલા છે, એટલે તેમણે કહ્યું કે, મહારાજશ્રીની સામે મારે તેમનાથી ઊંચા આસને ન બેસાય. આમ કહીને તેઓ નીચે બેસી ગયા.

જો એક રાજ્યના અજૈન રાજા પણ ગુરુનો આટલો વિનય સાચવતા હોય તો આપણે સામાન્ય જીવો દેવ-ગુરુની સામે ઊંચા આસને બેસવાની હિંમત શી રીતે કરી શકીએ ?

સાર એટલો જ આદર અને આમન્યા હૈયે હોય, તો વિનય અને વિવેક ચૂક્યા વગર યોગ્ય સમયે યોગ્ય વર્તન કરી શકાય છે. અસ્તુ.

(શ્રાવણ, ૨૦૬૮)

* * *

## (૩૯)

ઉંમર અને પર્યાય, કાળની અપેક્ષાએ વધ્યાં છે, વધી રહ્યાં છે. હૃદય વિચારે છે કે ખરેખર જીવનમાં, આ બે વૃદ્ધિને બાદ કરતાં, બીજી કશીક વૃદ્ધિ થઈ છે ખરી ? થાય છે ખરી ?

પ્રભુ-પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા વધી છે ? પોતાના અજ્ઞાન માટેની અરુચિ વધી છે ? કે પોતાને જે જરા અમથું સમજાયું કે આવડ્યું તેનું ગુમાન જ વધ્યું છે ? આવું ગુમાન પણ વસ્તુતઃ તો અજ્ઞાન જ ગણાય, એવી સમજણ વિકસી ખરી ? ચિત્તમાં ફેલાયેલાં દૂષણોની જંજાળ ઘટી છે કે વધતી જ રહી છે ? સદ્‌ગુણ કહેવાય તેવું કોઈ તત્ત્વ ફૂલ્યુંફાલ્યું છે ખરું ?

આ અને આવા અગણિત પ્રશ્નો ચિત્તમાં ઊગે છે આવી પળોમાં, અને સંવેદનાભીનું ચિત્ત વિવિધ આંદોલનો વડે આંદોલિત થઈ ઊઠે છે. એ આંદોલનોને જ પ્રતિબિંબિત કરતી હોય તેવી એક કવિતા (ગઝલ) અચાનક નજર સામે આવી છે આ પળે, અને એ વાંચતાં જ મનનાં તે આંદોલનોને જાણે કે બળ મળી ગયું. મનને મજા પડી ગઈ. એ ગઝલ જ અહીં ટાંકું :

**તારા વિષે વિચારતાં વરસો વહી ગયાં**
**શંકાઓને નકારતા વરસો વહીં ગયાં** ...૧

**લોકો તો ઝળહળાટ જુએ છે બહારનો**
**મનનું તમસ વિદારતાં વરસો વહી ગયાં** ...૨

**જે આસ્થા હતી તે સમય પર ડગી ગઈ**
**એક સત્યને સ્વીકારતાં વરસો વહી ગયાં** ...૩

**વિશ્વાસ કીધો કોઈની સાચી પરખ વિના**
**એ ભૂલને સુધારતાં વરસો વહી ગયાં** ...૪

**દર્પણ સમાન દિલનો હું દાવો નહીં કરું**
**કંઈ દૂષણો નિવારતાં વરસો વહી ગયાં.** ...૫

**સંતોષ એ જ કે અમે સચ્ચાઈ સાચવી**
**જૂઠાઓના બજારમાં વરસો વહી ગયાં.** ...૬

'રાઝ' નવસારવી નામના શાયરે રચેલી આ ગઝલ એટલી તો સ્વંય સ્પષ્ટ છે કે તેના પર વિવેચનની ભાગ્યે જ જરૂર પડે. છતાં થોડુંક, આવડે તેવું, આપણા (મારા) મનની ભૂમિકાને અનુરૂપ, વિચારીએ :

'વરસો વહી ગયાં' એ, વારંવાર પુનરાવર્તન પામતી પંક્તિ, ચિત્તને ટકોરી રહી છે જાણે કે દોસ્ત, તારાં ૬૩ હોય કે ૫૨ - બધાં વર્ષો પાણીમાં જ વહી ગયાં ! જિંદગીમાં કમાયા કેટલું, એનો જરાક હિસાબ કાઢો તો ખબર પડશે કે તમે ક્યાં છો ? ખરેખર તો આ કાવ્ય એ આ હિસાબ કાઢી આપતું જ કાવ્ય છે. જુઓ,

પહેલી કડી - પહેલો શે'ર પ્રભુસત્તાના અસ્તિત્વ વિષે છે. ઘણાને ઈશ્વરના હોવા વિષે શંકા હોય છે. કોઈને એના અસ્તિત્વ વિષે શંકા કદાચ ન હોય, પણ તેના અસ્તિત્વનો સ્વીકાર કર્યા પછી પણ, તેની આજ્ઞાને પાળવામાં તો તે ઠાગાઠૈયાં જ કરતો હોય છે, અને આ વાત, ઈશ્વર વિષે શંકા રાખવાથી જરાય ઓછી તો નથી જ. ઈશ્વર વિષે શંકા રાખવી કે તેનું કહ્યું ન માનવું - બન્ને સમાન જ !

પરંતુ આપણને સીધી અને બરાબર લાગુ પડે તેવી વાત તો હવેના શે'રમાં થઈ છે. ઉપરની ચમક કે ચળકાટ જોઈને રૉલ ગોલ્ડને પણ સોનું માની લેવાની પ્રથા બહુ જૂની છે. બહારનો જળહળાટ, ઉપર ઉપરની આવડત આપણને, બીજાઓને પ્રભાવિત કરી મૂકવાનું જરૂર શીખવાડે; પણ મનના અતળ ઊંડાણમાં પડેલા તમસનું શું ? મન તો મોહમાં ગળાડૂબ ખૂંપેલું હોય છે. ઉપરનો ચળકાટ તેને છાવરી આપે, પણ તેને મટાડી તો ન જ શકે. તો ઉપરના જળહળાટથી બધાંને આંજીને પ્રભાવિત કરવાની આપણી આ રીત, જીવ ! મોહના અંધકારમાં અથડાવાની ક્રિયા ન બની રહે ? આત્માને છેતરવાની એ પ્રક્રિયા નહિ બને ? અને મજા તો એ છે કે આ ચળકાટને અને અંદરના 'તમસ' ને પિછાણતાં વરસોનાં વરસ વહી ગયાં છે ! અને તે છતાં તે નાબૂદ થયું છે કે નહિ, તે તો રામ જાણે !

ત્રીજો શે'ર જરા માર્મિક છે. એના અનેક અર્થો થઈ શકે તેમ છે. આપણે એક અર્થ વિચારીએ. 'હું સાચો છું - સારો છું' એવી દૃઢ આસ્થા મને મારા માટે હતી. પણ સમય એવો આવ્યો કે જાત માટેની એ આસ્થા ડગી ગઈ. 'સમય એવો આવ્યો' એનો અર્થ એવો નહિ કે સમય ખરાબ આવ્યો; પણ સમય જતાં ભીતરની વાસ્તવિકતાનું ભાન થવા લાગ્યું. અને તેના લીધે 'હું ખોટો છું, ખરાબ હોઈ શકું' એ સત્યનો પણ ધીરે ધીરે ઉઘાડ થવા લાગ્યો. જો કે એ સત્યનો સ્વીકાર કરતાંયે કેટલાં વરસ જાય તે તો હજીયે સમજાયું નથી.

આનો બીજો અને વધુ ખરો અર્થ એવો પણ થાય કે મારા ચિત્તમાં એક આસ્થા હતીઃ સત્ય ઉપર, અથવા તો સત્યને સ્વીકારવાની મારી ક્ષમતા ઉપર. ખબર નહિ કે ખરાખરીનો સમય આવ્યો અને એ આસ્થા ડગી કેમ ગઈ ? પરિણામે તેનો સ્વીકાર કરવામાં કેટલો વિલંબ થઈ ગયો ? વિલંબ તે જ હાનિ !

ચોથો શે'ર જીવનના કટુ સત્યને ઉજાગર કરી આપે તેવો શે'ર છે. આપણને ગળથૂથીમાં પાઠ મળ્યો હોય છે કે સગા બાપનો પણ ભરોસો કરવો નહિ. અમારા પંડિતજી એક પંક્તિ ભારપૂર્વક કહેતા : बृहस्पतेरपि प्राज्ञो, न विश्वासं व्रजेन्नरः, અર્થાત્ શાણો માણસ, બૃહસ્પતિ પોતે આવે તો તેનો પણ, વિશ્વાસ ન કરે. પણ આપણું ભોળપણ, અજ્ઞાન અથવા તો મોહ કે મૂર્ખતા, આ વાતને ભાગ્યે જ યાદ રહેવા દે છે. વળી, આપણા મનમાં એક ગર્વ હોય છે કે, હું તો એમને પગથી માથા સુધી બરાબર ઓળખું. માણસને પારખવાની મારી ક્ષમતા, રીત, આવડત તે મારી જ, બીજાને એ ન જ આવડે વગેરે. અને આ ગર્વવશ જ આપણે વિશ્વાસ અથવા અવિશ્વાસમાં રાચતા હોઈએ છીએ. આના ફળરૂપે જે ભૂલો થાય છે, જે વીતકો વીતે છે અને જે પીડાઓ વ્હોરવી-વેઠવી પડે છે, તેમાંથી બહાર આવવાનું ક્યારે બને ? કદાચ વરસોના વરસ લાગે. કદર્થના એ છે કે, વારંવારના આવા ભૂલભર્યા અનુભવ પછીયે, આપણે આપણા ફાંકામાંથી બહાર આવતા નથી, અને તે ભૂલોની ઘટમાળ ચાલુ જ રાખીએ છીએ ! તો તેનાં પરિણામો ભોગવવાં જ પડે, તેમાંથી છટકી ન જ શકાય. એ ભૂલને સુધારવી હોય તો વર્ષોય ઓછાં જ પડે.

પાંચમો શે'ર વળી જીવનના પરમ સત્યનું અનાવરણ કરી જાય છે. આમાં કવિ અથવા ભાવક એક સાધકની ઊંચાઈએ પહોંચતા જણાય છે. મનુષ્ય એટલે થોડા ગુણો અને થોડાક દોષોનો સરવાળો. એક પણ ગુણ વગરનો માણસ યુધિષ્ઠિરને પણ નહોતો જડ્યો, તો એકાદાયે દોષ વિનાનો જણ દુર્યોધનનેય નહોતો મળ્યો. આવા સંજોગોમાં 'હું સર્વગુણ સંપન્ન, મારામાં ખામી સંભવે જ નહીં' એવો દાવો કરે તે ઢોંગી જ હોય. પોતાની એબ કે ખામીને સફળતાપૂર્વક છાવરી જાણે તે ઢોંગી. પોતાની ખોડને ઢાંકવા ખાતર બીજાના દોષોને ઉઘાડા પાડે, સતત શોધ્યા કરે, તે ધૂર્ત, દંભી. આનાથી સાવ ઊલટું, પોતાનાં દૂષણોને સુપેરે જાણે, જાણ્યા પછી કાં તેને સુધારવાનો અને તે કઠિન હોય તો તેને સ્વીકારવાનો સભાન ખ્યાલ રાખે, પણ દૂષણને ગુણરૂપે કે અનિવાર્ય ગણાવીને બચાવ ન કરે, બલ્કે પોતે તેનાથી બચી નથી શકતો તે માટે અફસોસ અનુભવે, તેનું નામ છે સાધક. કવિ - શાયરના

ચિત્તમાં લપાઈને બેઠેલો એ સાધક આ શે'રમાં પ્રગટ થયો છે અને કહે છે કે હું આરીસા જેવો ઊજળો - નિર્દોષ છું એવો મારો દાવો નથી. હું તો છું અઢળક દૂષણોનો ભંડાર ! આ બધાં દૂષણોને ડામવામાં મેં કેટલાં વરસ વહેવડાવી દીધા ! અહીં ઉમેરીએ : આટલાબધાં વરસો વહેવડાવ્યાં છતાં એ દૂષણો ટળ્યાં છે એમ જાહેર કરવાની હજી હિંમત ખૂલતી નથી મારી. હા, દૂષણો પારખી શકાયા જરૂર, અને તેનો એકરાર કરવા જેટલી ત્રેવડ જાગી - જગાડી શકાઈ છે અવશ્ય. આને જો નિર્દંભતાની સાધના કહી શકાતી હોય તો તે થાય છે.

પોતાની આ સાધનાથી સંતુષ્ટ શાયર છેલ્લા શે'રમાં પોતાના તે પરિતોષને પ્રગટ કરતાં કેટલી સરસ વાત લખે છે ! એ કહે છે કે, અમે દંભ કે ઢોંગના રૂપમાં જૂઠને નથી સેવ્યું. અમે તો છીએ તેવા છતા થઈને સચ્ચાઈને જ સાચવી લીધી છે. અલબત્ત, આ સ્થિતિ પર પહોંચતાં પહેલા અમારે પણ, ઘણાં વરસો, જૂઠના અને જૂઠાઓના બજારમાં ગુજારવા તો પડેલાં જ. પણ એ બજારે આપેલા અનુભવો જ આજે અમને સત્યના ઘરમાં લાવી આપે છે, એ કાંઈ નાનીસૂની ઘટના નથી જ.

આમ, આ ગઝલ તો પૂરી થાય છે, પણ ચિત્તને ઝકઝોરતી જાય છે, અને અનેકવિધ આંદોલનો પ્રગટાવતી જાય છે. અને, પેલો પ્રશ્ન તો ઊભો જ રહે છે : ૬૩/૫૨ વર્ષો આમ જ વહી ગયાં ? શેષ જીવન પણ આમ જ વહી - વેડફાઈ જશે ?

આવા આવા પ્રશ્નો, તેનાં કારણો કે મૂળ, તેના જવાબો - બધું શોધવામાં જ હવેનાં વર્ષો વીતે એવી ઝંખના તો તીવ્ર હોય જ. ખરી રીતે તો આવી ઝંખના જાગવી કે તેને વધુ તીવ્ર બનાવવી - એ જ મારી દૃષ્ટિએ દીક્ષાદિનની યથાર્થ ઉજવણી છે. અને આવી ઉજવણી મારે એકલાએ જ ઊજવવાની છે એ પણ હકીકત છે. સ્વંય કર્તા, સ્વયં ભોકતા જેવી આ સ્થિતિ, હવેનાં વર્ષોમાં, નિત્ય-નિરંતર વર્તો એવી આશા....

**(માગશર - ૨૦૬૯)**

* * *

એક શબ્દ મનમાં ઊગ્યો : ઉપશમ. ઉપશમ એટલે શાન્તિ. સામાન્ય રીતે ઉપશમનો સીધો સંબંધ ક્રોધ સાથે જોડાતો હોય છે. ક્રોધ આવે ત્યારે કહેવામાં આવે કે ઉપશમભાવ રાખો, સમતા રાખો, શાન્તિ રાખો. ચિન્તન એમ ચાલ્યું કે શું ફક્ત ક્રોધનો જ ઉપશમ કરવાનો હોય ? ક્રોધ સિવાય કશું જ એવું નથી કે, જેને ઉપશમાવવાનું હોય ?

છે તો ખરું. ઘણું બધું છે, જેનો ઉપશમ કરવો જ ઘટે. આપણા અહંકારને શાન્ત પાડવાનો છે, આપણી ઇચ્છાઓને શમાવવાની છે, આપણી કામવાસનાને પણ ઠારવાની છે, આપણી સ્વાર્થવૃત્તિને અને મનની મલિનતાઓને પણ દબાવવાની તો છે. એ રીતે વિચારવામાં આવે તો આ બધાં જ વિપરીત તત્ત્વો, જે મનમાં અને જીવનમાં સતત ઊગતાં, ઉછરતાં, વકરતાં રહે છે તેનો ઉપશમ કરવાનો છે.

તો શાસ્ત્રકારો જ્યારે "उवसमेण हणे कोहं" એમ લખે છે, ત્યારે ત્યાં તેનો અર્થ પ્રતીકાત્મક સમજવાનો રહે છે. ક્રોધને તો ઉપશમ વડે - શાન્તિ વડે શાન્ત કરવાનો જ છે, પણ એની સાથે જ અથવા એથી આગળ વધીને, ઉપર કહેલી, અહંકાર, વિષયવાસના વગેરે વૃત્તિઓને પણ સમતા વડે જ ઠારવાની છે. મૃદુ બનીને અભિમાનને, ઋજુ બનીને માયા-કપટને અને સંતોષ થકી લોભને જીતવાની ભલામણ, વાસ્તવમાં તે તે મલિનતાને, વિષમતામાંથી સમતામાં પ્રવેશીને ઉપશમાવવાની જ વાત છે. તમે નમ્ર, કોમળ બનો અને તમારો ઘમંડ ઉપશમશે. સરળ-શુદ્ધ બનો અને તમારી કપટવૃત્તિ દૂર થશે-શમી જશે. સંતુષ્ટ બનો અને તમારી લોભવૃત્તિ શાંત પડશે. તો આ નમ્રતા, સરળતા અને સંતોષ પણ ખરી રીતે 'ઉપશમ' જ છે, એમ સમજવામાં કાંઈ ક્ષતિ નથી લાગતી.

એક બીજો શબ્દ આવ્યો મનમાં : વાસના. આ શબ્દને સામાન્ય વ્યવહારમાં આપણે 'કામવિકાર'ના અર્થમાં જ સમજીએ છીએ. અને એમાં કશું ખોટું પણ નથી. પરંતુ વાસના માત્ર આટલા જ અર્થમાં મર્યાદિત નથી, એ પણ ધ્યાનમાં લેવું જ રહ્યું. આપણા ચિત્તમાં જાગતી, સતત જાગ્યા કરતી અનેક વૃત્તિઓને 'વાસના' તરીકે ઓળખી શકાય તેમ છે. કોઈને જરાજરા વાતમાં ક્રોધ ચડતો હોય અને વળી તે અત્યંત આકરો હોય તો તે પણ વાસના જ ગણાય. ઘણા લોકો એવા તો ઘમંડી હોય કે તેમને પોતાના સિવાય બધા જ તુચ્છ લાગે. એમના ઘમંડને

પણ વાસના જ કહેવાય. એ જ રીતે કોઈકને સતત અવનવી ઇચ્છાઓ થયા કરતી હોય છે. વળી, પોતે જ્યારે જે ઇચ્છે ત્યારે તેમ થવું જ જોઈએ તેવો આગ્રહ પણ તેમનો હોય છે. આવો ઇચ્છાગ્રહ પણ વાસનાની કક્ષામાં જ આવશે.

આમ, કોઈને ભેગું કરવાની વાસના હશે, કોઈને બીજાને હેરાન કરવાની અને તે રીતે પોતાની સત્તા કે તાકાત પ્રદર્શિત કરવાની વાસના હશે. તો કોઈકને અકરાંતિયાની માફક ખા ખા કરવાની વાસના હશે. કોઈને વળી પોતાની આવડતથી અન્યને આંજી દેવાની અને તેનું નીચું દેખાડવાની પણ વાસના હોય છે.

આ અને આવી અગણિત બાબતો 'વાસના'ના પ્રદેશમાં આવે છે. તેનો સર્વસમાવેશી એવો એક જ શબ્દ પ્રયોજવો હોય તો તે છે : "વિષયવાસના". ઉપર વર્ણવી તે સઘળી વાસનાઓ આ એક જ શબ્દ દ્વારા અભિવ્યક્ત થઈ શકે છે.

આવી તમામ વાસનાઓનો ઉપશમ, આપણે, ધર્મ આરાધવો ગમતો હોય તે દરેકે કરવાનો છે, એટલો જ આ સમગ્ર ચિન્તનનો સાર છે.

✻ ✻ ✻

ક્યારેક ક્યારેક મને મારી જાત પર હસવું આવે છે. ઘણીવાર મન નવરું બેઠું હોય ત્યારે વિચારોની રમણામાં જ એ વિચારવા માંડે છે કે હું કેટલો સારો છું ! મારા જેવી અક્કલ અને આવડત કદાચ કોઈનામાંય હશે ખરી ? મેં કેવાં કેવાં કામો કર્યાં ? હું કેવું-કેટલું ભણ્યો છું ! વગેરે-વગેરે. આવા વિચારોનો સાર એક જ : પોતાની ઊંચાઈ પોતાની જ માપપટ્ટી વડે પોતે જ માપવી-માપ્યા કરવી.

આવા વિચારો તો શેખચલ્લીજીની માફક આવ્યા જ કરે, પણ પછી એ વિચારતંદ્રા ઊડે કે જાત ઉપર ભારે હસવું આવે. એને વખતે મને એક પંક્તિ, મારી નોંધપોથીમાં વર્ષો પહેલાં લખી રાખેલી, ખાસ યાદ આવે. એ પંક્તિ જ ટાંકું :

**પાની કે એક બુંદને ખુદ કો દરિયા સમજ લિયા**
**બંદેને અપને આપકો ખુદા સમજ લિયા !**

બંદો તે જે બંદગી (પ્રાર્થના) કરે, ખુદાનો અદનો સેવક. ક્યારેક એવું બને કે પ્રાર્થના કરતાં કરતાં એને એવો મદ ચડી જાય કે એને પોતે જ ખુદા હોવાનો ભ્રમ થવા માંડે! અને ત્યારે કેવી હાસ્યાસ્પદ સ્થિતિ સરજાય ! મારા જેવી વ્યક્તિ જ્યારે પોતાની જાતને 'I am something' - હું કાંઈક છું' એવી સમજવા માંડે ત્યારે, પાણીના ટીપાંને પોતે દરિયો હોવાનો વહેમ હોય એવું લાગે. આપણે ત્યાં

ઘણા દીકરા એવા જડે કે જે એમ માનતા હોય કે મારા બાપા કરતાં તો હું ઘણો સારો છું, આગળ છું, વધુ ભણેલો અને વધારે જાણકાર કે કાર્યક્ષમ છું. ઘણા શિષ્યોને એવું લાગતું જોવા મળે કે ગુરુ કરતાં તો અમારી કક્ષા અને ક્ષમતા ક્યાંય ઊંચી છે. ઘણા ટ્રસ્ટીઓ એવું સમજતા જોવા મળે કે જાણે પોતે જ ટ્રસ્ટના કે સંઘના માલિક, સંઘપતિ કે સર્વેસર્વા હોય. ઘણીવાર કે મોટા ભાગે, એવા લોકો બીજા ટ્રસ્ટીઓની કે ગુરુજનોની કે પિતા આદિ વડીલોની અથવા તો અન્ય કોઈનીયે તમા કે પરવા રાખવાનું માંડી વાળતાયે જોવા મળે. આ અનુભવો હવે તો વ્યાપકરૂપે થતા જાય છે.

ક્ષુદ્રતા કે તોછડાઈના આ સર્વવ્યાપી અથવા સર્વભક્ષી વાતાવરણમાં મારા જેવો બચે કેવી રીતે ? મને પણ કદીક થઈ આવે કે હું પણ કાંઈક છું ! એવે વખતે એક તો ઉપર લખેલી પંક્તિઓ યાદ આવી જાય છે અને મન પર ચડેલો 'ભાર' આપોઆપ હળવો થવા લાગે છે. બીજું, ગુરુભગવંતો યાદ આવે છે. એમની મહાનતાને, ઉમદા ગુણોને તથા ઉત્તમ વાતોને સંભારતાંવેંત આપણી લઘુતા અને આપણી મર્યાદા બરાબર સમજાઈ જાય. પરિણામે જાતે જ વ્હોરેલી હાંસીપાત્ર સ્થિતિમાંથી સહેજે ઉગરી જવાય.

* * *

થોડા દિવસ પહેલાં તગડી મુકામે હતા, ત્યાં ડો. નિરંજનભાઈ રાજ્યગુરુ અને તેમના મિત્ર વિદ્વજ્જનો આવેલા. નિરંજનભાઈએ સ્વ. ગુરુભગવંતને સંભારીને પોતાના હલકદાર કંઠે ગુરુગુણનું ગાન કરતાં મજાનાં પદો ગાયાં અને બધાંને ભીંજવી દીધાં. એની ભાવનાત્મક અસર ક્યાંય સુધી ચિત્તમાં પ્રવર્તતી રહી. એ અસર હેઠળ જ મન ગુરુગુણના વિચારે રમવા માંડ્યું. એ ક્ષણોનું ચિન્તન નોંધું તો ઘણાબધાને ગમશે.

'ગુરુ' થનાર વ્યક્તિમાં બે ગુણ અથવા બે વાનાં અવશ્ય હોવાં ઘટે છે. એક, ઉદાર હૃદય; બે, દોષ દૃષ્ટિને ગુણદૃષ્ટિમાં ફેરવી નાખવાની તાકાત, કે આવડત.

ગુરુ પાસે એટલે કે ગુરુના આશ્રયે આવનાર વ્યક્તિ, મોટા ભાગે, અનેક પૂર્વગ્રહો, આગ્રહો, ગરબડો તથા ભૂલોથી ભરેલી જ હોય. એની કુટેવો પણ જેવી તેવી ન હોય. આ બધી જ બાબતોને પોતાની ઉદાર અને ઉમદા દૃષ્ટિથી પોતાના હૈયામાં સમાવી લે, તેને ગળી જાય, ક્ષમ્ય સમજીને નજરંદાજ કરતા રહે, અવસરે

સુધારા માટે ટોકવા-ટકોરવા છતાં તે માટે કશો ડંખ કે પૂર્વગ્રહ ન રાખે તેવું હૃદય તે ઉદાર હૃદય. આવું હૃદય ધરાવે તે 'ગુરુ' શબ્દ માટે લાયક ગણાય.

પ્રત્યેક મનુષ્ય, મહદંશે, અન્યના દોષ અને ખામીઓ જોવા ટેવાયો હોય છે. કોઈની ભૂલ એ પોતાનો બચાવ બની શકે તેનો આપણને પાકો ખ્યાલ હોય જ, એટલે આપણે હમેશાં કોઈની, આપણી આસપાસના લોકોની, ભૂલો કે ખોડ શોધતા જ રહીએ છીએ અને તેનો સંગ્રહ આપણા મગજમાં કરતા જ રહીએ છીએ. આ થઈ દોષદૃષ્ટિ. આ દોષદૃષ્ટિને બહુ જ કુશળતાથી, આપણને ખબર પણ ન પડે તે રીતે, માંજે અને ગુણદૃષ્ટિનું આરોપણ કરી આપે તેનું નામ ગુરુ. "બીજાના દોષ જોવા તે તો સાવ સરળ કામ છે, અઘરું કામ તો બીજાના દોષોને નજરંદાજ કરીને તેના ગુણો શોધવા અને તેના પ્રત્યે સદ્ભાવ રાખવો" - આવી વાત, બોલી-ટોકીને નહીં, પણ પોતાનાં ઉદાર વલણો દ્વારા આપણને તેઓ શીખવતા હોય છે, અથવા શીખવવા મથતા રહે છે.

નિરંજનભાઈનુ ગાન સાંભળ્યા પછી મનમાં એક વાત સતત રમતી રહે છે કે, ગુરુભગવંતે અમારા - મારા જેવાના કેટકેટલા અવિનયો, ભૂલો, કુટેવો, અવળચંડાઈઓ સહન કરી હશે ? કેટલું બધું ગળી ખાધું હશે ? એમણે એટલી ઉદાર વૃત્તિ ન દાખવી હોત તો ? અને, આ બધું જ ગળી જવાની સાથે સાથે, આ બધી મલિન બાબતો અમારા મનમાંથી ભૂંસાઈ જાય, ઓછી થાય, અને તેના સ્થાને ગુણાત્મક દૃષ્ટિ અને વૃત્તિ વિકસતી થાય તે માટે કેવી ધીરજથી માવજત કરી હશે ? લાગે છે કે, ગુરુઓનાં સ્થૂલ ઉપકારોની સરખામણીમાં સૂક્ષ્મ, ઝટ ન કળી શકાય તેવા ઉપકારો અનેકગણા વધારે હોય છે. નિરંજનભાઈએ ગાયું કે "અમારા રે અવગુણ રે, ગુરુજીના ગુણ તો ઘણા રે" એ સાવ સાચું છે.

* * *

નાનો હતો ત્યારે કોઈક આદરણીય સાહિત્યકારે સૂચવેલું : તમે વાંચન કરો ત્યારે પેન્સિલ રાખવી, નિશાન કરતાં રહેવું, અને પછી મનને જચી ગયેલા અંશો નોંધપોથીમાં ઊતારી લેવા. એ સૂચનનો વર્ષો સુધી અમલ થતો રહેલો. અમુક નોંધો તો નષ્ટ થઈ ગઈ છે, છતાં જે નોંધો જળવાઈ છે તેનો સ્વાધ્યાય કરવામાં પણ એક અનેરો આનંદ અનુભવાય છે. હમણાં આવી જ એક નોંધપોથીનાં પૃષ્ઠો ફેરવતાં સજ્જન અથવા ઉમદા મનુષ્યનાં સ્વભાવનું વર્ણન કરતાં ગદ્યખંડો નજરે ચડી આવ્યાં, તે અહીં ટાંકવાનું મન થાય છે. ગ્રીક તત્ત્વચિન્તક અને સમ્રાટ સિકંદરના

ગુરુ એરિસ્ટોટલનાં એ વાક્યો શ્રીગુણવંત શાહે પોતાના પુસ્તકમાં આ રીતે અવતાર્યાં છે :

"મૂઠી ઊંચેરા માનવના સ્વભાવમાં અન્યને ઉપકારક થવાની વૃત્તિ હોય, પરંતુ તેને અન્યના ઉપકાર નીચે આવતા સંકોચ થાય. કોઈના ઉપર ભલાઈ કરવી એ માનવતાની નિશાની છે. ભલાઈનો લાભ લેવાની વૃત્તિ એ ગુલામી છે."

"તે, વાણી અને વર્તનમાં નિખાલસ હોય છે, પ્રશંસાથી કદી ઉત્તેજિત થતો નથી. તેને કદી પણ દ્વેષબુદ્ધિ થતી નથી. તે હમેશાં અપમાન કે ઈજા ભૂલી જાય છે અને ઘણુબધું જતું કરે છે."

"તેને પોતાના વખાણ થાય તેમાં કે બીજાને ઠપકો મળે તેમાં રસ નથી. તે બીજાનું બૂરું બોલતો નથી, તેના દુશ્મનનું પણ બૂરું બોલતો નથી. તેની મુખમુદ્રા શાન્ત હોય છે. તેનો અવાજ ઊંડો હોય છે, તેની વાણી સંયત હોય છે, તેનામાં અધીરતા હોતી નથી, તે ઉશ્કેરાતો નથી. તે જીવનના અકસ્માતોને પોતાના વ્યક્તિત્વની ભવ્યતાથી અને ઉમદાપણાથી સહન કરી લે છે."

કાશ, આપણે આવા થઈ શકીએ !

* * *

તગડીમાં આ વખતે મોહનીય કર્મનિવારણ - પૂજા ભણાવી. તેમાં આવતી એક પંક્તિએ મનનો પાકો કબજો લઈ લીધો છે :

"મન માન્યા મોહનને, મળીને વિછડશો નહીં કોય રે"...

આ એક પંક્તિમાં કવિએ કમાલ કરી દીધી છે. સંસારનું સનાતન સત્ય પણ આમાં વર્ણવાયું છે, અને અધ્યાત્મનું ચિરંતન સ્વરૂપ પણ આ જ પંક્તિમાં વણી લીધું છે.

પોતાના મનનો મીત, પ્રિયજન, એનો જો કોઈને એકવાર પણ મેળો-મેળાપ થઈ જાય તો પછી, કવિ કહે છે કે એ મળેલા પ્રિયજનોનો વિજોગ ક્યારેય ન થજો ! અથવા તો એ પ્રિયજનને કોઈ ક્યારેય છોડીને ન જજો !

કવિનો પ્રિયજન તો પ્રભુ છે. પ્રભુ જ એમનો મનમાન્યો 'મોહન' છે. કવિ ઝંખે છે કે, પ્રભુનો મેળાપ એકવાર થઈ ગયા પછી, હવે, એનો વિયોગ, વિરહ, ક્યારેય ન હજો !

બે શબ્દો છે : ઇશ્કે મિજાજી અને ઇશ્કે હકીકી. દુન્યવી પ્રિયજનનો પ્રેમ તે ઇશ્કે મિજાજી. પ્રભુ પ્રત્યેનો પ્રેમ તે ઇશ્કે હકીકી. આપણા જેવા તદ્દન બાળ કે બાલિશ જીવો માટેનું તત્ત્વ/તથ્ય તે આ : ઇશ્કે મિજાજી વિના ઇશ્કે હકીકી ભાગ્યે જ સાંપડે છે. આ જ વાત વૈષ્ણવપંથમાં આ રીતે કહેવાઈ છે : "કામ વગર પ્રેમ સંભવી ન શકે. પ્રેમ એટલે પ્રભુ પ્રત્યે ઊંડી લાગણી." વીરવિજયજી મહારાજે વૈષ્ણવોની અને સૂફી સંતોની વાતોને એક જ નાનકડી કાવ્યપંક્તિમાં કેટલી સોહામણી રીતે ગૂંથી બતાવી છે !

ચિંતનધારાનો, આમ તો અંત નથી જ, આપણે આટલે જ અટકીએ.

**(પોષ, ૨૦૬૯)**

* * *

## (૪૧)

જીવનનો સહેલાઈથી સમજાય તેવો અર્થ શો ? જીવન એટલે સ્વાભાવિક લાગતા ગુણ-દોષોનો સરવાળો. આમ તો જીવનમાં 'ગુણ' જેવું બહુ હોતું નથી, પોતાનો દોષને જ મહદંશે ગુણ તરીકે જોવા-માનવાની લગભગ દરેક જણને આદત હોય છે. પોતાની ભૂલને (દોષને) ભૂલ (દોષ) તરીકે સમજનારા / સ્વીકારનારા જેમ જવલ્લે જ જડે છે તેમ, પોતાની ખામીને પોતાની ખૂબીમાં ન ખપાવનારા પણ ભાગ્યે જ મળે છે. ભૂલ/દોષ જ્યારે સ્વભાવ બની જાય છે ત્યારે તેવા માણસની દૃષ્ટિ બે દશ્યને અચૂક જુએ છેઃ એક, એને બીજાની ભૂલ કે દોષ તરત જ દેખાય છે, બલ્કે સામાની સારી-સાચી વાતમાં પણ એ ખામી શોધી શકે છે. બે, પોતાની ભૂલ કે દોષ એને કદીયે દેખાતાં નથી; એની નજરમાં એ સારી-સાચી જ બાબત હોય છે. એક અંગ્રેજી કહેવત આ સંદર્ભમાં યાદ આવે છે : "બીજાઓની બાબતમાં મૂર્ખાઓ પણ ડાહ્યા હોય છે, અને પોતાની બાબતમાં સંતો પણ થાપ ખાઈ શકે છે."

હા, આપણે મનુષ્ય છીએ, સરેરાશ મનુષ્ય. અને આપણને કોઈના દોષ જોવામાં, તેની માનસિક નોંધ રાખવામાં, અને જરૂર મુજબ તેનો ઉપયોગ કરવામાં ઊંડો રસ હોય છે. કદાચ આ જ આપણો ખરો સ્વભાવ છે. આ સ્વભાવ જ કદાચ જીવન છે, એમ કહી શકાય.

સવાલ એ થાય કે જીવનનું ઉત્થાન કરવાની ઝંખના જો હોય, તો આવો સ્વભાવ તે માટે ખપમાં લાગે ખરો ? અથવા તો, આવો સ્વભાવ રાખીને જીવનને ઉન્નત કરવાનું શક્ય બને ખરું ?

જીવનને ઉન્નત કરવાની વાતો ઘણા લોકો કરતા હોય છે. તેવી ઇચ્છા પણ ઘણા સેવતા હોય છે. સામાન્ય અથવા વ્યાપક ધારણા એવી છે કે, તમે સારી સારી, બીજાઓને પ્રભાવિત કરી શકે અને આંજી દે તેવી વાતો કરવા માંડો, કરતાં રહો, એટલે તમારું જીવન ઉન્નત છે અને સરેરાશ મનુષ્યના કરતાં ઊંચું છે તેવું બધા, કે ઘણાબધા, સ્વીકારવા માંડવાના. છીછરા લોકો છીછરી વાતોથી ન અંજાય તો જ નવાઈ.

વસ્તુતઃ ઉન્નતિ એટલે શું ? અથવા શું કરવામાં આવે તો જીવનમાં ઉન્નતિનાં પગરણ મંડાય ? આ મુદ્દે વિચાર કરતાં જે પાયાનો જવાબ જડે છે તે આવો છે : પોતાના સ્વભાવને ઓળખીને તેના પર અંકુશ લાવવાની કળા આવડે ત્યારે ઉન્નતિની શરૂઆત થાય. સંસ્કૃત સુભાષિત પ્રમાણે તો સ્વભાવને જીતવો તે જ

ખરી બહાદુરી છે. स्वभावविजयः शौर्यम्. સ્વભાવ પર અંકુશ લાદવો એટલે, પોતાના દોષોને ગુણ માની લેવાની ટેવ છોડવી, પોતાના દોષોને જોવાની-સ્વીકારવાની ટેવ પાડવી, અને ખાસ તો, કોઈના છતા કે અછતા (હોય તેવા કે ન હોય તેવા) દોષોને જોવાની, જાણવાની, માનસિક નોંધ રાખીને અવસરે તેનો ઉપયોગ કરવાની આદતનો ત્યાગ કરવો. સુરેશ દલાલે એકવાર કહેલું કે, "કોઈને દોષિત ઠેરવવું સહેલું છે, પોતે નિર્દોષ રહેવું મુશ્કેલ છે."

બીજાના દોષ જોવાની ટેવ જેમનો સ્વભાવ બની જાય છે તેવા લોકોને પોતાનો દોષો કદી દેખાતા નથી હોતા. તેઓની પાકી માન્યતા હોય છે કે, અમારામાં તો દોષ છે જ નહિ, અને કોઈ જો અમારો દોષ દેખાડે તો તે તેની દૃષ્ટિનો દોષ છે, અમારો તો નહીં જ. આવા લોકો બે રીતે માર ખાવાના : એક તો એમના દોષો કદી મટવાના નહીં, અને બીજું તેમને ક્યારેય કોઈની સારી વાત દેખાશે જ નહિ, એટલે તેમનામાં પણ કોઈ સારી અર્થાત્ જીવનને ઉન્નત બનાવવાની વાત કદી આવશે નહિ. સારી વાત પણ બે રીતે હોય : વ્યવહારની રીતે સારી વાતો, અને જીવનની ઉન્નતિની રીતે સારી. વ્યવહારમાં સારી લાગતી વાત જીવનની ઉન્નતિની રીતે સારી જ હોય એવી ભ્રમણામાં પણ ઘણાનાં જીવન અટવાતાં રહે છે.

એક સંત હતા : હસન બસરી. દરિયા કિનારે ગયા. ગરમી સખત હતી. તેમણે જોયું કે, થોડે દૂર નાળિયેરી નીચે એક માણસ સૂતો હતો. તેની પાસે એક સ્ત્રી બેઠેલહ, અને તેનું માથું પંપાળતી હતી. પેલો થોડી થોડી વારે ઊઠીને પાસે પડેલા શીશામાંથી કાંઈક પ્રવાહી પીતો અને પાછો સૂઈ જતો.

સંતનું હૃદય નફરતથી ભરાઈ ગયું. 'આવો દારૂડિયો ! આવો લંપટ ! કેટલું ખરાબ !' તેઓ બબડ્યા. તેમને થયું કે, આના જેવો દુર્ગુણી આ ધરતી પર બીજો કોઈ નહિ હોય.

અચાનક દરિયામાં તોફાન જાગ્યું. માણસો-ભરેલી એક હોડી ડૂબવા લાગી. તેમની ચીસોથી વાતાવરણ કરુણ થઈ પડ્યું. સંતને એ જોતાં કરુણા તો ઘણી આવી, પણ તરતાં ન'તું ફાવતું, એટલે દયાળુ અને ચિંતાતુર નજરે જે થાય તે જોતાં રહ્યા. તે ક્ષણે એકાએક પેલો સૂતેલો માણસ ઊઠ્યો. દોડ્યો. તેણે પાણીમાં ઝંપલાવ્યું. તરીને હોડી પાસે પહોંચ્યો અને ડૂબી રહેલા તમામ લોકોને તેણે બચાવી લઈ કિનારે પહોંચાડ્યા.

સંત તો ભારે આશ્ચર્ય સહ આ દૃશ્ય જોઈ જ રહ્યા !

પેલો માણસ, થોડીવાર પછી પરવારીને સંત પાસે આવ્યો, પ્રણામ કર્યા, અને પોતાની વાત કહી કે હું અહીં, દરિયાકાંઠે જ વસું છું. તોફાનોમાં કે અકસ્માતમાં સપડાયેલા લોકોને આ રીતે મદદ કરું છું. સખત થાક અને ગરમીને લીધે હું જરા વિસામો લેતો પડ્યો હતો. આપ તો સંત છો, છતાં એક વાત કહું કે આ સ્ત્રી છે તે મારી માતા છે, અને પેલા શીશામાં દેખાતું પ્રવાહી તે ચોખ્ખું મીઠું પાણી છે. આપને તરસ લાગી હોય તો આપ પણ તે પી શકો છો.

સંત શું બોલે ?

પેલો તો પોતાના સ્થાને ચાલ્યો ગયો, પરંતુ સંતને પોતાની જાત પ્રત્યે ભારે તિરસ્કાર થયો. એમણે એ જ ક્ષણે નિષ્કર્ષ તારવ્યો કે ઈશ્વરે પ્રત્યેક મનુષ્યમાં કાંઈક ને કાંઈક ખૂબી કે વિશેષતા મૂકી જ હોય છે. જે કામ આપણા માટે અઘરાં અને અશક્ય હોય એવાં કામો, સાધારણ લાગતાં માણસો બહુ આસાનીથી કરી શકતા હોય છે. તેથી કયારેય કોઈ વ્યક્તિને ખરાબ તો નહીં જ, પરંતુ સામાન્ય/તુચ્છ માનવાની પણ ભૂલ કરવી નહિ. (સંકલિત).

સાર : દૃષ્ટિ, સંત મનાતા માણસની પણ ખરાબ હોઈ શકે છે,

ખરાબ ગણાતો / લાગતો માણસ પણ સારો હોઈ શકે છે. અસ્તુ.

(મહા, ૨૦૬૮)

* * *

જીવન સ્વસ્થ, શાન્ત, પ્રસન્ન બની રહે તે માટેનું મુખ્ય અને ખરું કારણ ચિત્તની શાન્તિ છે. ચિત્ત શાન્ત હોય તો જ જીવન સંઘર્ષમુક્ત બને. ચિત્ત અશાન્તિ અનુભવતું હોય અને જીવન સરસ રીતે ચાલે એ અશક્ય બાબત છે.

ચિત્તની અશાન્તિનું કારણ છે મલિનતા. ચિત્ત જો મલિન ભાવો એટલે કે વિચારો અને વિકલ્પોથી ભરેલું કે ખરડાયેલું હોય તો તે કદી શાન્ત નહિ થાય, અશાન્ત જ રહેશે. મલિન ભાવો પણ ઓછા નથી હોતા. ચિત્તમાં ઊગનારા તમામ મલિન ભાવોનાં નામો આપણને આવડતાં નથી અને તેની ગણતરી પણ થઈ શકે તેમ નથી, એટલે જ્ઞાનીઓએ તે મલિનતાને બે શીર્ષક હેઠળ વહેંચી દીધી છે : વિષય અને કષાય, અથવા તો રાગ અને દ્વેષ. આ બે મુખ્ય મલિન તત્ત્વો છે, અને તે દરેકના પરિવારસમા મલિન ભાવો અસંખ્ય - ગણી ન શકાય તેટલા છે. આપણા ચિત્તમાં તેમાંનો કયો મલિન ભાવ ક્યારે ઊગશે અને ક્યારે આપણા ચિત્તને ખરડી દઈને અશાન્ત કરી મૂકશે, તે અકલ્પ્ય જ હોય છે.

આપણે રીસ અને ગુસ્સો કરીએ છીએ, દ્વેષ કરીએ છીએ, ઈર્ષ્યા કે અદેખાઈ પણ કર્યા કરીએ છીએ, ઘૃણા કે નફરત પણ થયા જ કરે છે, આ બધાં જ વાનાં મલિનતા ગણાય. બીજાની ખરાબ વાતો કે ભૂલો જોયા કરવાની અને તે વિષે જાણવાની તેમ જ તેની નિંદા કે ટીકા કરવાની પણ ચિત્તને આદત હોય છે. એ પણ મલિનતા જ છે.

પોતાની ખોડ-ખામીને સામાન્ય કે સહજ ગણવી, તેને ધ્યાનમાં ન લેવી, તેના માટે અફસોસ ન કરવો કે તે સુધારવાની જરૂરત પણ ન અનુભવવી, કોઈક તે પરત્વે ધ્યાન દોરે કે વાત કરે તો તેને પ્રત્યાઘાતી ગણીને તેનો તિરસ્કાર કરવો, આ પણ એક પ્રકારની ભયાનક મલિનતા છે.

ચિત્તને શાન્ત કરવા અને રાખવા ઇચ્છે, તેના માટે ઉપર વર્ણવી તેવી સઘળીય મલિનતાઓને ચિત્તમાંથી નાબૂદ કરવી એ અતિ અગત્યનું કામ ગણાય. ખરેખર તો એમ કહી શકાય કે જે પોતાની ભૂલ અને દોષને જોઈ-ઓળખી શકે છે, તેને કબૂલી શકવા જેટલો નિખાલસ થઈ શકે છે, અને તેને સુધારવાનો પ્રમાણિક પ્રયાસ કરી શકે છે, તેનું જ ચિત્ત શાન્ત બની શકે છે.

અન્યના દોષ તરફ જ લક્ષ્ય આપનારા તો બેવડી મલિનતાના ભોગ બને: પોતાની અંગત મલિનતાઓ તો ચિત્તમાં હોય જ, અને વધારામાં બીજાની મલિનતાઓનાં દર્શન અને તેની નોંધ રાખવાની ટેવને લીધે આવતી મલિનતાઓનો પણ તેને લાભ મળે ! પરિણામે, ચિત્ત શાન્ત થવાની વાત તો દૂર,પણ તેની અશાન્તિ *સતત વધતી જ રહે છે, અને તેને કારણે જીવનમાં ક્લેશ તથા સંઘર્ષ પણ વધતા* જ રહે છે.

* * *

ચિત્તની મલિતનાઓ વિષે વિચાર ચાલે, ત્યારે કાંઈ ને કાંઈ અવનવું જાણવા મળ્યા જ કરે છે. હમણાં એક વાત એવી ધ્યાનમાં આવી કે મોટાભાગનો સમાજ 'ક્રોધ'ને ઉપદ્રવ માને છે, પણ અભિમાનને અને માયા-કપટને ઉપદ્રવ તરીકે ભાગ્યે જ સ્વીકારે છે, લોભને તો નહીં જ. કોઈ માણસ બહુ ગુસ્સો કરતો હોય - ક્રોધી હોય, અથવા કોઈ બાળક બહુ રીસાળ હોય, તો તેને માટે તેના પરિવારના સભ્યો ફરિયાદ કરશે કે આને/આમને જરા સમજાવો. બહુ ક્રોધ કરે છે, બધાંને બહુ ત્રાસ થાય છે, આમનો ક્રોધ શાન્ત થાય એવો વાસક્ષેપ નાખો ! વગેરે.

આવી ફરિયાદ હજી સુધી કોઈએ અભિમાન, માયા, લોભ માટે કરી હોય તેવું યાદ નથી આવતું. આનામાં/આમનામાં અહંકાર બહુ છે, પોતે પોતાને જ 'કાંઈક' સમજે છે, બીજાને તો સાવ તુચ્છ ગણે છે, બીજાઓ સાથેનો વ્યવહાર સાવ રૂક્ષ અને તોછડો છે, એનું કાંઈક કરો, અને એને હળવો પાડો, અથવા હળવો પડે તેવો વાસક્ષેપ નાખો, આવું કદી કોઈ કોઈના માટે કહેવા આવ્યું નથી. આવું જ 'માયા' માટે પણ. આ વ્યક્તિ બહુ કપટથી વર્તે છે, લુચ્ચાઈ કે અંચાઈ બહુ કરે છે, પોતાનો વાંક સિફતથી અથવા અધિકારના જોરે બીજા પર ઢોળે છે અને બીજાની સારી કામગીરીનો જશ પોતે જ લે છે, આ કપટી સ્વભાવ બદલવાનું સમજાવો, એવી ફરિયાદ હજુ સુધી મળી નથી. અનુભવ તો એવો થાય છે કે આ અહંકારને, લુચ્ચાઈને કે અંચાઈને 'સામાજિક ગુણ' તરીકે લેખવામાં આવે છે. મલિનતા પણ જ્યાં ગુણ તરીકે સ્થાન પામતી હોય ત્યાં ચિત્ત શાન્ત બને અને જીવન સ્વસ્થ બને, એવી આશા રાખવી તે મૂર્ખતા જ ગણાય. ખરેખર તો આવી મલિનતાઓ ધરાવતું વ્યક્તિત્વ મહત્ત્વાકાંક્ષી જ હોય, અને મહત્ત્વાકાંક્ષા જેવી

મલિનતા, જીવનશુદ્ધિ માટે મથતા ચિત્તમાં, બીજી એક પણ નથી હોતી. વિડંબના એ છે કે, આપણી ધર્મકરણીને અને જીવનશુદ્ધિને કશી જ લેવાદેવા નથી રહી! ધર્મ કરી લેવો, એ જીવનશુદ્ધિ માટેના પ્રયત્ન કરતાં ઘણો સહેલો હોય છે. ધર્મ એ પુરુષાર્થ ત્યારે જ બને, જ્યારે જીવનશુદ્ધિના લક્ષ્ય સાથે તે થાય. અસ્તુ.

(ફાગણ, ૨૦૬૯)

* * *

## (૪૩)

આજે થોડુંક 'અસત્યપુરાણ' આલેખવું છે. આપણો સમય અસત્યનો સમય છે. એને 'અસત્યયુગ'ના નામે ઓળખાવી શકાય.

અસત્ય એટલે જૂઠ, જૂઠું. એક જાડા નિરીક્ષણ અનુસાર, આ દુનિયામાં સહુથી વધુ મીઠી કોઈ ચીજ હોય તો તે 'જૂઠું' છે. જૂઠથી વધુ મીઠી વાત બીજી એકેય *નહીં* જડે. વાત સાચી પણ છે. જો એ મીઠું ન હોત તો પ્રત્યેક માણસ, ડગલે ને પગલે, તેનો ઉપયોગ કે પ્રયોગ કરે છે તે ન કરતો હોત.

જૂઠું બોલવું એ લગભગ માણસનો સ્વભાવ બની ગયો છે. સ્વભાવ એટલા માટે કે હવે માણસ કશા કારણ વગર પણ અને કશોય લાભ ન થતો હોય તો પણ જૂઠું બોલતો રહે છે. એની આ ટેવને એનો મોબાઈલ ફોન નિરંતર બળતણ પૂરું પાડતો હોય છે. કારણ હોય ત્યારે કોઈ જૂઠું બોલે તો તે સમજાય. કશાક લાભની આશા હોય કે નુકસાનથી બચવાની વૃત્તિ હોય ત્યારે જૂઠું બોલવાનું આવે તે પણ ગળે ઊતરે. કોઈ ખાસ પ્રયોજનવશ માણસે જૂઠું બોલવાનું આવે તે પણ સ્વીકારી શકાય. પરંતુ કશા જ કારણ કે પ્રયોજન વગર, કોઈ જ લાભની આશા કે નુકસાનનો ભય ન હોય તોય, માત્ર ટેવવશ માણસ જૂઠનું સેવન કર્યા કરે, ત્યારે જરાક મૂંઝવણ થઈ આવે.

અત્યાર સુધી એમ લાગતું હતું કે, જૂઠું બોલવું એ એક ટેવ છે. પણ હવે અનુભવે એમ સમજાય છે કે જૂઠું બોલવું એ ખરેખર તો એક કળા છે. જૂઠા માણસને, આ અર્થમાં, કળાકાર ગણી શકાય. પોતાની આ કળા વડે એ ગમે તેવું જૂઠ બોલી શકે છે, અને તે 'સત્ય' હોવાની પ્રતીતિ તે સામા માણસને અચૂક કરાવી શકે છે. તે વખતે કોઈ સત્ય વાત રજૂ કરે તો તેને પણ જૂઠા ઠરાવવાનું સામર્થ્ય તેની આ કળામાં હોય છે. આવા માણસને જૂઠું બોલવામાં એક જુદા જ પ્રકારનો આનંદ આવતો હોય છે. પોતાની જૂઠ-કળાના પ્રતાપે સામો માણસ મૂંઝાય-અટવાય-ગોથાં ખાય કે પછી ખોટે રવાડે ચડી જાય ત્યારે તે જોવાની તેને બહુ મજા આવતી હોય છે. અને પેલો માણસ થાકીને કે હેરાન થઈને તેને ફરિયાદ કરવા જાય ત્યારે તેની પાસે બીજું-સવાયું જૂઠ તૈયાર જ હોય છે. જ્યાં સુધી પેલાને, એ જૂઠો હોવાની ખબર કે ખાતરી થાય નહીં, ત્યાં સુધી તેણે તેની કળાના ભોગ બનતાં રહેવું એ જ તેની *નિયતિ* હોય છે. છેવટે જ્યારે ક્યારેક ભેદ ખુલે ત્યારે થતો મોહભંગ અસહ્ય હોય છે.

'જૂઠ'નો જોડિયો ભાઈ હોય છે કપટ. કપટ વિના જૂઠનું સેવન થઈ ન શકે. જૂઠ અને કપટની આદત ધરાવતો માણસ મનનો મેલો-પેટમેલો જ હોવાનો. એ કદી કોઈનો વિશ્વાસ ન કરે. અને લાંબે ગાળે એના પર પણ કોઈ વિશ્વાસ ન મૂકે.

નજીકના માણસોનો સ્નેહ અને વિશ્વાસ ગુમાવવા માટે જૂઠ સરીખું એકેય સાધન બીજું ન જડે. બોલીને ફરી જવું એ જૂઠની પદ્ધતિ છે. એમ લાગે છે કે હવે દોષનો ટોપલો આપણા શિરે આવશે, ત્યારે કાં તો અજાણ્યા થઈ જવું અને કાં તો સિફતથી કોઈને ગાળિયો પહેરાવી દેવો એ જૂઠની આગવી કળા છે. જૂઠનું સેવન એક હદ તક અવશ્ય સફળતા અપાવે, પરંતુ જ્યારે રહસ્ય ખુલે છે ત્યારે તે સફળતા બહુ મોંઘી પડતી હોય છે. જૂઠ થકી મનુષ્ય ધાર્યા કામ જરૂર કરી શકે, પણ અન્યનો વિશ્વાસ કે પ્રેમ તે ભાગ્યે જ મેળવી શકે.

આત્મિક દૃષ્ટિએ જોઈએ તો અસત્ય એ મહાપાપ છે, એમ શાસ્ત્રો વર્ણવે છે. શાસ્ત્રમાં એક પ્રસંગ - રૂપકાત્મક રીતે વર્ણવ્યો છે:

એક ચંડાળણી સ્ત્રી હાથમાં પાણી ભરેલું ઠામ લઈને જાહેર રસ્તા પર જતી હતી, અને રસ્તા પર પગલે પગલે પાણીનો છંટકાવ કરી રહી હતી. તેને કોઈકે પૂછ્યું : આ શું કરે છે બાઈ ? તેણે કહ્યું – ભૂમિશુદ્ધિ કરું છું. આ રસ્તો અપવિત્ર થઈ ગયો છે તેને ગંગાજળ વડે શુદ્ધ કરું છું. પેલાએ પૂછ્યું : પણ તું તો માંસાહારી ! બધી રીતે અપવિત્ર ! તું વળી શુદ્ધિ કેવી રીતે કરીશ ? શા માટે ? પેલી બાઈએ કહ્યું તે આપણી આંખ ખોલી દેનારું છે. તેણે કહ્યું : હું ભલે અપવિત્ર રહી, પણ મારા ચાલવાથી આ રસ્તો અભડાતો નથી. આ રસ્તા પર જૂઠું બોલનારા માણસો ચાલ્યા છે અને તેમના અસત્ય-સેવન થકી આ રસ્તો ખરડાયો છે. તે અસત્યની અપવિત્રતાને ટાળવા માટે હું આ ગંગાજળ છાંટું છું. બાર વ્રતની પૂજામાં કવિ શુભવીરે આ રૂપકને આ શબ્દોમાં ગૂંથ્યું છે :

**"માંસાહારી માતંગી બોલે, ભાનુ પ્રશ્ન ધર્યો રે,**
**જૂઠા નર જળ ભૂમિ શોધન જળ છંટકાવ કર્યો રે.**
**મોહન મેરો, મુગતિસે જાઈ મળ્યો રે."**

જૂઠું બોલવાનાં ચાર કારણો શાસ્ત્રકારે જણાવ્યા છે : ક્રોધથી, ભયથી, લોભથી, હાંસીમાં. આ ચાર મુખ્ય કારણો, તેના પેટા કારણો અનેકવિધ હોઈ શકે. માણસ કાં તો ગુસ્સે ભરાય ને જૂઠું બોલે. કાં કશુંક મેળવવાના લોભમાં જૂઠું બોલે. વટ પાડવો, વાહવાહ મેળવવી, કીર્તિ રળવી - એ બધું પણ આમાં જ - લોભમાં જ આવી જાય. ઘણીવાર સાચા કે ખોટા ભયના માર્યા માણસ ખોટું બોલે/કરે. અથવા તો હાંસી-મજાક પણ જૂઠું બોલાવે.

આ ચાર કારણો ઓછાં થાય, પાતળાં પડે એવી અપેક્ષા તો જરૂર રાખી શકાય. સાવ નાબૂદ ભલે ન થાય, પણ ઘટાડીને હળવાં તો કરી જ શકાય.

શાણો માણસ આ બધાં વાનાં ઓછા થાય તેમ અવશ્ય વર્તી શકે. તેમ ન કરે, ન કરી શકે અથવા તેમ કરવું ન ગમે - ન પાલવે, તેવા માણસને શાણો ગણવાની આદત પણ હવે બદલવા જેવી લાગે.

**(ચૈત્ર, ૨૦૬૯)**

* * *

## (૪૪)

### સંયમનો અભ્યાસ

એક સાધુ તરીકે જીવેલાં કેટલાંક વર્ષો ! તે વર્ષોમાં માણેલી આનન્દાનુભૂતિ ! તેનું વળી વર્ણન કરવાની સૂચના !

આ માગણી વાંચીને જ હું તો હેબતાઈ ગયેલો ! આવી કઠિન માગણી ? તેને ન્યાય આપવા જતાં જાત પ્રત્યે અપ્રમાણિક નહીં થઈ જવાય તેની ખાતરી શી ? માગણી કરનારા પેલાં શાસ્ત્રવચનોને લક્ષ્યમાં રાખીને પૂછે છે : 'સાધુ તો સદા સુખી હોય, સાધુ તો અનુત્તરવિમાનના દેવથી પણ ચઢિયાતા હોય' વગેરે. હવે પૂછનારાની જેમ આપણે પણ આ વચનોના અર્થને આપણી જાત માટે લાગુ પાડી દઈને જ વાત કે વિચાર કરીએ, તો આપણે દંભી, મૃષાભાષી તથા અપ્રમાણિક ન બની જઈએ ? એટલે આ માગણીનો પત્ર આવતાંવેંત નક્કી કરી લીધેલું કે આનો જવાબ આપવો નહિ. આટલી કઠિન વાતનો જવાબ આપવો પણ કેવી રીતે ?

ઉઘરાણી કરતો બીજો પત્ર થોડા જ દિવસમાં આવ્યો. ટૂંકા લખાણમાં નીતરતું આર્જવ સ્પર્શી ગયું. અને તેના જવાબમાં નીપજ્યું આ લખાણ :

* * *

સાધુપદ તો બહુ બચપણમાંથી લાધી ગયું. પૂર્વ જન્મોના કોઈ શુભ સંસ્કારોના કારણે, માતાની ધર્મપ્રેરણાનાં નિમિત્તે, મોહ કર્મની હળવાશને લીધે, ગુરુભગવંતોની કરુણાને લીધે. સમજણની રીતે અવ્યક્ત હોઈશ, પણ દીક્ષા મળ્યાનો એક આનંદ, બચપણમાં પણ, સતત હૈયે વર્તતો રહ્યો છે. દીક્ષા લીધા બદલ પસ્તાવો કે સંતાપ તો, મોટા થયા પછી પણ, નથી થયો - કદીયે.

હા, જેમ જેમ સમજણ વધતી ગઈ, તેમ તેમ એક સવાલ મનને પજવતો રહ્યો છે : આપણું (મારું-એમ સમજવું) જીવન શાસ્ત્રકથિત સાધુપદને અનુરૂપ છે ખરું ? જો ના, તો હું 'સાધુ' વેષને કારણે મળતા લાભો મેળવવાને હકદાર ગણાઉં ખરો ?

મારી આ મૂંઝવણ મેં મારા ઉપકારી ગુરુજનો સાથે નિર્મળભાવે ચર્ચી છે. તે ભગવંતોએ પણ મિત્રભાવે મને સાંભળીને માર્ગદર્શન આપ્યું છે. ગુરુ મિત્ર પણ બની શકે, તે વાત આવા પ્રસંગે અનુભવાઈ છે.

એક વખત શ્રીગુલાબદાસ બ્રોકરે મને પૂછેલું : આ ભાઈ વંદન કરે છે તમને, તે પળે તમારા મનમાં કેવો ભાવ જાગે ? અભિમાન જાગે ? હું વંદનીય અને આ તુચ્છ, એવો વિચાર, કોઈ પળે પણ, આવે ખરો ?

મેં પળનોય વિલંબ કે વિચાર વિના તેમને આપેલા જવાબનો ભાવ આવો હતો : મને કોઈ આવી રીતે વંદન કરતું હોય ત્યારે મનમાં ભારે સંકોચ થાય છે. અભિમાન તો નથી થતું, કેમ કે અભિમાન કરવા જેવું કાંઈ છે જ નહિ મારામાં. પણ એવો ક્ષોભ અવશ્ય થાય છે કે આ બધાનાં વંદન માટેની લાયકાત મારામાં છે ખરી ? જો ના, તો મારાથી વંદન કેમ લેવાય ? હવે વ્યવહાર એવો છે કે, વંદનનો અસ્વીકાર તો ન કરી શકાય. તેથી મનમાં એક પ્રાર્થના જાગે છે કે "ભગવંત ! આ બધાનાં વંદનો માટેની પાત્રતા મારામાં પ્રગટે એવી કરુણા કરજો."

* * *

મારી સાદી સમજણ અનુસાર વર્તમાન સમયમાં સાધુપદનો આસ્વાદ અને આહ્લાદ અનુભવવા માટે જે ખાસ વાતો હોવી જોઈએ તે આ છે : ૧. પોતાની અલ્પતાનું, ઊણપનું સતત ભાન. ૨. પરિતૃપ્તિ. ૩. વૈચારિક ઉદારતા. ૪. કારુણ્ય અને વાત્સલ્યથી લથબથતું હૈયું. ૫. શુદ્ધ ચારિત્રના અનુભવ માટેની તીવ્ર ઝંખના. ૬. અંતર્મુખતા.

તો કેટલીક બાબતો ન હોવી જોઈએ તે આ છે : ૧. મહત્ત્વાકાંક્ષી સ્વભાવ. ૨. વેષ ધર્યો એટલે અમે સબકુછ એવો ભાવ. ૩. ક્ષુદ્રતા. ૪. ઈર્ષ્યા. ૫. પરના દોષોનું દર્શન તથા વર્ણન. ૬. લોકસંપર્કની, માન-પૂજાની લાલસા. ૭. બહિર્મુખતા.

એવું નથી કે આ બધું હોવા જેવું મારામાં છે અને ન હોવા જેવાં મારામાં નથી. પરંતુ એટલું તો પ્રમાણિકપણે કહી શકાય કે ન હોવા જેવી બાબતો જે ક્ષણે જે અંશે ખુદમાં જોવા મળી કે મળે છે, તે ક્ષણે 'આ ઠીક નથી કરતો' એવો બોધ અવશ્ય વર્તે છે. અને તે બદલ ડંખ તથા પશ્ચાત્તાપ પણ થયા વિના નથી રહેતો. સાથે જ, હોવા જેવી કોઈ વાત કોઈવાર ખુદમાં જોવા મળી જાય તો તેનો ગર્વ ન થઈ આવે તેટલી સભાનતા પણ મહદંશે જાળવી શકાય છે.

જીવનનો કે સાધુતાનો અલ્પાંશે પણ જો આનંદ છે, તો તેનું રહસ્ય આ સ્થિતિમાં જ છે, એમ કહી શકાય.

મારી અંગત એક સમજણ એવી પણ છે કે, આ કાળમાં આપણે ત્યાં જે સાધુપદ છે, તે અભ્યાસદશાનું સાધુપદ છે. ઘણા ઘણા ભવો સુધી સાધુપદનો અભ્યાસ કરીએ, ત્યારે અંતિમ ભવમાં કે કોઈક ભવમાં શુદ્ધ એટલે કે શાસ્ત્ર-વર્ણિત સાધુપદ સિદ્ધ થાય. હા, આ કાળમાં પણ સાધુપદની ભૂમિકામાં તરતમતા હોઈ શકે. કોઈ એકડિયામાં હોય. કોઈ પાંચમામાં હોય તો કોઈ દશમામાં પણ હોઈ શકે છે. પણ કોઈ ને કોઈ કક્ષાએ તે અભ્યાસ-દશાના સાધુપદમાં જ છે, એવી મારી સમજણમાં કાંઈ આટલાથી ફેર પડતો નથી. આથી જ, ક્યારેક અમુક અમુક જીવોને 'અમે ઉત્કૃષ્ટ સાધુ છીએ. અને બીજા બધા નબળા છે', એવું માનતા તથા વર્તતા જોઉં છું, ત્યારે હૃદયમાં અનુકંપા જાગે છે કે આ મૃષાવાદ અથવા દંભ આ જીવોને ક્યાં ફંગોળી દેશે ? સાથે જ એક અકથ્ય આનંદ પણ થાય છે કે પ્રભુની ને ગુરુની કૃપાથી મારામાં આવો હલકો અધ્યવસાય થતો નથી.

* * *

આપણે ત્યાં ઘણીવાર વિવિધ આનંદ વર્ણવાતા હોય છે. અમુક વાત પ્રથમવાર કર્યા-કરાવ્યાનો આનંદ, અમારા હસ્તક થયાનો આનંદ, આંકડાકીય આનંદ, સંખ્યા, ભીડ, ધનવ્યયનો આનંદ, ઇત્યાદિ.

મને આ બધું બિનજરૂરી લાગ્યા કરે છે. મારા ચિત્તમાં તો એક જ આનંદ હંમેશા, વારે-પરબે ઊગતો હોય છે. સાધુપદ મળ્યાનો આનંદ. ૧૪ રાજલોકમાં ક્યાંક જ અને ક્યારેક જ સાંપડે અને વળી કોઈકને જ સાંપડે તેવું, ભગવાન જિનેશ્વર દેવના મોક્ષમાર્ગનું સાધુપદ, આ પડતા કાળમાં, મને શી રીતે મળ્યું, તેનો વિસ્મય જ હજી લગી ચિત્તમાંથી શમતો નથી. આ પદ પામવાથી મોટો આનંદ આ જગતમાં બીજો ક્યો હોય ? એક પણ નહિ. આ પદ પામવું એ સ્વયં એક રેકોર્ડ છે, રેકોર્ડ બ્રેકિંગ બાબત છે, વિશ્વવિક્રમ છે. આવું સર્વોચ્ચ પદ પામ્યા પછી બીજી કઈ મહત્ત્વાકાંક્ષા શેષ રહે ! શા માટે કોઈનો પક્ષપાત કે કોઈને અન્યાય થાય તેવું કરવું પડે ! મૈત્રી અને પ્રમોદ સિવાયનો કોઈ પણ ભાવ, પછી હૈયામાં આવી જ કેમ શકે ?

('માણ્યુ તેનું સ્મરણ' ગ્રંથમાંથી સાભાર, સૂરતથી પ્રકાશિત ગ્રંથ)

* * *

## (૪૫)

## આગમ તત્ત્વચિંતન

**आगच्छति आचार्यपरम्परया वासनाद्वारेण इति आगमः ।**

અર્થાત્ આચાર્યોની પરંપરાથી વાસના દ્વારા જે આવે છે તે 'આગમ' છે. આગમનું બીજું નામ છે 'સૂત્ર'. જે અર્થથી તીર્થંકરે પ્રરૂપેલું હોય અને શબ્દ - અક્ષર - વ્યંજનાદિરૂપે ગણધર ભગવંત, ૧૪ પૂર્વધર, દશ પૂર્વધર તથા પ્રત્યેકબુદ્ધ મુનિરાજે ગૂંથ્યું હોત તે 'સૂત્ર' ગણાય છે.

આ આગમના મુખ્ય બે ભેદ છે : અંગપ્રવિષ્ટ શ્રુત, અને અંગબાહ્ય શ્રુત. અંગપ્રવિષ્ટ શ્રુત એટલે દ્વાદશાંગી - બાર અંગરૂપ ગણિપિટક પ્રવચન. તેની રચના સ્વયં ગણધરો દ્વારા થઈ છે. તેની શાસ્ત્રોમાં વર્ણવેલી પદ્ધતિ આ પ્રમાણે છે :

ભાગવતી દીક્ષા ગ્રહણ કર્યા બાદ ગણધરો તીર્થંકર પ્રભુને પ્રણિપાત કરીને 'किं तत्तं' એમ પ્રશ્ન કરે છે. તીર્થંકર તેના ઉત્તરમાં કહે છે : 'उप्पन्नेइ वा'. ત્યારબાદ ફરીથી પ્રણામપૂર્વક ગણધર પૂછે કે 'किं तत्तं ?' ત્યારે તીર્થંકર કહે કે 'विगमेइ वा' તે પછી ત્રીજીવાર વંદનપૂર્વક ગણધર પૂછે કે 'किं तत्तं' ? ત્યારે તેના ઉત્તરમાં તીર્થંકર કહે કે 'धुवेइ वा' ।

આ રીતે ગણધરો દ્વારા પૂછવામાં આવતા ત્રણ પ્રશ્નોને પ્રશ્નત્રિતય, ત્રણ નિષદ્યા અથવા નિષદ્યાત્રય - એવાં વિવિધ નામથી ઓળખવામાં આવે છે. આ નિષદ્યાત્રયથી તથા તેના ઉત્તરરૂપ ત્રિપદી એ ગણધરને ગણધર નામકર્મનો ઉદય થાય છે, તથા ઉત્કૃષ્ટ મતિ-શ્રુત જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમ થતાં જ તે ગણધર ૧૪ પૂર્વો-સમેત દ્વાદશાંગી શ્રુતની રચના કરે છે. તે દ્વાદશાંગી તે જ છે અંગપ્રવિષ્ટ શ્રુત - બાર અંગો.

આમ, ગણધર ભગવંત દ્વારા રચેલાં આગમો તે અંગગત કે અંગપ્રવિષ્ટ શ્રુત તરીકે ઓળખાય છે. આ શ્રુતને 'નિયત' શ્રુત તરીકે પણ ઓળખાવ્યું છે અને આગમપુરુષનાં મુખ્ય અંગો લેખે ગોઠવાયું હોવાથી એ 'અંગગત' કહેવાયું છે.

જ્યારે ગણધર સિવાયના ભગવંતોએ રચેલું શ્રુત તે અંગબાહ્ય શ્રુત ગણાય છે. તે આગમપુરુષના અંગથી બહાર વ્યવસ્થિત થયું હોવાથી 'અંગબાહ્ય', અને તે દ્વાદશાંગીની જેમ નિયત ન હોવાથી 'અનિયત' શ્રુત ગણાય છે.

અંગગત શ્રુતમાં બારમું દૃષ્ટિવાદ-અંગ વિચ્છેદ પામ્યું છે, તેથી હાલ આચારાંગ સૂત્ર વગેરે અગ્યાર આગમો વિદ્યમાન છે, અને અંગબાહ્ય શ્રુતમાં બાર ઉપાંગ, છ છેદ સૂત્ર, ચાર મૂળ સૂત્ર, દશ પયન્નાસૂત્ર તથા શ્રીનંદી સૂત્ર અને અનુયોગદ્વાર સૂત્ર - આમ કુલ મળીને ૪૫ આગમસૂત્રો હાલ વિદ્યમાન છે.

વીતેલાં અઢી હજાર વર્ષોમાં આપણા દ્વાદશાંગી પ્રવચન રૂપ આગમસૂત્રોએ *અનેક અનેક ચડાવ-ઉતાર જોયા છે. કંઠસ્થ પરંપરા આ સૂત્રોની એકમાત્ર વાહક* હતી. ગુરુ શિષ્યને આગમો શીખવે. શિષ્ય યાદ રાખે અને જાળવે. આમ સેંકડો વર્ષો ચાલ્યું. પરંતુ તે સમયગાળામાં વારંવાર બાર બાર વર્ષના દુકાળો પડ્યા. ક્યારેક શ્રુતધર પુરુષ કોઈને બધું આપે તે પહેલાં વિદેહ થતા ગયા. ક્વચિત્ પાઠ ગ્રહણ કરવામાં તથા કંઠે રાખવામાં શિષ્યોએ પ્રમાદ સેવ્યો. કાં અશક્તિ આદિ કારણોસર સ્મૃતિભંગાદિ દોષો નડ્યા. આવા વિવિધ કારણોસર આગમો લુપ્ત થતાં ગયાં, કાં તો આગમોના ઘણા અંશો ભૂલાયા.

તેમ છતાં, તે આગમો અને તેના અંશોની જાળવણી કરવા માટે આપણા મહાન પૂર્વપુરુષોએ અનેકવિધ પ્રયાસો કર્યા છે તે હકીકત છે. મહામેઘવાહન સમ્રાટ ખારવેલે બોલાવેલી સંગીતિ, પૂર્વધર ભગવંત શ્રીભદ્રબાહુસ્વામીએ આપેલી વાચના, કાળાંતરે સ્કંદિલાચાર્યજીની માથુરી વાચના, નાગાર્જુનાચાર્યજીની તથા તેમના પછીની દેવર્ધિ ગણિક્ષમાશ્રમણની એમ બે વલભી વાચના, બીજી વલભી - વાચનામાં વિદ્યમાન અને ઉપલબ્ધ શ્રુતજ્ઞાનને પુસ્તકારૂઢ કરવાનો ભવ્ય પુરુષાર્થ - આ બધાં ઉમદા પરિબળોને કારણે આગમોનો વધુ વિચ્છેદ થતો રોકાઈ ગયો અને આજે આપણા સંઘ પાસે જે આગમો ઉપલબ્ધ છે તે આ વલભી વાચનાને જ આભારી છે, એમ કહી શકાય.

અગાઉ પુસ્તક રાખવામાં, લખવામાં દોષ મનાતો. પુસ્તકને પરિગ્રહ ગણવામાં આવતા. કાળના પરિવર્તન સાથે પુસ્તકલેખનને ધર્મનું, ધર્મ-આરાધનાનું એક શ્રેષ્ઠ અંગ અથવા કારણ ગણવામાં આવ્યું. ભગવંત હરિભદ્રાચાર્યે લખ્યું કે

**"तथा सिद्धान्तमाश्रित्य, विधिना लेखनादि च ।**
**लेखना पूजना दानं श्रवणं वाचनोद्ग्रहः ।**
**प्रकाशनाऽथ स्वाध्याय-श्चिन्तना भावनेति च ॥"**

અર્થાત્ પુસ્તકલેખક આદિને 'યોગબીજ' તેમણે ગણાવ્યું. આ ઉપરથી એટલું જ ફલિત થાય કે બહુશ્રુત મહાપુરુષો દેશ-કાળના કે દ્રવ્યક્ષેત્રકાળભાવના પરિવર્તનને અનુરૂપ વિચારી શકતા અને ઉચિત તથા આવશ્યક ફેરફાર કરી શકતા. તેમ કરવામાં જડતા અને ઝનૂન કે કટ્ટરતા તેમને નડતાં નહિ.

આપણા દુર્ભાગ્યે વલભી વાચનાથી લઈને વિક્રમના નવમા દશમા સૈકા સુધીમાં લખાયેલ પોથીઓ ક્યાંય વિદ્યમાન નથી. બધું જ કાળના ગર્તમાં ગરકાવ છે. ૧૧મા સૈકાથી ૧૪મા સૈકા સુધીમાં લખાયેલ તાડપત્ર ગ્રંથો, સરખામણીમાં અલ્પ માત્રામાં, છતાં આપણને હરખ થાય તેટલી બહોળી સંખ્યામાં વિદ્યમાન છે. વિદેશી અને વિધર્મી લોકોનાં આક્રમણો, આપણી અણઘડતા, અંગ્રેજો દ્વારા લઈ જવાની પ્રવૃત્તિ, આવાં કારણોથી ઘણી પોથીઓ આપણે ગુમાવી પણ છે અને નષ્ટ પણ થઈ છે છતાં હજી થોડું ઘણું જળવાયું તો છે.

૧૨મા શતક પછી અને ૨૦મા શતક સુધીમાં લખાયેલી કાગળની લાખો પ્રતો આપણા સંઘ પાસે ઉપલબ્ધ છે.

૧૪મા શતકથી કે તે પછી આપણે ત્યાં અમુક ગ્રંથો સોના અને ચાંદીની શાહીથી લખવાની પ્રથા પ્રારંભાઈ. મુખ્યત્વે કલ્પસૂત્ર લખાવે. ઘણીવાર ગ્રંથ ચાલુ શાહીથી લખાય, પણ ચિત્રો તેમાં સોના વડે આલેખાતાં. પંદરમા સૈકામાં તથા તે પછીના સમયમાં લખાયેલી કલ્પસૂત્રની આવી પ્રતો, એક અંદાજ પ્રમાણે, દોઢસોથી બસો ઉપલબ્ધ થાય છે, જે શાસ્ત્રો પ્રત્યેની ભક્તિનું દ્યોતક છે.

વર્તમાન સમયમાં શાસ્ત્રલેખન દ્વારા શ્રુતભક્તિ અને શ્રુતરક્ષા પરત્વે એક પ્રકારની જાગૃતિનો જુવાળ જોવા મળે છે. અનેક ભાવિકો આ કાર્યમાં ધનવ્યય કરે છે અને ભગવાનનાં આગમો-શાસ્ત્રો માટે જે પણ સુકૃત થઈ શકે તે કરવા તેઓ તત્પર જોવા મળે છે. આને કારણે ચાલુ શાહીથી તેમજ સોનાની શાહીથી અનેક આગમો તથા ગ્રંથો લખાવા માંડ્યાં છે. અલબત્ત, ગઈ સદી સુધી તો એકલા ગૃહસ્થ લહિયા જ નહીં, પણ સાધુઓ પણ પોતાના હાથે પ્રતો લખતા હતા, તે પ્રકાર હાલ નથી જળવાયો. હાલમાં તો તાલીમપ્રાપ્ત ગૃહસ્થ લહિયા જ પ્રતો લખી આપે છે.

વર્તમાન યુગ એ મુદ્રણકલાનો યુગ છે. પશ્ચિમના પ્રભાવ હેઠળ આપણા દેશમાં પણ ગ્રંથો છપાતા થયા. આગમો પણ છપાયાં. પરિણામે સુલભતા થવાથી હસ્તપ્રતો

લખવા-લખાવવાની પ્રવૃત્તિ ખોરવાઈ ગઈ. અને સાધુવર્ગમાં તે વિષેની જાણકારી લગભગ નામશેષ થઈ ગઈ.

આપણો યુગ સંપાદનનો યુગ છે. સંશોધનનો યુગ છે. સંપાદનને પણ એક પ્રકારની વાચના જ ગણાવી શકાય. પ્રાચીન હાથપોથીઓને મેળવીને તેના આધારે પાઠનિર્ધારણ, અશુદ્ધિશોધન કરવાનું કાર્ય આજે વિશેષે વિકસ્યું છે. પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ તે આ મહાન કાર્યના પુરોધા અથવા તો પુરસ્કર્તા છે. આમ છતાં, વર્તમાનમાં પુનઃ હસ્તપ્રતો લખાવવાનો ઉત્સાહ જોવા મળે છે, તે એકંદરે આનંદદાયક બીના છે.

('આર્હત આગમોનું અલકોન; (હી. ર. કાપડિયા) પર આધારિત.)

* * *

# गुरुतत्त्व

પૂજ્યપાદ ગુરુમહારાજજીની ગયા મહિને થયેલી ઓચિંતી અને અણકલ્પી ચિરવિદાયથી, મારું - અમારું - આપણા સહુનું શિરછત્ર ઝૂંટવાયું છે. તેને કારણે જીવનમાં સર્જયેલા શૂન્યાવકાશ અથવા ખાલીપાને વર્ણવવા માટે કોઈ શબ્દ સૂઝતા નથી. શબ્દો જાણે કે સૂકાઈ ગયા છે ! હૃદય ક્ષુબ્ધ છે, આંખો સ્તબ્ધ. થીજેલી વેદનામાં વલોવાતું હૈયું, ઓગળીને આંસુવાટે વહી જવાનું સામર્થ્ય ગુમાવી બેઠું છે. બધું જ કોઈ મશીનની માફક ચાલ્યા કરે છે, નિષ્પ્રાણ, નિશ્ચેતન.

રડવું હોય તોય રડી ન શકીએ, હસવું ન હોય તો પણ હસવું પડે, આ પ્રકારની સ્થિતિ, આપણે - અમે સાધુઓ પણ -, સામાજિક પ્રાણી હોવાનો અહેસાસ સતત કરાવ્યા કરે છે. માનવ-મનને સ્પર્શતી આ કારમી વિડમ્બના છે.

'સાહેબ'નું ન હોવું, અચાનક જ સદાને માટે ચાલ્યા જવું, એ વાતનો સ્વીકાર કરવા જેટલી હિમ્મત હજી બંધાતી નથી. તો કાળદેવતાએ કે નિયતિએ સર્જેલી વાસ્તવિકતાનો ઇન્કાર કરવાનું પણ ક્યાં શક્ય છે ?

અનેક લોકોના મનમાં એક સવાલ ઘૂંટાય છે : ઘણાય પૂછે છે, પૂછાવે પણ છે કે એકાએક આમ કેમ બન્યું ? તબિયત ઢીલી હતી, પરંતુ કશુંક ગંભીર(સિરિયસ) હોવાનાં તો કોઈ એંધાણ નહોતાં, જવાબ પણ 'સારું છે' એમ જ હમેશાં મળતો હતો. તો અચાનક તબિયતમાં શું ફેરફાર થયો કે સાહેબ ચાલ્યા ગયા ?

અચાનક જ સાહેબે વિદાય લઈ લીધી, તેથી અમે બધા દિગ્મૂઢ અને કિંકર્તવ્યશૂન્ય બન્યા હોઈ, બધી વાતોનો શાંતિથી જવાબ આપવા અસમર્થ હતા, તેથી લોકો પોતાની સમજણ, અક્કલ અને પંચાતિયા મનોવૃત્તિનો ઉપયોગ કરીને, પોતાને અનુકૂળ એવો ખુલાસો શોધવા - વિચારવા લાગ્યા, અને તે રીતે પોતાને લાગેલી વાતો પ્રચારવા પણ લાગ્યા. સ્વાભાવિક રીતે જ આવી સ્થિતિમાં અનિષ્ટ તત્ત્વોનું ચડી વાગે. પરંતુ શોક-વ્યાકુળ અમે લોકો આ બાબતે તદ્દન નિરુપાય જ હતા. સાહેબની વિદાયજનિત વ્યાકુળતા જ આ દિવસોમાં સર્વોપરી રહી છે.

ઘણા એમ કહે છે કે "તમારા (મારા) આવવાની રાહ જોતા હતા. તમને મળી લીધું એટલે સંતોષ થઈ ગયો, અને ચાલ્યા ગયા." આ રીતે વિચારવું મને બરાબર નથી લાગતું. અમે વિહાર કરીને આવ્યા એ વાત સાચી. સાહેબની તબિયત સુધરતી હતી, અને પૂર્વવત્ સ્વસ્થ થઈ જવાની સહુને ખાતરી હતી. તે પણ ખરું.

વળી, અહીં અમે પહોંચ્યા પછી સાહેબના વીતેલા પંદર દિવસનાં ઉચ્ચારણો તથા વાતો સાંભળતાં લાગ્યું પણ ખરૂં કે અમે આવીએ છીએ તેથી પોતે બહુ ખુશ હતા; અને એ રીતે રાહ પણ જોતા હતા કે એ આવે પછી આમ કરીએ, તેમ કરીશું વગેરે. પરંતુ આ સ્થિતિને નકારાત્મક રીતે મૂલવવાની વાત કોઈ રીતે ઠીક નથી લાગતી. જો કે જે રીતે એકાએક વિદાય લીધી તે જોતાં કોઈ માણસ આવી રીતે વિચારવા પ્રેરાય તો તેમાં કોઈ દોષ નથી. પરંતુ વાસ્તવમાં એવું નહિ હોય, એમ સમજાય છે.

અમે ચૈત્ર વદિ બીજી તેરસે આવ્યા. એ દિવસે પહોંચવાનો ચોક્કસ સમય પણ તેમણે જ મોકલેલો. આખો દિવસ બેઠા, વાતો કરી, આહારાદિ પણ સાથે જ કર્યું. ડોક્ટરોની અને લોકોની નજરે તો તબિયત સારી હતી, અને થોડા જ દિવસમાં ઊભા થઈને નીચે દેરાસરે જશે તેવો વિશ્વાસ પણ હતો. પરંતુ મને, બે દહાડાના લગભગ સતત નિરીક્ષણ પછી, લાગવા માંડ્યું કે, કહો ના કહો, સાહેબની તબિયત સુધરવાની દિશામાં નથી જણાતી. અમાસના દિને સવારે ૯ લગભગ મેં જયંતીભાઈને સંદેશો કહાવ્યો કે ડોક્ટરો ભલે આપણને કહે કે 'કાંઈ વાંધો નથી, ને થોડા દિનમાં સારા થઈ જશે,' પરંતુ સાહેબની પ્રત્યક્ષ સ્થિતિ જોતાં કાંઈ બરાબર નથી લાગતું.

ચૌદશે પેટ વાયુને લીધે ફૂલી ગયું. અસહ્ય અકળામણ. પેટમાં મળ હોવાની બીક. ડોક્ટરોના માર્ગદર્શન પ્રમાણે 'એનિમા' અપાતાં મલશુદ્ધિ થઈ અને વાયુ ઘટતાં થોડી હળવાશ થઈ. મળ ખૂબ નીકળ્યો. પરંતુ એ હળવાશ ક્ષણજીવી જ રહી. થોડી જ વારમાં એમની અકળામણ વધવા લાગી. તે સાંજથી આહારનો ઈન્કાર કરવાનું શરૂ કર્યું. બહુ સમજાવીએ, કરગરીએ, ત્યારે થોડોક આહાર પરાણે લે. ડોક્ટર કે આગેવાન શ્રાવકો કે કોઈ વિશેષ વાત આવે તો રસપૂર્વક સભાનપણે વાત, ચર્ચા કરે, સવાલ - જવાબ કરે, પણ તે પતે કે તરત જ વ્યાકુળતા ચાલુ. ડોક્ટરો માટે આ નવું નહોતું. પાછલાં બે અઢી વર્ષનો આવો જ સિલસિલો હતો કે શ્વાસ ચડે, ગભરામણ થાય, વ્યાકુળતા વધે, અને પાછા ઉપચારોથી સ્વસ્થ થાય. આ જ પરિસ્થિતિ અત્યારે પણ હતી.

પાછલાં વર્ષોની સ્થિતિ મેં પ્રત્યક્ષ જોયેલી જ નહિ. એટલે મારા માટે આ બધું નવું, પહેલી વખત જ જોવાનું હતું. અમાસે રાત્રે મેં ડો. કાપડિયાને ફોન કરાવ્યો કે સાહેબ, તમે લોકો, કાયમના અનુભવને આધારે , ચિંતાજનક કાંઈ જ નથી એવું ભલે

કહો, પરંતુ મારી નજર એમ કહે છે કે કાંઈક ગરબડ છે, જે આપણે પકડી શકતા નથી. સાહેબની તબિયત ભયજનક વળાંક લઈ રહી હોવાનો મને વહેમ પડે છે. ડોક્ટર તત્કાળ દોડી આવ્યા. અડધો કલાક સુધી તબિયત તપાસી.

સાહેબને ઓક્સિજન પર લીધા. બીજું બધું જ બરાબર હતું, અને શ્વાસ ગભરામણ વધુ હોવાથી પમ્પ તથા ઓક્સિજન આપવા માંડ્યા. જતી વખતે તેમણે કહ્યું કે સવારે હું વહેલો આવું છું. જરૂર જણાશે તો સવારે દવાખાને લઈ જઈશું. સાહેબ શ્વાસને કારણે ઉંઘમાં - ગાઢ નિદ્રામાં હતા જરૂર. પણ શુદ્ધિ પૂરી હતી. બોલાવો કે પૂછો તો તરત જવાબ આપે જ.

સાહેબની સેવામાં ત્રણ મુનિઓ, ૩ શ્રાવક - યુવાનો, બે માણસો - આટલા અખંડ હતા અને રહેતા. હું સાડા અગિયાર વાગે સૂતો. અઢી વાગે મને જગાડ્યો કે જલ્દી ચાલો, તબિયત બગડી છે. હું દોડ્યો. જોયું તો સાહેબની જોરદાર ચાલતી શ્વાસની ધમણ શાંત પડી રહી હતી અને ચહેરા ઉપરની વ્યગ્રતા પણ શમી હતી. તત્કાળ ડો. કાપડિયાને ફોન કરાવ્યો. તેમની સૂચનાથી ૧૦૮ સેવા પર ફોન થયો. એ આવે ત્યાં સુધી પલ્સ પ્રેશર પર પળે પળે નજર ચાલુ રહી. સાધુગણને સૂઝી ગયું તે નવકારનું શ્રવણ ચાલુ કર્યું. મિનિટો, ના, સેકન્ડોનો ખેલ હતો. એકાએક પ્રેશરમાં 'એરર' આવવા માંડ્યું ત્યાં ૧૦૮ વાળા આવી ગયા. તેમણે બધું માપ્યું, લાગ્યું - કાંઈ નથી. ડૉ. કાપડિયાને તેમણે જ કોલ કર્યો. આવી જવા કહ્યું. પાંચ જ મિનિટમાં ડૉ. પહોંચ્યા. તપાસ્યું ડોક્ટરે કહ્યું કે "સાહેબ નથી રહ્યા."

આ શબ્દો અમે કેવી રીતે સાંભળ્યા ? શી રીતે સાંભળી શકાયા ? મન, બુધ્ધિ અને સમજણ - બધું જ તે ક્ષણે છિન્નભિન્ન હતું, ક્ષતવિક્ષત હતું. તે શબ્દો કાને પડતાં જ અમે બધા મનુષ્ય મટી ગયા હતા, અને માનવયંત્રમાં ફેરવાઈ ગયા હતા. અમે હાર્યા હતા, અમારી નિયતિ જીતી હતી. શું કરવું, શું ન કરવું ? કોને કહેવું, કોને જણાવવું ? આ બધી બાબતે અમારા સૌની મતિ બહેર મારી ગઈ હતી. ડૉ. મહેશભાઈ, પીયૂષભાઈ વગેરેએ બધું સંભાળી લીધું. અને પ્રાથમિક કર્તવ્યો તે લોકોએ જ અદા કર્યાં.

બધે કોઈને કોઈ રીતે સમાચાર પહોંચ્યા તો હશે જ. નહિ તો અંતિમયાત્રામાં પાંચ હજાર કરતાં વધુ જનમેદની ક્યાંથી ઊમટે ? સમાજના વ્યાપક સાધારણ વર્ગમાં સાહેબ કેટલા લોકપ્રિય અને માન્ય હતા તેનો ખ્યાલ અંતિમયાત્રા અને ગુણાનુવાદ સમયે સ્વયંભૂ રીતે ઊમટેલી આ મેદનીને જોતાં આવી ગયો.

અંતિમ વિધિના ચડાવા વિવેકપૂર્ણ અને ગૌરવપૂર્ણ રહ્યા. સાહેબને સાચી રીતે ચાહતા ભાગ્યવાનોએ લાભ લીધો. પરંપરાને અનુસરીને સંસારી પરિવારજનોને પણ સાથે રાખવામાં આવ્યાં. નવી ભૂમિ સંપાદન કરી ત્યાં અંતિમ વિધિ કરવા માટે ભાવિક ગૃહસ્થોએ આગ્રહભરી ભાવના વ્યક્ત કરી. પરંતુ સાહેબની આ બાબતે ભાવના તેમજ વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને તે દિશામાં આગળ ન વધતાં, સાહેબની જ પ્રેરણાથી નિર્મિત શ્રીનેમિસૂરિ સ્વાધ્યાયમંદિરના આંગણામાં જ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

સાહેબ ગયા તે નગ્ન સત્ય હતું. તેના કારણે અમે સહુ સાવ હતપ્રભ બનીને ભાંગી પડ્યા હતા તે પણ હકીકત હતી. આમ છતાં યોગ્ય પળે યોગ્ય નિર્ણય ન લેવાય કે સમયે સમયોચિત કાર્યવાહી કરવાનું ચૂકી જઈએ તો અમે અમારી જાતને કદી માફ ન કરી શકીએ. એટલે કાળજે પત્થર મૂકીને પણ નિર્ણયો લેવાતા ગયા અને કાર્યવાહી આગળ વધતી ગઈ. આશરે ૩૦ લાખ જેવા ચડાવા થયા. અને બારેક લાખની જીવદયા ટીપ થઈ. બધું વધુ થયું હોત, પણ લોકોના અશિસ્તભર્યા ધસારા, હલ્લા અને કોલાહલને કારણે બંધ કરવાનું ફરજિયાત બન્યું.

ઉત્સવ તથા સભા અંગે તે જ સમયે ઉચિત નિર્ણય લેવાયા. તે પ્રમાણે ૧૫મીએ શાનદાર કહેવાય તેવી સભા થઈ. ઉત્સવ પણ ભવ્ય થયો. વળી દાહસંસ્કાર - ભૂમિ પર નાની એવી દેરી બનાવી તેમાં પાદુકાની સ્થાપનાનો પણ નિર્ણય થયો. ૧૮મીએ ખનન - શિલાન્યાસ થયા. જેઠ, શુ. ૫, તા. ૬ જૂને ત્યાં તેની પ્રતિષ્ઠા થશે. તે રીતે પ્રથમ માસિક તિથિએ જ સાહેબની સ્મૃતિનું તીર્થ સ્થપાશે. 'સ્મારક ન બનાવશો' તેવી સાહેબની ઇચ્છા, પણ હજારો તેમના ભક્તો/ચાહકોની ગુરુ પ્રત્યેની લાગણી પણ એટલી જ પ્રબળ, તેથી મોટું સ્મારક ને મૂર્તિ ન બનાવતાં નાનકડી દેરી અને પગલાંથી જ સંતોષ લેવાનું ઠરાવ્યું છે. તેનો લાભ પણ સાહેબના ભક્તજનોએ જ લીધો છે.

અમે તો વિહારમાં હતાં, એટલે અહીંના ઘટનાક્રમની વિગતવાર જાણકારી ન હોય તે સ્વાભાવિક છે. પણ અહીં પહોંચ્યા પછી ધીમે ધીમે થોડી થોડી માહિતી મળતી જાય છે. સાચું કહું તો હજી સળંગસૂત્ર વાત કે ચર્ચા કરવાની હિમ્મત કે સ્વસ્થતા આવતી નથી. વાતમાંથી વાત નીકળે અને સાહેબના શબ્દો કે ભાવના સાંભળવા મળે તેટલું જ. પણ તે વાતો જેમ જેમ જાણવા મળે છે તેમ તેમ સાહેબના હૃદયના રૂડા અધ્યવસાયો, ભવભીરુતા તેમ જ પાપભીરુતા, ગંભીરતા તેમ જ

દૂરંદેશિતા, આત્મજાગૃતિ તથા ઊંડી સમજણ વગેરે ગુણો તેમ જ પાસાં વિશે ખ્યાલ આવતો જાય છે. હમણાં જ વાંચ્યું : "आदमी बोलता है, उसे हम पकड लेते है, किन्तु वह क्यों बोलता है, इसे पकड पाना बहुत कठिन है । शब्द स्थूल जगत् के नियमों को वाहन बनाकर आ रहे हैं अथवा सूक्ष्म जगत् के नियमों की सूचना देने आ रहे है इसे सरलतासे नहीं समझा जा सकता ।" આ વાત સાહેબના સંદર્ભમાં બરાબર બંધબેસતી આવે છે.

એમનાં કેટલાંક ઉચ્ચારણોનો અર્થ તથા સંદર્ભ, આજે વિચારીએ છીએ ત્યારે સમજાય છે કે પોતે હવે લાંબુ નથી રહેવાના તેનો સ્પષ્ટ અંદાજ તેમને આવી ગયો હતો. તો પોતાની સાથે જે થઈ રહ્યું છે તે અને પોતાનો સમય પૂરો થવા જઈ રહ્યો છે તેનાં કારણોનો પણ ઈશારો તેમણે પોતાના કેટલાક ઉદ્‌ગારો દ્વારા આપી દીધો હતો. આપણી અલ્પ મતિ એ સંકેતોને પકડી ન શકે તે આપણી મર્યાદા છે. પણ તેઓ આ પછી ઉત્તરોત્તર વધુને વધુ જાગૃતિ પ્રાપ્ત કરતા ગયા, તૈયારી પણ કરતા રહ્યા અને જે બન્યું, બને છે, બનવાનું છે તેનો સહજ સ્વીકાર કરવાની દિશામાં સજ્જ બનતા ગયા, એનો ખ્યાલ હવે આવતો જાય છે.

કોમામાં સરી પડયા વિના, બેહોશ થયા વિના, તદ્દન સહજતાથી, કશી જ વ્યાકુળતા, વલોપાત કે હેરાનગતિ વિના જ, તેમણે દેહત્યાગ કર્યો તેના અમે સહુ સાક્ષી છીએ. સાવ સહજ સમાધિ, તે પણ નવકાર સાંભળતાં સાંભળતાં, અમે પ્રત્યક્ષ જોઈ છે.

એ તો ગયા. ગયા જ, એમાં શંકા નથી. પણ એમના અદ્‌ભુત ગુણોની સુગંધ અમારા માટે, આપણા માટે મૂકતા ગયા છે. એમનું સત્ત્વ, એમનું શીલ, એમની ભીતરી સત્યનિષ્ઠા, એમની આરાધના, એમની વડીલો પ્રત્યેની સમર્પિત કૃતજ્ઞતા અને સ્વાભાવિક લઘુતા - આ અને આવા અનેક ગુણો આ ક્ષણે યાદ આવે છે. સામાન્ય મનુષ્યો તથા સાધર્મિકો પ્રત્યે તેમણે વહાવેલી કરુણા તથા કરેલા ઉપકારોની વાતો તો અનંત છે. કેટલાય જીવો આવીને કહી જાય છે : "એ તો અમારા બાપ હતા, એમના ઉપકારથી જ અમે છીએ."

તો એમની પ્રકૃતિમાં એક સહજ તત્ત્વ હતું, ભોળપણનું. તેમને છેતરવાનું સાવ સહેલું હતું. તેમનો વિશ્વાસ પ્રાપ્ત કરવો કઠિન ન હતો. એમના આ ભોળપણનો ગેરલાભ ઉઠાવનારા સાધુઓ તથા ગૃહસ્થો ઓછા નથી. એ જીવો અત્યારે કદાચ આનંદ અનુભવતા હોય. સુખી પણ હશે જ. પરંતુ આવા ભદ્ર

પરિણામી ગુરુભગવંત સાથે આચરેલી છેતરપિંડી અને વિશ્વાસઘાત, અને તેના પરિણામે ઉપાર્જન કરેલાં ઘોર કર્મો, એ જીવોને ભારેકર્મી જ નહિ, પણ અનંતસંસારી પણ બનાવી શકે. ક્ષણિક સુખ અને લાભને ખાતર ભવોભવની દુઃખદાયક સ્થિતિ વ્હોરી લેનારા એ તમામ જીવોની ભાવદયા ચિંતવવી તે જ આપણું ઉચિત કર્તવ્ય ગણાય. શિવમસ્તુ સર્વજગતઃ. અમારા મનમાં ભારોભાર ઉદ્વેગ છે. સાહેબની ગેરહાજરી શલ્યની જેમ સાલે છે. આમ છતાં, આવેશમાં ન આવી જવાય અને ભૂલથી પણ કોઈનુંયે અનિષ્ટ - અશુભ ન વિચારાઈ જવાય તેટલી કાળજી અવશ્ય રહે છે. અમારી સાધુતાનો એ તકાદો છે. સાહેબના શિષ્ય થવાની લાયકાત પણ એ કાળજીમાં જ છે. 'અગ્નિશર્મા' પ્રત્યે પણ અનુકંપા દર્શાવવામાં જ જિનશાસન પામ્યાની સાર્થકતા છે.

હમણાં, થોડીવાર પહેલાં જ, એક જણે પૂછ્યું : તમારે સાહેબજી પાસેથી ઘણુંબધું લેવાનું રહી ગયું હશે ને ? મેં કહ્યું : હા, કેટલું બધું જ્ઞાન, કેટલાબધાં રહસ્યો, કેટલા ગુણો, બધું જ મેળવવાથી હું વંચિત રહી ગયો ! એમણે જે આપ્યું છે તે ઓછું નથી, પણ જે બાકી રહ્યું તે તો અનેકગણું વધારે છે. પણ, એ તો પુણ્ય અને પાત્રતા હોય તો જ મળે !

છેલ્લા થોડાક વખતથી તેઓએ મને મારું નામ લઈને - શીલચન્દ્રસૂરિજી ! એમ કહીને સંબોધવાનું શરૂ કરેલું. મને 'તમે' કહીને બોલતા. મારા માટે આ અકલ્પ્ય અને વિચિત્ર હતું. પરંતુ ગુરુમહારાજ જે કહે - કરે તેનો અસ્વીકાર કેમ થાય ? જીવનમાં ન'તો કર્યો.

પણ આ દિવસોમાં મને ધર્મકીર્તિવિજયજીએ કહ્યું કે છેલ્લા દિવસોમાં સાહેબે વારંવાર 'મારો શીલુ' કહીને આપને યાદ કર્યા છે. એક વાર તો હું વિહારમાં હતો અને માણસ પાસે ફોન - સ્પીકર કરાવીને પોતે બોલ્યા કે 'શીલુ'. આ બધું સાંભળીને એક તરફ હૃદય કલ્પાન્ત કરે છે. તો બીજી તરફ કૃતાર્થતા અનુભવે છે. એક જ મનોરથ છે. એમના પ્રેમ અને વિશ્વાસને લાયક બનું. ઘણાં અપરાધો અને અવિનય કર્યા છે. દોષો ને ભૂલો પણ ઓછી નથી આચરી. પણ એમણે હમેશાં વત્સલ અને ઉદાર હૈયે ક્ષમા કરી છે. અને જેવા હોઈએ તેવા પણ સ્વીકાર્યા છે. આ કૃપા માવતર સિવાય કોણ કરી શકે ? (જેઠ, ૨૦૬૭)

* * *

## (૪૭)

તત્ત્વાર્થસૂત્રમાં એક સૂત્ર આવે છે "जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम्" અર્થાત્, જગતનો સ્વભાવ અને શરીર(પુદ્‌ગલ)નો સ્વભાવ જેમ જેમ વિચારીએ - અનુભવીએ, તેમ તેમ સંવેગ અને વૈરાગ્ય વધતાં જાય.

ભગવાન શ્રીઉમાસ્વાતિજી મહારાજે શ્રુતજ્ઞાન અને અનુભવજ્ઞાનનો અર્ક આ સૂત્રમાં ઠાલવી દીધો છે. અસંખ્ય તત્ત્વપિપાસુઓની અનુપ્રેક્ષા તેમ જ અનુભૂતિનો નિચોડ આ એક નાનકડા સૂત્રમાં ભરી દીધો છે.

હમણાં તો દિલ અને દિમાગ પર એક જ વાત સવાર છે : પૂજ્યપાદ ગુરુ મહારાજના સ્વર્ગવાસની. એ સંદર્ભમાં ચાલ્યા કરતા ચિંતનમાં અચાનક જ આ સૂત્ર ઊગી આવ્યું. તેના આલંબને જે થોડુંક ચિંતન થયું તેનો સાર નોંધું છું :

પૂજ્ય સાહેબની કાયા કેવી સશક્ત, તેજસ્વી અને પ્રભાવશાળી હતી ! ચાલીને આવતા હોય તો સિંહપુરુષ આવતા હોય તેવું લાગે. બેઠા હોય તો ઓરડો ભર્યો ભર્યો અનુભવાય. ચહેરા પરનું તેજ અને રૂવાબ પણ કેવાં અદ્‌ભુત ! ત્યાં બોલવાની કાચાપોચાની તો હિંમત જ ન ચાલે ! ઘણા ઘણા લોકોને, કશા જ કારણ વિના, તેઓ સામે જવામાં કે બોલવામાં ડર અનુભવતાં જોયા છે, એ ડરાવતા નહોતા અને હેતપૂર્વક વાત કરતા હતા છતાંય.

આવી તેજછલકતી અને રૂપમઢી કાયા પણ આપણી નજરની સામે જ ગણતરીની પળોમાં કેવી ક્ષીણ થઈ ગઈ ! કેવી અસ્ત પામી ગઈ ! એ પુદ્‌ગલ કેટલી ઝડપથી પોતાનો-સડન પડન ગલન વિધ્વંસન-ધર્મ બજાવી ગયું ! એમની એ અંતિમ ક્ષણો, એમનું શાંત રીતે અને અનાકુળ ચહેરે વિરમી જવું - હજી નજર સામે તરવરે છે, અને પુદ્‌ગલસ્કંધની ક્ષણભંગુરતા તાદૃશ થાય છે.

મન તો મૃત્યુનાં કારણોની શોધમાં લાગેલું રહ્યું જ પણ 'વસ્તુતઃ મૃત્યુ એ પુદગલની અનિત્યતાનું પ્રત્યક્ષ દર્શન છે' એ સમજણ જ બધા પ્રશ્નોનું તાત્ત્વિક સમાધાન હોય એ ભાન આવતાં થોડી વાર લાગી ગઈ. મૃત્યુ એક ઠેસ પહોંચાડે છે, એક ધક્કો આપે છે, આપણી મોહસંજ્ઞાને - આપણી રાગદશાને; અને સાથે જ એ આપણા વૈરાગ્યબોધને ઉજાગર પણ કરી આપે છે. સ્થૂલ ભૌતિકતામાં સપડાયેલા જીવોને જ્યાં ક્લેશ - કકળાટ અને કલ્પાંત સાંપડે છે, ત્યાં સમજુ જીવના ચિત્તમાં પુદ્‌ગલની અસારતાના બોધ દ્વારા વૈરાગ્યનો આવિર્ભાવ થાય છે.

અને જગતનો સ્વભાવ ? જગતનું સ્વરૂપ ? તેનો પણ મજાનો અનુભવ થયો. એ અનુભવે કેટલાંક વ્યવહારુ સત્યો સંપડાવ્યાં તે પણ નોંધું :

કૃતઘ્નતા કોને કહેવાય, તેમ જ જીવનદાતા, સંયમદાતા અને અચિંત્ય ઉપકારો કરનાર ઉપકારી પ્રત્યે પણ નિર્ધ્વંસભાવે-આનંદપૂર્વક અપકાર કઈ રીતે થઈ શકે, તે બન્ને બાબતો નજરે જોવા - અનુભવવા મળી.

- ઋણાનુબંધ, લેણાદેણી જેવા શબ્દો રૂઢિથી સાંભળતા અને બોલતા; પણ તેનો પરમાર્થ અનુભવવા - સમજવા મળ્યો. થયું કે આ કોરા કે ખોખલા શબ્દો - રૂઢિપ્રયોગો નથી; પણ જીવનમાં અનિવાર્યપણે ઘટતી અને કમને પણ સ્વીકારવી પડતી એક ઘટનાનું નામ છે એ.

- એમ પણ ધારણા બની કે જો આંતરિક જાગૃતિ હોય તો કોઈનીયે સાથે ઋણાનુબંધે બંધાવું નહિ. આ ભાગ્યે જ શકય બને. પણ તો પણ જો બંધાવું જ પડે તો મીઠા-નિર્દોષ ઋણાનુબંધે બંધાવું, પણ મોહના કે દ્વેષના અશુભ અનુબંધે ન બંધાઈ જવાય તેનો ખ્યાલ અવશ્ય કેળવવો.

- કોઈ વખત આપણા પક્ષે લેણાદેણીની સ્થિતિ કે શકયતા ન હોય, પરંતુ અન્ય પક્ષે એકતરફી રીતે કોઈ આપણું લેણિયાત બને એવી પણ સંભાવના ખરી જ. અથવા અજાણપણે જ આપણે કોઈના દેવાદાર બની જઈએ એમ પણ બને. આવા સંજોગોમાં, આપણી સમજણ જો જાગૃત હોય અથવા જાગે, તો આપણો આદર્શ 'ગુણસેન' હોય. એકપાક્ષિક વેર અથવા દુશ્મનાવટનો ભોગ બનવા છતાં સમતા, સમાધિ અને વૈરી પ્રત્યે સહજ ક્ષમા તથા કરુણાનો ભાવ : આ છે ગુણસેનની ધર્મસાધના. આ સાધના આપણો આદર્શ હોય અને એ માર્ગે ચાલવાની આપણી સમજણ હોય.

- અજાણતાં બંધાયેલ ઋણાનુબંધ પણ જો ગુણસેનને ૯ - ૯ ભવ સુધી ત્રાસરૂપ બને, તો આપણે તો જાણતાં - અજાણતાં અને વળી રાગથી, દ્વેષથી તથા અજ્ઞાનવશ કેટકેટલાં ઋણાનુબંધો વ્હોરીએ છીએ ? અશુભ અનુબંધનું પ્રત્યક્ષ પરિણામ અનુભવ્યા પછી હવે આ બધા અનુબંધોને તોડીએ, ટાળીએ, એનાથી બચીએ, એ જ આપણું કર્તવ્ય હોવું ઘટે. અન્યથા ઋણાનુબંધો ક્યારેક નિયાણાં સુધી આપણને ઘસડી જઈ શકે.

અસ્તુ. આવાં અનેક સત્યો સાંપડ્યાં, વળી, જગત કેટલું સ્વાર્થપરસ્ત છે અને નગુણું હોય છે તેના પણ સરસ અનુભવો થયા. તો એથી સામે છેડે, જગતમાં નિઃસ્વાર્થ પ્રેમ અને પરોપકાર અને લાગણી તેમ જ મૈત્રીભાવ જેવાં સત્ તત્ત્વો

તથા તે ધરાવતા મનુષ્યોનો પણ સંતૃપ્ત કરે તેવો અનુભવ થતો રહ્યો. સ્વાર્થ-નિઃસ્વાર્થના આવા દ્વન્દ્વને મધ્યસ્થભાવે અનુભવવાનો આનંદ પણ અનેરો જ હોય છે. ઉદ્વેગની ક્ષણોમાં મળતો આ આનંદ, ખરેખર તો, જીવનનો એક પદાર્થપાઠ બની રહેશે.

એક વાતની સ્પષ્ટતા કરું. સંસારના નશ્વર સ્વભાવ વિષે આવું આવું ઘણું ચિંતન ચાલતું રહે છે. મનને સ્વસ્થ કરવાની મથામણ પણ ચાલ્યા જ કરે છે. આમ છતાં, માનવસુલભ સ્થિતિ છે કે હજી મન થાળે પડતું નથી. વારે વારે અને વાતે વાતે 'પૂછી લઉં', 'આ વાત જણાવીશ તો ગમશે' - આવા વિકલ્પો મનમાં ઊગતા જ રહે છે, અને તે ક્ષણે પાછો આઘાત લાગતો જ રહે છે. છદ્મસ્થ સંસારી સામાન્ય એવા આપણાં જેવા જીવોની આ જ સ્થિતિ હોવાની. શુભ અને પુષ્ટ આલંબનોના આધારે એમાંથી ધીમે ધીમે બહાર આવવાનું છે. પૂજ્ય સાહેબનું ન હોવું એ પ્રત્યક્ષ સત્ય છતાં મન તેનો સ્વીકાર કરવા જેટલું સજ્જ નથી. અને એથી આળાં બની ગયેલાં મનને વધુ આળું કરી મૂકે તેવી નાની મોટી વાતો આવે ત્યારે મન વધારે આઘાત પામતું રહે છે. આમાંથી બચવાનું છે, બહાર આવવાનું છે, એ પણ ખરૂં જ છે.

અમારા જેવા માટે આમાંથી બહાર આવવાનો એકમાત્ર અને હાથવગો ઈલાજ તે 'સ્વાધ્યાય.' વાંચન, અધ્યયન, હસ્તપ્રતોના સંશોધન જેવાં કાર્યોમાં મન પરોવાતું જશે, તેમ તેમ રાહત મળતી જશે. 'स्वाध्यायः परमौषधम्'. ભક્તિવંત ગૃહસ્થોએ તો ઉત્સવ, દેરી - પ્રતિષ્ઠા વગેરે ગુરુભક્તિનાં કાર્યો કરી સુકૃત સાધ્યું. અમે સાધુઓએ પણ નક્કી કર્યું છે કે પૂ. ગુરુભગવંતની પુણ્યસ્મૃતિમાં વિવિધ ગ્રંથોનું અધ્યયન - સંપાદન કરીને વેલાસર પ્રકાશન કરાવીશું. અમે આવું કામ કરતા તે સાહેબજીને બહુ ગમતું, તેઓ ખૂબ રાજી થતા. એથી જ એમનો આત્મા રાજી થાય તેવું આ સ્વાધ્યાયરૂપ કાર્ય કરવાનો, અમે ચાર મુનિઓએ તો, સંકલ્પ લીધો જ છે. એમાં શાસ્ત્રની ઉપાસના તો થશે જ, અમારાં ચિત્ત શાંત - સ્વસ્થ પણ બનશે, એ મોટો લાભ થશે.

**(અષાઢ, ૨૦૬૭)**

* * *

## (૪૮)

શિવમસ્તુ સર્વજગતઃ વિષય પર પ્રવચનો થયાં. 'સૌનું ભલું કરવું, આપણા હાથે કોઈનું ખરાબ ન કરવું' - આ સૂર ખૂબ ઘૂંટ્યો. તો એક વયોવૃદ્ધ સજ્જન મળી ગયા. તેમણે કહ્યું : અમે નેમિસૂરિદાદાના પગ બહુ દાબતા. દાદા અમને એક જ વાત કહેતા : 'જો છોકરા ! આપણે કોઈનું ખરાબ કરવું નહિ. કેમ કે એનું ખરાબ કાંઈ આપણા કીધે થવાનું નથી, પણ એનું ખરાબ કરવા જતાં આપણું તો ચોક્કસ ખરાબ થવાનું છે. એટલું યાદ રાખજે'. આ વાત સાંભળી ત્યારે 'શિવમસ્તુ'ની સાર્થકતા અનુભવાઈ.

મનમાં હજી ગુરુમહારાજની સ્મૃતિ તીવ્રપણે વર્તે છે. યાદ આવે છે ને મન વિહ્વળ બને છે. છત્ર - છત છીનવાઈ જવું અથવા નિરાધાર થઈ જવું એટલે શું, તે હવે પળે પળે અને વાતે વાતે સમજાય છે. મિત્રો જણાવતાં રહે છે કે 'સ્વસ્થ થઈ જવું જોઈએ હવે.' એમની લાગણી ખોટી નથી. એક રીતે જુઓ તો સ્વસ્થ જ છું. વ્યાકુળતા આવી પણ જાય, તોય અશુભ ધ્યાન નથી આવતું, એની સાવધાની પાકી રાખી છે. પરંતુ જે આપણા 'મા - બાપ, ગુરુ - ભગવાન' બધું જ હોય તેની વિદાયની વેદના એમ સહેજે શમી જાય એ તો કેમ બને ?

આપણા કવિવર 'શુભવીર' ગણિએ પૂજાના પ્રારંભમાં એક દૂહો આમ લખ્યો છે :

**"શ્રીશુભવિજ્ય સુગુરુ નમું, માત-પિતાસમ જેહ**
**બાળપણે બતલાવિયો, આગમ-રયણ અછેહ"**

એક સમર્પિત શિષ્ય, પોતાના સર્વસ્વ એવા ગુરુ માટે, આનાથી વધુ શ્રેષ્ઠ અંજલિ આપી ન શકે. આ દૂહો તો બહુ પાછળથી જાણ્યો, પરંતુ જ્યારથી ગુરુમહારાજ પાસે રહ્યો, ત્યારથી આજ સુધી, એમને માટે, આ દૂહામાં વર્ણવેલ ભાવ જ અનુભવ્યો છે.

આઠમું વર્ષ ચાલતું હતું. અને તે દિવસોમાં એ ગુરુભગવંતોએ હાથ ન ઝાલ્યો હોત તો ? તો આજે ક્યાં હોત ? સંસારની રઝળપાટમાં ક્યાં અટવાતો હોત ? એની કલ્પના પણ આંખ ભીની કરી મૂકે છે. એમણે હાથ પકડ્યો, અપનાવ્યો, વર્ષો લગી કેળવ્યો, અને આજે જ્યાં - જે સ્થિતિએ છું ત્યાં પહોંચાડ્યો. બાહ્ય અને આંતરિક વિકાસ માટે સતત ખેવના કરી. એ ખેવના એટલે શું ? વિચાર કરું છું તો સમજાય છે કે :

ભણાવ્યો, પણ ઉદ્ધત ન બનું, અભિમાનથી છકી ન જાઉં તેની કાળજી રાખી. સાહિત્ય અને ઇતર સાહિત્યમાં મોકળાશથી સ્વૈરવિહાર કરવા દીધો, પણ ક્યાંય અયોગ્ય વાંચનના રવાડે ન ચડી જાઉં તેની ચોંપ રાખી. વિદ્વાનો અને સાહિત્યકારોનો સંપર્ક કરું તેમાં ક્યાંય કોઈ દખલ નહિ, પણ ખોટા માણસોની સંગત ન કરી બેસું તેની પાકી દેખરેખ રાખી. પુત્ર અને શિષ્ય તરીકે સમજીને કડપ તથા ધાક હમેશાં રાખ્યાં, પણ સાથે જ પુત્ર / શિષ્યને મિત્ર લેખે પણ સ્વીકારીને 'ગુરુ એક શ્રેષ્ઠ મિત્ર બની શકે છે' તેનો આદર્શ રચ્યો. અમારા બે - ગુરુશિષ્ય વચ્ચેની અનેક મૈત્રીભરી ચર્ચાઓના પરિણામે અમે અનેક મહત્ત્વપૂર્ણ કાર્યો કરી - કરાવી શક્યા હતા. ટૂંકમાં શિષ્યનો સર્વાંગી અને સર્વમુખી વિકાસ થાય તે માટે તેમણે શક્ય બધું જ કર્યું. આ હતી એમની ખેવના.

શ્રીલાભશંકર પુરોહિતે સાહેબના ગુણાનુવાદમાં કહેલું : **"પોતાના શિષ્યનો ઉત્કર્ષ જોઈ - સાંભળીને ભીંસ અનુભવતા અને માત્સર્ય અનુભવતા ઘણા ગુરુ મેં જોયા છે. તમારા ગુરુ એવા નહોતા. એમને તમારા ઉત્કર્ષની ખેવના રહેતી. અને તમારા ઉત્કર્ષની વાતથી એ ખૂબ રાજી થતા. એ રાજીપો, તમારી ગેરહાજરીમાં, અમે અનુભવ્યો છે."**

પાછળનાં વર્ષોમાં અમે - સાધુઓ માગણી કરતાં કે હવે અમે આપની સાથે રહીએ. તો સ્પષ્ટ ના કહેતા. કારણ પૂછું તો કહેતા કે તારી સાથે આ બધા ભણે છે, એમાં હું બહુ રાજી છું. અહીં આવશો તો તમારું ભણતર અને બધું બગડશે. એ મારી ઇચ્છા નથી.

એક ગુરુની ખેવના કેવી હોય તેનો આથી વધુ રૂડો દાખલો શો હોય ?

અજાણી વ્યક્તિને શિષ્ય બનાવી સંયમ માર્ગે દોરવા પાછળનો આશય 'શિવમસ્તુ સર્વજગતઃ' જ હશે ને ? અજાણ્યાનું ભલું કરી છૂટવાની પ્રેરણા તેમનામાં ન હોત તો ? તો આજે ક્યાં ભટકતા હોત ? 'કલ્પના પણ દુઃખદા'.

ફરી એકવાર કહું કે મારા જેવા અજાણ્યા બાળક પર એ સાહેબે જે ઉપકાર કર્યો છે તેના પ્રતાપે જ મને દેવ-ગુરુ-ધર્મમય પ્રભુશાસન મળ્યું છે; જ્ઞાન-ધ્યાનની સામગ્રી મળી છે; પડતાં આખડતાં અને ભૂલો આચરતાં પણ થોડીક આરાધનાની તક મળી છે. એ ઉપકારનું ઋણ વાળવાની શક્તિ એમની જ કૃપાથી સાંપડો !

**(શ્રાવણ ૨૦૬૭)**

* * *

## (૪૯)

પૂજ્યપાદ ગુરુભગવંતની પ્રતિમાના નિર્માણ માટે એકથી વધુ કલાકારો સાથે મથામણ થઈ છે. તે બધો વખત તેઓનું સ્મરણ વિશેષપણે થતું રહ્યું. તેઓનો ગુણ-વૈભવ યાદ આવતો જ રહ્યો ! મનોમન એક સવાલ ઊગતો રહ્યો અને ઘૂંટાતો રહ્યો કે આપણે એમના શિષ્ય / સેવક / ભક્ત હોવાનો દાવો કરીએ છીએ ખરા, પરંતુ તેઓના લાંબા સહવાસમાં-સાંનિધ્યમાં રહીને આપણે કાંઈ શીખ્યા છીએ ખરાં ? કંઈક કેળવાયા છીએ ખરાં ? એમનો સત્સંગ આપણામાં કાંઈ લાયકાત પ્રેરી શક્યો છે ખરો ? આનો જવાબ બહુ ઉલ્લાસપ્રેરક નથી જ.

એક ગુરુભક્ત મિત્ર સાથે આવી જ ચર્ચા ચાલી. મારા માટે જે સવાલ ઘૂંટાતો હતો, તે મેં એમને પણ પૂછ્યો : તમે જે દિવસે પૂ. ગુરુ મ.ના સંપર્કમાં આવ્યા તે વખતે તમે જેવા હતા તેમાં, અને ત્યાર પછીનાં આટલાં વર્ષોમાં તેમનો સંગ પામ્યા પછી, તમારામાં કોઈ ફેરફાર અનુભવો છો ખરા ? સાધુજનના સમાગમથી થાય તેવો કોઈ લાભ તમે પામ્યા હો તેવું લાગે છે ખરું ? કોઈ ખામીઓ - દા. ત. ક્રોધ કે અહં કે લુચ્ચાઈ કે છીછરાપણું - ઓછી થઈ હોય અને કોઈ સારી વાતો વિકસી હોય એવું થયું છે ખરું ? કે પછી પહેલાં જેવા હતા તેવા જ આજે પણ છો ? બલ્કે પહેલાં હતા તેવા અવળા ગુણો સમયના વહેવા સાથે ઘટવાને બદલે વધી ગયા લાગે છે ?

મેં ઉમેર્યું : જો આવા વત્સલ, પ્રભાવશાળી અને ગુણવાન ગુરુનો સંગ તેમજ કૃપા પામ્યા પછી પણ, આટલા વખતમાં, આપણામાં કોઈ જ ફેરફાર ન આવ્યો હોય, અને બહારના દેખીતા લાભ-હાનિના લેખાજોખાથી જ તે સમાગમને મૂલવવાનો હોય, તો એવા ગુરુ મળ્યા તોય અને ન મળ્યા તોય - સરખું જ ન ગણાય ?

એ મિત્ર પણ આ મુદ્દો પકડી શક્યા, અને એ વિષે ગંભીરતાથી વિચારવાની મને ખાતરી આપી.

પૂ. સાહેબની કૃપા અને આશીર્વાદ મેળવ્યા હોય અને તેથી સુખી થયા હોય કે લાભાન્વિત થયા હોત તેવા લોકોની સંખ્યા ઓછી નથી. વળી, તે લોકોએ પોતાની સમજ, આવડત તથા શક્તિ અનુસાર તેઓશ્રીની ભક્તિ પણ કરી જ છે તે પણ ચોક્કસ છે. પરંતુ આ બધું જ બાહ્ય ભૂમિકાએ થતું હોય છે. ભીતરની ભૂમિકાનું શું ? જીવનમાં, વિચારસરણીમાં, વર્તનમાં, સ્વભાવમાં - કોઈ પરિવર્તન ખરું ?

આ સવાલ, સાહેબજીની કૃપાનો લાભ પામનારા દરેકે પોતાને પૂછવા જેવો છે.

આપણો અહંકાર વધ્યો કે હળવો થયો ? આપણો ગુસ્સાળુ સ્વભાવ બદલાયો કે કેમ ? આપણો જ કક્કો સાચો, આપણું ધાર્યું જ થવું જોઈએ, તેથી જુદું થાય તો સહન ન થાય; આપણને બધી જ સમજ પડે, અને એવી બીજા કોઈને ના જ પડે; આપણે ગમે તેને ગમે તેમ કહી દઈએ - સાચાના નામે, પણ આપણી ભૂલ કોઈ કહી ના શકે; આપણે જૂઠું બોલીને તેને સત્યના નામે ખતવી શકીએ; આપણામાં છીછરાપણું હોય, નફરત હોય, ઈર્ષ્યા હોય, લુચ્ચાઈ હોય, સ્વાર્થ સાધવાની તત્પરતા હોય; આ અને આવા અઢળક અવળા ગુણો આપણામાં હોય, જે આવા ઉપકારી ગુરુના સહવાસથી ખરી પડવા જોઈએ, ઘટતા જવા જોઈએ. જો એવું થયું હોય તો ગુરુકૃપા અને તેથી સંભવતો જીવનવિકાસ - બંને સાચાં. નહીં તો આપણે આપણાથી જ ચેતવું અને ડરવું પડે. આપણે ન સુધર્યા, અને બગડ્યા, તેનો યશ (?) આપણા ગુરુભગવંતને ફાળે જશે તો ? એટલો યે વિચાર આવે તો પણ ઘણો ફરક પડી શકે.

આવા શ્રેષ્ઠ ગુરુના સમાગમને આપણે આપણા જીવનના વિકાસના નિમિત્ત તરીકે સાર્થક ઠરાવવો જ જોઈએ, એ જ ઉપરની વાતોનો સાર છે.

* * *

એક વાત અંગત - મારા વિષે કરવી જરૂરી લાગે છે. પૂ. સાહેબજી તે સાહેબજી હતા, ગુરુ હતા, સમર્થ અને જ્ઞાની હતા; એ અનેક બાબતોમાં સહુ કોઈને સંતોષ તથા સમાધાન આપવા સક્ષમ હતા, બલ્કે આપતા હતા.

તેમનાથી સંતોષ-સમાધાન મેળવનારા અનેકની અપેક્ષા છે કે મારે પણ પૂ. ગુરુ મહારાજજીની માફક જ, બધાને, તેઓ ઇચ્છે તે બાબતોમાં, તેઓ ઇચ્છે ત્યારે, સંતોષ અને સમાધાન આપવાં.

સહુની આવી અપેક્ષાનો હું આદર કરું છું. મારું ચાલે તો તે અપેક્ષાને સંતોષવાનો ઉદ્યમ પણ અવશ્ય કરું. પરંતુ મને સતત યાદ રહે છે કે હું સાહેબ નથી, હું ગુરુ નહિ, શિષ્ય છું. હું એમના જેટલો સમર્થ નથી, નથી જ્ઞાની અને જાણકાર. એમના જેવી આવડત, ધીરતા, ગંભીરતા તથા શાણપણ - બધું મારામાં નથી. મુહૂર્ત અને જ્યોતિષ વિષયક વાતોની પણ કેટલાકને અપેક્ષા રહે છે. પણ તેનું જ્ઞાન મારી પાસે નથી, એ સ્પષ્ટતા કરવી જરૂરી છે.

આ સંજોગોમાં જેમની અપેક્ષાઓ મારાથી ન સંતોષાતી હોય તેઓ મારા પરત્વે નિરાશ થાય, નારાજ થાય, તો તે બનવાજોગ છે. તે બાબતે હું કદાચ કાંઈ જ કરી શકું નહિ. એટલું જ કહું કે હું સાહેબજી નથી, નથી ને નથી.

મારી રુચિ જુદી છે. મારો વિષય પણ જુદો છે. અને એ બધું સાહેબજીએ જ શીખવ્યું છે, એટલું જ નહિ, તેમને આ બધું ગમતું પણ હતું, તેની મને પાકી ખબર છે. એટલે સાહેબજી કરી શકતા તેવો વ્યવહાર મારાથી ન થઈ શકે, તો તેમાં કોઈએ પણ નારાજ કે નિરાશ થવાનું ન હોય. પોતાની અપેક્ષાઓ બીજેથી પણ સંતોષી શકાય. આટલા મહિનાઓમાં થયેલ ઘણા અનુભવો અને સર્જાયેલ પ્રશ્નોના સમાધાનરૂપે જ આટલી અંગત વાત નોંધી છે.

(પોષ, ૨૦૬૮)

* * *

છેલ્લા કેટલાય દિવસોથી ગુરુ-મહિમાનું એક પદ મનમાં ઘૂંટાયા કરે છે. આજે એ પદ વિષે જ વાત કરવી છે. સંત કબીરજીનું એ પદ છે, જેનું મુખડું છે - **'ગુરુ બિન કૌન બતાવે બાટ ?'**

વાત એવી છે કે ભારતની સંસ્કૃતિ હમેશાં ભવભ્રમણથી છૂટવાની અને ભવસાગરનો કે સંસારના ભયાનક અરણ્ય(જંગલ)નો વિકટ માર્ગ ઓળંગીને સામા કિનારે, મોક્ષ સુધી પહોંચવાની વાત કરતી હોય છે. આ સંસારનું જંગલ અત્યંત ભયાનક- બીહડ છે, ભૂલભૂલામણીથી ભરેલું છે. એકવાર રસ્તો ભૂલ્યા, તો પાછા ક્યારેય રસ્તા પર આવી જ ના શકીએ, તેવું અટપટું છે. ભગવાને તો કહી દીધું કે આ વિકટ ભવાટવીને ઓળંગતા આવડે તેને મોક્ષ મળે. પણ આપણા જેવા ફૂવડ અને અણઘડ જીવો માટે આ જંગલમાં રસ્તો શોધવો, ચૂક્યા વિના સાચા રસ્તે ચાલવું, અને સામા મુકામે પહોંચવું, એ કોઈ રીતે શક્ય જ નથી, તેનું શું? આપણી આ વિટમણા જાણે કે સમજી ગયા હોય તેમ, ભગવાને આપણા માટે એક ભોમિયાની જોગવાઈ કરી આપી કે એ દોરે તે રીતે - તે રસ્તે તમે ચાલશો તો આ જંગલનો પાર પામી જશો. એ ભોમિયો એટલે ગુરુ. એ જેને મળ્યા છે. જેણે એમનો છેડો પકડી લીધો છે, તેમણે અવશ્ય પોતાની મંઝિલ મેળવી જ છે, પણ જેને આવા ભોમિયા નથી મળ્યા તેનું શું ? જો આવા ભોમિયા ન મળે, અથવા તો મળે તોયે આપણે તેમનો સ્વીકાર ન કરીએ તો શું ? એનો આછેરો ચિતાર આ પદમાં કબીર સાહેબે આપ્યો છે.

પદની માંડણીમાં જ કબીરજી કહે છે : **"ગુરુ બિન કૌન બતાવે બાટ?"** ગુરુ વિના વાટ - કેડી/રસ્તો કોણ બતાવશે ? રસ્તે ચાલવાની અને રસ્તા પસાર કરવાની વાત તો પછી, સહેલી વાત તો ગુરુ વગર 'સામે કાંઠે જવા માટે આ રસ્તો છે' એ કોણ સમજાવશે ?

વિહારમાં ઘણીવાર ત્રણ કે ચાર રસ્તા અલગ અલગ દિશાઓમાં ફંટાતા જોવા મળે. હવે આપણને ત્યાં વિમાસણ થાય કે આપણે કયા રસ્તે જવું જોઈએ ? આપણી આંખો તુરત જ ચારે તરફ ફરી વળે અને સાઈન બોર્ડ શોધી કાઢે. એના પર તમામ રસ્તાઓનાં લક્ષ્યસ્થાનોનાં નામો તથા અંતર લખેલાં હોય, એટલે આપણો

રસ્તો જડી જાય, અને ભૂલા ન પડવું પડે. પણ જો સાઈન બોર્ડ ના હોય તો ? તો કેટલું વસમું થઈ પડે ? કંઈક એવી જ વાત અહીં કબીરજી કહી રહ્યા છે કે જો 'ગુરુ' નામનું સાઈન બોર્ડ ના મળે તો આપણી મંઝિલનો રસ્તો આપણને કોણ બતાવશે ? કોણ ચીંધશે ? કેમ કે અહીં તો રસ્તાઓનો ભારે ગૂંચોવાળો ઝમેલો છે : **'બડા વિકટ જમઘાટ !'** - ઝમેલો ભારેય ખરો ને પાછો વિકટ પણ ખરો. કબીરજી એને 'જમઘાટ'ના નામે ઓળખાવે છે. એમને બરાબર ખ્યાલ છે કે, આ ગૂંચવાડાભર્યા ઝમેલામાં સાચો રસ્તો પસંદ કરવામાં અને પકડવામાં થાપ ખાઈ જવાય તો પછી આપણે સંસારના વિષમ - વિકટ 'યમઘાટ'માં જ ફસાવાનું છે. એ ફસામણીમાંથી બચવું હોય તો ગુરુ નામના ભોમિયાની જરુર પડે જ.

આ ભવાટવીનો રસ્તો કેવો વિકટ છે અને કેમ વિકટ છે તેની સમજણ બહુ સાદી અને સરળ રીતે કબીર આપે છે :

**"ભ્રાંતિકી પહાડી નદિયાં, બીચમેં અહંકાર કી લાટ**
**કામ-ક્રોધ દો પર્વત ઠાઢે, લોભ ચોર સંગાથ..."**

જાતજાતની ભ્રમણાઓની ગિરિમાળા અને નદીઓ આ રસ્તે આડી આવે છે. 'આ મારું છે' એ અને એ પ્રકારની અગણિત ભ્રાંતિઓ અહીં પહાડીઓમાં વહેતી નદીઓ જેવી તરલ-પ્રવાહી-લાં....બી લાંબી આવે છે, અને આપણને ભૂલાવામાં નાખતી રહે છે. વળી, રસ્તે ચાલતાં થાકી જઈએ તો મજાના 'લાટ' પણ આવે. લાટ એટલે નાનકડી પણ રૂપાળી વસાહતો. અહંકારના વસાવેલા આવા લાટ, આ વાટમાં ઠેર ઠેર આવે. એ આપણને આગળ વધવા જ ના દે. બલ્કે એને જોઈને જ રોકાઈ જવાનું મન થઈ જાય. વળી, આ વાટમાં બે જબરા મોટા પર્વતો પણ આવે છે. એક કામવાસનાનો અને બીજો ક્રોધનો. સહેલાઈથી ચડી જવાય અથવા ચડ્યા પછી ઊતરી શકાય એવા એ પર્વતો નથી. એકવાર ચડ્યા તો પછી ઊતરવું લગભગ અશક્ય જ બની જાય ! અને એ પર્વતમાં વળી એક જબરો ચોર પણ વસે છે, 'લોભ' નામનો. કામ અને ક્રોધની ઊંચાઈએ ચડો અને લોભ ન રંજાડે એ વાતમાં માલ નહિ. ખરેખર તો એ ચોરટો જ આપણું ધન લૂંટી લેવા માટે આપણને આ બે પર્વત ઉપર ચડાવી દેતો હોય છે. આમાં આપણો રસ્તો વિકટ બની જ જાય. અને એ વિકટતાથી બચાવવા માટે કે બહાર કાઢવા માટે ગુરુ વિના કોણ મદદરૂપ થાય ? -ગુરુ બિન કૌન.....

આ વિષય-વસમા 'જમઘાટ'ને વટાવી-ઓળંગી અસલી મંઝિલને પંથે આગળ વધવામાં વાટમાં કેવાં કેવાં વિઘ્નો આવે છે. તેનો ટૂંકાણમાં પણ સ્પષ્ટ અણસાર કબીરસાહેબ આપતાં આગળ કહે છે :

**"મદ-મત્સર કા મેહ બરસત, માયા પવન બહે દાટ**
**કહત કબીરા સુનો ભાઈ સાધો ! ક્યોં તરન યહ ઘાટ ?...."**

આ રસ્તે ચાલતાં મદ અને મત્સર(ઈર્ષ્યા)ના અનરાધાર વરસાદ નિરંતર વરસતાં હોય છે. એ મેઘનો વેગ વધ્યા જ કરે તેવા માયારુપી પવનો પણ દાટવાળી નાખે તેવા વાય છે આ માર્ગે. માયાના આ વાવાઝોડા સાથે વરસતાં મદ-મત્સરના આ ભયંકર વરસાદના વાતાવરણમાં, કબીરો સાધુજનને પૂછે છે કે ભાઈ ! જો ગુરુરૂપી ભોમિયા - રક્ષક પણ અને માર્ગદર્શક પણ - ન હોય, તો આ ઘાટ-જમઘાટ એટલે ભવાટવી શેં તરી શકાય ? એનો પાર કેવી રીતે પામી શકાય ?

**પૂ. સાહેબજીની નોંધમાં એક અદ્‌ભુત પંક્તિ વાંચી-**

**"ઈસ તરહ તય કી હમને મંઝિલેં, ગિર પડે, ગિર કર ઉઠે, ઉઠ કર ચલે."**

અમે પડ્યા, પાછા ઉઠ્યા, અને ઉઠીને ચાલ્યા - ચાલતા જ રહ્યા ! આ રીતે અમે મંઝિલે પહોંચી શક્યા.

પણ પડ્યા ત્યારે, પડેલાને ઉઠાડનાર-બેઠા કરનાર કોણ ? ઊભા કરીને ચલાવ્યા કોણે ? રસ્તો દેખાડી મંઝિલે પહોંચાડ્યા કોણે ? આનો જવાબ એક જ હોય : ગુરુ. ગુરુ બિન કૌન બતાવે બાટ ?

* * *

ઇચ્છા ન હોય તોય કોઈક રીતે અંગત સંદર્ભ આવ્યા વિના નથી રહેતો. પૂજ્ય સાહેબજી, ઓછામાં ઓછું મારા માટે, આવા પથદર્શક, હાથ પકડીને ચલાવનાર, ભોમિયા જેવા ગુરુ હતા, છે, નીવડ્યા છે, એમ કહું તો તેમાં લેશ પણ અતિશયોક્તિ નથી. હું એમ ગાઈ શકું કે - ઐસા ગુરુ દુનિયામેં મિલના કઠિન હૈ....

એમની વિદાયથી એમના બધા જ શિષ્યોને ખોટ પડી છે. એમના તમામ ભક્તોને અને ચાહકોને એમનો વિરહ વસમો પડ્યો છે. સહુ પોતાની રીતે,

પોતપોતાની કક્ષા અનુસાર દુઃખ અનુભવે છે, જે સ્વાભાવિક છે. અંગત રીતે મારા માટે આ વિદાય એ ન સહી શકાય તેવો પ્રહાર બની ગઈ છે. સ્વાર્થની તમામ ભૂમિકાઓથી ઉપર ઊઠીને ફક્ત 'ભવતારક ગુરુ' તરીકે જ વિચારું છું, અને અનેક વેળાએ આંખો વાટે વેદના ટપકતી રહે છે, જેને સમજપૂર્વક સંતાડતો રહું છું. સ્નેહ, ભક્તિ અને વેદના - ત્રણ જ્યાં ત્યાં પ્રગટ ન કરાય.

પૂ. સાહેબના સંપર્કમાં રહેનારા અનેક ચાહકોનો આ સમયમાં સંપર્ક થયો. હું તેમના ત્રણ વિભાગ કરી શકું. એક વિભાગ, સાહેબજીની ગેરહાજરીમાં તેમના પ્રત્યે રાખતો તેવો જ નિર્મળ સદ્ભાવ અને સ્નેહ મારા-અમારા પ્રત્યે રાખે છે. આ વિભાગમાં ઘણા લોકો હશે તેમ જણાયું છે. બીજો વિભાગ, અપેક્ષા ધરાવતો વિભાગ છે. તેમને પૂ.સાહેબ પાસે હોય તેવી અપેક્ષા મારા પાસે છે. સાથે જ, તે વિભાગ મારા-અમારા પર એક જાતનો અધિકાર પણ જતાવતો હોય છે. અપેક્ષા અને અધિકાર, સ્વાભાવિક રીતે જ, ગુરુબુદ્ધિ ન આવવા દે, અને સમોવડિયા જેવો ભાવ પ્રેરે છે. ત્રીજો વિભાગ, સાહેબની વિદાય સાથે જ, અથવા ધીમે ધીમે, મોં ફેરવી રહેલો વિભાગ છે.

પહેલો વિભાગ મહદંશે પ્રસન્ન થતો રહે છે. બીજા વિભાગના ફાળે ખેદ કે ઉદ્વેગ વિશેષે આવે છે. ત્રીજો વિભાગ તો નિરપેક્ષ જ છે.

આ તમામ સાથે સમતોલપણે કામ પાડવું, વર્તવું, એ મારા જેવા વિચિત્ર સ્વભાવ ધરાવનારા માણસ માટે ખાસ સહેલું તો ન ગણાય, નથી જ. આમ છતાં સમતોલ અને સહુને સંતોષ મળે તેવો વ્યવહાર રાખવાની કોશીશ તો કરું છું. સહુને સાથે રાખીને ચાલવું એ એક કઠિન સાધના છે. નમવું, ગળી જવું, જતું કરવું, આ બધું પણ સાધના છે, જો એ નિર્લેપભાવે અને દુર્ધ્યાન વિના કરવામાં આવે તો. અઘરું અવશ્ય છે, પણ કોશિશ તો કરવી જ જોઈએ. નિર્લેપતા વિકસાવવાની પણ કોઈ અલગ જ મજા છે !

* * *

એક વાત યાદ આવે છે. અમદાવાદ - સ્વાધ્યાય મંદિરમાં પૂ. સાહેબનું નાનકડું ચિત્ર (ફોટો) લગાવ્યો હતો. એક વાર ત્યાં પધારેલા સાહેબે તે જોયું. જોતાંવેંત કહ્યું : "અલ્યા ! મારો ફોટો કેમ મૂક્યો ? મારો ન હોય, મોટા મહારાજનો હોય, કઢાવી નાખ."

આવો જ અધ્યવસાય છેલ્લા દિવસોમાં પણ જોવા મળ્યો, જ્યારે તેમણે પોતાનાં મૂર્તિ-સ્મારક બનાવવાની ના પાડી.

એમની એ ભાવનાથી સાવ વિરુદ્ધ જઈને મૂર્તિ બનાવવી, સ્થાપના કરવી, એ મારા માટે બહુ કપરું કામ હતું. એમની ઈચ્છા અને આજ્ઞાને અવગણવાનું આ કામ હતું. છતાં તે કર્યું. તેમના ભક્તોની લાગણીને લક્ષ્યમાં રાખીને કર્યું. પૂ.સાહેબ આશુતોષ હતા. સાચા ભાવથી કોઈ રજૂઆત કરીએ તો, અનિચ્છા છતાં તેનો સ્વીકાર કરી લેતા. એમના એ સરલ-સહજ મિજાજને લક્ષ્યમાં રાખીને તેમની અસંમતિને સંમતિમાં - ભાવનાત્મક રીતે - ફેરવીને આ કાર્ય કર્યું-કરાવ્યું છે. મારી શ્રદ્ધા છે કે તેઓ આપણા પર નારાજ નહીં જ થાય.

પોતાના ગુરુભગવંત પૂજ્ય શુભંકરસૂરીશ્વરજી મહારાજ જ્યારે બિમાર પડ્યા, ત્યારે તે વાતની જાણ થતાં જ અમદાવાદથી ગોધરા જઈ પહોંચ્યા. ગુરુને સંભાળી લીધા, અને સળંગ ચાર વર્ષ તેમની સેવામાં રહ્યા. વિચરવાનો કે શાસનનાં કાર્યોનો કે એવો કશોય મોહ કે વિકલ્પ ન ધાર્યો. ચારે વર્ષે ગુરુદેવ પાર પડ્યા, સમાધિમૃત્યુને વર્યા, ત્યારબાદ જ તેમણે ગોધરા છોડ્યું.

મને લાગે છે કે, તેમ કરીને તેમણે ગુરુઋણ ચૂકવ્યું, અને સાથે સાથે એક આદર્શ પણ આપ્યો કે ગુરુ પ્રત્યે શિષ્યનો વિનય કેવો હોવો જોઈએ તેમજ ગુરુ પ્રત્યે શિષ્યનું કર્તવ્ય શું હોવું જોઈએ?

ઘણા શિષ્યો ગુરુના જીવતાં પણ ઊફરા ચાલતા હોય છે, અને ગુરુની વિદાય પછી પણ તેઓએ અમને સાચવ્યા ન'તા, એ તો આમ હતા ને આવા હતા, મતલબ ગુસ્સાવાળા હતા અને ઠપકાર્યા કરતા હતા' - આવું જ્યાં ત્યાં બોલતા રહે છે. ગુરુ જે અધિકારથી અને સહજતાથી શિષ્યની ભૂલ કાઢી શકે છે, એવા જ અધિકારથી આવા શિષ્યો ગુરુનો પણ વાંક કાઢતા-બોલતા ફરે છે. અહીં એક જ વાત કરવી છે કે ગુરુના લાખ વાંક ભલે હોય, હોઈ શકે, પરંતુ તેમણે આપણો-શિષ્યનો હાથ પકડીને આપણને સંસારના દાવાનળમાંથી જે બહાર કાઢ્યા છએ, તે જે તેઓનો ઉપકાર છે, તેની સામે એ બધું જ તુચ્છ-નગણ્ય છે; એ ઉપકારના બદલામાં આપણું જીવન કુરબાન કરી દઈએ તો ય કાંઈ નથી. આટલો બોધ જાગે તો ગુરુ વિષે અનુચિત વિચારવું તથા બોલવું ન સંભવે. પાયાનું સત્ય એક જ છે : ગુરુ બિન કૌન બતાવ બાટ?...

ગુરુપ્રતિમા તથા દેરી કરાવીને કૃતકૃત્યતા અનુભવાય છે તેવું નથી. વ્યવહાર-જગતમાં એમ કહેવાશે કે ગુરુની પાછળ સારું કામ કર્યું. પણ તેટલાથી રાજી થવું પાલવે તેમ નથી. કૃતાર્થતા તો ત્યારે જ વર્તાશે, જ્યારે સાહેબે જેવી કલ્પનાથી અમારું ઘડતર કર્યું તે કલ્પનાને સંપૂર્ણ સાકાર કરીશ. હજી ઘણી ખાંચખૂંચો રહી છે, તેને દૂર કરવાની છે. ઘણી ક્ષતિઓ છે જે તેઓને ન ગમતી, તે મિટાવવાની છે.

મને લાગે છે કે, જેમાં અંગત સંદર્ભો હોય તેવો આ છેલ્લો પત્ર છે. અસ્તુ.

(મહા, ૨૦૬૮)

* * *

## (૫૧)

## અમારા રે અવગુણ રે,
## ગુરુજીમાં ગુણ તો ઘણા રે....

આજે વૈશાખ શુદિ એકમ છે.

ગયે વર્ષે આ જ દિવસે, ચૈત્ર વદિ અમાસની મધરાતે અને બેસતા મહિનાની વહેલી સવારે, પૂજ્યપાદ ગુરુભગવંત શ્રીવિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ, આપણા સહુના સાહેબ, આપણી વચ્ચેથી ચિરવિદાય લઈને ચાલ્યા ગયા હતા.

એ રાત, એ ક્ષણો, એ ઉચાટભરી સ્થિતિ હજી વીસરાતી નથી. એ યાદ આવે છે અને મન ગમગીન બની જાય છે, આંખો ભરાઈ આવે છે.

મૃત્યુ નિવારી શકાતું નથી, એ વાત પાકા પાયે સમજાઈ છે છતાં, રહી રહીને એમ થાય છે કે, સાહેબને બચાવી શક્યો હોત ! આપણે કાળસત્તાની ચાલને પારખવામાં ઊણા ઊતર્યા, મોડા પડ્યા. ખબર નહિ, અંતર આમ ક્યાં સુધી વલોવાતું રહેશે ?

ઘણા મિત્રો-સ્વજનો આવી રીતે ન વિચારવા સૂચવે છે. શોક કે ઉદ્વેગ કરીને તબિયત તથા કાર્યો ન બગાડવાની ભલામણો પણ થતી જ રહે છે. આ તકે એક સ્પષ્ટતા કરવી જોઈએ કે એક શિષ્યને પોતાના સદ્‌ગુરુ પ્રત્યે હોવા જોઈએ તેવો રાગ અને લગાવ જરૂર છે, પરંતુ બુદ્ધિગમ્ય ન હોય તેવી અંધશ્રદ્ધા કે અંધ વ્યક્તિરાગ મનના કોઈ ખૂણે નથી.

જે બન્યું છે, બને છે, તે બધું કર્મ, કાળ અને કુદરતને આધીન જ હોય છે, તેનો સ્વીકાર - હસીને કે રડીને - કરવામાં જ શ્રેય છે, વાસ્તવિકતા છે. એટલે રુદનનો કે શોક કરવાનો કોઈ અર્થ નથી. તેઓ હોત તો આમ થાત ને આવું ન હોત - એવા અર્થહીન વિકલ્પોનો પણ કોઈ અવસર નથી. એ બધું છેવટે તો આપણા સ્વાર્થની જ નીપજ ગણાય. માત્ર ઉપકારોનું સ્મરણ અને ગુરુ તરીકેની તેમની સત્તાનો વિરહ - આ બે જ બાબતો મનમાં હોય છે. હું આવા કારણે થઈ આવતી સ્મૃતિ અને તેના લીધે ઉદ્‌ભવતા આંસુને, 'શોક' તરીકે સ્વીકારવા નથી ઇચ્છતો. ખરેખર તો આ પ્રકારનો લગાવ આપણને ગુરુગૌતમસ્વામી તરફથી વારસામાં પ્રાપ્ત થયો છે, જે આપણા ભીતરની વેદનાને સંવેદનામાં પરિવર્તિત કરીને છેવટે તત્ત્વબોધમાં રૂપાંતરિત

કરી આપનારો નીવડે છે. ચિત્તની પ્રત્યેક વૃત્તિ જો તત્ત્વ-પ્રાપ્તિ તરફ દોરી જાય તો તે વૃત્તિ પણ આત્મહિતકારી ગણાય.

આપણે એમના ગુણવૈભવને યાદ કરવો જોઈએ. સાહેબમાં વાસ્તવિક રીતે જે સદ્ગુણો હતા તેની જ વાત અહીં કરવી છે. વર્ષો સુધી જે ગુણોનો સ્વાનુભવ કર્યો, જે ગુણોએ ઘડતર કર્યું, તેવા ગુણો તેમનામાં ઘણા ઘણા હતા. તે પૈકી એક ગુણની વાત કરીશ :

એમને જીવનભર સૌથી વધુ કોઈ વાતની નફરત રહી હોય તો તે 'જૂઠ'ની. જૂઠ અને જૂઠા લોકો એમને કદી ન ગમતા. જૂઠું બોલનારા કે આચરનારા ભલાભલાને તેમણે ખખડાવી નાખ્યા હોય તેવું અનેક પ્રસંગોએ અનુભવ્યું છે. તેમની સામાન્ય છાપ જ એવી, અને ધાક પણ, કે કોઈ તેમની પાસે જૂઠું બોલવાની હિંમત ન જ કરે, બલ્કે ડરે.

મને મારા બચપણમાં જૂઠું બોલવાની બહુ આદત હતી. બાળક પાસે બીજું તો કયું મોટું કામકાજ હોય, પણ મોટા માટે નગણ્ય કે ક્ષુલ્લક લાગતી બાબતો પણ, ઘણીવાર, બાળકો માટે બહુ મહત્ત્વની હોય છે, એ ન્યાયે ભણવાની, ખાવા-પીવાની વગેરે વાતોમાં જૂઠું બોલવાની પૂરી ટેવ. સાચું કબૂલશું તો લડશે, એવી બીક પણ ખરી.

પણ એવા તમામ પ્રસંગોમાં તેઓ કાચી ક્ષણમાં જૂઠું પકડી પાડતાં, અને બે વાર એવી રીતે પૂછે - ઊલટતપાસ લે કે તરત જ આપણાથી જેવું હોય તેવું કબૂલાઈ જ જાય. એમનો મત એવો કે ખોટું કર્યું અને ઉપરથી ખોટું બોલો ? સાચું બોલી જાવ તો ખોટું કરેલું માફ પણ થઈ શકે, પણ ખોટું બોલો તો શિક્ષા ખમવી જ પડે. અને એ આકરી શિક્ષા કરતા. દાદાગુરુ જૂઠું ચલાવી લે - બાળક છે એમ વિચારીને, શિક્ષા થતી જોઈને બચાવવા પણ આવે જ, પણ સાહેબ ટસના મસ ન થાય. તેઓ સ્પષ્ટ કહે કે જૂઠની ટેવ અને ખોટા સંસ્કાર ન જ પડવાં જોઈએ. આજથી કાળજી નહિ રાખીએ તો એનું જ ભવિષ્ય બગડે, માટે હું જે રીતે કેળવું છું તેમાં વિક્ષેપ ન કરો.

માત્ર મારી જ વાત શા માટે ? સંઘાડામાં બીજા સાધુઓ હતા, કોઈ કોઈ દીક્ષાર્થી જનો પણ આવતા. તે પૈકી કોઈના પણ ગલત વ્યવહાર હોય, તો તે વડીલોના કે બીજા કોઈના ધ્યાનમાં ન આવે, પણ સાહેબ તે પકડી પાડ્યા વિના

ન રહે. એમના એ આચરણથી અને વાતથી બીજાને, બધાને નુકસાન થયું હોય અથવા મોટું નુકસાન-અહિત થવાનું જણાય, તો જ તે વાતને તેઓ આગળ લઈ જતા. અન્યથા તે તે વ્યક્તિને પ્રેમથી ટકોર કરીને વાત વાળી લેતા.

એક પ્રસંગ એવો યાદ આવે છે કે, એક અજૈન, તે પણ તદ્દન નીચલા થરનો માણસ સાધુ થયો. સ્વભાવ, આચરણ બધું જ અયોગ્ય. પણ મોટા સમુદાયમાં તો બધી વાનગી હોય, એમાં અભેળો કે કજિયો ન થાય. બધું આનંદથી ચાલતું. એમાં એક વાર પેલા મિત્રને કાંઈક વાંધો પડ્યો હશે અને એણે અટકચાળું આદર્યું. રોજ રાત્રે દાદાગુરુની પાટની નીચેથી માંડીને છેક દાદરા નીચેના ભાગ સુધી, મધરાતે બધા ભરઉંઘમાં હોય તેવે સમયે ચૂનો પાથરી દે. પછી તેના પર અવળાં પગલાં પાડતો છેક પાટ સુધી જાય. વહેલી સવારે બધા ઊઠે તો ડરી જાય કે આ તો ભૂત ! અવળાં પગલાં તો ભૂતનાં જ હોય ને ? અને ૨-૪ દહાડામાં તો બધા ત્રાસી ગયા. હું આઠ વર્ષનો બાળક-ગૃહસ્થ. રાત-દહાડો ફફડું.

બધા ડરી ગયા, ના ડર્યા એક સાહેબ. એમણે ત્રણ દહાડાનું આ નાટક જોયા પછી ચોથા દહાડે રાત આખી જાગવાનું નક્કી કર્યું. મનમાં શંકા પાકી હતી કે આ કામ આ માણસનું જ હોય. પેલો તે રાત્રે ચૂનો પાથરીને અવળે પગલે ચાલતો હતો, તે જ વખતે તેમણે પાછળથી ચૂપચાપ જઈ તેનો હાથ પકડી લીધો અને પડકાર કર્યો. જોતજોતામાં બધા નાના-મોટા હાજર ! સાહેબે તેમને સોંપીને કહ્યું, આ રહ્યું તમારું ભૂત ! આ વખતે સાહેબની ઉંમર ફક્ત પચીસ વર્ષની.

તો વાત એ છે કે સાહેબ ભલભલાનું જૂઠું પળમાં પરખી જતા, પકડી પાડતા, અને તેને પાછો વાળીને જ રહેતા. સાહેબ વિષે, જીવનભર એક છાપ પ્રવર્તતી રહી કે સાહેબ બહુ કડક છે. આજે પણ યાદ કરનારા કહેતાં હોય છે કે સાહેબ બહુ કડક હતા. તેઓ હોત તો આમ થાત ને આવું ન થાત. આ છાપ પાછળનો ખરો મુદ્દો તે તેમની સત્યપ્રીતિ છે, અસત્ય કે જૂઠની તેમની અરુચિ છે. સત્ય માણસને કડક બનાવે છે. સત્યનો ચાહક નિર્ભય જ હોય, અને તે કડક જ લાગે. પોચકાં તો અસત્ય મૂકાવે. બાકી સાહેબ ભીતરથી કેવા હેતાળ, વત્સલ અને મુલાયમ હતા તે તો જે બાળકો અને મિત્રો સાહેબનો નિકટનો સંપર્ક પામ્યા છે તેમને બરાબર ખ્યાલ છે.

પરંતુ સાહેબની બીજી એક સ્વભાવગત ખાસિયત એ હતી કે, તેઓ ભલા હતા, સરળ હતા. એમને વિશ્વાસ પમાડતાં ઝાઝી વાર ન લાગે. અને એકવાર

જેના પર વિશ્વાસ બેસી જાય, તે પછી તે વિશ્વાસનો ગેરલાભ પણ ઉઠાવે, તેમને છેતરી પણ જાય, તો તેમની ભલમનસાઈને કારણે તેઓ તેનો ભોગ બની જતા. વિશ્વાસ મૂકાય તે માણસ નજીકનો જ હોય અથવા નજીકનો બની જ જાય, અને *સાહેબની ભલમનસાઈનો તથા વિશ્વાસનો વધુમાં વધુ ફાયદો,* એ નજીકના લોકોએ જ, હંમેશાં ઉઠાવ્યો છે. વિશ્વાસ સમર્પણ પ્રેરે, તેને બદલે જૂઠની પ્રેરણા કેમ આપતો હશે, એ કોયડો ઉકેલાતો નથી. વિશ્વાસ અને જૂઠની જુગલબંદી, લાગે છે કે, ચાલતી જ રહે છે અને ચાલતી જ રહેશે.

પણ આની કદાપિ ખબર જ ન પડતી એવું નહોતું. અવસરે તેઓને ખ્યાલ આવી જતો. પરંતુ એક રાજસી વ્યક્તિત્વમાં જ સંભવે તેની ઉદારતા અને સરળતા તેમનામાં હતી, અને તેને લઈને તેઓ તે બધું જાણ્યા પછીયે જતું કરતા, જતું કરી શકતા. ક્વચિત્ ખિન્ન થાય તો બોલતા - એમનાં એવાં કર્મ ! આપણે એમની દયા ચિંતવવી, એ સિવાય આપણે શું કરી શકીએ ?

અને એ પણ અનેક વાર જોયું છે કે તેમણે માફ કરી દીધા જ હોય, વીસરી પણ ગયા હોય, પણ તેમને છેતરનારા કે તેમની સાથે જૂઠ આચરનારા ક્યાંક ને ક્યાંક હેરાન થાય જ થાય, અને તેઓ ફરીહરીને પાછા સાહેબના શરણે જ આવે, અને ત્યારે તેમને સાંત્વન આપવાથી માંડીને તેમની તકલીફોના-હેરાનગતિના નિવારણનું માર્ગદર્શન પણ સાહેબે જ આપવાનું હોય.

તો આવા વાસ્તવિક ગુણવૈભવના સ્વામી હતા સાહેબજી. તેમની ખોટ પડ્યાને એક વરસ જોતજોતામાં પસાર થઈ ગયું. આમને આમ વર્ષોના વર્ષો પણ વહી જશે. આપણે બધાં આપણાં કામોમાં મશગૂલ થઈશું. ક્યારેક એમને યાદ કરી લઈશું. અને બીજી જ પળે પાછા પોતાની ઘટમાળમાં ખોવાઈ જઈશું.

સંસારનો આ જ ક્રમ રહ્યો છે. એ ક્રમ બદલવાની આપણી ગુંજાઈશ પણ નથી અને રુચિ પણ નથી. સવાલ ગુરુને ભૂલી જઈશું એ નથી, સવાલ તો ગુરુના ઉપદેશોને અને એમના સદ્‌ગુણોને ભૂલી જઈએ તો ? - એ છે. એક ચોટદાર સુભાષિત હમણાં જ વાંચવા મળ્યું તે, આ સંદર્ભમાં, અહીં ટાંકવું બહુ પ્રસ્તુત બનશે.

**"મૃત્યુથી પડેલી ખોટ પછી દુનિયા એટલી ઝડપથી ફરી પોતાનો વ્યવહાર ગોઠવી લે છે, કે ચાલ્યું ગયેલું તે જણ કદાચ છે ને પાછું આવે, તો ગૂંચવાડામાં જ પડી જાય."**

ચાર્લ્સ વોર્નર નામના વિદેશી વિચારકના આ સુભાષિતમાં જીવનના એક કટુ સત્યનું અનાવરણ થયું છે. પ્રત્યેક મૃત્યુ પામેલી વ્યક્તિ - અંગત કે બિનંગત - ની વિદાય પછી, આપણે કેટલી ઝડપથી સ્થિતિસ્થાપકતામાં આવી જતા હોઈએ છીએ !

મરણ પામનારની ખોટ ભલે ન પૂરી શકાય, પરંતુ તેમના ગુણોની ખોટ પૂરવાની ક્ષમતા અને આવડત અને તત્પરતા આપણે કેળવીએ, તો એ પૂરતું થશે. હું એમ વિચારું છું કે સાહેબ અચાનક પાછા આવે તો એમને ઊજળો હિસાબ આપી શકાય તેવું જીવવું એ જ હોવું કર્તવ્ય હોય, હોવું જોઈએ. વસ્તુ.

**(વૈશાખ, ૨૦૬૮)**

* * *

## (૫૨)

ગુરુને બે પ્રકારે જોઈ શકાય, અનુભવી શકાય. એક, મનુષ્ય તરીકે, બે, ગુરુ તરીકે. જેમ શિષ્ય એક મનુષ્ય છે, તેમ ગુરુ પણ મૂળે તો મનુષ્ય જ છે. મનુષ્ય હોય તો તેને મન પણ હોવાનું. મન હોય ત્યાં ઈચ્છાઓ પણ હોય જ. ઈચ્છાઓ હોય તો ત્યાં ગમા-અણગમા પણ હોય, અને ઈચ્છાઓ દ્વારા પ્રેરિત અન્ય માનવસુલભ નબળાઈઓ તથા ક્ષતિઓ પણ હોવાની જ.

ગુરુને મનુષ્યભાવે જોનારી વ્યક્તિને ગુરુની આ બધી નબળાઈઓ દેખાવાની જ, તે કાંઈ છાની ન રહી શકે. ફલતઃ તે વ્યક્તિના મનમાં ગુરુ તરફ સદ્‌ભાવ જાગવાને બદલે દુર્ભાવ જાગે કે ઓહો, આ તો આપણા જેવા જ છે ! કશી વિશેષતા લાગતી નથી. આવા અસદ્‌ભાવને કારણે તે વ્યક્તિ સતત ગુરુની ક્ષતિઓની ચોકી કે દેખરેખ રાખશે. નોંધ કર્યા કરશે, અને તક મળ્યે ગુરુને ઊતારી પાડવાની અથવા તો હેરાન કરવાની તત્પરતા દાખવશે, અને તે રીતે પોતાનો સ્વચ્છંદ પોષવામાં અને પોતાનું ધાર્યું કરવા-કરાવવામાં તે કાબેલ બની જશે. આવી વ્યક્તિ બીજું કાંઈ પણ બની શકે, પરંતુ તે 'શિષ્ય' થવાનું તો ચોક્કસ ચૂકી જવાની. જે ગુરુને ગુરુ જ ન માનતી હોય, તે વ્યક્તિ તે ગુરુની 'શિષ્ય' કે 'આશ્રિત' કે 'અન્તેવાસી' તો બની જ કેવી રીતે શકે ? આવી વ્યક્તિ એક બાજુથી પોતાની જિંદગી પોતે જ બરબાદ કરે છે, અને બીજી બાજુએ તે ગુરુની કૃપા પામવાથી સદંતર વંચિત રહી જાય છે.

કેટલાક લોકો એવા પણ હોય છે જે ગુરુને ગુરુભાવે-ગુરુ તરીકે જ જુએ છે, મનુષ્યભાવે નહિ. "ગુરુ પણ માણસ છે, અને તેમનામાં માનવસુલભ દોષો ન હોય એમ નહિ," એવું બરાબર સમજતા હોવા છતાં, ગુરુની તે બાજુ પ્રત્યે દુર્લક્ષ્ય સેવવાપૂર્વક તેમના ગુણપક્ષને, ગૌરવ અને ગરિમાને જ પ્રાધાન્ય આપીને અંતરના અહોભાવથી તથા બહુમાનપૂર્વક ગુરુને સેવે, તેવા લોકો આ પ્રકારમાં સમાય છે. આવા લોકોની આવી સમજણના બે ફાયદા થાય છે : એક, ગુરુ સ્વયં પોતાની ગરિમા પરત્વે સભાન થઈને, તેમાં બાધારૂપ બનનારા પોતાના દોષોને દૂર કરવા માટે પ્રેરાય છે, પોતાના ગુણપક્ષને વધુ ને વધુ વિકસાવવાની પરિણતિ તેમનામાં તીવ્ર બનતી જાય છે; બે, આવા સમજદાર જીવો, કશા જ આયાસ પ્રયાસ વગર 'શિષ્ય' તરીકે પ્રતિષ્ઠિત થાય છે, અને પોતાના શ્રદ્ધેય ગુરુની અહૈતુકી -

અકારણ કૃપાના તેઓ પાત્ર બની શકે છે. અને, આવા શિષ્ય ઉપર વરસતી એ કૃપાનો અનુભવ, એ શિષ્યના જ માધ્યમથી, સર્વ કોઈને થાય છે, થઈ શકે છે.

* * *

ગોધરાની પ્રતિષ્ઠાનો સમગ્ર પ્રસંગ તે આવી ગુરુકૃપાના અનુભવનો જ પ્રસંગ હતો એમ કશા જ ક્ષોભ-સંકોચ કે ગર્વ વગર કહી શકાય. આ વાતના સમર્થન માટે થોડીક ઘટનાઓને જ બોલવા દઈએ :

૧. પ્રતિષ્ઠા - ઉત્સવના દોઢેક મહિના અગાઉ જ, દેરાસરના શિલ્પી બધું કામ પડતું મૂકીને ચાલ્યા ગયા ! પચાસ ટકા કરતાં વધારે કામ બાકી. પ્રતિષ્ઠા બંધ જ રાખવી પડે તેવી સ્થિતિ ! પરંતુ, પરમગુરુભક્ત જયંતીભાઈ શેઠને અગમ્ય પ્રેરણા થઈ અને તેઓ અન્ય સોમપુરાને બોલાવી લાવ્યા, અને પ્રતિષ્ઠા થઈ શકે તેટલું કામ કરાવવાનું બીડું ઝડપ્યું. ૪૫ દહાડામાં, ફ્લોરિંગ, શિખરો, ચાર દેરીઓ તથા અનેક આવશ્યકતાઓ તેણે સુપેરે પાર પાડી આપી. અન્યની અડધી રાંધેલી અને દાઝેલી એવી અધૂરી રસોઈ પૂરી કરવી એટલે શું, એ જેને ખબર હોય તે જ આ વાત સમજી શકશે. આ ગુરુકૃપા નહિ તો શું ?

૨. મહોત્સવ માટે બહુ મોટું ફંડ ખપે. અહીં આવ્યા ત્યારે ટ્રસ્ટના હાથમાં ફંડના નામે એક પૈસો પણ નહિ ! કહેતા કે આપ આવો અને કરી આપો. ક્યારેય કોઈને ય ફંડ માટે કહેલું ન હોય, કહેવાની આવડત અને ફાવટ ન હોય, તેમાં ફંડ માગવું એ કેટલું ક્ષોભજનક હોય ! પણ કોને ખબર, આવ્યા તેના એકાદ દહાડાથી જ પ્રેમભરી દરખાસ્તો મૂકાતી ગઈ અને ફંડના વચન મળતાં ગયાં. પ્રાયઃ પંદર દહાડામાં પચાસેક લાખ જેવું ફંડ થયું, અને આગળ વધતાં તો બહુ બધું ફંડ થયું. આ ગુરુકૃપા નહીં તો શું ? વળી, ફંડ માટે કોઈનેય બળજબરી તો શું, બે વાર પણ કહેવું નથી પડ્યું, અને કોઈને ખરાબ તો લાગ્યું જ નહિ !

૩. ચૈત્ર શુદિ પાંચમે ઉછામણી રાખી હતી. ૪૦-૫૦ લાખ જેટલા ચડાવા થાય તો ય ઓછું નહીં, દેરાસરનું દેવું નીકળી જશે અને કામ પૂરું થાય, આવી ધારણા - બધાની. પણ પ્રભુજીના સાંનિધ્યમાં ઉછામણી રખાવી. આશરે નવ કલાક સળંગ ચાલી. વાતાવરણ ઉલ્લાસભર્યું રહ્યું. સોમવાર છતાં પૂરો સમય

પૂરી હાજરી રહી. સાંજે ૧ કરોડ વીસ લાખે ઉછામણી આટોપાઈ, ત્યારે સૌના હૈયાં હરખભરેલાં હતાં. આ પછી તરત જ, જે મોટી સંસ્થાઓએ દેરાસરજીના કામ માટે વધુ-નવી રકમનાં વચન આપેલાં, તેમને બહુમાનપૂર્વક ના જણાવવામાં આવી કે એ રકમ અન્યત્ર ઉપયોગમાં લેવાનું રાખજો. આ બધું ગુરુકૃપા નહિ તો શું ?

૪. મહોત્સવના બાર દિન ભયાનક ગરમીના દિન હતા. આકરો તાપ, જાણે આગ જ વરસે ! એમાં કલાકો સુધી મંડપ તળે બેસવાનું, અને ૩૪-૩૪ જમણવાર ! સેંકડો લોકો આ બધાંમાં સતત ભાગ લેતા રહ્યા, અને એકાદ જણને પણ ઝાડા-ઊલટી, લૂ લાગવી કે એવી અન્ય કોઈ જ તકલીફ ન થઈ. ડેપ્યુટી કલેકટરે કહ્યું કે, આટલા બધા દિવસ જમવાનું હોય તો ક્યાંક ક્યારેક તો કોઈને કાંઈ થાય જ, અહીં ન થયું. આને ગુરુકૃપા વિના શું સમજીશું ?

૫. સારા કામમાં સો વિઘન - એવી ગુજરાતી કહેવત છે. અનુભવ એવો હોય છે કે નજીકમાં નજીકના સ્વજનો જ આ કહેવતને સાર્થક કરતા હોય છે. આ મહોત્સવના દિવસોમાં આવાં અને અન્ય અનેક વિઘ્નો, પ્રશ્નો, સમસ્યાઓ આવ્યાં. ટેન્શન થાય, ઉચાટ વધે, ક્વચિત્ આંખ પણ ભીંજાય. પરંતુ કોઈને ખ્યાલ પણ ન આવે તે રીતે તે વિઘ્નો શમી જતાં જોયાં, પ્રશ્નો-સમસ્યાઓ ઉકલી જતાં જોયાં, વિઘ્ન કરવાવાળા આપમેળે ચાટ પડતા જણાયા, ત્યારે સતત આપસઆપસમાં ચર્ચાતું રહ્યું : આ ગુરુકૃપા વગર શક્ય બને ખરું ?

૬. ઐતિહાસિક અને અભૂતપૂર્વ વરઘોડો, રોજ ત્રિકાળ સંઘજમણ, સ્ટેજના પ્રોગ્રામો, મંદિરમાં મંગલ વિધિવિધાનો, બધાં કાર્યો એવાં હતાં કે સેંકડો સ્વયંસેવકો અથવા કાર્યકરો સિવાય બધું હેમખેમ પાર ન પડે. પરંતુ ગણતરીના ૮-૧૦ કાર્યકર્તાઓ દ્વારા જ સમગ્ર તંત્રસંચાલન થતું ગયું, ન કોઈ સમિતિ કે ન કોઈ કમિટિ; જેમની ખરેખર આશા હતી તેવા અનેક મિત્રો મૂક પ્રેક્ષક બની રહ્યા, અથવા તો કોઈક હેતુમિત્રોને આશ્રયે રહીને નકારાત્મક વર્તનગ્રસ્ત રહ્યા, છતાં કશા જ અવરોધ કે અગવડ વિના બધાં જ કાર્યો ગોઠવાતાં ગયાં અને મંગલમય રીતે પાર પડતાં જ રહ્યાં. આને શું સમજીશું ? ગુરુકૃપા કે બીજું કાંઈ ?

૭. વિવિધ મતમતાંતર હોવા એ જૈન વાણિયાની કોમનું ખાસ લક્ષણ છે. પોતાના આગ્રહો, પૂર્વગ્રહો, અહંકાર અને ઘમંડ, બીજા પ્રત્યે ઈર્ષ્યા અને નફરત - આ બધાં મનોવલણો જૈન વણિક જ્ઞાતિની આગવી લાક્ષણિકતા સમાન છે. અહીં પણ આ બધું હોય જ. આમ છતાં, આખું ગામ એટલે કે આખો સંઘ, સમગ્ર ઉત્સવમાં સતત સાથે રહ્યો, સાથે બેઠો, સાથે જમ્યો. તેમાં એક પણ વાર કોઈ પણ વ્યક્તિને કોઈનીય જોડે બોલાચાલી, કજિયો-ટંટો કે મારામારી નથી થઈ, તે બાબત પણ ઓછી નોંધપાત્ર ન ગણાય. પણ એ ગુરુકૃપા વગર શક્ય બને ખરું ?

૮. અંજન-પ્રતિષ્ઠાનાં તમામ અનુષ્ઠાનો અને વિધિવિધાનો એટલાં તો શુદ્ધિપૂર્વક અને વિધિપૂર્વક તેમ જ શાંતભાવે-પ્રસન્નભાવે થયાં, અને તેમાં પણ એક પણ લાભાર્થીને કોઈ પ્રકારનો અંતરાય ન આવ્યો, તે પણ ગુરુકૃપાનો જ પ્રભાવ હતો, એમ અનુભવાયું.

૯. ચૈત્ર શુદિ ૫ પછી, પ્રતિષ્ઠા થઈ તે દિવસ સુધીમાં, અનેકવિધ ઉછામણીઓ બોલાઈ, બોલાતી રહી. તેનો આંક પણ ૫૦ લાખ આસપાસ થાય છે. એક દેરાસરના અનુષંગે બીજાં પણ અનેક કામો થયાં, રૂડી રીતે થયાં, ગામના મોટા જિનાલયમાં ૯ કિલો ચાંદીની નૂતન પ્રતિમા થઈ, તેનો લાખોનો ચડાવો થયો. ત્યાં ચાંદીના રથ માટે ૨૨ કિલોથી વધુ ચાંદી ભેગી થઈ અને આવાં તો ઘણાં કાર્યો થયાં. આ ગુરુકૃપા સિવાય ન જ બને.

* * *

આ ગુરુકૃપા એટલે પ.પૂ. શાસનસમ્રાટ પરમગુરુ શ્રીવિજયનેમિસૂરિદાદાની કૃપા અને પ.પૂ. તેજોમૂર્તિ આચાર્ય ગુરુભગવંત શ્રીવિજયસૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની કૃપા. એમની અગોચર અગમ્ય અદીઠ ઉપસ્થિતિ સતત, ક્ષણે ક્ષણે અનુભવાતી રહી છે. વિકટ સમસ્યાઓ અને કઠિન કામો પણ તેના બળે સહજ સરળ સરસ બન્યાં છે.

આવા ગુરુભગવંતની કૃપા મળી, કેમ કે એમની ઉપાસના ગુરુભાવે કરી હતી, મનુષ્યભાવે નહિ, એમ હું બેધડક કહી શકું તેમ છું.

આવા ગુરુની સાથે માનવ-ભાવે વર્તનારા જીવો પણ હતા, છે. એમના માટે કૃપાનો અર્થ પોતાનાં ભૌતિક અને તુચ્છ કાર્યોમાં પોતે સફળ બને તેટલો જ હતો, છે. *અને દરેકને પોતાની ભૂમિકા અનુસાર બધું મળી જ રહે છે.*

કૃપાનો અર્થ નિર્મળતા છે, નિર્ભયતા / અભય છે, સહુનું - પોતાનું બગાડનારનું પણ ભલું કરવાની ભાવના અને પ્રયત્ન છે, હૃદયની વિશાળતા છે, સરળતા છે, નિર્દોષ થવાનો તલસાટ છે, અને આરાધક પરિણતિ છે. કૃપાનો અન્ય અર્થ સંભવે જ નહિ.

પાત્રતામાં હજી ઘણી ખામી અનુભવાય છે. એ ખામી પણ એ કૃપા થકી જ દૂર થશે તે નક્કી છે. મળેલી કૃપા, સહુને, નિરંતર મળતી જ રહો તેવી પ્રાર્થના સાથે.

(જેઠ, ૨૦૬૯)

* * *

અષાડ શુદ પૂનમે ગુરુપૂર્ણિમા આવી ગઈ. આ હિન્દુ ધર્મનો તહેવાર છે. પણ દેખાદેખીએ હવે જૈનોએ પણ તે તહેવારને અપનાવવા માંડ્યો છે, અથવા તો અપનાવી જ લીધો છે. હિન્દુધર્મ પ્રમાણે તે ધર્મમાં માનનારા લોકો પોતાના સાધુ - સંતોને ચોમાસા માટે બોલાવે, ત્યારે તેમની વાર્ષિક જીવન-જરૂરિયાતની ચીજ - જણસો તેમને આ ગુરુપૂર્ણિમાને દિવસે અર્પણ કરે છે. અને તે સાથે તેમનું ગુરુપૂજન પણ કરે છે. તે ગુરુઓ પણ ભક્તો પાસેથી પોતાની અપેક્ષાઓને સંતોષીને તેમને આશીર્વાદ આપતાં હોય છે. આમ, આ તહેવાર સંપૂર્ણપણે લૌકિક તહેવાર ગણાય.

આથી સાવ જુદી રીતે, આપણા ધર્મ પ્રમાણે, સાધુ-સાધ્વી મહારાજો વિહારયાત્રા આટોપીને, અષાડ શુદ ચૌદશ પહેલાં, જે તે ક્ષેત્રમાં આવી જાય; ત્યાં શ્રાવકવર્ગ સુપાત્રદાનના લાભની ખેવના સાથે, તેઓને ખપતી વસ્તુઓ, ઉપકરણો વહોરાવે, તેઓ પણ જરૂરપૂરતો ખપ કરે, અને ચૌદશે ચાતુર્માસનો પ્રારંભ થતાં જ, ૧૪ના પ્રતિક્રમણ બાદ કોઈ પણ ઉપકરણાદિ પદાર્થ વહોરવાનો ચાર - પાંચ માસ માટે નિષેધ કરવાપૂર્વક આરાધના આદિ કરવા-કરાવવામાં એકાગ્ર બની જાય આથી પૂનમે ગુરુપૂર્ણિમા ઉજવવાની કોઈ જ ક્રિયા તેમને કે તેમની પાસે/ તેમને માટે કરવાની રહેતી નથી. લોકોત્તર માર્ગમાં લૌકિક ક્રિયાને સ્થાન હોય પણ કેવી રીતે ?

આપણે જો ગુરુભક્તિ કરવી હોય, તો ચોમાસી ચૌદશે તપ, પૌષધ, મોટું પ્રતિક્રમણ વગેરે કરીને નિરવદ્ય આરાધના, ગુરુના સાંનિધ્યમાં, અથવા તેમના માર્ગદર્શન પ્રમાણે, કરવી ઘટે. ચોમાસું બેઠાના પહેલા દિને જ, મોટી પૂનમે, આરાધના છોડીને પ્રવાસાદિ કરી વિરાધના કરવી, અને લૌકિક તહેવાર મનાવવો, તે શ્રાવકધર્મને પ્રતિકૂળ બાબત ગણાય.

આ બધું આપણે ત્યાં છેલ્લા ૧૦-૧૨ વરસથી જ શરૂ થયું જણાય છે. અગાઉ આપણા એક પણ ગુરુભગવંત આગળ આવા તહેવારના બહાને કોઈ જતું નહોતું. છેલ્લા થોડા વખતથી જાહેર વર્તમાનપત્રોમાં વિધવિધ હિન્દુ ધર્મગુરુઓના ફોટા, *જાહેર ઉત્સવની જાહેરાતો જોરશોરથી થવા માંડી. તેમના આશ્રમો તથા સ્થાનોમાં* ગુરુપૂર્ણિમાના ઉત્સવો થવા માંડ્યા, તેમાં તેમને માનનારો વર્ગ ટોળાબંધ જવા

માંડ્યો. આ પ્રકારનો પ્રચાર અને મહિમા ખૂબ વધતા તેના પડઘા આપણાં જૈન મિત્રોનાં હૈયામાં પણ પડવા માંડ્યા. જૈન ભક્તોને પણ થયું કે આપણે પણ આપણા ગુરુ પાસે આ રીતે જવું જોઈએ. ગુરુપૂર્ણિમા ઊજવવી જોઈએ, અને ગુરુની ભક્તિ કરી આશીર્વાદ લેવા જોઈએ. આ રીતે તેઓ / ભક્તો પોતાના ગુરુઓ પાસે જતા થયા. ગુરુજનોને પણ ભાવિકોની આવી આવી સ્વયંભૂ સહજ ભક્તિ ભાવનામાં કાંઈ અજુગતું ન લાગવાથી ચાલવા દીધું.

આનું પરિણામ એ આવ્યું છે કે જૈન સમાજના વધુ ને વધુ લોકો આ તહેવાર મનાવવા લાગ્યા છે. દરેક, દર વખતે, પોતાના ગુરુ માટે કાંઈક નવું અથવા વિશેષ કરવાની ગોઠવણમાં હોય છે. આની પાસે ગુરુજનો પણ આ પ્રવૃત્તિને સ્વભાવિક અને વિહિત માનીને, ભક્તોનું દિલ તૂટે નહિ તેવા ભાવથી એને સ્વીકૃતિ આપતા થયા છે. અને તે નિમિત્તે જાહેર કાર્યક્રમોનાં આયોજનમાં પણ સંમત થતા જોવા મળે છે.

પર્યુષણના સ્તવનમાં એક ગાથા આવે છે :

"દશેરા દીવાળી ને હોળી, અખાત્રીજ દિવાસો રે<br>
બળેવ પ્રમુખ બહુલા છે બીજા, પણ નહિ મુક્તિનો વાસો રે<br>
પજુસણ આવ્યા રે"

આ કડીમાં લૌકિક તહેવારોનો આદર - ઉજવણી નહિ કરવાનો સ્પષ્ટ નિર્દેશ મળે છે. જો ગુરુપૂર્ણિમા પણ આવો લૌકિક તહેવાર હોય તો આપણે તેનો આ રીતે આદર કરાય ખરો ? લોકોત્તર માર્ગમાં લૌકિકતાનો પ્રવેશ કોઈપણ સંયોગોમાં માન્ય કેમ બનશે ?

હજી તો અમુક જ વર્ગમાં આ વાત જોવા મળે છે. પણ જો આપણે સવેળા નહિ ચેતીએ તો આ વાત આખાયે સંઘ-સમાજમાં વ્યાપકરૂપે પ્રસરી જતાં વાર નહિ લાગે. ચૌદશે ચોમાસી પ્રતિક્રમણ અને પૂનમે વિરાધના - એ બે પરસ્પરવિરોધી વાતોનો મેળ કેમ સાધી શકાય ?

એક બહુ જ મજાની અને મહત્વની વાત કહેવી છે.

ભાવિક ભક્તજનો માટે 'સાધુ' એ સદાકાળ માટે ગુરુ જ છે. અને પોતાના આવા ગુરુ-સાધુ ભગવંતોની, એ ભાવિક ભક્તો, તમે, હમેશાં સેવા અને ભક્તિ કરતાં જ રહો છો. જે અવર્ણનીય હોય છે અને શંકારહિત હોય છે.

ગુરુ માત્ર ગુરુપૂર્ણિમાને દિન જ ગુરુ હોય, અને અન્ય દિને નથી હોતા, એવું જૈન સમાજમાં તો નથી હોતું. વળી, જે સાધુને ગુરુ લેખે સ્વીકાર્યા હોય, તે સિવાયનાં સાધુ કે સાધ્વીની સેવાભક્તિ નહિ કરવી - એવું પણ જૈન ભક્તજનોના દિલમાં હોય નહિ - હોતું નથી જ. આવું અજૈન સમાજમાં અને સંપ્રદાયોમાં જોવા નહિ મળે.

એટલે એમ કહી શકાય કે તમે જ્યારે કોઈ સાધુ-સાધ્વીની સેવા-ભક્તિ કરો છો, તે દિવસ જ તમારા માટે ગુરુપૂર્ણિમા બની જાય છે. અને આવી પૂર્ણિમાઓ તો આખા વર્ષમાં કેટલીબધી વાર આવે છે !

તમે લોકો, જૈનો, રસ્તે જતાં હો અને સાધુ-સાધ્વી મળી જાય તો તેમને વંદન કરશો, વ્હોરાવશો, કાંઈક ખપ હશે તો મેળવી આપશો, રસ્તો દેખાડશો, સારવાર કરાવી આપશો. કોઈ અજૈન સંન્યાસી પોતાના સમાજના લોકો પાસે આવી અપેક્ષા રાખી અને સંતોષી શકે ખરા ? કોઈ ભક્ત તેમની સામું પણ જુએ ખરો ? અરે, સાધુસંતને જોઈને મોં ફેરવીને ચાલ્યો જ જાય ! આવું જાણીએ ત્યારે થાય કે ક્યાં ગઈ આ બધાની ગુરુપૂર્ણિમા ?

ગુરુપૂર્ણિમાની લૌકિક વાતોમાં તણાઈ ગયા પછી, આપણી પણ સ્થિતિ, મનોદશા, આ પ્રકારની ન થઈ જાય, તે માટે જ આ વખતે આટલું ચિંતન આલેખ્યું છે. ગુરુજનોના ભક્તવર્ગની ભક્તિ-ભાવનાનો અનાદર કે અપમાન કરવાનો આમાં લેશ પણ ખ્યાલ નથી. બલ્કે, સહુની અત્યંત ઉમદા ગુરુભક્તિ નિહાળીને, તે ભક્તિ સાચી રીતે અને સાચા માર્ગે પ્રગટે-વધે-વહે તેવા શુભ ભાવથી જ આ વાતો નોંધી છે. તમે બધા લોકોત્તર માર્ગના જ પથિક બની રહો, અને લૌકિકતામાં સરી ન પડો, તે હેતુથી જ આ બધું લખ્યું છે.

ગુરુપૂર્ણિમાના કેન્દ્રમાં 'ગુરુ' હોય છે. એ દિવસે લોકો ગુરુની પૂજા કરે છે. હિન્દુધર્મમાં ગુરુને ભગવાન-તુલ્ય માનવામાં આવે છે. એટલે આ દિવસે તેમના ચરણો પખાળવા, તે પાણીનું આચમનાદિ કરવું, ગુરુને કેશર-ચંદન-કંકુનાં વિલેપન થાય, તેમને ફૂલમાળા પહેરાવે, ફૂલ-ફળ-નૈવેદ ધરે, શક્તિ પ્રમાણે નાણું અને બીજી ચીજો અર્પણ કરે.

સવાલ એમ થાય કે જેને ગુરુ સમજીને આટલાબધાં વાનાં કરાય, તે ગુરુનું કહ્યું માનવાનું ગમે ખરૂં ? એ કહે કે અમુક વ્યસન / ટેવ છોડો તો છોડીએ ખરા ?

જૂઠું બોલવાનું બંધ કરવા કહે તો માનીએ ખરા ? કાવાદાવા કે કૂડકપટ કરવાની ના પાડે તો તેમ કરીએ ખરા ? ખોટાં કામો કરવાનો નિષેધ કરે તો તેવાં કામો ન કરવાની પ્રતિજ્ઞા લઈએ ખરા ?

બધા સવાલોનો સામાન્ય જવાબ એક સરખો હશે : ના. અને એ જવાબ પણ આપણે પ્રમાણિક હોઈએ તો જ આપીએ. બાકી તો હા પાડીને એવા છટકીએ કે ફરી વાર સવાલ-જવાબની તક જ ઊભી થવા ન દઈએ !

સામાન્ય અનુભવ એવો છે કે આપણને, આપણે ઇચ્છીએ તેમ કરવા દે, આપણે કહીએ તેને સાચું માની લે, અને આપણું ધાર્યું કરે તેવા જ ગુરુ ખપતા હોય છે, ગમે છે. આપણે જે કરીએ તેમાં સંમત થાય, ભૂલ ન કાઢે, ટોકે નહિ, ચલાવી તો લે જ પણ ઉપરથી શાબાશીયે આપે, એવા ગુરુ જ આપણી કલ્પનામૂર્તિ હોય છે.

જો ગુરુ આપણું કહ્યું ન માને, ધાર્યું ન કરે, કરીએ તો ચલાવી ન લે, તો તેવા ગુરુની ઉપેક્ષા, અવહેલના અને ક્વચિત્ નિંદા પણ કરતાં વાર નહિ લાગે. પછી તેવા ગુરુની વાતો કે સૂચનાઓ પ્રત્યે દુર્લક્ષ્ય સેવીએ, બહાનાં કાઢીએ, હા-હા કરીને તે વાતોને ટાળવાનું કરીએ.

ગુરુ સિવાયની વ્યક્તિઓ સાથે જ, જો જરૂર પડે તો, કરવાનું આ બધું વર્તન, જ્યારે ગુરુ તરીકે સ્વીકારેલી વ્યક્તિઓ સાથે, વગર જરૂરે પણ, થવા માંડે, ત્યારે સમજવું પડે કે એ ગુરુ 'ગુરુ' નથી રહ્યા, એ માત્ર ઓઠું જ રહ્યા હોય છે.

ગુરુ ગમે, તો જ તેનું કહ્યું કરવું ગમે. ગુરુનું કહ્યું કરવું ગમે તો જ ગુરુપૂર્ણિમાની સાર્થક ઉજવણી કરી ગણાય. જ્યાં સુધી જૈનશાસનને લાગેવળગે છે ત્યાં સુધી તો આજ્ઞા જ ભક્તિ છે. અર્થાત્, ગુરુની ઇચ્છા/આજ્ઞાને અનુસરવામાં જ ગુરુભક્તિ છે, ગુરુપૂર્ણિમા છે. અન્યથા લૌકિક વ્યવહારમાત્ર છે, જે આપણો જીવાત્મા અનંત કાળથી આચરતો આવ્યો છે. અસ્તુ.

(શ્રાવણ ૨૦૬૯)

* * *

## (૫૪)

## રસિયા, તુજ મૂરતિ મોહનગારી...

### (શુભવીર)

એક વાણિયો. ઘેર ઘણાં ઢોર. એમાં એકવાર એક ગાય માંદી પડી. વૈદ્યને બતાવ્યું. વૈદ્યે અમુક ઓસડિયાં ગાયના અર્ધો શેર ઘીમાં ભેળવી ખવડાવવા કહ્યું. શેઠની દીકરાવહુએ કહ્યું કે બધાં ઔષધો લઈ આવો બજારમાંથી. ગાયનું ઘી પણ લેતાં આવજો. શેઠ થોડા કૃપણ. બધું લાવ્યા, પણ ઘી ન લાવ્યા. વહુએ પૂછ્યું તો કહે ઘીની જરૂર નથી. ગાયના પેટમાં જ ઘી તો ભરેલું છે, પછી બહારથી ગાયનું ઘી શું લાવીને કામ ? એટલે ન લાવ્યો. વહુ કહે : બાપુજી, આમ ન ચાલે. ગાયના શરીરમાંથી ઘી ભલે ફેલાયેલું પડ્યું હોય, પણ તે જ્યાં સુધી ઘીના સ્વરૂપમાં પિંડ ન થાય ત્યાં સુધી કામ ન લાગે. તે રીતે દવા ન અપાય. આપીએ તો ગાય મરી જાય. દવા માટે તો પિંડ બનેલું ઘી જ જોઈએ. શેઠ તો પછી ઘી લઈ આવ્યા અને દવા પાઈને ગાયને સાજી કરી.

આ વાર્તાનો બોધ એટલો કે ઘણાં કહે કે પરમાત્મા તો સર્વવ્યાપી છે, તેમને ભજવા માટે પ્રતિમાની વળી શી જરૂર ? એનો જવાબ આ વાર્તામાં છે. ભગવાન સર્વવ્યાપક હોવા છતાંયે જ્યાં સુધી તેમને આકૃતિ(પ્રતિમા)રૂપે સ્થાપીએ નહિ ત્યાં સુધી તેનું સાલંબન ધ્યાન ન થઈ શકે. નામસ્વરૂપે જગત-વ્યાપી પ્રભુનું પણ ધ્યાન તો તેની આકૃતિ સામે આવે ત્યારે જ થઈ શકે છે. જેમ ગાયના દેહમાં ઘી છે જ, છતાં દવા માટે પિંડીભૂત ઘી આવશ્યક હોય, તેમ ભગવાન બધે અને બધામાં હોવા છતાં તેની ઉપાસના તો તે મૂર્તિના રૂપમાં મળે તો જ થઈ શકે.

તો મૂર્તિ આલંબન છે. અને બાળ-છદ્મસ્થ જીવોને માટે આવા આલંબન વિના ઉપાસના શક્ય નથી. આ થઈ દેવતત્ત્વની વાત.

આપણે ત્યાં જેટલો મહિમા દેવતત્ત્વનો છે, તેટલો જ મહિમા ગુરુતત્ત્વનો પણ ગાવામાં આવ્યો છે. ગુરુતત્ત્વના અવલંબને અનંતા જીવો ભવ તર્યા છે, તરે છે. ખુદ જિનેશ્વર દેવો પોતાની પૂર્વ ભૂમિકામાં ગુરુતત્ત્વના સહારે જ દેવતત્ત્વ સુધી પહોંચીને દેવ બને છે. આવા ગુરુતત્ત્વની આરાધના આપણા શાસનમાં હજારો વર્ષોથી ચાલી આવી છે. "સમકિતદાયક ગુરુતણો, પચ્ચુવયાર ન થાય" અર્થાત્ ધર્મદાતા ગુરુના ઉપકારનો બદલો કેમેય વાળી શકાતો નથી - એ જ્ઞાનીનું વચન હૈયે રાખીને, ગુરુ-પદની યથાશક્તિ ઉપાસના કરવી, એ વિવેકશીલ પુણ્યાત્માઓનું કર્તવ્ય છે.

એ ઉપાસનાનો એક પ્રકાર તે ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા તથા સેવા. ઇતિહાસની દૃષ્ટિએ તો પ્રાયઃ ૧૧મા-૧૨મા સૈકાથી ગુરુમૂર્તિ બનાવવાનો રિવાજ આરંભાયો હોય તેવું જણાય છે. જો કે તે પૂર્વે ગુરુની આકૃતિ ન જ બનતી કે નથી જ બની, તેવું નથી. પ્રાચીન કાળની, ૧૨૦૦-૧૫૦૦ વર્ષો પહેલાંની અનેક શિલ્પકૃતિઓ વિવિધ સ્થળોએ વિખરાયેલી પડી છે. જેમાં કોઈ ને કોઈ આચાર્ય અથવા સાધુની આકૃતિ કોતરેલી હોય છે. પરંતુ ગુરુમૂર્તિની રીતે બનેલી અને પ્રતિષ્ઠા પામેલી, વર્તમાને ઉપલબ્ધ એવી, સંભવતઃ સૌથી જૂની ગુરુમૂર્તિ, વિ. સં. ૧૧૯૭ની સંડેરગચ્છના આચાર્ય દેવનાગની પ્રતિમા છે, જે હાલ રાજસ્થાનના સાંડેરાવ ગામમાં બિરાજે છે. આ પ્રતિમા પરનો સુવાચ્ય લેખ, તે આ. દેવનાગની મૂર્તિ હોવાનું પ્રમાણિત કરતો હોવા છતાં લોકો તેને 'આ. યશોભદ્રસૂરિ-પ્રતિમા' તરીકે જ ઓળખે છે, પ્રચારે છે. ઇતિહાસના બોધની આ ન્યૂનતા ક્યારેક કઠે. જો કે આવી ઘણી ગુરુમૂર્તિઓ રાજસ્થાનમાં, ગુજરાતમાં વિવિધ સ્થળોએ હજી સચવાઈ છે, જોવા મળે છે. તેમાં થોડાંક વર્ષો આમતેમ હોય તેવી પ્રાચીન મૂર્તિઓ પણ છે જ.

ગુરુમૂર્તિ-નિર્માણની આ પરંપરા સમય જતાં વધુ ને વધુ ફૂલીફાલી છે. અને વર્તમાનમાં તો લગભગ મોટા ભાગના આચાર્ય-ગુરુઓની મૂર્તિઓનાં નિર્માણ અને સ્થાપના પ્રવર્તી રહ્યાં છે. આ પ્રથાના ઔચિત્ય વિષે પ્રશ્ન ઊઠી શકે. મતમતાંતરો પણ હોઈ શકે. પણ આજે આ પ્રથા વેગપૂર્વક ચાલી છે તે તો સ્વયંસ્પષ્ટ છે.

પૂ. સાહેબજીએ છેલ્લા દિવસોમાં, ઓછામાં ઓછા ત્રણેક જણાને સૂચના કરેલી કે "મારું સ્મારક, મૂર્તિ ન બનાવશો. એ બધું તો શાસનસમ્રાટ જેવા મહાપુરુષનું હોય, શોભે, મારા માટે ન હોય"

એમની આ આંતરિક વિવેકશક્તિ પરત્વે અહોભાવ જાગે તેવી આ વાત છે. આ સૂચનનું ઉલ્લંઘન કરવાની હિંમત કે રુચિ નથી, ન જ હોય, તેથી જ તો તેમના અંતિમસંસ્કારના સ્થળે નાની દેરી અને ચરણપાદુકા જ નિર્માવ્યાં હતાં.

પરંતુ શ્રીજયંતિભાઈ શેઠ ગોધરાવાળા જેવા તેઓશ્રીના અંતરંગ ભકતજનોની એક લાગણી થઈ કે અમારી લાગણીને પણ ધ્યાનમાં લો, અને અમને એકાદ ગુરુમૂર્તિ કરાવી આપો. સાચાં હૈયાંની લાગણીને ઉવેખવાનું શક્ય ન બન્યું, અને ગુરુપ્રતિમાનું નિર્માણ થયું.

❋ ❋ ❋

## (૫૫)

## ગુરુતત્ત્વ-ચિન્તન

૧

સંત કબીર સાહેબનું એક પદ છે, 'ગુરુ બિન કૌન બતાવે બાટ'... ગુરુ વિના સાચી વાટ કોણ બતાવે ? પણ સાચો રાહ દેખાડે તેવા સદ્‌ગુરુ ક્યાં મળે ? કેમ મળે ? ગુરુ રસ્તામાં નથી જડતાં, સસ્તામાં નથી સાંપડતા. કહ્યું છે કે :

**"યહ તન વિષ કી વેલડી, ગુરુ અમૃત કી ખાણ**
**શીષ દિયે જો ગુરુ મિલે, તો ભી સસ્તા જાણ"**

ગુરુ બે રીતે મળે : કાં તો આપણે ગુરુની શોધ કરી તેમના ચરણે શરણ લઈએ, કાં તો ગુરુ આપણને શોધી કાઢે, આપણું વરણ કરે. જે પણ રીતે ગુરુ-સદ્‌ગુરુ મળે તે બહું દોહ્યલું-દુર્લભ છે. એ જેને મળે તે નિહાલ !

૨

એક આચાર્યદેવના શિષ્યને કોઈ મનોમાલિન્ય ધરાવતી વ્યક્તિએ ઓળવ્યો. પછી તેમને કહ્યું કે 'તમે અમારા પ્રમાણે કરો તો તમારો શિષ્ય પાછો મોકલી દઈએ' ત્યારે તે આચાર્યદેવે જણાવ્યું : "ગુરુ મોક્ષ અપાવે, ચેલો નહિ. મારા માથે ગુરુમહારાજ બેઠા છે, હવે ચેલાની જરૂર નથી." ગુરુતત્ત્વનો મહિમા આનાથી વધુ મર્મસ્પર્શી રીતે શું થઈ શકે ?

૩

ગુરુનો સૌથી મોટો ગુણ તે તેમની ઉદારતા છે. સહનશીલ વ્યક્તિ જ ઉદારતા દાખવી શકે એ કદાપિ ના ભૂલવું. ગુરુ આપણી કેટકેટલી ભૂલોને માફ કરી દેતા હોય છે ! સો ભૂલોને ચલાવી લે ત્યારે એકાદ વખત તેઓ આપણને ટોકતા હોય છે કે ગુસ્સો કરી ઠપકો આપતા હોય છે. આપણે વિચારીએ કે આ તો અમને ઠપકાર્યા જ કરે છે ! અમારી ભૂલો જ કાઢ્યા કરે છે ! અમારી તો જાણે કશી ગણતરી જ નથી, કિંમત જ નહિ !

આ રીતે વિચારનારા ભૂલી જાય છે કે ગુસ્સો કરીને, ઠપકો આપીને, ખામી દેખાડીને ગુરુ આપણું ઘડતર કરે છે, આપણાં અવળા સંસ્કારોને ભૂંસી રહ્યા છે અને એ રીતે તેઓ કરુણા વરસાવી રહ્યા છે. ગુરુના ક્રોધમાં પણ કૃપાની અનુભૂતિ

થવી ઘટે. આવી અનુભૂતિ ન હોય તેને માટે કૃપા પણ અભિમાન-મિથ્યાભિમાનને પોષનારી બની રહે.

૪

પૂ. સાહેબને એક દૂહો બહુ પ્રિય હતો :

**"ગુરુ પરજાપતિ સારિખા, ઘટ ઘટ કાઢે ખોટ**
**ભીતરસે રક્ષા કરે, ઉપર લગાવે ચોટ..."**

આને મળતો એક શ્લોક સંસ્કૃતમાં છે. નંદનસૂરીશ્વરજી મહારાજને તે બહુ પ્રિય હતો. તેનો ભાવ આવો છે. : "ઉપર ઉપરથી તલવારની ધાર જેવા તીખા અને કાળા નાગથીએ ક્રૂર લાગે, પરંતુ ભીતરથી તો દ્રાક્ષ જેવા મધુર-વત્સલ હોય આવા 'ગુરુ' ક્વચિત્ જ મળે છે."

૫

'ગુરુ'ની વ્યાખ્યા શી ? 'ગુરુ' એટલે શું ? આવો સવાલ મનમાં ઊગ્યો. તત્ક્ષણ એક ચબરાકિયો જવાબ સ્ફૂર્યો તે આ - 'ગમ ખાય તે ગુરુ !'. પછીથી ઊંડો વિચાર કરતાં લાગ્યું કે આ જવાબ સાચો છે. ગમ ખાતાં આવડે, ખમી ખાતાં આવડે, સહન કરતાં આવડે તે ગુરુ થઈ શકે. શિષ્ય સામું બોલે. શિષ્ય જૂઠું બોલે. શિષ્ય ગુરુની છાપ બગાડે. ગુરુ કડક છે, કઠોર છે, આકરા છે, ક્રોધી છે, સ્વભાવ કડવો છે વગેરે. આ અને આવું આવું ઘણું ગળી જતાં શીખે તે ગુરુ થઈ શકે. ઉત્તરાધ્યયનસૂત્રમાં એક વર્ણન છે કે 'શાન્ત અને કોમળ ગુરુને પણ કેટલાક ચેલા ક્રોધી અને અસ્વસ્થ બનાવી મૂકતા હોય છે.' मिउं पि चंडं पकरेंति सीसा ।

ગુરુ આવા જીવોને પણ ઊંચા ઉઠાવે. એમને સુધારે, સંસ્કારે, ઘાટ આપે અને ઉપર ચડાવે. ખરેખર તો પડતાંને ચડાવે તે જ ગુરુ. આવા ગુરુને જો સમર્પિત થવાય, વફાદાર થવાય, આજ્ઞાપાલન થાય, પોતાની ઇચ્છાઓ, રુચિ-અરુચિ અને માન્યતાઓને ગૌણ કરીને ગુરુના ભાવોને જ સર્વોપરી મનાય, તો જીવન કૃતાર્થ અને ધન્ય બની જાય. ગુરુની પરતંત્રતા એ સાધનાનો પાયો છે. જેને આત્મિક દૃષ્ટિએ આગળ વધવું હોય તેને ગુરુના માર્ગદર્શન વિના ન ચાલે, અને માર્ગદર્શન જે સમર્પિત અથવા ગુરુપરતંત્ર બની શકે તેને જ મળી શકે. આ માર્ગદર્શન જ આશીર્વાદરૂપ બની રહે છે.

૬

**ગુરુની ઈચ્છા પ્રમાણે વર્તવું એ આપણો પુણ્યોદય.**
**આપણી ઈચ્છા પ્રમાણે ગુરુએ વર્તવું પડે તે આપણો પાપોદય.**

૭

શિષ્ય ચાર જાતના હોય : અતિજાત, સુજાત, હીનજાત અને વેષધારી. ગુણોમાં ગુરુથી ચડિયાતો નીવડે તે અતિજાત. ગુરુ-સમાન ગુણ હોય તે સુજાત. ગુણમાં નબળો હોય તે હીનજાત. અને ગુરુના ગુણનો અંશ પણ ન હોય તે વેષધારી, અર્થાત્ સ્વચ્છંદી, રખડેલ.

૮

સમર્પણ અને અપેક્ષા બન્ને પરસ્પર વિરોધી બાબતો છે. સમર્પણ હોય ત્યાં અપેક્ષા ન સંભવે, અને અપેક્ષા હોય ત્યાં સમર્પણ ન હોય. અપેક્ષા હોય ત્યાં ધીમે ધીમે સોદાબાજી આવી જાય છે. ગુરુ અમારું આટલું કરે તો, અમને ભણાવે, અમને પદવી આપે, અમારી ઈચ્છા પ્રમાણે કરે, તો અમે તેમની સેવા કરીએ; આવી સોદાબાજીથી સમર્પણની ભાવના જ નહિ, શિષ્યપદ પણ સમાપ્ત થઈ જાય છે.

આ પ્રકારની સોદાબાજીમાં એક જબરૂં નુકસાન થતું હોય છે. સોદામાં જેટલું નક્કી કરીએ તેટલું જ અને તેવું જ મળે, વધુ નહિ; જ્યારે સમર્પણમાં સોદાબાજીનાં કોઈ બંધનો ન હોતાં, જે મળે તે અમાપ મળે છે. કૃપા અમાપ, આશીર્વાદ અમાપ, ગુણો અમાપ, વાત્સલ્ય અમાપ, પ્રગતિ અમાપ, બધું જ અમાપ. સમજુ શિષ્યે સોદાબાજી અને સમર્પણ વચ્ચેના આ તફાવતને સમજી રાખવા જેવો છે.

૯

ઘણીવાર આપણાં ચિત્તમાં થાય કે આપણે ગુરુ માટે આ કર્યું, આટલું બધું કર્યું, ગુરુએ જે કીધું તે કર્યું, તેમણે કહ્યા પ્રમાણે નિયમો લીધા, તપ-ત્યાગ કર્યા, દાન-ધર્મ-પુણ્ય કર્યાં, બધું ઘણું કર્યું. આપણે સ્વયં તે બધું કર્યાની આત્મપ્રશંસા પણ કરીએ, જેને ને તેને તે બધું કહેવા લાગીએ.

*અહીં આપણે એ જ વિચારવાનું છે કે ગુરુએ આપણાં માટે કેટલું કર્યું છે!* ગુરુની કૃપાનો, કરુણાનો આપણને કોઈ અંદાજ ખરો ? તેમના ઉપકારોનું આપણી પાસે કોઈ માપ ખરૂં ? તે બધાં સામે આપણે જે કર્યું હોય તેને તપાસીએ તો ક્યું પલ્લું ભારે થાય, તેનો આપણને કોઈ ખ્યાલ ખરો ? આ રીતે વિચારીશું તો જ ગુરુની મહત્તા અને મહાનતા સમજાશે.

૧૦

ઘણીવાર આપણને ગુરુની વાત ગમતી નથી. રીસ ચડે છે. પૂ. સાહેબ કાયમ કહેતા કે "ભાગ્યશાળી હોય તેને જ ગુરુનો ઠપકો મળે. ગુરુ તેની ખામી સુધારીને તેને વધુ લાયક બનાવવા મથતા હોય ત્યારે જ ઠપકો મળે. ટાંકણું ફરે તો જ પત્થર પ્રતિમા બની શકે. છતાં જો ઠપકો સાંભળીને આપણને રીસ ચડે તો એટલા આપણે કમભાગી." "રીસ ચડે દેતાં શીખામણ, ભાગ્યદશા પરવારી જી"

૧૧

પોતાની ઇચ્છાથી તથા પોતાના ગમા - અણગમાને આધારે વર્તવું તે સંસાર.

ગુરુની ઇચ્છાને તથા ગમા - અણગમાને અનુસરીને વર્તવું તે ચારિત્ર.

૧૨

જેમ આપણી સમક્ષ બિરાજમાન જિનપ્રતિમાને વંદન કરવાથી, ઉત્કૃષ્ટ કાળે વિહરતાં ૧૭૦ જિનને, અથવા તો ત્રણે લોકમાં વર્તતાં તમામ જિનબિંબોને વંદન થઈ જાય છે, તેમ પ્રત્યક્ષ ગુરુભગવંતને—ગુરુપદને વંદન કરવાથી, શ્રીગૌતમસ્વામી તથા શ્રીસુધર્માસ્વામી સુધીના સર્વ ગુરુઓને વંદન પહોંચે છે.

૧૩

શિષ્યની ગરજ રાખવી પડે તેવા ગુરુઓ ઘણાં જડે. પણ જેમને ગુરુની ગરજ હોય તેવા શિષ્ય ક્યાં જડે ? બીજી રીતે આ વાત આમ કહી શકાય. શિષ્યની ગરજ રાખીને જ જીવે તેવા ગુરુ 'ગુરુ' તરીકેની પાત્રતા ગુમાવી બેસે છે, અને જેને ગુરુની લેશ પણ - સ્વાર્થ સાધવા સિવાય - ગરજ નથી હોતી તે શિષ્ય 'શિષ્ય' તરીકે લાયકાત ગુમાવે છે.

પૂ. ગુરુભગવંતશ્રીના ગુરુમંદિર અને તેમાં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાના પાવન પ્રસંગે 'ગુરુ' તત્ત્વ વિષે આ ચિન્તન થયું છે. પૂ. સાહેબ ગુરુ - સદ્‌ગુરુ તરીકે કેવા મહાન હતા, કેટલા ઉદાર હતા અને કેવા ધીર-ગંભીર હતા, તે તો તેમના અંતરંગને જેમણે નિકટથી જોયું છે તેઓ સુપેરે જાણે છે. આવા સદ્‌ગુરુની ખોટ જીવનભર તેમના શિષ્યોને - ચાહકોને સાલવાની. પરંતુ, 'ગુરુ' સદેહે ન હોવા છતાં 'ગુરુતત્ત્વ' સદાસર્વદા આપણી ચોપાસ છવાયેલું જ છે, એવી ખાતરી રાખવાનું ગમે છે, અને તેથી જ આટલું ચિન્તન પ્રસ્તુત કર્યું છે.

(નન્દનવનતીર્થ, તગડી, ગુરુમંદિરની પ્રતિષ્ઠા - પત્રિકામાંથી)

**(મહા, ૨૦૬૮)**

* * *

## (૫૬)

## તેજોમૂર્તિનાં તેજકિરણો

વિ.સં ૧૯૯૦ના પ્રથમ વૈશાખ સુદિ ૬ ના જન્મ, પંચમહાલના બાંડીબાર ગામમાં. પિતા શ્રીકાન્તિલાલ વાડીલાલ. શાહ. માતુશ્રી શાન્તાબેન. મૂળ વતન ગોધરા, પણ નિવાસ અમદાવાદમાં. જમાલપુર-પગથિયા ઉપર સાળવીની પોળમાં તેમનું નિવાસસ્થાન. અનેક મુનિરાજોની ખાનગી દીક્ષા માટેનું ભૂગર્ભસ્થાન.

પોતાના કાકાએ દીક્ષા લીધેલી - પૂજ્ય શ્રીશુભંકરસૂરીશ્વરજી મહારાજ. તેમની પ્રેરણા અને વાત્સલ્યમૂર્તિ પૂજ્યપાદ પરમગુરુ આચાર્ય શ્રીવિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજની વત્સલ છત્રછાયા તેમજ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજનું નિર્મળ હેત - આ બધાંને આકર્ષણે કાંતિભાઈના એ સુપુત્ર બિપિનકુમારે દસેક વર્ષની કુમળી વયે જ ઘર છોડ્યું. અને પૂજ્યોનો સહવાસ સ્વીકાર્યો. વિહાર, અભ્યાસ અને બાલસુલભ ચેષ્ટા - બધામાં ઓતપ્રોત એવાં બે વર્ષ વહ્યા બાદ બાર વર્ષની વયે, વેજલપુર નજીકના પરોલી તીર્થમાં પૂજ્ય વિજ્ઞાનસૂરિ મહારાજના હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહી : સં. ૨૦૦૩ના માગશર શુદિ ચૌદશે.

આ પછીના પંદરેક વર્ષો સઘન જ્ઞાનાભ્યાસનાં રહ્યાં. વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, છંદ, અલંકાર, દર્શનો, જૈન પ્રાકરણિક ગ્રંથો અને સંગીત, જ્યોતિષ, જેવા વિવિધ વિષયોનો ઊંડો અભ્યાસ કર્યો. દાદાગુરુ પૂજ્ય શ્રીવિજયયશોભદ્રસૂરિજી મહારાજ તથા ગુરુવર્ય સાથે મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ વગેરે પ્રદેશોમાં વિચરણ કર્યું.

સં. ૨૦૨૩માં ખંભાતમાં ગણિપદ, અમદાવાદમાં પંન્યાસપદ એ પછી પૂજ્યપાદ સંઘનાયક આચાર્ય શ્રીવિજયનંદનસૂરીશ્વરજી મહારાજની સેવામાં નવ-દસ વર્ષો રહેવાનું સૌભાગ્ય મેળવ્યું. અમદાવાદ-પાંજરાપોળમાં વીતેલાં એ વર્ષો તેઓના જીવનનો સુવર્ણકાળ ગણાય. પ્રતિભા, શાસ્ત્રીય વ્યાખ્યાનપદ્ધતિ, લોકચાહના વગેરેનો વિકાસ આ ગાળામાં જ થયો. દસેક શિષ્યો તથા આઠેક પ્રશિષ્યોનો પરિવાર પણ થયો.

સં. ૨૦૩૦માં અષાડ સુદિ ૧૦ના પૂજ્ય શ્રીનંદનસૂરીશ્વરજી મહારાજના વરદહસ્તે અમદાવાદ - પાંજરાપોળમાં આચાર્યપદવી પ્રાપ્ત થઈ. સં. ૨૦૩૨માં તેઓશ્રીના કાળધર્મ બાદ સૂરત-મુંબઈ-પૂનાસૌરાષ્ટ્ર આદિ ક્ષેત્રોમાં વિહાર કર્યો અને

ઘણી પ્રભાવના કરી. પરમઉપકારી પૂજ્ય શ્રીનંદનસૂરીશ્વરજી મ.ની સમાધિભૂમિ-તગડીમાં ધીમે ધીમે પણ નિરામય રીતે પ્રેરણા દ્વારા 'નન્દનવન તીર્થ' ખડું કરાવ્યું. અમદાવાદમાં પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીના નામે સ્વાધ્યાયમંદિર પણ બનાવરાવ્યું. તેનાં ગ્રંથાલયનો લાભ અનેક આત્માઓ લઈ રહ્યા છે.

પોતાના ગુરુવર્યની ગંભીર માંદગીનાં ચાર વર્ષો તેઓએ તેમની સેવામાં ગોધરા મુકામે જ સ્થિરતા કરી. પૂજ્ય આ. શ્રીભદ્રંકરસૂરીશ્વરજી મ. કહેતા કે ગુરુભક્તિનો આદર્શ જોવો હોય તો સૂર્યોદયસૂરિજીને જુઓ.

સં. ૨૦૫૭ પછી એકવાર પુનઃ વિહારયાત્રા આદરી અને બેંગલોર - મદ્રાસ - મુંબઈ - પાલીતાણા - વડોદરા વગેરે ક્ષેત્રોમાં વિચરીને ધર્મપ્રભાવના કરી. સં. ૨૦૬૩માં શાસનસમ્રાટ - સમુદાયના વડીલ ગચ્છાધિપતિ બન્યા.

જીવનમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષોમાં તેઓની તબિયત લગભગ પ્રતિકૂળ રહી. તેમાં વારંવાર લાગેલા હડદાને કારણે સં. ૨૦૬૭માં આવેલી માંદગી તેમના માટે ગંભીર બની રહી ઊના તીર્થમાં પ્રતિષ્ઠા, કદમ્બગિરિ તીર્થમાં પ્રતિષ્ઠા, સામુદાયિક સંમિલન, પરમગુરુ-યાત્રા સંઘ, પરમગુરુની ઉપાસના વગેરે કાર્યો અદ્ભુત અને પ્રભાવક રીતે આટોપાયા બાદ થોડા જ દિવસોમાં તેઓની તબિયત બગડી, અને ડોક્ટરોની સઘન કાળજીભરી સારવાર છતાં તે માંદગી જીવલેણ બની રહી.

૭૭ વર્ષની ઉંમરે, ૬૫ વર્ષનો સંયમપર્યાય અને ૩૮ વર્ષની આચાર્યપદવી - આમ સુદીર્ઘ સંયમસાધના કરીને સં. ૨૦૬૭ના ચૈત્ર વદિ અમાસના દિવસે મધ્યરાત્રે, અમદાવાદમાં હઠીભાઈની વાડીના ઉપાશ્રયે, નવકાર મંત્રનું શ્રવણ કરતાં કરતાં તેઓશ્રી કાળધર્મ પામ્યા. પંચાંગ પ્રમાણે ત્યારે વૈશાખ શુદ ૧ બેસી ગઈ હતી.

તેઓશ્રીના સત્ત્વશીલ, બ્રહ્મચર્યના તેજથી જળહળતા, નિર્મલ સંયમપર્યાયને કોટિ કોટિ વંદન !

(ગુણાનુવાદ સભાની પત્રિકામાંથી)

(વૈશાખ, ૨૦૬૭)

* * *

(૫૭)

## ઐસા ગુરુ દુનિયામેં મિલના કઠિન હૈ...

ગુરુમાં ત્રણ ગુણો અવશ્ય હોવા જોઈએ: કઠોરતા, વાત્સલ્ય અને ઉદારતા. જે કઠોર ન થઈ શકે તેણે ગુરુ બનવાનું ટાળવું જોઈએ. એકલું વાત્સલ્ય અને ઔદાર્ય આશ્રિતનું અહિત જ કરે છે. જે સરવાળે ગુરુ માટે પણ હાનિકર જ નીવડે છે.

કઠોરનો મતલબ આશ્રિતો પ્રત્યે તો ખરા જ, પરંતુ સાથે સાથે પોતાના જીવનની શિસ્ત અને આચરણ પરત્વે પણ કઠોર હોય તેવા. પોતાનું વર્તન શિસ્તવિહોણું હોય, સંયમના સંસ્કારોને ચાતરી જનારું હોય, સત્યવિમુખ કે અસત્યપોષક હોય અને પાછા આશ્રિત પ્રત્યે કઠોરતા દાખવે, તેવા ગુરુને તો નિષ્ઠુર જ કહેવા પડે. એવા ગુરુની એવી કઠોરતા અકિંચિત્કર જ બની રહે; એને ગુણ નહિ, દોષ કહેવો પડે.

પોતે શિસ્તનાં કડક ધોરણો સ્વીકારે. તે ધોરણોને પોતે પણ પાળે, પોતાની સાથેના સહુ કોઈ પાસે તેની અપેક્ષા તથા આગ્રહ રાખે, અને આશ્રિતો પાસે તે પળાવે - કડકાઈથી પળાવે, તેવા ગુરુને હું કઠોર કહું છું. મારા ગુરુ આવા કઠોર હતા; મને એમના આ ગુણનો સહુથી વધુ અને હકારાત્મક લાભ મળ્યો છે. એમની આ કઠોરતા જ મારા માટે એમનું વાત્સલ્ય પણ નીવડી છે, અને એમની ઉદારતા પણ નીવડી છે. એ કાયમ કહેતા (અને એને અમલમાં પણ લાવતા)–

**"ગુરુ પરજાપત સારિખા, ઘટ ઘટ કાઢે ખોટ**
**ભીતરસે રક્ષા કરે, ઉપર લાવે ચોટ....."**

અહીં 'ભીતરથી રક્ષા કરવી' એ એમનું વાત્સલ્ય છે, અને 'ઉપર લગાવે ચોટ' એ એમની કઠોરતા છે. કઠોરતા વિનાના વાત્સલ્યનો અનુભવ, શિષ્યને માટે ખતરો જ બની રહેતો હોય છે. જેમાં કેવળ માર્દવ હોય તેવું વાત્સલ્ય વહાવે તે મા, માતા હોય. ગુરુ એ માત્ર મા નથી, માત્ર બાપ નથી; ગુરુ તો મા, બાપ, ઈશ્વર - આ ત્રણેયના અંશો લઈ - મેળવીને બનતું એક વિલક્ષણ સંયોજન-કમ્પાઉન્ડ-તત્ત્વ છે : જે કઠોર છતાં વત્સલ હોય, અને જે વત્સલ હોવા છતાં ભારે કઠોર દીસે. માનું અઢળક વહાલ પણ બાળકને ઢબૂરી દેવા માટે જ હોય

છે; બાળકને ઢબૂરી દેવામાં જ તેની સાર્થકતા હોય છે. એની સામે, ગુરુનું અદીઠ વાત્સલ્ય, કઠોરતાના કોચલામાં છૂપાયેલું વાત્સલ્ય આશ્રિતને જગાડનારૂં હોય છે; શિષ્યનો માંહ્યલો જાગી જાય એમાં જ ગુરુના વહાલનું સાર્થક્ય છે.

વાત્સલ્યને હું ત્રણ વિભાગ અથવા પ્રકારમાં વહેંચું છું. કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ. શિષ્ય અથવા સન્તાન જ્યારે જે કરે-કરવા ચાહે ત્યારે તેને તે કરવા દેવાના, પણ કાંઈ ખોટું કરતા હોય તો રોક-ટોક નહિ કરવાની; એની ઉચિત - અનુચિત અને હિતાવહ ન હોય તેવી પણ ઈચ્છા પૂરી કર્યા કરવી; એ ગમે તેવું તોફાન, ધમાલ, અયોગ્ય વર્તન વગેરે કરે તો પણ તેને લાડ જ કરવાના; કહ્યું ન માને અને વિપરીત કરે તો પણ 'હશે, ચાલે' કહીને જતું કરવું, આ વાત્સલ્યનો કનિષ્ઠ પ્રકાર છે. તો તેની તબિયતની ચિંતા કર્યા કરવી; તેના શરીરની કાળજી લીધા કરવી, તેના ખાવાની, પીવાની, ઉંઘવાની, પહેરવા - પાથરવાની, ઠંડી - ગરમીની અને ભાવે-ન ભાવે વગેરેની સતત દરકાર કર્યા કરવી, તે મધ્યમ કક્ષાનું વાત્સલ્ય છે. અને ઉપરોક્ત બન્ને પ્રકારોમાં વર્ણવેલી બાબતો પ્રત્યે દુર્લક્ષ્ય સેવીને, શિષ્યના આત્માનું કેમ સુધરે, બગડે નહિ જ; તેનું હિત જ થવું જોઈએ; તેણે સંસાર મૂક્યો છે તો તે સાર્થક થવો જોઈએ; સંસારની ભૌતિક બાબતોની આસક્તિ અને બહિર્મુખતા ન વધે, પણ સંયમ - શાસન અને જ્ઞાનાદિની આરાધના પ્રત્યે તેનો લગાવ વધે, તે દૃષ્ટિથી તેનું ઘડતર કરવું; તેને ન ગમે તો પણ એટલે કે તેને અળખામણા થઈને પણ; તે ત્રીજા એટલે ઉત્તમ પ્રકારનું વાત્સલ્ય. આવું વાત્સલ્ય કોમળ કોમળ-પોચું પોચું ન હોય, તે તો કઠોર જ હોય.

મને મારા ગુરુની કઠોરતાની પ્રસાદી ભરપેટ મળી છે. ત્રણ વર્ષ કરતાં પણ વધુ વખત સુધી, એક પણ દિવસનો ખાડો પાડ્યા વિના, તેમનો માર ખાવાનો લાભ મને મળ્યો છે. ઉંમરના આઠમાથી આરંભીને બારમા વર્ષ સુધી, અનેક કારણોસર, માર પડતો રહ્યો છે. કહ્યું ન માનવું, જૂઠું બોલવું, ભણવામાં ચોરી, સ્વાધ્યાયમાં ગરબડ, ખાવાના-પીવાની ગરબડ, બાળસુલભ ચોરી, જિદ્દ કરવી, સામું બોલવું, સમયનો બગાડ કરવો, આવાં અગણિત કારણોસર આપણા રામ વાંકમાં આવતા રહેતા, અને પરિણામે પ્રસાદી મળ્યા જ કરતી. બીજા લોકોને, ગુરુજીના વડીલોને તથા સાથી મુનિજનોને, આમાં જરા ક્રૂરતા લાગતી. પરંતુ મને, ચોધાર આંસુએ રોજ રડવા છતાં, કદીયે એવું લાગ્યું નથી; કદાપિ સ્વપ્નમાં પણ એમને છોડીને જવાનો વિકલ્પ ઊગ્યો નથી. મારા અવ્યક્ત બાળમાનસમાં એક

પ્રકારની શ્રદ્ધા બંધાઈ ગઈ હતીઃ એ જે કરે છે તેમાં જ મારું હિત છે. પરિણામે, તેઓ જીવ્યા ત્યાં સુધી તેમની એક જાતની ધાક મારા દિમાગ પર રહી, અને તેમની ઇચ્છા, આજ્ઞા કે મર્યાદા વિરુધ્ધ કોઈ કામ કરવાની હિંમત ન આવી. દૂર હોઉં અને કશુંક એમને ન ગમે તેવું કરું તો તે ક્ષણે પણ મનમાં થયા કરે કે 'સાહેબને ખબર પડશે તો ?' અથવા 'આ કરું છું તે સાહેબને ગમે ખરું ?' આ પ્રભાવ એમની વત્સલ કઠોરતાનો જ, એમાં શંકા નથી.

મારી નમ્ર સમજ છે કે ગુરુ કઠોર થતાં હોય તો તે આશ્રિતના હિત માટે જ. કઠોર થવાનાં ભયસ્થાન ઓછાં નથી. એ કઠોર થાય તો આવનારા એમને છોડી બીજે જતા રહે કાં ઘેર પાછા જાય; એમના ડરને કારણે ચેલા થયા પછીયે કોઈ સાથે રહે નહિ; એમની છાપ બગડે; એમને જ બધા દોષિત ઠરાવે. આવાં ભયસ્થાનો છતાં તેની દરકાર કર્યા વિના જો કોઈ ગુરુ કઠોર બને તો તેની પાછળ આશ્રિતનું હિત કરવાના ભાવ સિવાય ક્યો આશય કામ કરતો હોય ?

ગુરુ વિચારે છે કે આ બાળક, આ જીવ મારી પાસે આશ્રયે આવ્યો છે તે પોતાનું કલ્યાણ સાધવા જ આવ્યો છે. અને તેનાં માવતરે પણ તેનું હિત કરવાની ભાવનાથી જ અહીં મોકલ્યો છે. તો તેનું અહિત તો ન જ થવું જોઈએ, અને હિત થવું જ જોઈએ. હવે જો તે જતો રહેશે એવી બીક રાખીને તેને નકરા લાડ-પ્યાર જ કરવામાં આવે અને તે ઇચ્છે તેમ જ તેને વર્તવા દેવામાં આવે, તો તેના સંસ્કાર બગડે, લાંબા ગાળે તેનો સ્વભાવ પણ બગડે, અને અવગુણો પણ વધતા જાય; અને તો તે અહીં આવ્યો તે વ્યર્થ જાય. આથી તેના પ્રત્યે કઠોર પણ થવું જ પડે.

મને લાગે છે કે આ સમગ્ર વિચાર એ આશ્રિતના આત્મા પ્રત્યે ગુરુના હૈયે છલકાતા અજોડ વાત્સલ્યનો જ પ્રકાર છે. આ વાત્સલ્યને પણ જો કઠોરતા જ ગણવામાં આવતું હોય તો તેવી કઠોરતાનું ભરપૂર પાન મને મળ્યું છે. એક તરફ એ-મારા ગુરુ-મને મારતા, કઠોર નજરે ડારતા; તો બીજી તરફ અન્ય મુનિવરોને તેઓ ઈશારા દ્વારા મને સંભાળી લેવાનો, રડતો છાનો રાખવાનો, ભૂખ્યોતરસ્યો ન રહું તેની કાળજી લેવાનો સંકેત બરાબર આપી દેતા, જેની મને ક્યારેય ખબર નહિ પડતી. મારા માટે થઈને તે મારા દાદાગુરુને-પોતાના ગુરુને પણ લડી નાખતા. સ્વાભાવિક રીતે જ દાદાગુરુને બાળક પ્રત્યે વિશેષ લાગણી થાય. વળી બહુ લડલડ કરવાથી છોકરો ઘેર જતો રહે એવી એવી ધાસ્તી પણ હોય જ. પણ મારા ગુરુ

એવા લાગણીવેડામાં તણાતા નહિ. દાદાગુરુને પણ માથું મારવાની ના પાડી દેતા. આનાં બે રહસ્યો હતાં. એક, આવેલો બાળક કુસંસ્કારી ન થવો જોઈએ; બે, મારાં મા-બાપ તરફથી સખત કડક રહેવાની તથા માર મારવાની અને કહ્યું ન માને તો કાઢી મૂકવા સુધીની પૂરી છૂટ તેમને મળી હતી. આ સંજોગોમાં આશ્રિતને ધાર્યો ઘાટ આપવાની તેઓને પૂરતી અનુકૂળતા મળી હોય તેમાં આશ્ચર્ય શું ?

બીજી એક બહુ જ મહત્ત્વની વાત એ સમજાઈ છે કે ગુરુ હમેશાં શિષ્યમાં ગુણો પ્રગટાવવાને જ ઈચ્છતા અને મથતા હોય છે. શિષ્યનું હિત ત્યારે જ થાય જ્યારે તેનામાં ઊંડાં મૂળ ઘાલીને પડેલા અવગુણો ઓછા થતા જાય અને તેનામાં સદ્‌ગુણોનું આધાન થતું જાય. જો આ કામ ન કરી શકે તો તેવી વ્યક્તિ ગુરુ તરીકે સદંતર નિષ્ફળ ગઈ ગણાય.

આપણે એક વાત સતત ઘૂંટીએ છીએ કે જીવ અનાદિકાળની વાસનાનો ભોગ બનતો હોય છે. આ વાસના મનુષ્યમાં બચપણથી જ અનેક અવગુણરૂપે કે કુટેવરૂપે જાગૃત થતી હોય છે. મારા અંગત સંદર્ભમાં જ વાત કરું તો મને નાનપણમાં જૂઠું બોલવાની ટેવ હતી. કોઈએ શીખવાડ્યું ન હોય છતાં આવડી જાય તેનું નામ કુટેવ. મારા કોઈપણ જૂઠને તેઓ કાચી ક્ષણમાં પકડી લેતા, અને તત્ક્ષણ કબૂલ કરાવી કઠોર શિક્ષા કરતા. ખરું કહું તો તેઓ કોઈનું પણ જૂઠ ચલાવી ન લેતા, તે ગમે તે હોય, તેના જૂઠને ઉઘાડું પાડી, કબૂલ કરાવીને જ રહેતા. પોતાને જ જૂઠ ન ગમતું હોય તો શિષ્ય થનાર બાળકમાં જૂઠના સંસ્કાર/ટેવ પડે કે વધે તે તેઓ કેમ ચલાવી લે ? પ્રમાદ એ મારો બીજો અવગુણ. ભણવું ન ગમે. ભણવાનું હોય ત્યારે જેટલો વધુ સમય બગાડી શકાય તેટલો બગાડું. તે તેઓ સાંખે નહીં. જે દિવસે મારા આ પ્રમાદની અને તેને લીધે હું ભણેલું બધું ભૂલી ગયો હોવાની જાણ તેમને થઈ, તે દિવસથી સતત દેખરેખ, પાકો અવિશ્વાસ અને કડક હાથે કામ - આ રીતે તેમણે મારો તે કુસંસ્કાર તોડ્યો.

સારું ન ગમવું અને નબળું સતત ગમવું - એ માનવ- સ્વભાવની સામાન્ય ખાસિયત છે, અને હું પણ તેનાથી પર ન હતો. પણ આ ખાસિયત માણસને પંચાતિયો અને બીજાનું નબળું જોવાનો રસિયો બનાવે, પછી ચુગલીખોર અને નિંદક પણ બનાવે. આ બધું કેમ પાલવે ? એટલે તેઓએ મારામાં આ ખાસિયતને ઊગતી જ ડામવાનો બળૂકો પ્રયત્ન કર્યો, અને મારામાં આ બધા કુસંસ્કાર વસે-વધે નહિ તેની કડક કાળજી કરી.

શારીરિક મસ્તી કોઈ પણ સાથે ન કરવી, અને ઉઘાડા શરીરે કદી ન બેસવું- આ બે માટે તેઓનો કડક આદેશ રહેતો. પહેલામાં અપલક્ષણો પ્રવેશવાનો ભય, તો બીજામાં ઉપાશ્રયમાં બહેનો વગેરે આવતાંજતાં હોય તો મર્યાદાનો તથા સુરુચિનો ભંગ થવાનો તથા નિર્લજ્જતા વ્યાપવાનો ભય કામ કરતો. આ બંને બાબતો આજે પણ પાળવી ગમે છે અને તે પાળવાના - ન પાળવાના લાભ-હાનિ પણ બરાબર અનુભવાય છે. ગોચરી-પાણી જઈએ ત્યારે પહેરેલ વસ્ત્રોમાંથી પરસેવાને કારણે શરીર પ્રદર્શિત થાય તે પણ તેઓ ન ચલાવતા, એ બરાબર યાદ છે.

મારા ભણતર, અવાજ, બીજી કેટલીક આવડત- વગેરે કારણે વડીલો તથા લોકો મારાં વખાણ કરતા. જો કે સાધુ થયા પછી વાતેવાતે વખાણ થવાનું આપણે ત્યાં સહજ અને સામાન્ય થઈ ગયું છે. આનાથી એ સાધુના જીવન પર, ચિત્ત પર માઠી અસરો પણ પડી શકે છે એનો વિચાર કોઈનેય હોતો નથી; એ સાધુને તો નહિ, પણ એના ગુરુને પણ નહિ. મારા ગુરુ આ મુદ્દે હમેશાં સાવધાન હતા. મોટાભાગે મારા વખાણ મારા સુધી તેઓ પહોંચવા ન દેતા. કદીક પહોંચ્યા હોય તો પણ તે મારા ચિત્ત પર ચડી ન બેસે તેની તેઓ ચાંપતી કાળજી રાખતા. ગમે તેવું વખાણવાલાયક કર્યું હોય કે ગમે તેવા વડીલો/ લોકો મને વખાણતા હોય, તે ક્ષણે પણ તેઓ મારી ભૂલ જ કાઢી બતાવી મને જાહેરમાં બધાની વચ્ચે જ તતડાવતા, ઊતારી પાડતા. મનમાં ક્ષણવાર દુઃખ થાય, પણ પછી સાહેબને ગમ્યું તે ખરું, અને હવે તેમને ગમે તેવું કરવાનો ફરી / વધુ પ્રયાસ કરીશ- આવો ભાવ બનતાં દુઃખ વીસરાઈ જતું. પણ આમ કરવા પાછળનો એમનો આશય એક જ : હું મિથ્યા અભિમાનમાં તણાઈ ન જઉં, મારી પ્રગતિ રોકાઈ ન જાય, અને અભિમાનને કારણે વકરનારા દોષ-દુર્ગુણોનો ભોગ ન બનું. કોઈ મારી પાસે બેસે તો પહેલાં તો બેસવા નહિ જ દેવાના. પતીજ પડ્યા પછી અમુકને બેસવા દે તો પણ દરેક ગતિવિધિ પર બારીક નજર રહે જ. શું વાત કરે છે, તે પૂછવાનું અને જેવું હોય તેવું કહેવું જ પડે. જૂઠું તો બોલાય જ નહિ. કોઈ પણ સાધુ કે ગૃહસ્થ સાથે વાતચીત કરવાની થાય તો તે ફાલતુ, એલફેલ વાતો નથી ને, જ્ઞાનવર્ધક વાત છે ને, તેની સાવધાની રાખવાની રહેતી. જ્યારે પૂછે ત્યારે યથાવત્ હેવાલ આપવો જ પડે. અમુક કહેવાનું અને બાકીનું ગુપચાવી જવાનું, અને 'બધું કાંઈ સાહેબને કહેવાનું ન હોય' એ રીતે વર્તવાનું નહોતું. આશય એક જ, ભીતરથી રક્ષા કરવાનો : કાંઈ ખોટું મારામાં ન આવી જાય તેની દરકારનો.

આ બધાંનો સીધો ફાયદો એ થયો કે મારી કોઈપણ વાતના કે મારા વ્યાખ્યાન વગેરેના વખાણ થાય તોય મનમાં 'હું કાંઈક છું' એવો નશો ન ચડતો. આમ કહેવામાં પણ અભિમાનની છાંટ ન આવી જાય તેની, આ પળે પણ, પૂરી કાળજી છે. મને લાગે છે કે આવા અહંકારથી, અને જો આવો અહંકાર હોત તો સ્પર્ધા, ઈર્ષ્યા, ડંખીલો સ્વભાવ, ધાર્યું ન થાય તો ઓછું આવવું અને સંક્લેશ થવો - આ બધાં તત્ત્વોથી, ગુરુની એ કઠોરતાભરેલી કાળજીએ જ બચાવ્યો છે. તે વખતે ખ્યાલ નહોતો આવતો પણ અત્યારે ખ્યાલ આવે છે કે ગુરુ શિષ્યની કેવી રીતે રક્ષા કરે છે અને કેવા અવગુણોથી કેવી રીતે બચાવે છે.

એક એવી પદ્ધતિ તેમણે બનાવેલી કે મુકામમાં જે કાંઈ પણ આવે, લાવવામાં આવે, તે બધું જ ગુરુના હક્કનું બને. તેઓ યોગ્ય લાગે તેને આપે. ત્યાં સુધી કે કોઈવાર કોઈ વ્યક્તિ ભક્ત તરીકે આવે, આશ્રિતોમાંથી કોઈની પ્રેરણા કે સત્સંગથી પ્રેરાઈને આવે, અથવા કદીક કોઈ સંયમના ભાવથી પણ આવે, તો તે બધા ઉપર અધિકાર અને આધિપત્ય ગુરુનું જ રહે. તેમને ઠીક લાગે તે પ્રમાણે નિર્ણય કરે અને ગોઠવણ કરે. આનો અર્થ એ છે કે કશું જ, ગુરુ સિવાય, કોઈની માલિકીનું નહિ; કોઈને આ બધામાં મારું-તારું કરવાનો અથવા 'આ મેં કર્યું કે મારા લીધે છે' એવો વિચાર કરવાનો રહેતો નહિ. આનો મોટો ફાયદો એ થયો કે ઈર્ષ્યાનું તત્ત્વ કે હરીફાઈનું તત્ત્વ જીવનમાં ન પેઠું. ગુરુ જે કરે તે બરાબર જ હોય, અને અન્યનું સારું થાય તો તેનો આનંદ જ હોય, એવી સમજણ તથા ઉદાર વલણના સંસ્કાર પડતા ગયા.

હું કાંઈ પણ લખતો હોઉં તો તેઓ ગમે ત્યારે પૂછે કે શું લખે છે ? અથવા ઓચિંતા આવીને ઊભા રહે, હાથમાં લઈને બધું જુએ કે ક્યાંય કાંઈ ગોટાળાવાળું તો નથી ને ? એ જ રીતે, વાંચતો હોઉં તો શું, ક્યું પુસ્તક વાંચું છું તેનો ખાસ હિસાબ લે. કશુંક ખરાબ કે અનાવશ્યક કે ખોટા સંસ્કાર આપે તેવું તો નથી વાંચતો ને, તેની ચોકસાઈ રાખે. એકવાર હું એક સંસ્કૃત કાવ્યગ્રંથ જોતો હતો : सुरथोत्सवः. એકાએક તેઓએ કડક સ્વરે પૂછ્યું : શું વાંચે છે ? મેં નામ આપ્યું, તો તેઓને થ નો ત સંભળાયો. સફાળા બેઠા થઈ ગયા. કહે, લાવ એ પુસ્તક. મેં તરત હાથમાં આપ્યું, જોયું, બધું ચીવટથી તપાસ્યું, પછી પાછું આપીને કહે, જા, વાંચ. મને આજે સમજાય છે કે એ કડકાઈમાં પણ કેટલું વાત્સલ્ય હતું ? એવી કાળજી ન હોત તો આજે કેવી હાલત હોત ?

મને વાંચનનો છંદ એમણે જ લગાડ્યો. જેમ જેમ ઉંમર અને સમજણ વધતાં ગયાં તેમ તેમ તદનુરૂપ સાહિત્યનો સંપર્ક તેઓ સામેથી કરાવતા રહ્યા. સાહિત્ય અને સાહિત્યકારોના પરિચય કરવાની આદત, હિન્દી-ગુજરાતી શિષ્ટ અને સંસ્કારપોષક સાહિત્ય વાંચવાની ટેવ, તેમના વિશાળ અને નરવા અભિગમને કારણે જ મારામાં પડી. પેપરો કે ચિત્રલેખા પ્રકારની સામગ્રીનો ચેપ ભૂલથીયે ન લાગે તે પણ તેઓ જોતા. તેઓ વ્યાખ્યાનાદિ કારણે બહાર હોય ત્યારે, અન્ય સાધુઓ, ત્યાં પડેલા છાપાં આદિ ઉથલાવી જાય તો પણ, મને તેવી ચેષ્ટા કરવાનું મન ક્યારેય ન થયું, તેનું કારણ તેમનો આવો તંદુરસ્ત અભિગમ જ હોય એમ લાગે છે.

બચપણથી જ એક શિસ્ત તેમણે શીખવેલી. નાનો હતો ત્યારે પોતાની નજર સામે કોઈ સ્થાને બેસાડે. બસ, પછી ત્યાંથી હલવાનું નહીં - કલાકો સુધી ગોખ્યા કરવાનું. એમ કરતાં થોડાં ડાફાં મારી લઉં. પણ વાત, અવાજ કે હાલવાનું તો નહીં જ. તેઓ સામેથી છોડે- છૂટ આપે ત્યારે જ ઊભા થવાનું. એક રમૂજી ઘટના યાદ આવે છે. હું જમીને આવ્યો. પૂછ્યું : શું કરું ? 'ચોપડી લઈને ભણવા બેસી જા.' મને વસમું લાગ્યું. હવે તે વખતે તેઓ આહારાદિથી પરવારીને સૂતાસૂતા 'नवभारत टाइम्स' વાંચતા હતા. મેં રીસમાં ને રીસમાં ઉચ્ચાર્યું : પોતાને છાપું વાંચવું છે અને અમને ભણવાનું કહે છે ! અકળામણમાં બોલાયેલા શબ્દો તેમના કાને અફળાયા, અને લાગલા જ બેઠા થઈને મારા પૂજા-પાઠ ચાલુ ! 'હજી તો આવડું અમથું છે ને મોટાના વાદ લેવા છે !' બહુ માર પડ્યો. પણ તે દહાડે મારા બાળ-માનસમાં એક બોધપાઠ બેસી ગયો : 'મોટા કહે તે જ કરાય, તેઓ કરે તેવું ન કરાય.' આ પાઠ મને હમેશાં કામ લાગે છે. તે દિવસ પછીનાં ૫૦ વર્ષોમાં ક્યારેય તેમની સામે બોલ્યો હોઉં તે સાંભરતું નથી; તેમનું વેણ ઉત્થાપ્યું નથી; ગમે કે ના ગમે, યોગ્ય હોય કે ન હોય, તેમની વાત સામે દલીલો કરી નથી.

આ વડીલનો વાદ લેવાની આદત, ગુરુની જેમ પગ પર પગ ચડાવી બેસવું, ઉઘાડા શરીરે રહેવું, પાતળાં કપડાં પહેરવાં, છાપાં વ. વાંચવાં. આ બધી ટેવો, જતે દહાડે વક્રતા અને જડતામાં ફેરવાઈ જતી હોય છે, એવું મને લાગ્યું છે. એવા જીવો પછી, ગુરુના દોષો, છિદ્રો અને ભૂલોની ચીવટપૂર્વક નોંધ રાખતા થાય છે, અને જ્યારે ગુરુ તેમને કોઈ વાંક બદલ ઠપકારે કે રોકે ત્યારે તે જીવો, 'તમે કેવા છો તેની મને ખબર છે' કે પછી 'તમે કરો તો વાંધો નહિ, ને અમે

કરીએ તો ટોકવાના ?' એમ કહીને ગુરુને ઊતારી પાડે છે; અથવા તો તેમના દોષને યાદ કરીને તેમની શિક્ષાને ઉવેખીને પોતાને ઠીક લાગે તેમ જ વર્તતાં રહે છે. આવા જીવો ખરેખર અપ્રજ્ઞાપનીય અને અપરિણત બનીને રહી જાય છે. મારા ગુરુએ વખતોવખત, આવી આદત મને ન પડે તેની કાળજી રાખી અને મને ટોક્યા કર્યો, તેનું ફળ એ આવ્યું કે વક્ર-જડ થવાથી મારો મહદંશે બચાવ થયો. એ ઇચ્છે, એ કહે, એ કરવાનું જ, એમાં અંગત ગમા-અણગમાનો કે પોતાની અનુકૂળતા-પ્રતિકૂળતાનો વિચાર સુદ્ધાં કરવાનો નહિ, અને મોં તોડી લેવાનું કે ઉપેક્ષા કરવાની તો વાત જ નહિ. આજે સમજાય છે કે ગુરુની કઠોરતા કેવી ગુણકારક બને છે !

મારાં પુસ્તક પાનાં, થેલો, ઉપધિ-બધું જ મારી હાજરીમાં કે ગેરહાજરીમાં, ફેંદવાની અને તપાસવાની તેઓની સત્તા હતી. કારણ એક જ, છોકરો મારી જાણ બહાર ક્યાં કોઈ રવાડે તો નથી ચડતો ? એવું થાય તો એનું બધું બગડે. બગડવા ન જ દેવાય. એક પ્રસંગ યાદ આવે છે. એકવાર હું પાઠમાં પૂજ્ય મોટા મહારાજજી પાસે ગયો હતો, અને કોઈક વસ્તુની તાત્કાલિક જરુર પડતાં તેમણે મારી ઉપધિ ખોલી નાખી. એમાંથી, આજે ખરેખર વાંધાજનક કહી શકાય તેવું તેમના હાથમાં આવ્યું. તેમણે ધાર્યું હોત તો તે પ્રસંગે મારી જબ્બર ધોલાઈ કરી શક્યા હોત, અને કઠોર શિક્ષા કરી જ હોત. પરંતુ મને લાગે છે કે હૃદયની બાળસુલભ નિર્દોષતાની તેમને પ્રતીતિ હશે અને કોઈ જ પાપ કે કશું જ અજુગતું નથી તેવી તેમને ખાતરી હોવી જોઈએ. એથી, એ બાબત વિષે મને ઠપકાનો એક શબ્દ પણ તેમણે ન કહ્યો, અને જાણે કાંઈ બન્યું જ નથી, તથા પોતે કશું જાણતા જ નથી, તે રીતે તેમણે વર્તન - વલણ રાખ્યું. કાયમ કઠોર જણાતા ગુરુ પણ કેટલા કોમળ, ઉદાર હોય એનો અંદાજ આવી ક્ષણોમાં જ મળે !

સમજણ આવ્યા પછી સમજાયું કે આપણને ખૂબ કડક-કઠોર લાગતા તેમજ વાતેવાતે ઠપકો જ આપ્યા કરતા લાગતા ગુરુ, આપણી આવી તો કેટલીયે નાની-મોટી ભૂલોને અને ખોટી વાતોને ઉદારભાવે ગળી જતા હોય છે. આપણી કેટલી કેટલી ભૂલોને જતી કર્યા પછી, ન જ રહેવાય ત્યારે, તેઓ કોઈક વાતે આપણને ટોકતા હોય છે !

મારા ગુરુના મનમાં એક વાત દૃઢ બેઠેલી : મારે 'આને' તૈયાર કરવો જ છે. એ માટે તેમણે વર્ષો સુધી બેરહમી કહેવાય તેવી કઠોરતા વાપરી છે, તો શ્રીફળના કોચલાને ભેદ્યા પછી નીકળતી મલાઈ જેવું વાત્સલ્ય પણ આપ્યું છે.

મને પ્રતીતિ હતી કે, એમની કઠોરતા તે તેમના વાત્સલ્યનો જ પર્યાય છે અને પ્રકાર પણ છે. એ પ્રતીતિ પણ મને તો વર્ષો પછી થઈ. અબોધ વિદ્યાર્થીકાળમાં તેઓની ગતિવિધિની ખબર નહોતી પડતી. ત્યારે તો એક જ વાત હતી : સંચય કરવાનો અને તે માટે તેઓના માર્ગદર્શન હેઠળ સતત પ્રયત્નવંત રહેવાનું. વર્ષો પછી મને ખ્યાલ આવ્યો તે મહત્ત્વની ઘટના તો આવી હતી :

પ.પૂ.પરમદયાળુ આચાર્ય ભગવંત શ્રીવિજયનન્દનસૂરીશ્વરજી મહારાજે મારા ગુરુને અનુરોધ કર્યો કે તમારે અને નાના મહારાજે મારી સાથે રહેવાનું છે. સાહેબે ત્યારે મહારાજજીને બહુમાનપૂર્વક પણ સ્પષ્ટ ભાષામાં વિનતિ કરી કે 'આપ નાના મ.ને પોતે ભણાવવાની સંમતિ આપતા હો તો હું રહેવા તૈયાર છું.' મહારાજજીએ તત્ક્ષણ કહ્યું કે, 'એ માટે તો હું કહું છું. મારે જાતે એને ભણાવવો છે અને તૈયાર કરવો છે, માટે જ સાથે રાખવા ઈચ્છું છું.' બસ, એ સાથે જ સાહેબે પોતાની થનગનતી યુવાની, વ્યાખ્યાન આદિ દ્વારા ઠેરઠેર પ્રભાવ અને જમાવટ કરવાની પોતાની તમન્ના, યશ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે સરેરાશ યુવાન વિદ્વાન તેજસ્વી મુનિને હોય તેવી ઝંખના - આ બધું જ પડતું મૂક્યું, અને મહારાજજીની સાથે, તેઓ જીવ્યા ત્યાં સુધી રહ્યા. અને આ તેમણે મારે ખાતર કર્યું હતું. ઉદારતાની અને વાત્સલ્યની આ કેવી પરિસીમા હતી, તે હજી મને નથી સમજાયું.

મહારાજજીને સોંપ્યા પછી તેમની કઠોરતા હળવી પડતી ગઈ, પણ તેમની ધાક તો જીવનના છેડા સુધી એવી ને એવી જ રહી. પછીથી મહારાજજીની સીધી દેખરેખ તળે મારું ભણતર પણ અને ઘડતર પણ થતું ગયું. હું સંઘ, શાસન, સમુદાયના પ્રશ્નોમાં રસ લેતો થયો, સમજણ તે વિષયમાં વધતી ગઈ અને સફળતાઓ પણ મળતી ગઈ. આ બધું તેઓ મૂંગામૂંગા જોતા, જાણતા, અને હૈયે હરખાતા. અલબત્ત, તેમનો એ રાજીપો મારી આગળ કદી વ્યક્ત ન કરતા. પણ મારું ધ્યાન રાખતા; આ બધું કરવામાં હું છકી ન જઉં અને કોઈ ભૂલથાપ ન ખાઉં, તેની પૂરી ચોકસાઈ વરતતા.

પછી તો વખતના વીતવા સાથે એમની સાથે એક પ્રકારની મિત્રતાનો નાતો બંધાયો. મા-બાપ પુખ્ત પુત્ર સાથે જેમ મિત્રતાભર્યું વર્તન રાખે, તેવો વ્યવહાર અમારા વચ્ચે થયો. ૨૦૪૨ના પટ્ટક વખતે, એમની સામે કદીય દલીલ નહિ કરનારો હું, મુક્ત હૈયે અને કલાકો સુધી ચર્ચા અને વિમર્શ કરતો; તેઓ પણ મિત્રલેખે જ મારી વાત લેતા અને સમજવા મથતા. અને પછી તથ્ય લાગે તો

હું ઇચ્છું તેવો નિર્ણય લેતા. મારા માટે આ મારી આવડતની નહિ, પરંતુ મારા ગુરુએ જ મને શીખવેલી શિસ્તની, તેમણે પ્રેરેલી સમજણની, સફળતા હતી; આ તેમની કઠોરતાની જીત હતી.

ઉપરની તમામ વાતોનો સરવાળો થાય તેવી એક વાત કહીને મારું આ દીર્ઘ કથન આટોપીશઃ હું ૭ વર્ષનો હતો ત્યારથી ૬૦નો થયો ત્યાં સુધી, મારા ગુરુને મેં મારા મા-બાપ તરીકે જ જોયા છે, સ્વીકાર્યા છે, અનુભવ્યા છે.

આમ તો પ્રત્યેક શિષ્ય પોતાના ગુરુને મા-બાપ અને સર્વસ્વ જ માનતો અને વર્ણવતો હોય છે. પણ સામાન્ય અનુભવ એવો છે કે, એ બધું પોતાનો સ્વાર્થ સરે ત્યાં સુધી જ ચાલે છે. વ્યાખ્યાન વાંચતાં આવડ્યું અને થોડીક વાહવાહ થઈ કે શિષ્ય ગુરુની ઉપેક્ષા કરવા માંડે છે. ગુરુની ઇચ્છા અને આજ્ઞાને સમજપૂર્વક અવગણે છે. બહુમાન અને વિનયભર્યાં વચનો હોય જરૂર, પણ તે બધું લોકોની હાજરી હોય તો જ; અન્યથા મહદંશે અનાદર જ હોય છે. એકાદ શિષ્ય જો થઈ જાય, તો ગુરુને કોઈ પણ વાતે દોષિત ઠરાવીને છૂટા થઈ જવું એ પણ વ્યાપકરૂપે જોવા મળે છે. ગુરુ, શિષ્ય થનારમાં, ગુણ વાવી ન શકે અને અવગુણ ઉખાડી ન શકે, ત્યારે આવું જ બને. આમાં શિષ્ય થનારાનો પણ સહયોગ ન મળતો હોય, તે જ ગર્વ અને સ્વાર્થને વશ રાચવા મથતો હોય, એ પરિબળ પણ બહુ અગત્યનો ભાગ ભજવે છે. પેલો છપ્પો યાદ આવે :

**"દેહાભિમાન હૂતો પાશેર, વિદ્યા ભણતાં વાધે શેર**
**વાદવિવાદે તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો."**

આવી સ્થિતિ મહદંશે જોવા મળે છે. શિષ્ય પોતાને, પોતે હોય તે કરતાં વધુ, સક્ષમ માને; ક્યારેક ગુરુ કરતાં પણ પોતે વધુ બુદ્ધિમાન છે, આગળ છે, એમ માને; હું કરી શકું તે ગુરુ ન કરી શકે, મને સમજ પડે તેવી-તેટલી ગુરુને નથી પડતી, આવું મિથ્યાભિમાન આવી સ્થિતિ સર્જતું હોય છે. આવી સ્થિતિ મારા પરત્વે નથી થઈ તેનો, આજે-આ ક્ષણે, મને અપાર પરિતોષ છે; અને આમ કહેતી વખતે મનમાં ગર્વનો છાંટો પણ ન હોવાનું પ્રમાણિકપણે કહી શકું તેમ છું. એનું શ્રેય મારા ગુરુની કઠોરતા, વાત્સલ્ય અને ઉદારતાને ફાળે જ જાય છે. ગુરુ હમેશાં ગુણોનું આધાન / વાવેતર કરે છે, અને અવગુણોને નાબૂદ કરવાને ઈચ્છે છે, આટલું તત્ત્વ / તથ્ય જેને જેટલું વધુ અને વહેલું સમજાય તેનું તેટલું વધુ અને

વહેલું હિત થાય, એ નક્કી છે. ગુરુ કશુંક કરવાની ફરજ પાડે, અથવા કરવાની ઈચ્છા હોય તે કરવા ન દે, તો એમાં પણ આવી જ કોઈ દૃષ્ટિ કામ કરતી હોય છે, એ મારો વર્ષોનો સ્વાનુભવ છે. દા.ત. આપણે વ્યાખ્યાન વાંચવું હોય અને તેઓ વાંચવા ન દે. આપણને લોકોનો પરિચય ગમતો હોય અને તેઓ કોઈની સાથે પરિચય કે વાત કરવાની મના કરે. આપણી ઈચ્છા કોઈકને શિષ્ય કરવાની હોય અને તેઓ તેમ ના કરવા દે અને અન્યથા કરે-કરાવે. આવી આપણી ઘણી ઘણી ઈચ્છા-અનિચ્છાઓને ડામીને તેથી વિપરીત જ કરાવે. આ કારણે, કોમળ શ્રદ્ધા ધરાવતો જીવ ક્યારેક ઉભગી જાય, અકળાઈ જાય, સામો કે વિપરીત થઈ બેસે, ઉન્માદવશ કહ્યું ન માનીને, ધારેલું કરે, આવું બધું જ બની શકે. તે વ્યક્તિ ગુરુને ઈર્ષ્યાળુ, પોતાનું સારું થતું સાંખી ન શકનારા, ખટપટી અને સ્વાર્થી તરીકે પણ જુએ અને નવાજે. પણ તેમાં તે વ્યક્તિની અપરિપક્વતા, અયોગ્યતા,અપરિણત કે અતિપરિણત મનોદશા, પોતાના હિતાહિતના વિવેકના અભાવ અને આત્મહિતને બદલે ભૌતિક હિતનો જ તેનો રસ- આ બધું જ છતું થાય છે. આવી વ્યક્તિ કોઈ વખત ટળી જાય તો તેમાં ગુરુને એકાંતે લાભ જ થતો હોય છે.

આ બધી બાબતો સમજી શકીએ તો આપણે 'શિષ્ય' થવાના અગણિત લાભો અવશ્ય ખાટી શકીએ. મારી વાત ફરી કરું તો, આટલા શ્રેષ્ઠ ગુરુ મળવા છતાં, હું તેમનો ઉત્તમ શિષ્ય થવાનું ચૂકી ગયો છું, એવું મને હમેશાં લાગ્યા કરે છે. અસ્તુ.

અમે નાના હતા ત્યારે અમને સંસ્કૃતનાં ઉત્તમ સુભાષિતો કંઠે કરાવવામાં આવતાં. એક જ વખત સાંભળીને શ્લોક યાદ રાખવાનો, અને પછી તરત તેમ જ જ્યારે કહે ત્યારે બોલવાનો. આમ અમારી કેળવણી ચાલ્યા જ કરતી. આમાં એક સુભાષિત ગુરુ વિષે આવું હતું :-

**उपरि करवालधाराकाराः क्रूरा भुजङ्गमपुङ्गवात् ।**
**अन्तः साक्षाद्द्राक्षा दीक्षागुरवो जयन्ति केऽपि जनाः ॥**

અર્થાત્, દેખાવમાં તલવારની ધાર જેવા, કાળોતરા નાગથી પણ ક્રૂર, પણ હૃદયમાં તો દ્રાક્ષ જેવા કોમળ અને મધુર એવા દીક્ષાગુરુ કોઈક જ હોય છે.

મને ગૌરવ છે કે મને આવા ગુરુ સાંપડ્યા હતા. એમણે પ્રારંભથી જ જો આવી કઠોરતા ન દાખવી હોત તો ? તો આજે હું કેવો હોત અને શું હોત તે કલ્પનાતીત છે. વ્યક્તિત્વ ભલે કર્મને આધીન હશે, અસ્તિત્વ તો એમને જ-ગુરુને જ આભારી છે, એટલું જ કહીશ.

ગુરુનો ઠપકો મળે, ગુરુની કઠોરતાની પ્રસાદી મળ્યા કરે, ગુરુ ગમે ત્યારે તે કહી શકે, પૂછી શકે, તપાસ કરી શકે, એને હું શિષ્યનું - મારું સદ્‌ભાગ્ય ગણું છું. હિતની એકાંત વૃત્તિ, અને તેની પાછળ ધબકતું નિષ્કારણ વાત્સલ્ય એ સિવાય આવું કોણ કરે ?

મને ખાતરી છે કે, આજનો શિષ્ય આવું સદ્‌ભાગ્ય લઈને જન્મ્યો નથી. એને ઠપકો આપે, તતડાવે, બધી વાતે પૂછપરછ કરે, ઉલ્લંઘન થાય તો શિક્ષા કરે ક્ષણેક્ષણની ચિંતા કરે, એવા ગુરુ મળે તેમ નથી; અને મળે તો તે પરવડે એમ પણ નથી. હવે તો શિષ્યે નહીં, ગુરુએ ડરવાનું હોય છે; ગુરુ નહીં, શિષ્ય ઊલટતપાસ, ચોકી અને દેખરેખ રાખતો હોય છે; શિષ્ય ધારે તે કરી શકે, ગુરુ કરી તો ન શકે, પણ તેને પૂછી પણ ન શકે; શિષ્ય રીસાય અને ગુરુએ તેને મનાવવા-શાન્ત કરવા તે ઈચ્છે તેમ કરવું પડે, ગુરુ તેવું ન કરી શકે; આ અત્યારના સમયની તાસીર છે. સાહેબ કહેતા કે 'રીસ ચડે દેતાં શીખામણ, ભાગ્યદશા પરવારી જી.' અને અમે એવું સ્વીકારતા પણ ખરા. અત્યારે આનાથી ઊલટી સ્થિતિ જોવા મળે છે.

આનું પરિણામ ? પરિણામ કાંઈ સારું નથી. અધૂરા ઘડા જેવા જીવો ! થોડીક કાંઈક આવડત કે ક્ષમતા કે વાહવાહ પામે કે છલકાઈ જાય, છકી જાય ! ગુરુની અવગણના કરતાં થવા માંડે, આપમતીથી વર્તવા માંડે; પોતાનું ધાર્યું કરવાના વેતમાં રમે. ઘણીવાર બાહ્ય આચરણથી સારા જણાતા હોવા છતાં તત્ત્વથી અપરિણત અનુભવાય. આવા અધૂરા અને અધીરા જીવો આપણા સમયમાં સર્વત્ર વ્યાપ્ત છે, જેનું અનુચિત પરિણામ સંઘે-શાસને ભોગવવાનો વારો આવી લાગ્યો છે. શાસન અને સંઘની ગત, સાંપ્રત અને અનાગત સ્થિતિથી જેઓ વાકેફ છે અને કલ્પના પણ કરી શકે છે, તેઓ જ આ, એકદમ કડવી-આકરી લાગતી વાતના મર્મને પામી શકે તેમ છે.

ગુરુ જો ગળથૂથીમાં સંઘ-શાસન અને સંયમનો રાગ રેડે; પરિવારજનોના, શરીરના અને સ્વાર્થના રાગનું વિસર્જન કરવાનું શીખવી દે, તો જ ગુરુને સાચા અર્થમાં શિષ્ય મળે. શિષ્ય ગુરુને સમર્પિત હોય એનો એકજ અર્થ હોયઃ એ શાસનને અને સંયમને સમર્પિત હશે; અને પોતાના પરિવારાદિને સમર્પિત નહીં જ હોય. સાહેબે ગળથૂથીમાં આ બાહ્ય રાગ ભૂલવાની ટેવ પાડી હતી, અને ગુરુને મન-પ્રાણથી સમર્પિત રહેવાનું શીખવેલું. દીક્ષાના બાર વર્ષ લગી મારા સંસારી માતા-

પિતા સાથે વાત કરી હોય એવું મને યાદ નથી. એ લોકો પણ સામે એવાં જ કે માત્ર દૂરથી જુએ, સાહેબને પૂછીને ખબર લે, અને કહ્યું ન માને તો કઠોર સજા કરવાની ભલામણ કરતાં જાય. એટલે એ લોકો આવે તેનો પણ ડર લાગતો. અને પછી ઉત્તરોત્તર એવી સોબતમાં અને એવા વ્યવસાયમાં મને રાખતા ગયા કે અંદરથી આપમેળે સંઘ-શાસનનો રાગ જાગતો ગયો. પ્રબળ બનતો ગયો, તે મુદ્દે સમજણ વિકસતી ગઈ, દૃષ્ટિ ખુલતી ગઈ અને વેદનાની વૃદ્ધિ થવા સાથે તે માટે કાંઈ કરી છૂટવાની ધખના પણ વધતી ગઈ. સંયમ યોગ્ય રીતે પાળ્યું નથી, પળાતું પણ નથી એ કબૂલ કરીશ; પરંતુ સંયમનો રાગ ઉત્તરોત્તર તીવ્ર થતો ગયો છે, અને સંયમપાલક બનવાની ઝંખના ચિત્તમાં નિરંતર પ્રજ્વળતી રહી છે તેનો ઇન્કાર નહીં કરું. આ એ ગુરુની જ દેણ છે, કૃપા છે; એ વિના આ કેમ બને ?

સંઘ-શાસનની ગઈકાલ અત્યંત યોગ્ય હાથોમાં હતી, એની આજ કટોકટીભરી અને અંધાધૂંધીવાળી છે. આવતીકાલ કેવી હશે, એની ચિંતા કાળજાને કોરી ખાય છે. સુયોગ્ય શિષ્યો યોગ્યતાપૂર્વક તૈયાર નહિ થાય, સંસાર ત્યજ્યાનો મર્મ સમજીને દેવ-ગુરુને તેમજ સંઘ-શાસનની અમૂલ્ય પરંપરાને વફાદાર નહીં બને, ઉદાર દૃષ્ટિકોણ અને વિશાળ હૃદય નહીં વિકસાવે, તો આવતીકાલ અત્યંત હતાશાભરેલી હશે, એમાં કોઈ જ શંકા નથી. આખરે શાસન એટલે ગુરુ-શિષ્યની અખંડ પ્રવર્તતી પરંપરા જ છે. અયોગ્ય શિષ્ય જ પછીથી ગુરુ-અયોગ્ય ગુરુમાં પરિણમશે. એટલે એક પરંપરા ચાલવાની - અયોગ્ય ગુરુ અને શિષ્યની. એવી અંધ-પરંપરા શાસન તો નહીં ગણાય, બલ્કે તે શાસનને ખંડિત કરી મૂકશે. શાસનની આવી આવતીકાલની કલ્પના પણ કેટલી દારુણ અને હૃદયભેદી છે ! હૈયું પ્રાર્થે છે કે આવું ન બનજો, અને આવી સ્થિતિ તે અરુણા પ્રભાત અગાઉની અંતિમ અંધારી રાત-સમી જ બની રહેજો !

* * *

## શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ - ગોધરા દ્વારા પ્રકાશિત પુસ્તકો :

| | |
|---|---|
| ૧. અમારિ ઘોષણાનો દસ્તાવેજ | સંપા. વિજયશીલચંદ્રસૂરિ |
| ૨. સમરું પલ-પલ સુવ્રત નામ | કર્તા : વિજયશીલચંદ્રસૂરિ |
| ૩. વલભીપુરની ઐતિહાસિક કીર્તિગાથા | વિજયશીલચંદ્રસૂરિ |
| ૪. અજારા પાર્શ્વનાથ જૈન તીર્થ | વિજયશીલચંદ્રસૂરિ |
| ૫. ભીની ક્ષણોનો વૈભવ (સચિત્ર) | વિજયશીલચંદ્રસૂરિ |
| ૬. ભીની ક્ષણોનો વૈભવ | વિજયશીલચંદ્રસૂરિ |
| ૭. વાત્સલ્યનિધિ સંઘનાયક | વિજયશીલચંદ્રસૂરિ |
| ૮. ગુરુગુણકીર્તન | વિજયશીલચંદ્રસૂરિ |
| ૯. સાગરવિહંગમઃ (સંસ્કૃત) | કીર્તિત્રયી |
| ૧૦. હાસ્યમેવ જયતે (સંસ્કૃત) | કીર્તિત્રયી |
| ૧૧. પંચસૂત્રકમ્ (સંસ્કૃત) | સં.અનુ.: ઉપા. ભુવનચંદ્રજી |
| ૧૨. મૃગમૃગેન્દ્રાન્યોક્તિશતકમ્ (સંસ્કૃત) | કર્તા : ડૉ. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર |
| ૧૩. ધર્મતત્ત્વચિન્તન ભાગ-૧ | વિજયશીલચંદ્રસૂરિ |
| ૧૪. હેમચન્દ્રાચાર્ય (સંસ્કૃત) (જીવનચરિત્ર) | કર્તા : મુનિકલ્યાણકીર્તિવિજય |
| ૧૫. અભિરાજગીતા | કર્તા : ડૉ. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર |
| ૧૬. ધર્મતત્ત્વચિન્તન ભાગ-૨ | વિજયશીલચંદ્રસૂરિ |
| ૧૭. સદ્ધર્મસંરક્ષક (હિન્દી) (પૂ. બૂટેરાયજી મ.નું જીવનચરિત્ર) | હીરાલાલ દુગ્ગડ |
| ૧૮. આદર્શ ગચ્છાધિરાજ (પૂ. મૂલચંદજી મ.નું જીવનચરિત્ર) | મુનિદર્શનવિજયજી (ત્રિપુટી) |
| ૧૯. પંજાબરત્ન ગુરુદેવ (પૂ. વૃદ્ધિચંદ્રજી મ.નું જીવનચરિત્ર) | પં. કુંવરજી આણંદજી |
| ૨૦. સિદ્ધાર્થ (સંસ્કૃત) | કર્તા : મુનિકલ્યાણકીર્તિવિજય |

શાસનસમ્રાટ ભવન